


અભેદ જ્ઞેય અનાદિ અનંત છે
તેમ કહીને પરાકાષ્ઠા કહી દીધી.
પ્રથમ આત્માને જાણવો તે
અધ્યાત્મની પરાકાષ્ઠા છે.
વિકલ્પ હો કે નિર્વિકલ્પ હો ! તે
પરિણમનના ધર્મો છે, મારામાં
કંઈ જ થતું નથી; આ
ભેદવિજ્ઞાનની પરાકાષ્ઠા છે.
'નમઃ સમયસારાય' એ માંગલિકમાં
નિશ્ચયની પરાકાષ્ઠા રહેલી છે.
નિર્મળ પરિણામ ને પરદ્રવ્ય
કહ્યું તે ભેદજ્ઞાનની ની પરાકાષ્ટા
છે. તેમ ઇન્દ્રિયજ્ઞાનને પૌદ્‌ગલિક
કહ્યું એ શબ્દની પરાકાષ્ઠા છે.
ન્યાય દીપિકામાં ન્યાય
આપ્યો કે ઇન્દ્રિયજ્ઞાન મૂર્તિક છે. કેમકે
તેનો વિષય મૂર્તિક છે. તેમ રાગ મૂર્તિક
છે કેમકે તેને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે, આ
અધ્યાત્મની પરાકાષ્ઠા છે.
પંચાધ્યાયીના કર્તાએ લખ્યું કે જ્ઞાનને
સ્વપરપ્રકાશ કહેવું તે અસત્ લક્ષણ છે.
આ જ્ઞાન સ્વભાવની
નિરપેક્ષતાની પરાકાષ્ઠા છે.
બુંદ બુંદમાં અમૃત
ભગવાન આત્માને અનુભવવા માટે ગ્રહુ છું તેવા ગ્રહણ ત્યાગથી પણ
આત્મા શૂન્ય છે. આતો સત્યની પરાકાષ્ઠા પ્રભુ છે.
જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા નામ ભેદ હોવા છતાં વસ્તુમાં
ભેદ નથી. આ સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકષ્ઠા છે.
અનુભવકાળે બધું એક આત્મા જ છે આ વચનની
પરાકાષ્ઠા છે. આનું વાચ્ય કેવળ સ્વાનુભવગમ્ય છે.
ત્રિકાળી શ્રદ્ધાગુણની અપેક્ષા વિના, સમ્યગ્દર્શન
પ્રગટ થાય છે, તે નિરપેક્ષતાની પરાકાષ્ઠા છે.

શ્રી પંચપરમેષ્ઠી નમઃ
શ્રી સદ્ગુરુદેવાય નમઃ

**કળશટીકા શ્લોક ૩૯ અજીવ અધિકારમાં ભેદજ્ઞાનની પરાકાષ્ઠા કહી છે.**
**પ્રથમ 'એકસ્ય પુદ્ગલસ્ય હિ નિર્માણમ્' તેમ માનો.**
**કારણ કે કથંચિત્નો જન્મ સર્વથા પૂર્વક જ થાય છે.**

# બુંદ બુંદમાં અમૃત

અનંત ઉપકારી અધ્યાત્મમૂર્તિ પૂજ્ય કહાનગુરુદેવના
અનન્ય શિષ્યરત્ન; શુધ્ધાત્મભાવે પરિણમી, શુધ્ધાત્માનું
સ્વરૂપ અને શુધ્ધાત્માના અનુભવની વિધિ બતાવનાર
પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના પરમામૃતમય તત્ત્વબિંદુઓ

**: સંકલન અને સંપાદક કર્તા:**
**બા. બ્ર. શોભનાબેન જે. શાહ (છેડા)**
રાજકોટ

**:પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન:**
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**"સ્વીટ હોમ" જાગનાથ પ્લોટ શેરી નં-૬,**
**જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)**

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૦ | ૨૫૩૬ | ૨૦૬૬ | ૨૦૧૦ |

પ્રકાશન:-

પૂજ્ય "ભાઈશ્રી" લાલચંદભાઈ મોદીના ૧૦૧ માં જન્મદિન પ્રસંગે
તા. ૨૦-૬-૨૦૧૦ જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ – ૧૦૦૦ પડતર કિંમત - રૂ. ૧૬૦/- મૂલ્ય - સ્વાધ્યાય

## 'બુંદ બુંદમાં અમૃત' નું પ્રાપ્તિ સ્થાન

| | | |
|---|---|---|
| રાજકોટ | : | શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,<br>'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. |
| રાજકોટ | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,<br>૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩ |
| મુંબઈ | : | શ્રી શાંતિભાઈ સી. ઝવેરી<br>૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.<br>ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨ |
| થાણા | : | શ્રી ચીનુભાઈ બાલચંદભાઈ શાહ<br>વર્ષા સોસાયટી, સંગીતા બિલ્ડીંગ, બીજે માળે, વંદના સોસાયટી સામે,<br>હાઈ-વે; ૯ પાડા, થાણા વેસ્ટ. ટેલી નં. ૨૫૪૦૭૦૭૮, મોબાઈલ : ૯૩૨૩૦૪૧૯૪૪ |
| કલકત્તા | : | શ્રી પ્રકાશભાઈ શાહ<br>૨૩/૧ બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર,<br>કલકત્તા - ૨૦. ટેલી નં. ૦૩૩-૨૪૮૬૮૫૧૮ |
| બોરીવલી | : | શ્રી ભરતભાઈ સી. શાહ<br>૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બીરવલી વેસ્ટ મુંબઈ - ૯૨ |
| સોનગઢ | : | ડૉ. માધુરીબેન એસ. નંદુ "ધ્રુવધામ", રાજકોટ-ભાવનગર મેઈન રોડ,<br>મુ. પો. સોનગઢ, જી. ભાવનગર. ટે. નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨ |

: લેસર ટાઈપ સેટીંગ
DESIGN SCOPE
Rajkot.
Cell : 98250 76007
94280 11274
E-mail : designscope1@gmail. com

: જેકેટ અને મલ્ટીકલર ફોટા :
ડોટ-એડ
૨૩૪, રાજયેમ્બર્સ,
માલવિયા પેટ્રોલ પંપ સામે,
ગોંડલ રોડ, રાજકોટ.
ફોન નં. ૬૬૨૬૦૭૩

: મુદ્રક :
શાર્પ આફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન : ૨૪૬૮૪૬૧,
મોબાઇલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail. com

# પ્રકાશકીય નિવેદન

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

શ્રી વીરનાથ અને સીમંધરનાથના ભેટા કરાવનાર, જૈનશાસનના મૂળ સ્થંભ શ્રી કુંદકુંદાચાર્યદેવ થયા. તેઓશ્રીએ સદેહે વિદેહક્ષેત્રની યાત્રા કરી, કેવળી અને શ્રુતકેવળીની દિવ્ય પ્રસાદીને જ્ઞાન મંજુષામાં અવધારી... તેને ભરતક્ષેત્રે લાવી... પંચ પરમાગમોમાં વહાવી શુધ્ધાત્માને જયવંત વર્તાવ્યો.

એ અધ્યાત્મ સમ્રાટ શાસનના સાનિધ્યમાં અનેક ધર્માત્મા થયા. પંચમકાળે અધ્યાત્મની અલખ જગાડનાર શાસન સ્થાપક શ્રી કહાનગુરુવર થયા. દિવ્યધ્વનિના નાદની સાથે આત્માનુભવનો સૂર મેળવી શ્રી કુંદકુંદ પ્રભુના શાસનમાં ગૌરવવંતુ પદ શોભાવ્યું.

ભરતખંડ ભાગ્યહીન ન હતું. કળિકાળમાં અનાસક્ત આત્મયોગની પ્રભા પ્રગટી. એ જ્ઞાનરશ્મિની પ્રાંચીરો દેશ વિદેશમાં ધર્મ ધ્વજની પતાકા લહેરાવતી, સત્યને ઉદ્ઘાટિત કરતી, મિથ્યા માન્યતાઓ પર વિજય મેળવતી પ્રગતિમાન થઈ. ભવ્ય જીવોની ભવ્યતાનો પરિપાક થયો. દશો દિશાએથી સાતિશય પુણ્યના મેરૂ ફાટ્યા... અને ભાવશ્રુતજ્ઞાન ગંગામાં પ્રક્ષાલિત થવા ઝૂંડના ઝૂંડ જીવો સત્યમાર્ગે વળ્યા.

ચૈતન્યની ચમત્કૃતિ કહો કે અમી રસની મધુરતા કહો! એ વીતરાગી ધારા, આસન ભવ્ય જીવોનાં હૃદયમાં અવિચળ સ્થિરતા પામતી આનંદરસનું આચમન કરાવ્યું. એ આનંદ રસના રસિયા, ધર્મની ધીખતી પેઢીના વારસદાર પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. પુરુષાર્થી પ્રેરણાના પિયુષ પીવડાવતા અને માર્ગની પ્રભાવના કરતા રહ્યા. તેમની વિલક્ષણતા મૂળમાં ઘા મારવાની હતી. પૂજ્ય ગુરુદેવના વિશાળ પ્રવચન સમુદ્રને સંક્ષેપવાની આપનામાં પરાકાષ્ઠા હતી. આપની પ્રતિપાદન શૈલી અનોખી હતી. એક કલાકના પ્રવચનમાં શુધ્ધાત્માનું સ્વરૂપ અને તેનો અનુભવ તે મૂળભૂત વાત તો સદૈવ ટોંચ પર જ રહેતી... અને બાકીના અનુયોગની સંધિ પણ રહેતી. આ રીતે પ્રયોજનભૂત તત્ત્વની ઉર્ધ્વતા હોવા છતાં નિરૂપણ સર્વાંગી રહેતું. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રવચન ગંગામાંથી કે વાડમયી જિનવાણીમાંથી કોહીનૂરના હીરા બતાવી... બતાવી અને લાયક મુમુક્ષુ જીવોનું તેના પર ધ્યાન ખેંચાવતા. જિનાગમના આધારે એવા એવા સૂક્ષ્મતર સિધ્ધાંતો કહેતા કે- સાધારણ જીવોના તો કાળજા જ કંપી ઉઠતા. સુપાત્ર જીવોના હૃદયમાં આંદોલન ઉઠતું. સર્વજ્ઞની સાંખ અને પૂજ્ય ગુરુદેવશ્રીની મોરછાપ પડેલ ન્યાયોના આધારે સાંભળનારના વિશ્વાસને દઢીભૂત કરાવતા. પૂજ્ય સોગાનીજીની જેમ આપની પધ્ધતિ પણ ત્વરાએ દ્રવ્યદૃષ્ટિ પ્રગટે તે વાતની પ્રધાન્યતા રહેતી હોવાથી પ્રશ્નનો તે પ્રમાણે ઉત્તર અપાતો.

સાંભળનાર શ્રોતાને સ્વભાવની પરિધિમાં ઉભા રાખવા અને પ્રમાણની બહાર તેના ઉપયોગને ન ભમાવવા દેવાની વિશિષ્ટ અને અસાધારણ પ્રતિભા હતી. જેને યાદ કરતાં આજે પણ અમારું મસ્તક આપના ચરણોમાં ઝૂકી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની જેમ તેમના લઘુનંદન એવા પૂજ્ય 'ભાઈશ્રી'ની શૈલી પણ દૃષ્ટિપ્રધાન જ રહી. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ... જ્ઞાની કેમ થાય? તે વાતની જ અગ્રતા રહેતી. આપશ્રી વારંવાર કહેતા કે-શ્રદ્ધા પોષક જ્ઞાનની લાઈને આગળ વધવું. જ્ઞાનને પણ જ્યારે ઉપાદેય વિષય મળશે ત્યારે... જ્ઞાન પર્યાયનો નિશ્ચય પ્રગટશે. દ્રવ્યનો નિશ્ચય અને જ્ઞાન પરિણામનો નિશ્ચય બન્ને એક સમયમાં પ્રગટે ત્યારે સમ્યગ્દર્શન થાય. જિનવાણીમાં સર્વજ્ઞ ભગવાને કહેલા વ્યવહારનો નિષેધ કરવાનું આપનું સ્વભાવવીર્ય પ્રબળ હતું. અસ્તિ નાસ્તિ અનેકાન્તની મુખ્યતા દરેક પ્રવચનમાં ખીલી ઉઠતી.

આપ કહેતા કે-દુર્લભ મનુષ્ય જીવનની સાર્થકતા સમ્યગ્દર્શનથી છે. સમયની સરિતા હાથમાંથી સરકી ન જાય તે પહેલાં કાર્ય કરી લેવું. એ કાર્યનું મંગલાચરણ લક્ષ્યવેધથી થાય છે. માટે સૌ પ્રથમ જીવ તત્ત્વનું સ્વરૂપ સમજવું. ટોડરમલજી સાહેબે ચાર વાક્ય કહ્યાં છે તે અનુકરણીય છે. (૧) આયુષ્યની અલ્પતા છે (૨) બુધ્દ્ધિની મંદતા છે (૩) કષાયોની તીવ્રતા છે (૪) વિષયોની ગૃધ્દ્ધિ છે... આવા સંયોગો અને ઉદયોની મધ્યે ઉપયોગને તત્ત્વચિંતવનમાં લગાડવો જોઈએ. તેમ થવાથી મિથ્યાત્વ મંદ પડે છે. કષાયની મંદતા તો જીવે અનંતવાર કરી, પરંતુ મિથ્યાત્વ... કેવી રીતે ગળે તે લાઈને ન આવ્યો. મિથ્યાત્વ ગળે તો ટળે. તેથી મિથ્યાત્વનો અભાવ કેવી રીતે થાય! તે વાતનો પ્રથમ નિર્ણય કરવો.

**પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈની ૧૦૧ મી જન્મ જયંતિના સુઅવસરે "બુંદ-બુંદમાં અમૃત"** એ પુસ્તકને પ્રકાશિત કરતાં સંસ્થા હર્ષની લાગણી અનુભવે છે. આ અમૃતમય વચનામૃતોને **બા. બ્ર. શોભનાબેને** પોતાના સ્વાધ્યાય અર્થે એકત્રિત કરેલા. મુમુક્ષુ જીવોની એવી ભાવના હતી કે આ બોલ ગ્રંથરૂપે પ્રકાશિત થાય તો ઘણાં જીવોને આત્મ કલ્યાણમાં નિમિત્ત થશે. આ પુસ્તકનું સમગ્ર કાર્ય **બા. બ્ર. શોભનાબેન જે. શાહ** દ્વારા પૂર્ણ થયેલ છે. વિખેરાયેલા મોતીઓને પરોવી અને તેની ગ્રંથરૂપી માળા બનાવવા માટે; તેમજ આવું અસાધારણ સુંદર નિઃસ્વાર્થ કાર્ય કરવા બદલ સંસ્થા હર્ષિત હૃદયે ફરી ફરી આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકને પ્રકાશતિ કરવા માટે થાણા નિવાસી આત્માર્થી બહેન **શાંતાબેન બાલચંદભાઈ શાહ તરફથી રૂા. ૫૦, ૦૦૦/-** દાનરાશિ પ્રાપ્ત થયેલ છે.

**બીજી દાનરાશિ રૂા. ૭૦, ૦૦૦/- એક મુમુક્ષુ ભાઈ તરફથી તથા ત્રીજી દાનરાશિ** બ્ર. નિલમબેન તથા સંધ્યાબેન જૈનના આભાર અર્થે, **પૂજ્ય લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી જેઠ સુદ નોમના જન્મદિન નિમિત્તે હ. નવિનચંદ્ર નવલશંકર બોઘાણીના**

**પરિવાર તરફથી રૂા. ૫૦, ૦૦૦/- 'બુંદ બુંદમાં અમૃત'** એ વચનામૃતોની D. V. D બનાવવા માટે. આ રીતે ઉપરોક્ત મુમુક્ષુઓ તરફથી સંસ્થાને ઉમદા દાનરાશિ પ્રાપ્ત થઈ છે તે માટે સંસ્થા સર્વે દાનવીરોનો ઘણો ઘણો આભાર માને છે.

આ અલગ અલગ બોલને વ્યવસ્થિત સેટ કરી અને બોર્ડર બનાવી લેસર ટાઈપ સેટીંગ **'ડીઝાઈન સ્કોપ'** ના શ્રી અમરભાઈ પોપટ દ્વારા થયું છે. પુસ્તકના ફ્રન્ટ પેઈજ અને કલર ફોટા વગેરેનું સુંદર કાર્ય **'ડોટ એડ'** ના સંચાલક શ્રી કમલેશભાઈ દ્વારા પૂર્ણ થયેલ છે. આ પુસ્તક છાપવાનું કાર્ય **'શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ'**ના શ્રી ધર્મેશભાઈ શાહ તરફથી કાર્ય થયેલ છે. ઉપરોક્ત સર્વે ભાઈનો સંસ્થા આભાર માને છે.

અમારા કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટનું આ અગિયારમું પુસ્તક છે.

પ્રયોજનભૂત સર્વાંગી તત્ત્વની ચોખવટ થઈ છે તેવા વચનામૃતોનો આત્મલક્ષી સ્વાધ્યાય કરી અને પાઠકગણ ભેદજ્ઞાન જ્યોતિને ઉદિત કરે તેવી મંગલ ભાવના.

શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ, રાજકોટ.

## વિષય સૂચી


| | |
|---|---|
| ૧. પ્રકાશકીય નિવેદન<br>૨. 'અહો ઉપકાર'<br>૩. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખારવિંદથી ઝરેલું પરમામૃત 'પરિણામ માત્રથી સર્વથા ભિન્ન'ના બોલ | ૪. 'પૂજ્ય ભાઈશ્રી' ના હૃદયોદગાર<br>૫. મંગલાચરણ<br>૬. 'પૂજ્ય ભાઈશ્રી' ના પરમામૃતમય અમૃત બિંદુઓ |


## 'અહો ઉપકાર'

## “અહો ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો;
## જિન કુંદ ધ્વનિ આપ્યાં અહો... આ ગુરુ કહાનનો.”

સુવર્ણપૂરીની નિલિ નિરભ્ર ક્ષિતિજો પર અધ્યાત્મનો સૂર્યોદય થયો. મોહના વાદળો વિખેરાયા. ૪૫-૪૫ વર્ષ, ત્રણ ત્રણ ટાઈમ શુધ્ધનયની વર્ષાથી કણ કણમાં સ્વતંત્રતાના મૂળિયાં રોપાયાં. મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન કેમ પ્રગટે તેની ચર્ચાઓ સંભળાવા લાગી. પૂજ્ય ગુરુદેવશ્રીની શીતળ નિશ્રામાં આવવા માટે જીવો લાલાયિત બન્યા. નિષ્કારણ કરુણામયી વાણીનો સ્પર્શ થતાં સુપાત્ર જીવો જાગૃત થયા. પૂર્વના સંસ્કાર અને વર્તમાન યોગ્યતાનો સ્વકાળ પાકતાં સમ્યગ્જ્ઞાનના દીવડાં પ્રગટ્યાં. શ્રી ગુરુની વાણી વાંઝણી કેમ રહે! તીર્થંકર તુલ્ય કહાનગુરુદેવના સાનિધ્યમાં અનેક જીવો આત્મદર્શનની મુક્ત કેડીના કેડાયત થયા. જૈનશાસનના વારસદાર જાગ્યા. ઉપયોગને અંતર્મુખ કરી; ‘આત્માને હુંપણે સ્વીકારી’ જિનશાસનની જ્યોતને અખંડપણે વર્તાવનાર પૂજ્ય ‘ભાઈશ્રી’ લાલચંદભાઈ પાક્યા. તેમણે જીવન પર્યંત જૈનધર્મની ધ્વજા લહેરાવી. મોક્ષમાર્ગને અણી શુધ્ધ રાખ્યો. નિઃશંકતા અને નિર્ભયતા એ તો સમ્યગ્જ્ઞાનીનું લક્ષણ છે. વળી પૂજ્ય ગુરુદેવશ્રીએ કહેલું કે લાલચંદભાઈ તો જૈન સમાજના મુગુટનું મ્હેર છે.

શ્રી મહાવીર સ્વામીના શાસન કાળની પરંપરામાં કુંદકુંદચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્યદેવ થયા. એ સંતોના હૃદયના ઊંડાણનો તાગ લગાવી અને તેમાંથી રત્નાવલી કાઢવાના શ્રેયાધિકારી પૂજ્ય ગુરુદેવશ્રી છે. તેમના સ્વર્ગવાસ બાદ પૂજ્ય ‘ભાઈશ્રીએ’ પૂજ્ય ગુરુદેવે પ્રરૂપેલ સિધ્ધાંતોને સ્પષ્ટ કરી અને તેનો સાર બતાવતા રહ્યા. આત્માનુભવને માટે સરળમાં સરળ પ્રેકટીકલ સમજાવતા કે- “આ ટુવાલ જણાય છે? કે આત્મા જણાય છે?” પૂજ્ય ગુરુદેવે પ્રરૂપેલા સિધ્ધાંતોમાંથી તેનો અર્ક આપવો અને તેની ઉપર દૃષ્ટિને દોરી જઈ, સમ્યક્ એકાન્તમાં કેમ આવવું; વગેરે રહસ્યો ને ઉદ્ઘાટિત કર્યાં..

આપની સાતિશય વાણીમાં ચમત્કાર હતો. આપનું વજન સદૈવ સિધ્ધાંતબોધ પર જ રહેતું. સમ્યક્ એકાંત સૂચક કોહીનૂરના હીરા શોધી શોધીને અમોને આપતા. પરિણામમાત્રથી ‘સર્વથા ભિન્ન’ ઉપર જોર હતું. પરિણામથી સહિત દ્રવ્યને દૃષ્ટિનો ઉપાદેય વિષય માનનારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની વ્યવહાર શ્રધ્ધામાં પણ આવ્યા નથી... એમ આપશ્રી વારંવાર કહેતા.

શાસ્ત્રપાઠી ઉઘાડરૂપ ઈન્દ્રિયજ્ઞાનને જ જ્ઞાન માની રહ્યા હતા... તે સમયે “ઈન્દ્રિયજ્ઞાન... જ્ઞાન જ નથી”, એવી ઘોષણા કરી અને તેને ગ્રંથરૂપે પ્રકાશિત કરી ઈન્દ્રિયજ્ઞાનને મોહની ઉત્પત્તિનું મૂળિયું બતાવ્યું. આચાર્યદેવના, જ્ઞાનીઓના આધારથી જીવોની શ્રધ્ધા બળવંત થાય છે એમ આપશ્રી ફરમાવતા.

‘સ્વપરપ્રકાશક’ એ વિષય સંબંધે અલગ અલગ અભિપ્રાયો ચાલવા લાગ્યા. સ્વપરપ્રકાશક સ્વભાવનો નિષેધ નથી, પરંતુ તેના લક્ષનો નિષેધ કરાવી.. ઉપાદેય જ્ઞેય એક જ છે તેની ઉપર જ્ઞાનના મંડાણ કરાવ્યા. વળી સ્વપરપ્રકાશકને ચાર પ્રકારે નિરૂપણ કરી અને દરેક વિવક્ષાને

શાસ્ત્રના આધારે સિદ્ધ કરી. આ પ્રમાણે 'સ્વપરપ્રકાશક' શબ્દ એક પણ તેના વાચ્યનો, તેના તળિયાનો તાગ મેળવી આપ્યો. વ્યવહારનો પ્રબળ નિષેધ કરાવવાની આપની ઉગ્ર અને તીખી શૈલી હતી. કોઈ જીવ પ્રથમથી જ નયના પડખે, સ્યાદ્વાદના પડખે ન ચડે તે માટે ખાસ લાલબત્તી કરતા. પદાર્થમાં સામાન્ય-વિશેષ, ધ્યેય-જ્ઞેયના વિભાગ કરી અને સમજાવતાં અને શ્રોતાઓને ત્વરાથી મર્મ ખ્યાલમાં આવી જતો. શ્રદ્ધાનો અને જ્ઞાનનો સંવાદ કરી અને બન્નેનો સ્વભાવ ચરમ સીમાએ સ્પષ્ટ કરતા અને તે સાંભળીને અમારી પ્રજ્ઞા નાચી ઉઠતી. દ્રવ્ય-પરિણામનો સંવાદ કરી અને કહેતા કે-પરિણામ ધ્રુવને પ્રસિદ્ધ કરતા વ્યય થાય છે. પર્યાય કહે છે... હું ઉત્પાદરૂપ ઉઠીશ... અને તને પ્રસિદ્ધ કરીને જ વ્યય થઈશ. જેને એમ ખ્યાલ આવે કે પર્યાય ધ્રુવને પ્રસિદ્ધ કરતી જ વ્યય થાય છે, તેની દૃષ્ટિ ધ્રુવદળ ઉપર ચાલી જશે. આ પ્રમાણે દ્રવ્યદૃષ્ટિ પરિણામમાત્રની ઉપેક્ષા કરાવે છે. 'ઉપયોગલક્ષણ'ની નિરપેક્ષતાની વ્યાખ્યા સર્વોત્કૃષ્ટ કરી. ઘણી ઘણી ગહન વાતો એવી ગૂઢ હતી કે જેને માટે આપ કહેતા કે-આચાર્યદેવની સાથે સાથે ચાલવું. અમારી પદ્ધતિ સ્વતંત્રપણે વિચારવાની છે. ગાથાને અડીને ભાવો નીકળવા જોઈએ. પૂજ્ય ગુરુદેવે કહેલી પરાકાષ્ઠાઓને વારંવાર પ્રતિપાદિત કરી મુમુક્ષુ સમાજનું તેની ઉપર ધ્યાન ખેંચાવતા. અધિક શું કહેવું...! પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન સમુદ્રને સંક્ષેપવાની આપનામાં ઉત્કૃષ્ટ પરાકાષ્ઠા હતી. પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ પરાકાષ્ઠાઓ તેમજ આપશ્રીએ પણ ઘણી પરાકાષ્ઠાઓ પ્રકાશી છે. પરિણામ મારા કર્યા વિના થયા કરે છે, પરિણામ મારા જાણ્યા વિના જણાયા કરે છે; આ બન્ને સૂત્રો અકર્તાની પરાકાષ્ઠાને પાર કરી ગયા છે. આવી પરાકાષ્ઠાના પ્રકાશ દ્વારા પરાકાષ્ઠા સ્વરૂપ ભગવાન આત્માના પ્રકાશમાં પ્રકાશિત થઈએ તેવી મંગલ ભાવના પૂર્વક અસ્તુ.

**સંકલન કર્તા**

**બા. બ્ર. શોભનાબેન જે. શાહ (છેડા).**

બ્લોક ન. ૨૦૩, ગુરુ પ્રતાપ બ્રહ્મચર્ય આશ્રમ, સોનગઢ -૩૬૪૨૫૦
મોબાઈલ : ૯૭૨૪૭૨૯૮૩૩

## શ્રી સમયસારજી સ્તુતિ

### (હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રિડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.


**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્રકુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# પ્રથમ તું આત્માને જાણ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હ્રદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

**ક્રમબદ્ધપર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે.**
**જૈનદર્શન અકર્તાવાદી છે અને તેમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**



**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ દર્શાવનાર, તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર**


**(અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય શ્રી કાનજીસ્વામી)**

# 'અર્પણ

અધ્યાત્મ શિરોમણિ કૃપાળુ કહાનગુરુદેવે અનેકા અનેક પરાકાષ્ઠા બતાવી વચનની લક્ષ્મણ રેખા ખેંચી છે. શ્રુતની લબ્ધિ દ્વારા રત્નાવલી વરસાવી.. ભરતખંડને અણમોલ ભેંટ આપી છે. ઉત્પાદ્ સત્, વ્યય સત્, ધ્રુવ સત્, વસ્તુના સત્પણાની પરાકાષ્ઠા કહી, કર્તાબુધ્ધિનો વિધ્વંસ કરાવ્યો છે. પર્યાયનો કર્તા પર્યાય છે; આમાં પરિણામના કર્તાકર્મની પરાકાષ્ઠા બતાવી, દ્રવ્ય સ્વભાવને અકર્તા સુરક્ષિત રાખ્યું છે. જ્ઞાન તો જ્ઞાનને પ્રસિધ્ધ કરે જ છે પરંતુ જ્ઞેય પણ જ્ઞાનને જ જાહેર કરે છે. આ સત્ની પરાકાષ્ઠા પોકારી અને જ્ઞાનની ઘોષણા કરી છે. આપના ધર્મ સુપુત્ર લાલચંદભાઈના શ્રીમુખેથી પરાકાષ્ઠાના મૌક્તિક ખર્યા છે. જેમ બે દ્રવ્યો વચ્ચે વ્યવહાર ન હોય, તેમ સ્વજાતિ અને વિજાતી (પરિણામ) વચ્ચે વ્યવહાર ન હોય. તે પરિણામો અભેદનો ભેદ નથી.. આ અધ્યાત્મની પરાકાષ્ઠા છે. દ્રવ્યદૃષ્ટિની ઉગ્રધારા કહે છે કે દુઃખથી પુદ્ગલ અનન્ય છે તેને અધ્યાત્મની પરાકાષ્ઠા કહી અને પરિણામમાં સ્વામિત્વ બુધ્ધિ છોડાવી નાખી છે. હું જાણનાર છું કરનાર નથી. જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી. આ સૂત્રમાં બાર અંગને સંક્ષેપ્યા તે સંક્ષેપવાની (વચનની) પરાકાષ્ઠા છે. હે કહાનલાલ આપે પરાકાષ્ઠા બતાવી અમારા ઉપર અનુપમ ઉપકાર કર્યો છે આપના અમૃતમય વચનામૃતોને પુસ્તકાકારે પ્રકાશિત કરી ગ્રંથરૂપ મૌક્તિકમાળાને આપના હસ્તયુગલમાં સમર્પિત કરું છું.

સંકલન કર્તા

## સ્વને જાણવાનું છોડીને, પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે.




**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮માં બતાવી છે.**
**(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય 'ભાઇશ્રી' લાલચંદભાઈ)**

# પૂજ્ય ભાઈશ્રીની નિશ્રામાં થયેલ પ્રકાશનો

ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ
ભેદજ્ઞાન ભજનાવલી

# શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો

| | |
|---|---|
| જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન | મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧ |
| દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવની ચર્ચા | જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન |
| જાણનારો જણાય છે | અનેકાંત અમૃત |
| ચૈતન્ય વિલાસ | જ્ઞાનનું જ્ઞાનત્વ |
| આત્મજ્યોતિ | બુંદ બુંદમાં અમૃત |
| શુધ્ધ અંત: તત્ત્વ | |

# જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે........ સીમંધર
ગૂંથ્યા પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે....... સીમંધર
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જીનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે....... સીમંધર
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે....... સીમંધર

♦ વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ છે તે કેવળજ્ઞાન પરિણામને પણ કરતું નથી. એ પરિણામે ભલે ત્રિકાળી જ્ઞાન સ્વભાવને કારણપણે ગ્રહ્યું પણ; તે પરિણામને દ્રવ્ય કરતું નથી. પરિણામ પરિણામને કરે છે. અરે...! આવી વાતું! નિશ્ચયએ દ્રવ્યથી પરિણામ **સર્વથા ભિન્ન છે** તે કારણે (દ્રવ્ય પરિણામને કરતું નથી.) (જે) **સર્વથા ભિન્ન છે** તેને દ્રવ્ય શું કરે? વીતરાગ ત્રિલોક પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે.

**(પ્રવચન સુધા ભાગ-૨, પેજ નં. ૩૪૬)**

♦ **પ્રશ્ન :** પરની પર્યાયને પરદ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કેમ કહો છો?

**ઉત્તર :** પદ્રવ્યના લક્ષની જેમ, નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઉઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે. દ્રવ્યથી તે (પર્યાય) **સર્વથા ભિન્ન** છે એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી, તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ અને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્ સ્વભાવ એવા દ્રવ્ય સામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

**(પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિ ચર્ચામાંથી આત્મધર્મ ૧૯૭૮ થી ૧૯૮૦)**

♦ **પ્રશ્ન :** પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને?

**ઉત્તર :** પ્રમાણજ્ઞાનથી આખા દ્રવ્યને જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે એમ કહેવાય (તો) પણ શુદ્ધનયના વિષયથી-ત્રિકાળ ધ્રુવની અપેક્ષાથી જોતાં **ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે.** પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી, ત્રિકાળી ધ્રુવ સ્વભાવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે.

**(જ્ઞાનગોષ્ઠી પેજ નં. ૪૩)**

♦ એક સમયની પર્યાય ત્રિકાળી તત્ત્વને માને ત્યારે તેણે દ્રવ્યને માન્યું કહેવાય. પરદ્રવ્ય, પરદ્રવ્યમાં રહીને સ્વરૂપની શ્રદ્ધા કરે છે. હેય તત્ત્વથી ઉપાદેય તત્ત્વ જણાય છે. **ખરેખર**

**દ્રવ્યની સત્તા ભિન્ન છે, પર્યાયની સત્તા ભિન્ન છે.** દ્રવ્યને રહેવા માટે પયાર્યની જરૂર નથી. દ્રવ્ય વિના પર્યાય છે.

**(નાટક સ. સાર, મોક્ષઅધિ. ૨૧ પદ્ય)**

♦ **પ્રશ્ન :** દ્રવ્યને પર્યાય પૃથ્થક છે? પૃથ્થક છે?

**ઉત્તર :** પૃથ્થક છે.

**પ્રશ્ન :** પૃથ્થક...!

**ઉત્તર :** પૃથ્થક છે.

**પ્રશ્ન :** પ્રદેશભેદ છે?

**ઉત્તર :** પ્રદેશભેદ છે. અગમ પ્યાલા પિયો મતવાલા, ચિન્હી અધ્યાત્મ વાસા.

**પ્રશ્ન :** એથી (એમ લેવાથી) શું થાય છે?

**ઉત્તર :** (એમ લેવાથી) ભેદ થયો, તેને સમ્યગ્દર્શનનું જ્ઞાન યથાર્થ થયું. જે રીતે છે તે તે રીતે તેણે માન્યું. બીજી રીતે માને કે દ્રવ્ય, પર્યાયને કરે છે તો એ વસ્તુ સ્થિતિ નથી.

**પ્રશ્ન :** દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ...

**ઉત્તર :** સ્પર્શતું નથી એવું વસ્તુનું સ્વરૂપ (છે).

**પ્રશ્ન :** એમ માને તો મિથ્યા એકાન્ત નહીં ને?

**ઉત્તર :** એ... સમ્યક્ એકાન્ત જ છે, આ... હા... હા...!

**પ્રશ્ન :** કથંચિત્...!

**ઉત્તર :** એને દ્રવ્યની પર્યાય કથંચિત્ (કહી છે) પણ અહીં કથંચિત્ નહીં. સમયસાર ગાથા ૩૨૦ માં કથંચિત્ લીધું છે... પણ, એ અપેક્ષાથી (છે.) **બાકી ખરેખર તો પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે અને દ્રવ્ય પણ પર્યાયથી સર્વથા નિત્ય ને ભિન્ન છે.**

**પ્રશ્ન :** સાહેબ, (તો તો) બે દ્રવ્ય થઈ જશે! એક દ્રવ્યનું દ્રવ્ય અને એક પર્યાયનું દ્રવ્ય?

**ઉત્તર :** દ્રવ્યનું દ્રવ્ય નહીં. **આ તો દ્રવ્ય ને પર્યાય બન્ને તદ્દન ભિન્ન છે.**

**પ્રશ્ન :** એક પર્યાયનું દ્રવ્ય થઈ ગયું અને એક દ્રવ્યનું દ્રવ્ય થઈ ગયું.

**ઉત્તર :** એ બન્ને વસ્તુ ભિન્ન છે. અહીંયા તો છે પણ ન્યાયના ગ્રંથમાં એમ કહ્યું છે કે-ધર્મ અને ધર્મીએ બે સ્વતંત્ર પોતાથી છે. ધર્મી એવા દ્રવ્યથી ધર્મ નામ પર્યાય છે એમ નથી.

**પ્રશ્ન :** ધર્મ અને ધર્મી અભેદ છે એમ પણ કહીએ છીએ.

**ઉત્તર :** નહીં. એ પછી; અપેક્ષાથી કહેવાય. બે (ધર્મો) સ્વતંત્ર સિદ્ધ થયા પછી આ પર્યાય દ્રવ્યની છે અને આ દ્રવ્યની આ પર્યાય છે એમ અપેક્ષાથી કથન થાય.

**પ્રશ્ન :** એ ખોટું કથન પછી...

**ઉત્તર :** એ કથન સદ્‌ભૂત વ્યવહારનું છે. એ તો ફક્ત પરથી ભિન્ન બતાવવા કથન કર્યું છે. આ દ્રવ્યને આ પર્યાય અને આ પર્યાય આ દ્રવ્યનો થયો એમ કહેવાય! શું થાય!

**(પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ નં. ૪૧૧, સળંગ પ્રવચન નં. ૧૬૯, તા. ૩/૧૨/૭૮)**

♦ 'સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને ઘણાં થોડા જ કાળમાં **સર્વથા** આસ્વાદે છે.' **'સર્વથા છોડતો થકો'** કથંચિત્ છોડતો તેમ નહીં. કોઈ એમ કહે છે ને કે **સર્વથા જિનમાર્ગમાં** નથી.... એ એકાન્ત છે. આમાં પાઠમાં આવ્યું **સર્વથા. સ્વદ્રવ્યને સર્વથા સ્પર્શે છે અને વિકલ્પને સર્વથા સ્પર્શતો નથી.** બે વખત **સર્વથા** આવ્યું. 'સર્વથા છોડતો થકો' પૂર્ણાનંદને સ્પર્શતો-સર્વથા સ્પર્શતો આસ્વાદતો-વેદતો અને રાગાદિને સર્વથા સ્પર્શતો નથી. 'નિયતઃ જેવો છે તેવો' -સ્વદ્રવ્યને સર્વથા સ્પર્શે છે અને વિકલ્પને સર્વથા સ્પર્શતો નથી તેનું નામ સર્વથા છોડે છે. કથનની શૈલીમાં શું કહે?

**(કળશ ટીકા શ્લોક નં. ૨૪૦ના પ્રવચનમાંથી)**

♦ **પ્રશ્ન :** પર્યાય સ્વદ્રવ્યને તન્મયરૂપ થઈને જાણે કે અતન્મયરૂપ?

**ઉત્તર :** અતન્મયરૂપ રહીને... તન્મય થઈને જાણે છે એનો અર્થ કે પર્યાય (દ્રવ્યસ્વભાવ) બાજુ વળી છે એટલું.

**પ્રશ્ન :** તેને તન્મય કહી છે ને?

**ઉત્તર :** એ કહેવાય... અપેક્ષાએ. રાગમાં તન્મય હતી એટલે કે તે રાગમાં વળેલી હતી... એ આમ (દ્રવ્ય સન્મુખ) વળી એટલે તેને તન્મય કહેવાય. પર્યાય, પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. ત્રણકાળ અને ત્રણલોકમાં દ્રવ્યને પર્યાય એક થતાં નથી.

**પ્રશ્ન :** અખંડ સત્ છે ને.

**ઉત્તર :** એ અખંડ સત્ કહેવાય છે, તો પણ પર્યાય પર્યાયમાં અને દ્રવ્ય દ્રવ્યમાં છે.

**પ્રશ્ન : એ સર્વથા છે?**

**ઉત્તર : સર્વથા છે. પર્યાયના પ્રદેશ સર્વથા ભિન્ન છે અને દ્રવ્યના પ્રદેશ સર્વથા ભિન્ન છે.**

**પ્રશ્ન :** પણ એ અખંડ સત્ છે ને!

**ઉત્તર : એ અખંડ સત્ પછી, (પહેલાં) તો પર્યાયનો વિષય (ધ્યેય) તે અખંડ સત્ છે.** પર્યાયની મર્યાદા... જોકે દ્રવ્યનું ક્ષેત્ર છે તે જ એનું ક્ષેત્ર છે... અને એ ક્ષેત્રનો અંશ છે.... એ ભિન્ન છે. **જેટલામાં પર્યાય છે તે ક્ષેત્ર ભિન્ન છે.** જેટલામાં ધ્રુવ છે તે ક્ષેત્ર ભિન્ન છે.

**શ્રોતા :** તો તો બે ધર્મ થઈ જાય?

**ઉત્તર :** બે ધર્મ જ છે, **બે વસ્તુ જ છે. ધર્મ અને ધર્મી બે વસ્તુ છે.** આપ્ત મીમાંસામાં કહ્યું છે કે-ધર્મ અને ધર્મી એ નિરપેક્ષ વસ્તુ છે. દ્રવ્ય છે માટે પર્યાયધર્મ છે એમ નહીં. ધર્મી છે માટે ધર્મ છે-પર્યાય છે, એમ નહીં. આહાહા! આ તો કેવળજ્ઞાની પરમાત્માના મારગ છે. બાપા! લોકોએ સાંભળ્યો નથી.

♦ ખરેખર તો એ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે અને લોકાલોકને જાણે છે એથી એ પર્યાયને સર્વવ્યાપક કહેવામાં આવે છે. એ (જ્ઞાન) પર્યાય લોકાલોકના ક્ષેત્રમાં જાય છે? તેવી રીતે આ પર્યાય ક્ષેત્રથી ધ્રુવમાં જાય છે એમ નથી.

**પ્રશ્ન :** પર્યાય, દ્રવ્યમાં વ્યાપક એથી સર્વ વ્યાપક?

**ઉત્તર :** એ પર્યાય, પર્યાયમાં વ્યાપક.

**પ્રશ્ન :** દ્રવ્યને ગુણમાં નહીં?

**ઉત્તર :** બન્નેના વાચક શબ્દ ભિન્ન છે તો બન્નેના વાચ્ય ભિન્ન હોય કે નહીં? બન્નેના શબ્દો કેમ જુદા પડ્યા? જરા ઝીણી વાત છે.

**પ્રશ્ન : અપેક્ષાથી કહેવાય કે નહીં?**

**ઉત્તર : નહીં, એ અપેક્ષાથી આમ જ છે.**

**પ્રશ્ન : સર્વથા એમ છે?**

**ઉત્તર : સર્વથા એમ છે.**

**પ્રશ્ન : એ એકાન્ત છે?**

**ઉત્તર : એ બન્ને એકાન્ત છે. પર્યાય પર્યાયમાં છે; પર્યાય દ્રવ્યમાં નથી. જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે કહેવાય કે પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય એ પંચાસ્તિકાયમાં આવે છે.**

**પ્રશ્ન :** બન્ને એક છે?

**ઉત્તર :** એ તો પરથી ભિન્ન પાડવા (કહ્યું) કે-પર્યાય રહિત દ્રવ્ય ન હોય. એટલે કે એ પર્યાય પોતાના દ્રવ્યની છે એમ! પણ બે માં જ્યારે ભેદ પાડવો હોય ત્યારે તે બે વસ્તુ છે, તે એક વસ્તુ નથી. પ્રમાણના દ્રવ્ય તરીકેમાં દ્રવ્ય-પર્યાય ભેગાં ગણે, પણ પ્રમાણ જે દ્રવ્ય-પર્યાયને જાણે છે એ પ્રમાણે તે પ્રમાણજ્ઞાન. હવે દ્રવ્ય દ્રવ્યમાં છે એ નિશ્ચયથી છે કેમકે જ્ઞાને દ્રવ્યનું લક્ષ તો રાખ્યું છે અને ઉપરાંત પર્યાયને ભેળવી એટલે પ્રમાણજ્ઞાન થયું.

**શ્રોતા :** નયજ્ઞાનનો વિરોધ કરીને પ્રમાણ.... ન થયું!

**ઉત્તર :** ન થયું... નિશ્ચયને ઉડાડીને પ્રમાણ થયું છે, એમ નથી. તો તો પ્રમાણ (જ્ઞાનના વિષયમાં) બે રહેતા નથી.

**શ્રોતા :** પ્રમાણમાં બન્ને છે.

**ઉત્તર :** હા, એમ છે. **પ્રમાણ છે એ પોતે વ્યવહાર છે. કેમકે બે ભેગાં થયા ને માટે વ્યવહાર થઈ ગયો.**

**શ્રોતા :** નિશ્ચયને વ્યવહાર બે (ભેગાં થયાં)

**ઉત્તર : નિશ્ચયને વ્યવહાર બે ભેગાં થયાં ને તેથી તે પ્રમાણ વ્યવહાર થઈ ગયો. એ પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનો વિષય થઈ ગયો, તેથી તો કહ્યું છે કે-નિશ્ચય(નય) પૂજ્ય છે કે પ્રમાણ પૂજ્ય છે? પ્રમાણમાં, દ્રવ્ય ને પર્યાય બે ભેગાં આવે છે, જ્યારે નિશ્ચયમાં એકલું દ્રવ્ય આવે છે તેથી તે નિશ્ચય પૂજ્ય છે. પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી તેથી તે પૂજ્ય નથી. બાપુ! આ તો ઝીણું છે.**

**શ્રોતા:** પ્રમાણ પૂજ્ય નહીં?

**ઉત્તર :** હા, નિશ્ચયની અપેક્ષાએ પૂજ્ય નહીં. નિશ્ચયનો વિષય છે (ધ્રુવ ધ્યેય) તેથી નિશ્ચયનય પૂજ્ય છે. પદ્મનંદીમાં કહ્યું છે કે-વ્યવહારે, વ્યવહાર પૂજ્ય છે એ બધી ખબર છે ને!

**(પરમાત્મ પ્રકાશ ગાથા ૪૯ થી ૫૧ તા. ૧૨/૭/૭૬ ના પ્રવચનમાંથી)**

♦ **પ્રશ્ન :** ધ્યાન પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કેમ કહી?

**ઉત્તર :** સમયસાર ગાથા ૩૨૦ ની ટીકામાં જયસેન આચાર્યદેવે ધ્યાનને કથંચિત્ ભિન્ન કહ્યું તેનો અર્થ-પરની અપેક્ષાએ ધ્યાન પર્યાય પોતાની છે તેથી અભિન્ન છે અને શાશ્વત ધ્રુવ દ્રવ્યની અપેક્ષાએ ધ્યાન પર્યાય વિનશ્વર હોવાથી પર્યાયને ભિન્ન કહી છે. **ખરેખર તો દ્રવ્ય ને પર્યાય બન્ને ભિન્ન છે.**

**(આત્મધર્મ અંક ૩૯૧, મેં ૧૯૭૬, પેઈજ નં ૨૭)**

♦ **પ્રશ્ન :** પર્યાય દ્રવ્યથી ભિન્ન છે કે અભિન્ન? કઈ રીતે?

**ઉત્તર: દ્રવ્ય છે તે પર્યાયથી ભિન્ન છે.** કેમકે તે ધ્રુવ છે તેમાં પર્યાય નથી ને પર્યાયમાં ધ્રુવ આવતો નથી એટલે ધ્રુવ પર્યાયને સ્પર્શતો નથી. પરંતુ પરથી ભિન્ન પાડવા માટે એમ કહેવાય કે દ્રવ્યની પર્યાય છે. પણ તેનો અર્થ એ નથી કે-સામાન્ય દ્રવ્યને વિશેષ પર્યાય બે ધર્મો એકરૂપ થઈ જાય છે, **બન્ને ધર્મો એકબીજાને સ્પર્શતા નથી.**

**(આત્મધર્મ અંક-૪૦૪, ૧૯૭૭ જૂન, પેજ નં. ૨૦)**

♦ જેમ ગુણીમાં ગુણ છે અને ગુણભેદને ગૌણ કરવાનું કહ્યું; તો કોઈ એમ કહે કે ગુણીમાં અર્થાત્ દ્રવ્યમાં પર્યાય છે પણ તેને ગૌણ કરીએ તો! (તો કહે છે) દ્રવ્યથી પર્યાય ભિન્ન છે.

પર્યાય દ્રવ્યમાં નથી. પર્યાય ભિન્ન રહીને દ્રવ્યને વિષય કરે છે. વસ્તુમાં ગુણ છે પણ તેનું લક્ષ છોડાવવા ગુણભેદને ગૌણ કરીને અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવે છે. તેમ વસ્તુમાં પર્યાય પણ છે તેમ કોઈ કહે તો બરાબર નથી, પર્યાય તો પર્યાયમાં છે. પર્યાયને ગૌણ કરવાનો અર્થ દ્રવ્યમાં પર્યાય છે પણ તેને ગૌણ કરીને એમ કોઈ કહે તો એમ નથી. ભાઈ! આ ચોખવટ બરાબર સમજવી જોઈએ.

**(પ્રવચન રત્નાકર ભાગ-૧, પેજ નં. ૧૧૫)**

♦ પર્યાય આ બાજુ અર્થાત્ દ્રવ્ય જે અભેદ છે તે તરફ ઢળી તે અપેક્ષાએ અભેદ કહેવાય. બાકી પર્યાય તો દ્રવ્યથી ભિન્ન રહે છે. અભેદમાં પર્યાય ક્યાં છે? **પર્યાય તો ભિન્ન રહીને અભેદની દૃષ્ટિ કરે છે; તે નિશ્ચય દૃષ્ટિ છે.** દ્રવ્યમાં પર્યાય ભેળવી દે તો વ્યવહાર થઈ જાય, ભેદ દૃષ્ટિ થઈ જાય. પર્યાય તો પર્યાયમાં રહે છે. માટે અપેક્ષા સમજવી જોઈએ. દૃષ્ટિ ફેરે અજ્ઞાનીને ફેર લાગે પણ આ સત્ય કહેવાય છે.

**(પ્રવચન રત્નાકર ભાગ-૧ પેજ નં. ૧૧૬)**

♦ (નિર્મળ) પર્યાય શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ શુદ્ધાત્મ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. આહા... હા... હા! અરે પ્રભુ! તારી અપૂર્વ મોક્ષમાર્ગની જે પર્યાય પ્રગટ થાય છે તે પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે! બહુ આકરું ન પડે માટે (એમ કહ્યું.) નહીંતર તો **'સર્વથા' ભિન્ન છે! (નિહાલચંદજી) સોગાનીએ 'સર્વથા ભિન્ન' લખ્યું છે. છે તો એમ જ! બે (સત્) તદ્દન ભિન્ન છે. દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી. (આવું) લોકોને આકરું લાગે, એટલે અહીંયા 'કથંચિત્ ભિન્ન' કહ્યું. (બાકી) પર્યાયનો દ્રવ્યમાં એકદમ સર્વથા અભાવ છે. જરી કઠણ પડે!**

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૨)**

♦ નિયમસારમાં પર્યાયને પરદ્રવ્ય કહ્યું. દ્રવ્ય જે સ્વભાવ વસ્તુ છે તેનાથી પર્યાયનું દ્રવ્ય ભિન્ન; પર્યાયનું ક્ષેત્ર ભિન્ન; અને પર્યાયનો કાળ ભિન્ન; અને પર્યાયનો ભાવ ભિન્ન;

**પ્રશ્ન :** સ્વભાવ પણ ભિન્ન?

**ઉત્તર :** શુદ્ધ પર્યાય છે ને! (તેથી) ભિન્ન છે. ત્રિકાળી વસ્તુથી પર્યાય ભિન્ન છે. જો બન્ને એક થઈ જાય તો! (એટલે કે) પર્યાય અંશમાં દ્રવ્ય આવી જાય તો દ્રવ્ય 'અંશ' થઈ જાય. અને

પર્યાય એમાં (અર્થાત્ દ્રવ્યમાં) આવી જાય તો, પર્યાય 'દ્રવ્ય' થઈ જાય! પરંતુ એમ કદી બનતું નથી.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૩)**

♦ ચિદ્વિલાસમાં કહ્યું એ દ્રવ્ય- ('અંશી' અને બાકીનો 'અંશ') ભિન્ન; દ્રવ્ય અર્થાત્ તે વસ્તુ છે. ત્રિકાળીથી એ પર્યાય ભિન્ન, એના પ્રદેશ ભિન્ન. જેટલામાંથી પર્યાય ઉત્પન્ન થાય છે એટલા એ પ્રદેશના અંશ, દ્રવ્યના પ્રદેશ કરતાં ભિન્ન છે. છે તો અસંખ્ય પ્રદેશ પણ અસંખ્ય પ્રદેશમાંથી બે પ્રકાર : જેટલામાંથી મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ તે ક્ષેત્ર ભિન્ન છે, અને જેટલામાં ધ્રુવ રહે છે તે ક્ષેત્ર ભિન્ન છે. એ જે મોક્ષમાર્ગની પર્યાય છે તે પર્યાયને (પરિણામી) દ્રવ્ય કહીએ.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૨)**

♦ 'આપ્તમીમાંસા' ન્યાયના ગ્રંથમાં એમ કહ્યું: ધર્મી અને ધર્મ (એ) બે ભિન્ન ગણ્યા છે. ધર્મ અને ધર્મ એ ભિન્ન છે તે બે એક નથી. એક હોય તો એવા બે નામ પડે નહીં. બે વાચ્ય ન હોય તો બે વાચક ન હોય. પછી વ્યવહારથી કહેવામાં આવે છે કે - આ ધર્મીનો આ ધર્મ અને આ ધર્મનો આ ધર્મી. પણ બન્ને નિરપેક્ષ ભિન્ન સત્ છે.

**(પ્રવચન નવનીત ભાગ-૨, પેજ નં. ૩૩)**

♦ પરની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય નથી, **પરંતુ સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. પર્યાયને દ્રવ્ય બે ભિન્ન સત્તા છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. આવા ભગવાનને લક્ષમાં લેનારી પર્યાય પણ વસ્તુમાં આવતી નથી.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર-બોલ નં. ૨૧૩)**

♦ **શ્રોતા :** દ્રવ્ય અને પર્યાયમાં ભેદ છે?

**ઉત્તર : દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા ભેદ છે. દ્રવ્ય સર્વથા ત્રિકાળી** નિત્ય છે અને **પર્યાય સર્વથા અનિત્ય છે.** દ્રવ્ય કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ નથી. **પર્યાય સર્વથા દ્રવ્યમાં અર્થાત્ ત્રિકાળી ધ્રુવમાં નથી.** પણ પર્યાય, પર્યાયમાં તો છે, પર્યાય, પર્યાયમાં પણ નથી એમ નથી.

**પર્યાયને સર્વથા ન માને તો વેદાંત થઈ જાય તેટલા ખાતર જ પર્યાય છે એમ કહ્યું છે. પણ એનો મતલબ એમ નથી કે-પર્યાયમાં દ્રવ્ય આવી જાય છે, કે દ્રવ્યમાં પર્યાય આવી જાય છે. પર્યાય, પર્યાયમાં રહીને દ્રવ્યની પ્રતીતિ કરી લે છે. પર્યાય, પર્યામાં તો છે પણ દ્રવ્યમાં નથી.**

**(આત્મધર્મ વર્ષ-૧, અંક-૩, નવેમ્બર-૨૦૦૬ માંથી)**

♦ આહાહા! દૃષ્ટિનાં વિષયમાં પર્યાય છે જ નહીં. પણ પર્યાય છે જ નહીં તેથી કાંઈ વસ્તુ જ નથી એમ નથી. પર્યાય, પર્યાયમાં છે એમ જાણવું જોઈએ. પર્યાય દ્રવ્યમાં નથી પણ પર્યાય, પર્યાયમાં છે. પર્યાયને જે અભૂતાર્થ-અસત્યાર્થ કહી હતી તે ગૌણ કરીને પર્યાય નથી એમ કહ્યું હતું... તે તો પર્યાયમાં છે. હવે તેને પણ દૃષ્ટિના વિષય વખતે ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. તેનો મતલબ એમ નથી કે પર્યાય, દ્રવ્યમાં છે અને એમ પણ નથી કે-પર્યાય, પર્યાયમાં પણ નથી. ઝીણી વાતું છે બાપુ!

**(આત્મધર્મ-૧ વર્ષ ૧, ૨૦૦૬-નવેમ્બર અંકમાંથી)**

♦ આત્મા પરદ્રવ્યનો કર્તા કેમ નથી? જેની સત્તા ભિન્ન છે એ ભિન્ન સત્તા પરનું કાંઈ કરી શકે નહીં. ચૈતન્ય અને જડ ભિન્ન સત્તાવાન છે; ભિન્ન સત્તાવાન પદાર્થ ભિન્ન સત્તાનું કાંઈ કરે એમ બને નહીં. બીજી વાત એ કે-આસ્રવતત્ત્વ અને સ્વભાવતત્ત્વ એ ભિન્ન તત્ત્વ છે અને ચૈતન્ય તે સ્વભાવતત્ત્વ છે. એટલે સ્વભાવ દૃષ્ટિવંત જે છે તે સ્વભાવ ચૈતન્ય તત્ત્વની અપેક્ષાએ આસ્રવ-વિભાવ તત્ત્વથી ભિન્ન હોવાથી આસ્રવતત્ત્વનો કર્તા નથી.

જેમ સ્વ અને પર; એમાં પર છે એ સ્થૂળ પરસત્તા થઈ તેથી એક સત્તા બીજી સત્તાનું કાંઈ કરે એમ નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ સત્તાવાન પદાર્થ છે. આસ્રવ છે એ ભિન્ન સત્તાવાળી ચીજ છે; તેથી બે પદાર્થની વચ્ચેમાં સ્વભાવ દૃષ્ટિવંત દયા-દાન-વ્રત-ભક્તિ એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ પરસત્તાવાન હોવાથી તેનો કર્તા નથી.

હવે તેનાથી આગળ ત્રીજી વાત, દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન છે. જેમ પરસત્તા ભિન્ન છે, આસ્રવ સત્તા ભિન્ન છે માટે તેનો કર્તા નથી. તેમ ત્રિકાળી દ્રવ્ય અને એક સમયની નિર્મળ વીતરાગી પર્યાય એ બે સત્તા ભિન્ન છે માટે દ્રવ્ય પર્યાયનો પણ કર્તા નથી. વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી. ભિન્ન સત્તાના ત્રણ પ્રકાર પાડ્યા. આવી વસ્તુ છે એને શ્રદ્ધા-જ્ઞાનમાં ન લ્યે અને ઝગડા... ઝગડા... ઝગડા કરે!

આ મૂર્તિ તો પરદ્રવ્ય છે જ તેના તરફનો વિકલ્પ ઊઠ્યો એ પણ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહીં. તેથી સ્વદ્રવ્યની શ્રધ્ધાવાળો છે તે પરદ્રવ્યનો કર્તા નથી. દ્રવ્ય તે સામાન્ય સત્તા અને પર્યાય તે વિશેષ સત્તા, એ બે ભિન્ન છે. એ અપેક્ષાએ ભિન્ન છે તેથી ભિન્ન દ્રવ્ય એ પર્યાયનું કર્તા છે નહીં. તેથી મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી.

સમયસાર ૩૨૦ ગાથાની જયસેન આચાર્યની ટીકામાં આવે છે કે આત્મા છે એ મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાયથી ભિન્ન છે. મોક્ષની પર્યાયનો કર્તા આત્મા નહીં. ધ્રુવ નહીં. કેમકે કર્તા હોય તો બન્ને એક થઇ જાય. એક સત્તાવાળું દ્રવ્ય બીજા સત્તાવાળાને કાંઇ કરે તો બન્ને એક થઈ જાય તેમ.

આ પ્રમાણે ભિન્ન સત્તાના (ત્રણ પ્રકાર પડ્યા. )

(૧) સ્વદ્રવ્ય અને પદ્રવ્ય અને ભિન્ન સત્તા છે માટે પરનો કર્તા નહીં;

(૨) સ્વાભાવિક વસ્તુ અને નિર્મળ પર્યાય તેનાથી આસ્રવ પર્યાય તદ્દન ભિન્ન છે. આસ્રવતત્ત્વ-ઉદયભાવ તે પરદ્રવ્ય છે માટે દ્રવ્ય અને નિર્મળ પર્યાય તે આસ્રવતત્ત્વની કે પરદ્રવ્યની કર્તા નથી.

(૩) વીતરાગી પર્યાય અને દ્રવ્ય તે બન્ને એક સત્તા નથી. એક સામાન્ય સત્તારૂપ ધર્મ અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે તે બે એક સત્તાપણે નથી. તે બન્નેની સત્તા ભિન્ન છે માટે દ્રવ્ય છે તે વીતરાગી પર્યાયનો પણ કર્તા નથી. મોક્ષમાર્ગની કે મોક્ષની પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી.

♦ **શ્રોતા :** દ્રવ્યથી પર્યાયની સત્તા ભિન્ન કરી નાંખી?

**ઉત્તર :** બન્નેની સત્તા ભિન્ન જ છે. દ્રવ્ય સત્તા દ્રવ્યમાં અને પર્યાયની સત્તા ભિન્ન છે. નિશ્ચયથી તો ચૈતન્યની સત્તાના પ્રદેશ છે તે પર્યાયના પ્રદેશથી ભિન્ન જ છે.

**શ્રોતા :** તો પછી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેમ કહ્યો?

**ઉત્તર :** એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ જ એમ છે કે-કાંઈ સંબંધ જ નથી.

**(આત્મધર્મ વર્ષ-૧, અંક-૨, ઓકટોમ્બર-૨૦૦૬)**

♦ નર-નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ નવ તત્ત્વોથી, એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે, અત્યંત જુદો હોવાથી શુદ્ધ છે. આહાહા! **સાધક-બાધકની પર્યાયથી આત્માને અત્યંત જુદો કહ્યો. શરીરાદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય-પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ પણ સંવર-નિર્જરામોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારિક ભાવોથી પણ હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવવડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું.** આહાહા! અહીં સમયસારની ગાથા ૩૮ મા તો સંવર, નિર્જરા, મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારિક ભાવોથી પણ આત્માને સંવર, અત્યંત જુદો કહીને દિગમ્બર સંતોએ અંતરના પેટની વાતો ખુલ્લી કરી છે. આવી વાતો બીજે ક્યાંય નથી. આહાહા! જગતના ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ છે.

**(આત્મધર્મ ૨૦૦૮, એપ્રિલ, અંક નં. ૮, પેજ નં. ૪)**

♦ 'ખરેખર આ એક ને જ' કોને? 'એકને'. 'હું શુદ્ધ છું, અબદ્ધ છું, અખંડ છું' એવા વિકલ્પથી રહિત અંદર નિર્વિકલ્પ અનુભવ થયો ત્યારે જે સમ્યગ્દર્શન થયું. એકને જ' અર્થાત્ બીજા કોઈને નહીં; એવી સમ્યગ્દર્શન પર્યાયને એકને જ કેવળ તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવું નામ પ્રાપ્ત છે. એ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી. આ રીતે એ પર્યાયને (દ્રવ્યમાં) અભેદ કરીને કહેવામાં આવી છે. છે તો દ્રવ્યથી પર્યાય ભિન્ન; પણ પર્યાયનું લક્ષ જે પર ઉપર હતું..... (ત્યાંથી છૂટી અને) અંતરમાં ગયું તે અપેક્ષાએ પર્યાયને અભેદ કહેવામાં આવી.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં... )**

♦ જયસેન આચાર્યની અપેક્ષા જ્ઞાનપ્રધાન કથનની છે તેથી 'કથંચિત્ ભિન્ન' કહ્યું. જ્યારે અમૃતચંદ્ર આચાર્યે તો પ્રવચનસાર ગાથા ૧૭૨, અલિંગગ્રહણ બોલ ૧૯ માં એમ કહ્યું કે- પર્યાય ભેદ લક્ષણવાળી છે, તેથી ભગવાન આત્મા એ પર્યાયને સ્પર્શતોય નથી. અર્થાત્ પર્યાયરૂપ વિશેષભાવને દ્રવ્ય સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી. આહા... હા! પર્યાય દ્રવ્યને આલિંગન કરતી નથી અને દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની ધર્મરૂપની શુદ્ધ પર્યાય તે આત્માને સ્પર્શતી નથી. **બિલકુલ સ્પર્શતી નથી એમ કહ્યું.**

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૭)**

♦ હવે અહીંયા નિર્મળ પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી અને ત્યાં અલિંગગ્રહણના ૧૯ મા બોલમાં એમ કહ્યું કે-નિર્મળ પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શતું નથી-આલિંગન કરતું નથી. **ત્યાં દ્રવ્ય પર્યાય વચ્ચે સર્વથા ભેદ કર્યો.** પછી ૨૦ મા બોલમાં એમ લીધું કે-નિર્મળ પર્યાય વેદનમાં આવે છે; એ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ છે એ પર્યાયને સ્પર્શતી નથી. એ પર્યાય તે જ આત્મા છે. કારણ કે આનંદની પર્યાય વેદનમાં આવે છે, દ્રવ્ય વેદનમાં આવતું નથી. **(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૮)**

♦ તત્ત્વાર્થસૂત્રમાં પર્યાય પ્રધાન કથન છે. **"सम्यग्दर्शनज्ञानचारित्रणि मोक्षमार्गः"** એ ત્રણેય પર્યાય છે. અહીં ૩૨૦ માં જયસેન આચાર્ય કહે છે કે-એ ત્રણેય પર્યાય શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે. અને શ્રી નિહાલચંદ્ર સોગાનીજીએ દ્રવ્યદૃષ્ટિપ્રકાશ બોલ ૨૬૫માં એમ લીધું છે કે-**પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે.** તો આચાર્યનુંએ કથન અને સોગાનીજીનું આ કથન બન્ને યથાર્થ છે. સોગાનીજીએ પરમ (શુદ્ધ) નિશ્ચયથી કહ્યું જે અમૃતચંદ્ર આચાર્યની અલિંગગ્રહણના ૧૯ મા બોલની શૈલી છે. આ તો અલૌકિક વાત છે બાપુ!

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૮)**

♦ અહીં ૩૨૦ ગાથાની ટીકામાં-મોક્ષમાર્ગની પર્યાયને કથંચિત્ ભિન્ન કહી અને અલિંગગ્રહણમાં તો દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. અને ૨૦ માં બોલમાં પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. ૧૯ મા બોલ કહ્યું કે-પર્યાય વિશેષ અર્થાત્ ધર્મની પર્યાય હોં! એ નિર્મળ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આ... હા... હા! **'સ્પર્શતી નથી' નો અર્થ 'સર્વથા ભિન્ન' થઈ ગયો.** આજનો વિષય સૂક્ષ્મ છે, પ્રભુ આ... હા.. હા! કહે છે કે : 'પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી' તો ત્યાં શું (સમજવું) (પર્યાય) સર્વથા ભિન્ન થઈ ગઈ! અને ૨૦મા બોલમાં એમ કહ્યું કે-આનંદ પર્યાયનું વેદન આવે છે એ પર્યાયને-વેદનને દ્રવ્ય સ્પર્શતું નથી, અર્થાત્ ત્રિકાળી દ્રવ્ય છે તે વેદનને સ્પર્શતું નથી. એટલે કે વેદનમાં એ દ્રવ્ય આવતું જ નથી.

'પ્રત્યભિજ્ઞાનનું કારણ-આ છે, એ પહેલાં હતું, એ રહેશે, એવું જે પ્રત્યભિજ્ઞાનનું કારણ દ્રવ્ય-વસ્તુ ત્રિકાળી, શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ એવું શુદ્ધાત્મ દ્રવ્ય તે અનુભવની પર્યાયને સ્પર્શતું નથી. બહુ સૂક્ષ્મ વિષય છે ભાઈ! અનુભૂતિને દ્રવ્ય સ્પર્શતું જ નથી. અનુભૂતિની પર્યાય સ્વતંત્ર છે. અહીંયા ૩૨૦ માં કહ્યું કે-નિર્મળ પર્યાય કથંચિત્ ભિન્ન છે અને ત્યાં અલિંગગ્રહણમાં કહ્યું કે **પર્યાય સર્વથા ભિન્ન છે.** પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. ૧૯ અને ૨૦ મો બોલ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ, જે શુદ્ધ ચૈતન્યઘન, જે

સમ્યગ્દર્શનનો વિષય એવું દ્રવ્ય તેને સમ્યગ્દર્શનની પર્યાય સ્પર્શતી નથી. અને એ દ્રવ્ય છે તે સમ્યગ્દર્શનની પર્યાયને સ્પર્શતું નથી.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૮૯ માંથી)**

♦ આહા...હા! કેવળજ્ઞાનની પર્યાય, દ્રવ્યને સ્પર્શતી નથી. એ ૨૦ મો બોલ છે. અહીં તો મોક્ષમાર્ગની પર્યાયની વાત છે. અને ત્યાં અલિંગ્રહણમાં ૨૦બોલમાં સામાન્ય પર્યાયની વ્યાખ્યા આવી. ત્યાં તો એ પર્યાય વિશેષનું આલિંગન દ્રવ્યને નથી. અર્થાત્ પર્યાયમાં-વેદનમાં દ્રવ્ય આવતું નથી. વેદનમાં અનુભવમાં જે પર્યાય આવે છે તે પર્યાય, દ્રવ્યને સ્પર્શતી નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. કારણ કે દ્રવ્યનું વેદન છે જ નહીં. દ્રવ્ય જે ત્રિકાળી-ધ્રુવ ચીજ છે, એનું વેદન તો જ્ઞાની કે અજ્ઞાની કોઈને નથી. આહાહા...! સૂક્ષ્મ વિષય છે ભાઈ! અને સોગાનીજીએ તો એમ કહ્યું કે-**દ્રવ્યને પર્યાય સર્વથા ભિન્ન છે. એ સામાન્ય વાતથી સર્વથા ભિન્ન કહ્યું.** અને અહીં તો મોક્ષમાર્ગની અપેક્ષાએ 'કથંચિત્ ભિન્ન' કહ્યું. પંચાસ્તિકાયમાં તો એવું લીધું કે-ભગવાન જે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ આનંદનો નાથ પ્રભુ; એમાં જે નિર્મળ પર્યાય આવે છે તે પણ 'સંયોગી' છે. એના દ્રવ્ય સ્વભાવમાં એ પર્યાય નથી. સંયોગ વિયોગ પર્યાયમાં આવે છે.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૯૦)**

♦ અરે! આ બધાએ કોઈ દિવસ સાંભળ્યું પણ નહીં હોય! પ્રશ્ન કર્યો હતો? પછી કહ્યું કે-ભગવાન! વાત તો સાચી છે બાપા! તું ભગવાન છો. પ્રભુ! તારી ચીજ તો ભગવાન સ્વરૂપી છે. એ ભગવાન સ્વરૂપ, મોક્ષના માર્ગની પર્યાયને સ્પર્શતો નથી. આહા...હા! **ભેદવિજ્ઞાનની પરાકાષ્ઠા! ભિન્ન પાડવાની પરાકાષ્ઠા!**

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૯૪)**

♦ **જિજ્ઞાસા :** આપ કથંચિત્ ભિન્ન અને સર્વથા ભિન્ન બન્ને વાત કરો છો!

**સમાધાન :** બન્ને વાત અપેક્ષાથી સાચી છે. આ મોક્ષમાર્ગની (નવી પ્રગટેલી) પર્યાય છે. સામાન્ય વાત કરી તો સામાન્ય પર્યાય ત્રિકાળી સમુચ્ચય છે. એક જ વાત છે. એક આચાર્ય એમ કહે છે કે : દ્રવ્ય, પર્યાયને બિલકુલ સ્પર્શતું નથી. અને ૩૨૦ ગાથામાં જયસેન આચાર્ય એમ કહે છે કે : પર્યાય કથંચિત્ ભિન્ન છે. કથંચિત્ અભિન્ન છે. એમાં પરથી અને રાગથી

ભિન્ન છે અને પોતાનાથી અભિન્ન છે એમ કથંચિત્ બતાવવું છે. તેથી 'કથંચિત્ ભિન્ન છે' એમ જે કહ્યું છે તે યથાર્થ છે. જે અપેક્ષાથી કહે તે અપેક્ષાથી યથાર્થ છે.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૯૫)**

♦ આ અહીં એમ કહેવું છે કે-પર્યાય ઉત્પાદ્-વ્યય વાળી છે. તે પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જ્યારે ચિદ્વિલાસમાં એમ કહ્યું કે-'પર્યાયનું કારણ પર્યાય જ છે. ગુણની અપેક્ષા વિના જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.' શું કહ્યું? જે પર્યાય છે તે ગુણ વિના પર્યાયની સત્તા સ્વતંત્ર છે. એટલે કે ગુણના કારણ વિના, પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે. અર્થાત્ ગુણ કારણ અને પર્યાય કાર્ય એમ નથી. ગુણની સત્તા અને પર્યાયની સત્તા **'તદ્દન ભિન્ન છે!'**

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૯૭)**

♦ ચિદ્વિલાસના (રચિયતા) દીપચંદજી કાશલીવાલ લખે છે કે "પર્યાયનું કારણ પર્યાય જ છે." આહા... હા! પર્યાયનું કારણ પર તો નહીં પણ પર્યાયનું કારણ સ્વદ્રવ્ય પણ નહીં. થોડું આવ્યું છે કે "પર્યાયનું કારણ પર્યાય જ છે", એમ લીધું છે. એકાન્ત? હા, પણ એ સમ્યક્ એકાન્ત છે. કારણ કે "અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ કરાવવા સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી." શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૭૦૨ માં છે કે-સમ્યક્ એકાન્ત અંદર છે. ધ્રુવ છે તે કથંચિત્ ધ્રુવ છે અને કથંચિત્ અધ્રુવ છે, એમ નથી. ધ્રુવ છે તે સર્વથા ધ્રુવ છે. અને અનિત્ય છે તે સર્વથા અનિત્ય છે. બે (ભાવ) છે. પર્યાય અનિત્ય છે અને દ્રવ્ય ધ્રુવ છે. અનિત્ય સર્વથા અનિત્ય છે, એ કથંચિત્ નિત્ય છે એમ નથી. ત્યાં (પત્રમાં) સર્વથા નિત્ય લઈ લીધું. છતાં આખા પ્રમાણમાં દ્રવ્યની અપેક્ષાએ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે. પણ એક નિત્ય લ્યો અને એક અનિત્ય લ્યો તો દ્રવ્યાર્થિકનયે નિત્ય છે અને પર્યાયાર્થિકનયે પર્યાય સર્વથા અનિત્ય છે.

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૨૯૬)**

♦ પોતાનું સ્વરૂપ ભગવાન આત્મા! તેને અનુસરીને જે અનુભવ થયો એ અનુભવ ચિંતામણિ છે-તે પર્યાય છે. નાટક સમયસારમાં કહ્યું છે કે-

**"અનુભવ ચિંતામણી રતન, અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મોક્ષ કૌ, અનુભવ મોખ સરૂપ."**

આહા... હા! એ અનુભવને ચિંતામણી રત્નની પર્યાય કહી! એ અપૂર્ણ પર્યાય ત્રિકાળી ભાવથી કોઈ અપેક્ષાએ ભિન્ન છે. જે અપૂર્ણ છે તે પૂર્ણ થશે જ. જ્યારે પૂર્ણ થશે ત્યારે અપૂર્ણતાનો નાશ થશે, એ અપેક્ષાએ તેને કથંચિત્ ભિન્ન કહી. નહીંતર **ખરેખર તો પર્યાય (દ્રવ્યથી) સર્વથા ભિન્ન છે.**

**(પ્રવચન નવનીત ભાગ-૧, પેજ નં. ૩૦૫)**

# ભેદવિજ્ઞાનના ત્રણ પ્રકાર

♦ ત્રણ પ્રકારે ભિન્ન સત્તા (સિધ્ધ) થઈ. (૧) સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એ (બન્ને) ભિન્ન સત્તા છે માટે (આત્મા) પરનો કર્તા નથી. (૨) સ્વભાવિક વસ્તુ અને તેની નિર્મળ પર્યાય તેનાથી આસ્રવથી પર્યાય તદ્દન ભિન્ન છે. આસ્રવભાવ અર્થાત્ ઔદયિકભાવ તે પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય અને તેની નિર્મળ પર્યાય તે આસ્રવભાવ એવા પરદ્રવ્યની કર્તા નથી. (૩) વીતરાગી પર્યાય અને (ધ્રુવ) દ્રવ્યની સત્તા એક નથી. કારણ કે - એક સામાન્ય સત્તારૂપ ધર્મ છે અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે, બન્ને ધર્મો એક સત્તાપણે નથી, બન્ને સત્તા ભિન્ન છે માટે ધ્રુવદ્રવ્ય વીતરાગી પર્યાયનો પણ કર્તા નથી. મોક્ષમાર્ગની પર્યાય હો કે મોક્ષની પર્યાય હો! પરંતુ દ્રવ્ય તેનું કર્તા નથી.

**(આત્મધર્મ અંક નવેમ્બર-૨૦૦૨માંથી)**

♦ **શ્રોતા :** પર્યાયને સર્વથા ભેદરૂપ માને તો... (એકાંત નહીં થાય? )

**ઉત્તર : દ્રવ્યથી પર્યાય સર્વથા ભેદરૂપ છે. કેમકે દ્રવ્ય છે તે સર્વથા નિત્ય છે અને પર્યાય છે તે સર્વથા અનિત્ય છે,** એ શું કહ્યું? સર્વથા અનિત્ય છે. આ જે વસ્તુ છે તે સર્વથા નિત્ય છે, તેમાં કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે એમ નહીં. હવે પર્યાય છે તે સર્વથા અનિત્ય છે, તેમાં કથંચિત્ અનિત્ય છે તેમ (કથંચિત્ લાગુ ન પડે) પર્યાય છે તે સર્વથા અનિત્ય છે એમાં (સર્વથા આવે) ચિદ્વિલાસમાં પણ આવે છે કે-અનિત્ય છે એ નિત્યનો નિર્ણય કરે છે. જયસેન આચાર્યદેવની સમયસાર ૩૨૦ ગાથાની ટીકામાં એમ આવે છે કે-"હું ધ્રુવ છું" એમ જાણ્યું કોણે? ધ્રુવ, ધ્રુવને જાણે છે શું? હું ત્રિકાળી-હું ધ્રુવ છું એમ પર્યાય જાણે

છે, તેનો અર્થ (અનુભવના કાળે) દ્રવ્ય-પર્યાય બન્ને સાથે આવી ગયા. કેમકે હું ધ્રુવ છું એવું જાણ્યું પર્યાય માટે ત્યાં પર્યાય પણ આવી ગઈ.

♦ **શ્રોતા :** પર્યાય એમ કહે છે કે હું દ્રવ્ય જ છું.

**ઉત્તર :** હું દ્રવ્ય છું એમ કહે છે એટલે સાથે પર્યાય આવી ગઈ, પણ પર્યાય ધ્રુવમાં ભળી ગઈ નથી. (પર્યાય પોતે) દ્રવ્ય થઈ ગઈ એમ નહીં, પરંતુ તે સમયે પર્યાયનુંલક્ષ (દ્રવ્ય) ઉપર છે, એથી જ્યાં લક્ષ છે ત્યાં પર્યાય નથી. પરંતુ આ દ્રવ્ય તે હું છું એવી (અનુભૂતિ) પર્યાયમાં છે (ઉપયોગની સૂક્ષ્મતા વિના) વસ્તુ સમજાય જાય એમ નથી. એ તો (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ) સોગાનીજીમાં આવે છે ને "પર્યાય મારું ધ્યાન કરો તો કરો... હું કોનું ધ્યાન કરું?" પણ એમ જાણે છે કોણ?

**શ્રોતા :** પર્યાયને સાથે ભેળવ્યા વિના છૂટકો નહીં અને પર્યાય દ્રવ્યમાં નથી એમ પણ છે. ત્રિકાળી આત્મા! જે નિશ્ચયનયનો વિષય છે તેમાં (પર્યાય) નથી. અને (ત્રિકાળીમાં) પર્યાય નથી તેવો નિર્ણય કોણ કરે છે? ત્રિકાળી ધ્રુવ કરે છે? એવો નિર્ણય કરનાર પર્યાય છે. આ રીતે ધર્મનું (સ્વરૂપ) છે.

**(શ્રી સમયસાર સિધ્ધિ ભાગ-૩, પ્ર. નં. ૧૨૧, ગાથા ૪૭-૪૮, પેજ નં. ૯૮, ૯માંથી)**

♦ **પ્રશ્ન :** (દ્રવ્ય અને પર્યાય) બે ભિન્ન-ભિન્ન સત્તા છે માટે કર્તા કર્મ નથી?

**ઉત્તર :** હા, બન્ને ભિન્ન-ભિન્ન સત્તા છે.

**પ્રશ્ન :** દ્રવ્ય પર્યાયની સત્તા એક નથી?

**ઉત્તર :** એ તો (અભેદ) નયથી એક સત્તા કહી. બાકી પર્યાયની સત્તા પર્યાયથી અને દ્રવ્યની સત્તા દ્રવ્યથી છે. પર્યાયની સત્તાને લઈને દ્રવ્યની સત્તા નથી અને દ્રવ્યની સત્તાને લઈને પર્યાયની સત્તા નથી. બેનું અસ્તિત્વ એક છે એ તો પરના સત્ત્વથી ભિન્ન પાડીને કહેવું હોય ત્યારે.

**(કલશાકૃત ભાગ-૨, પેજ નં. ૨૧૪, શ્લોક ૪૯ ના પ્રવચનમાંથી)**

♦ પર્યાયધર્મ અને દ્રવ્યધર્મ બેય ભિન્ન છે. આહાહા! દ્રવ્યનો સ્વભાવ પર્યાયમાં આવતો નથી. એક સમયની દશામાં ત્રિકાળી દ્રવ્ય કેવી રીતે આવે? એક સમયની પર્યાય ત્રિકાળી

દ્રવ્યમાં તન્મય કેવી રીતે થાય? ત્રિકાળી ભગવાન જે આત્મા છે તે આનંદ આદિ શુદ્ધ શક્તિથી પૂર્ણ સ્વભાવે રહેલો છે. ફક્ત પર્યાયનું લક્ષ દ્રવ્ય બાજુ થાય છે. તો તેને ધ્રુવનો અનુભવ છે એમ કહેવામાં આવ્યું છે. વાતમાં બહુ ફેર છે. માર્ગ જે છે વસ્તુ સ્થિતિ અલૌકિક છે અને એ વીતરાગે જાણી, પૂર્ણ અનુભવી અને વાણી દ્વારા આવી ગઈ છે.

**(કલશામૃત ભાગ-૬, પેજ નં. ૧૪૩ માંથી)**

♦ કોઈ કહે છે-જૈનદર્શનમાં 'જ' હોય જ નહીં. શ્રીમદ્ના એક પત્રમાં આવે છે કે-(દ્રવ્ય) નિત્ય 'જ' છે; (પર્યાય) અનિત્ય 'જ' છે એમ કહેવું છે. કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે એમ કહેવું (નથી) ત્યાં એમ કહેવું છે કે-નિત્ય છે તે નિત્ય જ છે, અનિત્ય છે તે અનિત્ય 'જ' છે. જ્યારે આખું (પ્રમાણના વિષયભૂત) દ્રવ્ય કહેવું હોય તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય કહેવાય, પણ નિત્યથી કહેવું હોય તો નિત્ય છે તે નિત્ય 'જ' છે, તેમાં નિત્ય તે કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય તે એમ નહીં. આહાહા! અનિત્ય તે અનિત્ય 'જ' છે, તેમાં કથંચિત્ અનિત્ય પણ નિત્ય છે અને (કથંચિત્) અનિત્ય છે તેમ અનેકાન્ત નથી.

**(સમયસાર સિદ્ધિ ભાગ-૬, ગાથા ૧૫૨ ના પ્રવચનમાંથી પેજ નં. ૬૮)**

♦ **મુમુક્ષ :** દ્રવ્યથી પર્યાય જુદી છે?

**ઉત્તર :** જુદી છે. દ્રવ્યથી પર્યાય જુદી છે. દ્રવ્યથી પર્યાય એક થઈ નથી. જો એક થાય તો આખું દ્રવ્ય મલિન થઈ જાય. અને મલિન થાય તો દ્રવ્ય જ રહે નહીં. દ્રવ્ય જો વિકાર રૂપે થાય તો દ્રવ્ય વસ્તુ જ રહે નહીં. આત્મા જ રહે નહીં. મારગ તો આવો છે પ્રભુ! આવું સમજવા માટે વખત કેટલો કાઢવો!?

**('સમયસાર દોહન' નાઈરોબીના ગાથા ૬ ઉપરના પ્રવચનમાંથી)**

♦ સમયસાર ૩૨૦ ગાથામાં જયસેન આચાર્યદેવે લીધું છે કે-ધ્યાન છે તે જો દ્રવ્યથી અભિન્ન થાય તો ધ્યાનની પર્યાયનો તો નાશ થાય છે તો વસ્તુનો નાશ થઈ જાય. રાગ તો નહીં પણ આ તો ધ્યાન જે મોક્ષનો માર્ગ છે એ ધ્યાનની પર્યાય પણ દ્રવ્યમાં અભેદ નથી. જો અભેદ હોય તો ધ્યાનની પર્યાયનો તો નાશ થાય છે તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય. માટે (મોક્ષમાર્ગની) પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. ટીકામાં કથંચિત્ ભિન્ન લીધું છે. **બાકી છે તો સર્વથા ભિન્ન. શિષ્યને વાત આકરી ન પડે એટલે (કથંચિત્ કહ્યું.)**

**શ્રોતા :** સર્વથા ભિન્ન?

**ઉત્તર :** હા, પર્યાયનું અસ્તિત્વ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, કાળ ભિન્ન છે જ, ભાવ ભિન્ન છે.

**શ્રોતા :** એક અપેક્ષાએ.

**ઉત્તર :** નહીં, એક અપેક્ષાએ નહીં, **સર્વથા** એમ જ છે. કથંચિત્ તો એટલે કહ્યું કે-એ પર્યાય એની છે એટલું બતાવવા કથંચિત્ ભિન્ન છે એમ કહ્યું. બાકી નિશ્ચયથી તો **સર્વથા ભિન્ન છે.** નહીંતર બે ધર્મ સિધ્ધ નહીં થાય. **સામાન્ય અને વિશેષ બેય સર્વથા ભિન્ન છે.** વિશેષ, વિશેષથી છે. સામાન્ય, સામાન્યથી છે. એક બીજાની અપેક્ષા રાખે તો (બે સત્) સિધ્ધ નહીં થાય.

**શ્રોતા :** એમ સિધ્ધ કરવું હોય ત્યારે...!

**ઉત્તર :** અહીં સિધ્ધ કરવા છે ને!

**શ્રોતા :** તે એક વસ્તુ છે.

**ઉત્તર :** એક વસ્તુ પણ ક્યારે? કઈ રીતે? એ તો પરથી જુદુ પાડવા માટે એક વસ્તુ કહ્યું છે. પણ (એક વસ્તુમાં) બે ભાગ પાડવા હોય તો તે બન્ને ભિન્ન-સ્વતંત્ર છે. ઝીણી વાત છે.

**શ્રોતા :** સ્વરૂપ ભિન્નતાથી કામ ચાલી જાય છે તો પ્રદેશ ભિન્નતા કેમ કહીએ?

**ઉત્તર :** પ્રદેશ ભિન્ન છે. એ વાત જરી સૂક્ષ્મ પડશે. પર્યાયનો જે અંશ છે એ જેટલા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થયો... તો એનું ક્ષેત્ર કોઈ છે કે નહીં? કે એ પર્યાય (તેના) ક્ષેત્ર વિના થઈ છે? દ્રવ્યનું ક્ષેત્ર ધ્રુવ છે અને પર્યાયનું ક્ષેત્ર એટલું અધ્રુવ ભિન્ન છે. સંવર અધિકારમાં વિકારનું ક્ષેત્ર ભિન્ન લીધું છે. ચિદ્વિલાસ ૮૯ પાનું ત્યાં પર્યાયનું ક્ષેત્ર પર્યાયથી છે. દ્રવ્યનું ક્ષેત્ર પર્યાયના ક્ષેત્રથી ભિન્ન છે. અરે... અરે.. આવી (સૂક્ષ્મ) વાતું છે.

**શ્રોતા :** પણ શાસ્ત્રમાં એમ આવે ને કે-જે દ્રવ્ય, ગુણનું ક્ષેત્ર છે તે પર્યાયનું ક્ષેત્ર છે.

**ઉત્તર :** એ કઈ અપેક્ષાએ? એ તો પરથી ભિન્ન પાડવા માટે પહેલાં કહ્યું. (દ્રવ્ય પર્યાયને) ભિન્ન પાડવા માટે એ નહીં. બાપુ! આ તો ન્યાયનો કાંટો છે. કાંટામાં એક પણ ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે. અહીં તો જેના પ્રદેશ ભિન્ન છે તેને પૃથક્ લક્ષણે પરદ્રવ્ય કહ્યું છે.

જ્યારે પ્રવચનસારમાં પોતાના ગુણ અને પર્યાય અથવા દ્રવ્ય અને પર્યાય તે બેમાં અતદ્‌ભાવરૂપ અન્યત્વ છે. દ્રવ્ય તે ગુણ નહીં અને ગુણ તે પર્યાય નહીં અને પર્યાય તે દ્રવ્ય નહીં. વળી દ્રવ્ય ગુણનું સૂક્ષ્મ પડી જશે. ત્યાં તો ગુણ તે દ્રવ્ય નહીં અને દ્રવ્ય તે ગુણ નહીં એવો પાઠ સંસ્કૃતમાં લીધો છે. કેમકે ગુણની સંજ્ઞા ગુણ છે, દ્રવ્યની સંજ્ઞા દ્રવ્ય છે. ગુણ અનંત છે, દ્રવ્ય એક છે. સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજન ચારથી ગુણ અને દ્રવ્ય ભિન્ન છે.
**શ્રોતા :** પ્રદેશથી અભેદ છે.

**ઉત્તર :** એ તો કહ્યું ને.. પ્રદેશથી અભેદ છે.

**શ્રોતા :** સત્તાથી પણ અભેદ છે ને!

**ઉત્તર :** બન્નેની સત્તા એક છે. ગુણ અને દ્રવ્યની સત્તા તો એક જ છે પણ લક્ષણ, સંખ્યા, પ્રયોજન, નામ, સંજ્ઞાથી ભિન્ન છે. બાપુ! આ તો વીતરાગનો સ્યાદ્વાદ માર્ગ બહુ અલૌકિક છે. તો પછી પર્યાયનું નામ, સંજ્ઞા, લક્ષણ, સંખ્યા અને પ્રયોજન ભિન્ન છે. દ્રવ્ય અને ગુણની સત્તાના પ્રદેશ એક છે, છતાં સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન (તે પણ) ભિન્ન છે. અહીં તો પર્યાયનું ક્ષેત્ર અને ગુણનું ક્ષેત્ર ભિન્ન છે. બહુ ઝીણી વાતું બાપુ! મૂળ અંદરના તત્ત્વના ઊંડાણને પહોંચ્યા વિના તેને તત્ત્વજ્ઞાન થશે નહીં. અને સમ્યગ્જ્ઞાન વિના અંદરમાં દૃષ્ટિ નિર્મળ નહીં થાય.
**શ્રોતા :** દ્રવ્ય અને પર્યાયની લક્ષણ ભિન્નતા અને પ્રયોજન ભિન્નતા શું?

**ઉત્તર :** દ્રવ્યનું પ્રયોજન ગુણાશ્રય છે. ગુણાશ્રય દ્રવ્ય છે એમ કહ્યું ને! 'દ્રવ્યાશ્રયા ગુણાઃ', પણ દ્રવ્યના આશ્રયે ગુણ એવું નથી, અને પર્યાયમાં એવું નથી. અપેક્ષાથી પર્યાય દ્રવ્ય આશ્રિત છે. તેની અપેક્ષાએ તો પર્યાય પર્યાયના આશ્રયે છે. પર્યાયમાં ષટ્‌કારક લીધા.

**(કલશામૃત ભાગ-૬, પેજ નં. ૨૭૮-૨૭૯ માંથી, શ્લોક નં. ૨૦૮)**

♦ "અનંત શક્તિ ગર્ભિત ચેતનામાત્ર વસ્તુની સર્વથા પ્રકારે પ્રાપ્તિ હો."

કથંચિત્ વિકલ્પ પણ પ્રાપ્ત હો અને કથંચિત્ સ્વભાવ પણ પ્રાપ્ત હો એમ નહીં. કોઈ એમ કહે છે કે **'સર્વથા' શબ્દ તો જૈનમાં હોય જ નહીં.** કઈ અપેક્ષાએ? એ તો (પ્રમાણજ્ઞાનની વિષયભૂત વસ્તુમાં) નિત્ય છે એ અનિત્ય છે, એક છે કે અનેક છે તેમાં કથંચિત્ છે. પણ

દ્રવ્યાર્થિકનયનો (વિષય) જે નિત્ય છે તેમાં કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ છે? દ્રવ્યથી તો નિત્ય જ છે, પર્યાયથી અનિત્ય જ છે. આહાહા... અહીં 'જ' લાગે છે. હવે (પ્રમાણજ્ઞાનનો વિષય) આખા દ્રવ્યની વ્યાખ્યા કરવા માટે કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે એમ કહેવાય. અહીં શ્લોકમાં કહ્યું કે-**અમને સર્વથા આત્મા જ પ્રાપ્ત હો.** આહાહા! જુઓ આ દિગમ્બર સંતોની અંદરમાં ધખતી ધૂણી. જે અંતર્મુખ પ્રભુ ભગવાન છે તેને અમે પ્રાપ્ત કરીએ બસ. બાકી કોઈ ચીજ અમને (પ્રાપ્ત) છે નહીં.

**(કલશામૃત ભાગ-૬, પેજ નં. ૨૯૮, શ્લોક નં. ૨૦૯ના પ્રવચનમાંથી)**

♦ એક વિશેષ જ્ઞાનના સંબંધથી **(ज्ञेयं न अस्ति)** જ્ઞેય વસ્તુ જ્ઞાન સાથે સંબંધરૂપ નથી. જે જાણવા યોગ્ય પદાર્થ છે તે સ્વ અને પર બન્ને. એ "જ્ઞાનના સંબંધથી જ્ઞેય વસ્તુ સાથે સંબંધરૂપ નથી..", જ્ઞેય બે પ્રકારે કહ્યાં ને!?

**પ્રશ્ન :** પરની સાથે સંબંધ નથી, પર્યાય સાથે તો સંબંધ છે.

**ઉત્તર :** અહીં એ (વાત) નથી. ગઈ કાલે આવ્યું હતું ને કે–સ્વપર બન્ને જ્ઞેયને એક (સમયમાં) સાથે જાણે છે.

**પ્રશ્ન :** (જ્ઞાન) પોતાનામાં તન્મય થઈને નથી જાણતું.

**ઉત્તર : પર્યાય, (દ્રવ્યથી) તન્મય છે નહીં, ભિન્ન છે. ઝીણી વાતું બહુ બાપા!**

**પ્રશ્ન : પ્રદેશથી તો તન્મય છે ને?**

**ઉત્તર : એના પ્રદેશ પણ ભિન્ન છે અને ભાવ પણ ભિન્ન છે.**

♦ અહીં શુધ્ધાત્માની સિધ્ધિ એટલે સાધકપણું. અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપની એકાગ્રતાનું સેવન તે સાધન છે. વિકલ્પમાત્ર કર્મકૃતભાવ છે... તે અપરાધમાં જાય છે. વિકલ્પનું અવલંબન આશ્રય છે તે સાપરાધ છે. આત્મા ત્રિકાળ નિરૂપાધિક સ્વભાવ છે... તેથી તેનું સેવન-લક્ષ તે નિરાવરણ જ્ઞાન, દર્શન પર્યાય દ્વારા કરી શકાય છે. જે છે તેવા ભાવથી આત્મા જણાય તેવો છે. રાગ નથી તેથી રાગથી જણાય એવો નથી. તે અખંડજ્ઞાનની પર્યાયથી જણાય તેવો છે.

નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી, કેમકે વ્યવહાર તેમાં નથી. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. પણ વ્યવહારની અપેક્ષાએ રાગ થાય તેમ નથી. નિરાવરણ પર્યાય દ્વારા સ્વભાવ લક્ષિત થાય છે, (પરંતુ) તે પર્યાય દ્રવ્યમાં નથી. તે પર્યાય દ્વારા દ્રવ્ય જણાય ખરો! પર્યાયમાં દ્રવ્ય જેટલું અને જેવું છે તેવું જણાય પણ પર્યાયમાં આત્મા સ્વરૂપ આવતું નથી. પર્યાયમાં દ્રવ્યની નાસ્તિ છે અને દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે. ધર્મ છે, ષટ્કારકો છે તે વસ્તુમાં નથી. **પર્યાયનું સેવન-આશ્રય (તે) દ્રવ્યને અડતું નથી. કથંચિત્ નહીં સર્વથા.** દ્રવ્યમાં કથંચિત્ પર્યાય છે અને પર્યાયમાં કથંચિત્ દ્રવ્ય છે તેમ નહીં. પર્યાયે સ્વતંત્ર કર્તા થઈને દ્રવ્યનું લક્ષ કર્યું તેટલો આશ્રય. પર્યાય પર્યાયમાં રહી, દ્રવ્યમાં પેઠા વિના; લક્ષ પર તરફ હતું તે લક્ષ દ્રવ્ય તરફ કર્યું; તો આત્માનું સેવન કર્યું તેમ કહેવાય.

**(સમયસાર ગાથા ૩૦૪/૩૦૫ તા. ૨૧/૧૨/૭૯ ના પ્રવચનમાંથી)**

**પ્રશ્ન :** આપે પહેલાં કહ્યું કે સામાન્યમાં વિશેષનો અભાવ છે.

**ઉત્તર :** એ વિશેષનો તો અંદર દ્રવ્યમાં અભાવ છે પણ પરિણમે છે તો દ્રવ્યના આશ્રયે ને? એક સમયની પર્યાય તેમાં છે એમ નથી લખ્યું. આખું દ્રવ્ય અનંતગુણની પિંડ છે. સૂક્ષ્મ વાત છે.

સામાન્ય ભાવ અને વિશેષભાવ એમ બે ધર્મ છે. વસ્તુના બે ધર્મ- (૧) પર્યાય ધર્મ-વિશેષ (૨) ગુણરૂપ ધર્મ સામાન્યમાં વિશેષ હોય તો સામાન્ય રહેતું નથી. વિશેષમાં સામાન્ય આવી જાય તો સામાન્ય રહેતું નથી. એ તો આપ્ત મિમાંસામાં કહ્યું છે. બે ધર્મને સિધ્ધ કરવા છે તો કોઈની અપેક્ષા નથી. વિશેષ વિશેષથી છે, સામાન્ય સામાન્યથી છે. પછી સામાન્ય કોનું? કે આ વિશેષનું. વિશેષ શેમાંથી ઉત્પન્ન થયું? કહે-સામાન્યમાંથી. પણ છે બે ધર્મ. વિશેષ વિશેષથી છે, સામાન્ય સામાન્યથી છે. બન્ને નિરપેક્ષ છે. સર્વજ્ઞના સિધ્ધાંત બધા સંતોએ કહ્યાં છે. ચારે બાજુથી એક જ વાત સિધ્ધ થાય છે.

**(આત્મધર્મ-ઓક્ટોમ્બર-૨૦૦૯, અંક-૨, વર્ષ-૪ પેજ નં. ૧૯-૨૦માંથી)**

A. સંતો કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને **સર્વથા** બંધ કરી દે! દેવ-ગુરુ પંચ પરમેષ્ઠી આદિને જોવાનું તો બંધ કરી દે, પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને **સર્વથા** બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરી ને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને

જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે! તો તેને દ્રવ્ય ભગવાનને જોવાના... દેખવાના ચક્ષુ ખુલ્લી જશે. ભાઈ એકવાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો? જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડી ગયું. પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને દેખવાની આંખ ઉઘડી ગઈ. હવે એ ભગવાન છાનો (છૂપો) નહીં રહી શકે.

**(આત્મધર્મ ૨૦૦૮, એપ્રિલ, અંક-૮, પેજ નં. ૧૧માંથી)**

B. તો કહે છે- 'તેમાં પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને..' લ્યો, અહીંથી ઉપાડ્યું છે. દ્રવ્યાર્થિક ચક્ષુને બંધ કરીને-એમ ઉપાડ્યું નથી. કહે છે-દ્રવ્યને જોવા માટે પર્યાયાર્થિક આંખને **સર્વથા** બંધ કરી દે. ગજબ વાત ભાઈ! પર્યાય છે ખરી પણ તેને જોવા તરફની દૃષ્ટિ બંધ કરી દે એમ વાત ઉપાડી છે.

C. વળી પાઠમાં છે કે-કથંચિત્ બંધ કરીને એમ નહીં, પણ પર્યાયાર્થિક ચક્ષુને **સર્વથા** બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે.. આહાહા! દ્રવ્યને-ત્રિકાળીને જાણવો છે ને? તો કહે છે-વિશેષનયની આંખ બંધ કરીને દ્રવ્ય જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયની આંખ વડે જો! ભાષા તો જુઓ! એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે.. આહાહા! ત્રિકાળીને જાણવો છે ને? તો કહે છે-વિશેષનયની આંખ બંધ કરી દઈને સામાન્યને જોનારી-જાણનારી દ્રવ્યાર્થિક આંખ વડે જો; તેથી તને અવસ્થામાં, સામાન્ય... સામાન્ય... દ્રવ્ય ભગવાન આત્મા જણાશે. આહાહા! અવસ્થાને જોનારી આંખ બંધ કરી દઈને સામાન્યને જોતાં, તેને જોનારી વિશેષ પર્યાય તો રહેશે, પણ પર્યાયને જોવાનો વિષય વિશેષ નહીં પણ સામાન્ય રહેશે. સમજાણું કાંઈ...!

D. તારા સ્વરૂપમાં બે (પડખાં) છે. (૧) સામાન્ય અને (૨) વિશેષ. એ બે છે તેમાંથી વિશેષને જોવાની આંખ **સર્વથા** બંધ કરી દઈને ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો! જુઓ! વિશેષને જોવાની આંખને કથંચિત્ ઉઘાડીને અને કથંચિત્ બંધ કરીને અથવા તેને ગૌણ કરીને એમેય વાત લીધી નથી. અહો! આ તો તત્કાલ સમ્યગ્દર્શન-વસ્તુ દર્શન થવાની વાત છે. પર્યાયને જોવાનું બંધ કરી દીધું એટલે દ્રવ્યને જોનારું જ્ઞાન ઉઘડ્યું એમ કહે છે.

E. આહાહા...! 'પર્યાયાર્થિક ચક્ષુને **સર્વથા** બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને

સિદ્ધપણું એ પર્યાયો સ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવ સામાન્યને અવલોકનારા અને વિશેષોને નહીં અવલોકનારા એ જીવોને "તે બધુંય જીવદ્રવ્ય છે" એમ ભાસે છે.'

F. **પ્રશ્ન :** શ્રીમદ્જીએ છ પદ કહ્યાં છે તેમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી છે તો એ છ પદ જોવાં તો ખરાં ને?

**ઉત્તર :** ભાઈ! અહીં તો એમ કહે છે કે-છ પદોના જે ભેદ છે તેને પણ જોનારી આંખને **સર્વથા** બંધ કરી દઈને... (દ્રવ્યને જોનાર પ્રગટ જ્ઞાનરૂપ દ્રવ્યાર્થિકનય વડે જો). અહા! કોઈને ઝીણું પડે તો ધ્યાન દઈને સાંભળવું બાપુ! આ તો અમૃતનાં ઘર છે; માંડ માંડ બહાર આવ્યું છે. તો એને ધીમેથી સાવધાન થઈને સાંભળવું, સમજવું. અહા! આવો સમય ક્યારે આવે ભાઈ!

G. કહે છે- 'તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને **સર્વથા** બંધ કરીને' જુઓ, પોતાની પર્યાયમાં જે વિશેષતા જણાય છે તે પોતાની પર્યાય જ જણાય છે, પર નહીં; એટલે પરને જાણવાના ચક્ષુ બંધ કરીને; એમ નથી કહ્યું પણ પોતાની પર્યાયને જાણનારું પર્યાયાર્થિક ચક્ષુ **સર્વથા** બંધ કરીને-એમ કહ્યું. આહાહા! શું ગંભીર વસ્તુ છે! ભગવાન! આ પ્રવચનસાર, સમયસાર અને નિયમસારની એક-એક ગાથા અતિ ગંભીર અને અલૌકિક છે.

H. આહાહા... કહે છે-પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને અર્થાત્ પોતાની પર્યાયનું લક્ષ જ છોડી દઈને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે અવલોકન કર. શું કહ્યું આ? કે જ્યારે પર્યાયને જોનારી પર્યાયાર્થિક દૃષ્ટિ બંધ કરી તો હવે કોઈ જોનારી દૃષ્ટિ રહી છે કે નહીં? તો કહે છે-દ્રવ્યને જોનારી દૃષ્ટિ રહી છે. કહ્યું ને કે-એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. આહાહા...! **આ દ્રવ્યાર્થિકનય છે તે જ્ઞાન છે તે ઉઘાડેલું જ્ઞાન છે. છે તો એ પર્યાય પણ તે જોનારી પર્યાય પર્યાય ને ન જોતાં દ્રવ્યને જુએ છે. પર્યાયને જાણનારી પર્યાય સર્વથા બંધ કરે છે પણ જ્ઞાન સર્વથા બંધ થયું નથી. જ્ઞાન તો ઉઘડેલું છે અને તે દ્રવ્યને જાણે છે. લ્યો, આવી વાતું ભાઈ! આ તો ત્રણલોકના નાથની દિવ્યવાણી છે.**

I. આહાહા! ભગવાન! તું સામાન્ય વિશેષ છો. ત્યાં તારા વિશેષમાં પરને જાણવું એ કાંઈ છે નહીં કેમકે ત્યાં તો એ પોતાની પર્યાય જ જણાય છે. તો કહે છે-એ જે પર્યાય જણાય છે તેને જોનારું પર્યાયાર્થિક ચક્ષુ **સર્વથા** બંધ કરી દે. તો હવે જ્યારે પર્યાયને જોનારું ચક્ષુ **સર્વથા** બંધ કર્યું તો જોનારું અન્ય કોઈ જ્ઞાન ચક્ષુ રહ્યું કે નહીં? તો કહે છે કે દ્રવ્યને જોનારું જ્ઞાનચક્ષુ પ્રગટ ઉઘાડરૂપ છે. કહ્યું ને કે-**સર્વથા** બંધ કરી છે પણ દ્રવ્ય સામાન્યને જોનારું

જ્ઞાન તો ઉઘડેલું જ છે. જ્યાં પર્યાયને જોવાનું **સર્વથા** બંધ કર્યું ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડી ગયું છે એમ કહે છે. કેમકે પોતે જાણનારો છે ને? જાણનારની પર્યાયમાં અંધારું થઈ જાય અર્થાત્ જાણવાનું જ બંધ થઈ જાય એવું તો કોઈ દિ' છે નહીં.

**(પ્રવચનસાર ગાથા ૧૧૪, તા. ૧૧-૭-૭૯ ના પ્રવચનમાંથી)**

♦ ભગવાન આત્મા! દ્રવ્ય સામાન્ય જે અનંત... અનંત... અનંત અચિંત્ય શક્તિઓનો એકરૂપ સાગર પ્રભુ! તેને દ્રવ્યાર્થિકનયના ઉઘડેલા જ્ઞાનથી જોતાં તે બધુંય જીવ જ છે. આ રીતે અંદરમાં પરિણમન કરે એટલે પ્રાપ્ત થયા વિના રહે જ નહીં.

પર્યાયને જોનારી આંખ સર્વથા બંધ કરી દઈને અને દ્રવ્યને જોનારા ઉઘડેલા દ્રવ્યાર્થિકનયના જ્ઞાન વડે પાંચેય પર્યાયોમાં રહેલા આત્માને જો. પરમાં તો રહ્યો છે જ નહીં, પરની પર્યાયમાં તો રહ્યો છે જ નહીં, વ્યવહારે પણ રહ્યો નથી. આહાહા! આ પાંચમો આરો છે! આવો હલકો આરો છે! આહાહા! જેને પર્યાયનય પણ લાગુ પડતી નથી તેને આરો ક્યાં લાગુ પડે.

બન્ને નય આવે એ જ્ઞાન સાચું એમ નહીં, પણ પર્યાય, પર્યાય નયની આંખને બંધ કરીને, પર્યાયોમાં-વિશેષોમાં રહેલાં એક જીવ સામાન્યને જોવે ત્યારે જ્ઞાન સાચું કહેવાય છે.

(પછી) પર્યાયનયથી જોતાં પર્યાય ભાસે છે એવું જ્ઞાન કરવા કહેશે, પણ જોર અહીં વધારે છે કે પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી દે! આહાહા! સિદ્ધની પર્યાયને જોવાનું બંધ કરી દે! અરે! ગુણભેદ પણ નહીં એવા એકરૂપ આત્માને જો! અરે! જીવો જરા શાંતિથી વિચારતા નથી, વાંચતા નથી અને એકદમ કહી નાખે છે કે એકાંત છે!

**(આત્મધર્મ વર્ષ-૧, ૨૦૦૭ એપ્રિલ, ૧૧૮ મી જન્મજયંતિ વિશેષાંકમાંથી)**

♦ ત્રિકાળી સ્વભાવ અને પરિણામ સ્વભાવ તે બન્ને સર્વથા જુદા જ છે; પરંતુ (સમુચય) દ્રવ્યની અપેક્ષાથી તેને એક કહેવામાં આવે છે. **(દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ બોલ નં. ૩૬૩)**

♦ **પર્યાય (ત્રિકાળી) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે;** પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે; પરંતુ પ્રમાણ નિશ્ચયનયને ખોટું ઠરાવીને કહેતું નથી; **નિશ્ચયનયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે.** પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે; પ્રમાણ અભિન્ન કહે જ છે, એવું પણ નથી ભિન્ન-અભિન્ન બન્ને કહે છે. પરંતુ 'એકાન્ત ભિન્ન છે' એવું જોર દીધા

વિના, પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહીં. અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. આ જ સત્ય છે.

**(દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ બોલ નં. ૨૬૫)**

# પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના હૃદયોદ્ગાર

જીવને અનાદિ કાળથી સ્વતઃ, કોઈના ઉપદેશ વિના, ધારાવાહિકપણે વ્યવહારનો પક્ષ ચાલ્યો જ આવે છે. એ કયો પક્ષ છે? કોનો પક્ષ છે? તેની વિસ્તારથી છણાવટ કરવી છે. અનાદિથી અનવરતપણે પરિણામ પ્રગટ થયા જ કરે છે. રાગ-દ્વેષના પરિણામ, હિંસા-અહિંસાના પરિણામ, ખંડ-ખંડ ભાવેન્દ્રિયના પરિણામોથી; તેનો પરમાત્મા ભિન્ન હોવા છતાં;... તે તે પરિણામોમાં તેની આત્મબુદ્ધિ વર્તતી હોવાથી તેનું મિથ્યાદર્શનરૂપનું અધ્યવસાન પણ સાથે ને સાથે ચાલી જ રહ્યું છે.

શાસ્ત્રમાં વ્યવહારના પ્રકારો લોકપ્રમાણ અસંખ્યાત દર્શાવ્યા છે. (કોઈ સાદિ મિથ્યાદૃષ્ટિ જીવ હોય તો તેને બાદ કરીને આ વાત છે.) જિનાગમના અભ્યાસ બાદ અને પૂજ્ય કહાનગુરુ દ્વારા દૃષ્ટિના વિષય સંબંધી પરાકાષ્ઠાએ સ્પષ્ટતા મળવા છતાં; જીવોને ઊંડે

ઊંડે વ્યવહારનો પક્ષ પડ્યો જ રહે છે. વિજાતીય એવું આસ્રવતત્ત્વ.... આત્મતત્ત્વથી સર્વથા ભિન્ન હોવા છતાં તેને કથંચિત્ અભિન્ન માની અને અધ્યવસાનનું પાપ સેવી રહ્યો છે. અનાદિ મૂઢ, વ્યવહારરૂઢ નિશ્ચય અનારૂઢ થયેલા જીવ... મિથ્યાત્વના શલ્યથી નિઃશલ્ય કેવી રીતે થાય! તે વિધિને પરમાગમના આધારથી અને પૂજ્ય ગુરુદેવશ્રી આદિ જ્ઞાની ધર્માત્માઓના આધારથી અપ્રતિબુધ્ધને પ્રતિબુધ્ધ થવા અર્થે કહીશ.

સમયસારની શરૂઆત જ છઠ્ઠી ગાથાથી થઈ. એક જ ગાથામાં પ્રયોજનભૂત સંપૂર્ણ વિષય વસ્તુ બતાવી દીધી. પાંચમી ગાથામાં ભેદજ્ઞાનના બીજડાં રોપી દીધાં. અનંતગુણોથી એકત્વ અને પરિણામમાત્રથી વિભક્ત આત્મા બતાવીશ; હે ભવ્ય જીવો! તમે તમારા સ્વાનુભવથી પ્રમાણિત કરજો.

પૂજ્ય ગુરુદેવના સિંહનાદે હજારો-લાખો જીવો પોતાની યોગ્યતાનુસાર સ્વાધ્યાય, મનન, ચિંતવન કરવા પણ લાગ્યા અને પોતાની યોગ્યતાનુસાર પુરુષાર્થ પણ કરી રહ્યા હોવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી? એવી કઈ ભૂલ ઘર કરી, અંદર છૂપાઈને બેઠી છે... જે ચરમ લક્ષ્ય ત્રિકાળ ધ્રુવ ભગવાનના ભેટા થવા દેતી નથી!? જે જીવ દેહ, કર્મ, વાણીને મારાં માનીને બેઠો હોય... તેને તો પરિણામની મમતા છૂટવી ઘણી મુશ્કેલ છે; પરંતુ અહીં તો જેને વસ્તુ સ્વાતંત્રયતા બેઠી છે, જેને બે દ્રવ્ય વચ્ચેનું ભેદજ્ઞાન સમજમાં આવી ગયું છે, તેના જ સિધ્ધાંતો દ્રવ્ય-પર્યાયના ભેદજ્ઞાનમાં એપ્લાય કરવાના છે. જેને શુધ્ધાત્માની ચાહના છે તેવા જીવો માટેનું આ પકવાન છે.

દૃષ્ટિનો વિષય, ઉત્પાદ-વ્યયથી ભિન્ન ધ્રુવતત્ત્વ છે. ધ્રુવ ધ્યેયનું ન જેને ભાન છે અને ઉત્પાધવ્યયધ્રૌવ્યયુક્તં સત્નું ન જેને જ્ઞાન છે, તેઓ ખરેખર ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાથી સ્વચ્છંદતામાં જ વર્તી રહ્યા છે. અહીં મિથ્યાત્વથી મુક્ત થવાના ઉપાયની ચર્ચા હોવાથી... મિથ્યાત્વીને આત્મઘાતી મહાપાપી અને સ્વચ્છંદાચારી કહ્યો છે. જગતનાં સામાન્ય જીવો તો પુણ્યથી ધર્મ માનવા લાગ્યા. વિદ્વાનોએ સ્યાદ્વાદનો પકડી રાખ્યો. 'કથંચિત્'ની ભૂંગળીને મજબૂત રીતે પકડી લીધી. કથંચિત્ ક્રોધ પુદગલનો અને કથંચિત્ જીવનો! તેમાં શું દોષ છે? તું આગમ પ્રમાણમાં અટકી ગયો એ દોષ નથી? ક્રોધાદિ ભાવો, જીવના તો નથી; પરંતુ જીવનો સ્વાંગ પણ નથી. દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરવાનું બળવાન સાધન હતું **"एकस्य पुद्गलस्य हि निर्माणम्"** રાગી તો પુદ્ગલ છે ત્યાં સુધી પહોંચવું પડશે. તે વિના એકતાબુધ્ધિ નહીંછૂટે. પુદ્ગલ દ્રવ્ય બે પ્રકારે કળશટીકામાં બતાવ્યા છે. (૧) સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ

સહિત. (૨) સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ રહિત. અજીવ, અરૂપી અને રાગી છે તેવા બે નંબરના પુદ્ગલથી જગતનાં જીવો અજાણ છે.

જૈનદર્શનની શરૂઆત સર્વથાથી જ થાય છે, કથંચિત્‌થી થતી નથી. કેમકે સર્વ પ્રથમ શ્રદ્ધાનો વિષય તો નક્કી કરવો પડશે. શ્રદ્ધાનો વિષય સમ્યક્ એકાન્ત હોય કે સમ્યક્ અનેકાન્ત હોય? શ્રદ્ધાના વિષયમાં કથંચિત્ આવે? કે સર્વથા આવે? નયના વિષયને આગળ કરે તો શ્રદ્ધા બળવાન થાય? કે પ્રમાણના વિષયને આગળ કરવાથી દ્રવ્યદૃષ્ટિ પ્રગટે? બધું જ ઉપાદેય છે એમ નથી. નય અને પ્રમાણ બન્નેનો વિષય સરખો જ છે એમ નથી. તેણે ચુનાવ તો કરવો જ પડશે! સવાર્થ સિદ્ધિ ટીકામાં પૂજ્યપાદ આચાર્ય દેવ ફરમાવે છે કે-જ્ઞાન પર્યાય છે તે જ ધ્યાન છે. ધ્યાનની પર્યાય પોતાને વિસ્તૃત કરે છે... અને 'હું જ્ઞાયક છું' તેમ જ્ઞાયકમાં એકત્વ કરતી સમાઈ જાય છે. આ પ્રમાણે દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવે તેને (પરિણામી) દ્રવ્યનો નિશ્ચય કહે છે. જયસેન આચાર્ય દેવે ગાથા ૩૨૦માં કહ્યું 'સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર-શુદ્ધ-પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' અતીન્દ્રિયજ્ઞાનને ખંડ જ્ઞાન કહ્યું, કેમકે સાધકને તેમાં સર્વાંપણતા નથી. દ્રવ્યની દૃષ્ટિ થતાં જ પોતે આનંદથી છલકાય જાય છે.

પ્રમાણના પક્ષપાતીને એવો ભય લાગે છે કે-પરિણામથી સર્વથા ભિન્ન લઈશું તો મિથ્યા એકાન્ત તો નહીં થાય ને? નિશ્ચયાભાસી તો નહીં થાય ને? અરે... ભાઈ! તેમાં સમ્યક્ એકાન્ત થતાં તને સમ્યક્ અનેકાન્તનો અનુભવ થશે. જ્ઞાનનો ઉપાદેયભૂત વિષય પણ દૃષ્ટિના વિષયને ઉપાદેય બનાવવા જેટલો જ લક્ષમાં લેવા યોગ્ય છે, બાકી તેનું પ્રયોજન નથી. કેમકે પ્રમાણનું પ્રયોજન પણ નિશ્ચયને પ્રકાશિત કરવાનું હતું ને! અનંત શક્તિનો પિંડ પ્રભુ પરમાત્મ દ્રવ્ય છે. તેના અનંતગુણની પ્રતિ સમય અનંતી પર્યાયો પ્રગટે છે. એક શ્રદ્ધાની પર્યાય પર તરફ ઝૂકી તો બધી જ પર્યાયો પર તરફ ઝૂકી છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આદિ પર્યાયોએ પરનો આશ્રય કર્યો. જ્યાં ચૈતન્યબિંબ છે ત્યાં દશાને લઈ જાય તો પરિપૂર્ણ પરમાત્મા જ્ઞાનનું જ્ઞેય અને શ્રદ્ધાનું શ્રદ્ધેય થતાં સર્વગુણાંશ તે સમકિત થાય.

અહીં પ્રમાણભૂત દ્રવ્યથી બહારની તો વાતેય કરતા નથી. કેમકે તેનું અસ્તિત્વ પ્રમાણભૂત દ્રવ્યમાં જ રહેલું છે. દ્રવ્ય વિના પરિણામ નહીં, પરિણામ વિના દ્રવ્ય નહીં; તેવું પરસ્પર સાપેક્ષ જોડકું પદાર્થ છે. એક જ પદાર્થમાં પરસ્પર વિરુદ્ધ બે નયોનાં વિષય રહેલાં

છે. તેથી પદાર્થમાં જ હેય, ઉપાદેય થાય છે. દ્રવ્યના આધારે પરિણામ નથી અને પરિણામના આધારે દ્રવ્ય નથી. દ્રવ્ય.... દ્રવ્યના આધારે છે અને પરિણામ... પરિણામના આધારે છે. આ પ્રમાણે દ્રવ્યથી પરિણામ નિરપેક્ષ છે અને પરિણામથી દ્રવ્ય નિરપેક્ષ છે. બે વસ્તુ, બે ચીજ, બે સત્, બે સત્તા ભિન્ન-ભિન્ન છે. ત્રિકાળી પરમ પારિણામિક ભાવ એક જીવ, બાકી બધું અ... જીવ એટલે કે જીવ નહીં. ખરેખર પરમાર્થ જીવ છે તેને પરિણામ ન હોય. આ વાત પરમાત્મ પ્રકાશમાં કહી છે. અનંતગુણમય અભેદ એક સ્વભાવ, સમસ્ત ભેદ પરભાવ. જ્ઞાયકભાવ સ્વદ્રવ્ય, ઉપજતા-વિણસતા ભાવો પરદ્રવ્ય. હવે જો સ્વદ્રવ્ય, પરદ્રવ્ય વચ્ચે સ્યાત્ લગાવે તો પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ થાય છે. પ્રથમથી જ કથંચિત્ લગાવ્યા કરે એટલે કથંચિત્માં રમ્યા કરે તો તેને મિથ્યાત્વ દૃઢ થાય છે. કેમકે તેને પ્રમાણ એવો વ્યવહાર ઉપાદેય થઇ ગયો. તેને સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય વચ્ચે સર્વથા ભેદજ્ઞાન ન થતાં ઉપાદેય પરમાત્મામાં 'હું પણું' ન થતાં, દ્રવ્યદૃષ્ટિ ન પ્રગટતાં; તે મોક્ષમાર્ગથી વંચિત રહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે 'પ્રમાણ છે એ પોતે જ વ્યવહાર છે. દ્રવ્ય અને પર્યાય બે ભેગા થયા માટે વ્યવહાર. નિશ્ચય અને વ્યવહાર બે ભેગા થયા ને! તેથી પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનો વિષય છે, નિશ્ચયનો નહીં. તેથી કહ્યું કે પ્રમાણ પૂજ્ય નથી, નિશ્ચય છે એ પૂજ્ય છે કેમકે તેમાં એકલું દ્રવ્ય આવે છે. જ્યારે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી માટે પૂજ્ય નથી. આ પરમાર્થની અપેક્ષાએ વાત છે.' નિશ્ચયમાં વ્યવહારના નિષેધની તાકાત છે. જ્યારે પ્રમાણમાં વ્યવહારના નિષેધની તાકાત નથી.

(પરમાત્મ પ્રકાશ, તા. ૧૨-૭-૭૬ ના પ્રવચનમાંથી)

નિષ્કર્ષ એ નીકળ્યો કે જ્યાં ત્યાં કથંચિત્ ન લગાડાય. અપેક્ષા સમજીને કથંચિત્ લગાડાય. દૃષ્ટિના વિષયમાં કથંચિત્ લગાડતાં તેમાં સાપેક્ષતા આવવાથી નિરાવરણ નિરપેક્ષ તત્ત્વની વાત મોળી પડી જાય છે. દૃષ્ટિનું જોર જેટલી માત્રામાં આવવું જોઇએ તે ન આવતાં; પ્રમાણના વિષયમાં જ અટકી જાય છે. અને જે પ્રમાણમાં અટક્યો છે તેને નિયમથી ભેદમાં જ એકત્તા વર્તે છે. આપ્ત-મીમાંસાના આધારે પૂજ્ય ગુરુદેવશ્રી આ ન્યાય ઘણી વખત ફરમાવતા હતા. ન્યાયના ગ્રંથમાં 'દ્રવ્ય સત્, પરિણામ સત્ની વાત કહી છે.' દ્રવ્ય, પર્યાયથી વિરુદ્ધ ધર્મા છે અને પર્યાય, દ્રવ્યથી વિરુદ્ધ ધર્મા છે. બન્ને પરસ્પર વિરુદ્ધ સ્વભાવે છે. તેથી પરિણામી દ્રવ્યનું અહં કરવું તે અજ્ઞાનીઓનો મિથ્યા આગ્રહ છે. પરિણામને દ્રવ્યમાં ભેળવી-મેળવી અને દૃષ્ટિનો વિષય પૂર્ણ માનનાર... પરિપૂર્ણ દ્રવ્યને અપૂર્ણ માની રહ્યો છે.

પરિપૂર્ણ દ્રવ્યને અપૂર્ણ માન્યું; તેથી પરિણામને અભેદ રાખીને સમકિત પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે. હા, એટલું ખરું છે કે-પરિણામ પ્રમાણભૂત દ્રવ્યનો ભાગ-અંશ હોવા છતાં તે પોતે દ્રવ્ય નથી. દ્રવ્ય અને પરિણામ તે બન્નેની ભાવે ભિન્નતા છે તેને એક કરવાનો પ્રયત્ન જ મિથ્યાદર્શન છે. અધ્યવસાનનું મહાપાપ છે. દ્રવ્યથી પર્યાય અત્યંત ભિન્ન છે. હવે જે ભિન્ન છે તે દ્રવ્યને સ્પર્શે તો અભાવનો ભાવ થઈ જાય. ઘણી સૂક્ષ્મ વાત છે.

ધર્મી અને ધર્મ બે નામ અલગ પડ્યા છે તો તેના બે વાચ્ય પણ અલગ-અલગ હોવા જોઈએ. સામાન્ય સામાન્યથી છે, વિશેષ વિશેષથી છે. બન્ને પોત પોતાના સ્વરૂપે જ રહેલાં છે. આ રીતે બે ધર્મ સિદ્ધ થાય છે. બન્ને ધર્મ પરસ્પર અપેક્ષાથી સિદ્ધ નથી. આ રીતે પર્યાયમાં, પર્યાય વિનાનો આત્મા પ્રતીતમાં આવતાં જ નિર્મળ પર્યાયથી સહિત આત્મા જ્ઞાનમાં સ્વજ્ઞેયપણે જણાય છે. આવું એક સમયમાં થાય ત્યારે ત્યાં અનુભવ હોય છે. બે સમય લાગે તો પક્ષાતિક્રાન્ત થયો નથી. દ્રવ્યાનુયોગ ઘણું જ સૂક્ષ્મ અને ગંભીર છે. કૃપાળુદેવે એમ કહ્યું છે કે-ખરેખર તો સમ્યગ્દષ્ટિનો જ દ્રવ્યાનુયોગમાં પ્રવેશ હોય છે, તેમાં મિથ્યાદૃષ્ટિનો પ્રવેશ થયો નથી. તો પણ એટલી વાત મૂકી છે કે-સૂક્ષ્મબોધનો અભિલાષી હોય તો તે મહાવીરના ઉપદેશનો પાત્ર છે. કેમકે તે ગુરુના અંતરંગના અભિપ્રાયને સમજી લ્યે છે. જૈનદર્શન એકદમ આગમથી, યુક્તિથી, લોજિકથી, ન્યાયથી, અનુમાનથી અને અનુભવથી સિદ્ધ થાય છે.

**પ્રશ્ન : અજ્ઞાન ટળ્યું નથી, જ્ઞાની થયો નથી અને ભાવેન્દ્રિયમાં સ્વીકારું કે દ્રવ્યથી પર્યાય સર્વથા ભિન્ન છે... તો તે યથાર્થ છે?**

**ઉત્તર :** ૧૦૦ ટકા યથાર્થ છે. 'સર્વથા' ભિન્ન સમ્યક્ એકાન્તનું ઘોતક છે. આત્માનુભવ થવા પહેલાં; માનસિક જ્ઞાનમાં આવું સવિકલ્પ ભેદજ્ઞાન થાય છે. માટે તેણે વસ્તુ સ્વભાવને વ્યવહાર શ્રદ્ધામાં લેવું જોઈએ. અનંતગુણની અનંત પર્યાય પ્રગટે છે તે પર્યાય, મારા શાશ્વત ધ્રુવ પ્રભુથી ભિન્ન છે. આ રીતે દૃષ્ટિની પ્રધાનતાવાળા ભાવને પુષ્ટ કરવાથી પરિણામની કર્તાબુદ્ધિ, ભોક્તાબુદ્ધિ, જ્ઞાતાબુદ્ધિ ગળે છે. પરિણામ મારાથી સર્વથા ભિન્ન છે તો તેનો કર્તા હું કેમ હોઉં? પરિણામ કર્તાનું કર્મ નથી તો જ્ઞાતાનું જ્ઞેય ક્યાંથી હોય? કેમકે સ્વરૂપગ્રાહી જ્ઞાન અભેદગ્રાહી જ હોય છે. પછી તે ધ્યેયને વિષય બનાવે કે સ્વજ્ઞેયને વિષય બનાવે.

**પ્રશ્ન : જ્ઞાની ધર્માત્મા, દ્રવ્યથી પરિણામને સર્વથા ભિન્ન કહે તે તો બરાબર છે. કારણ કે તેમને તો કથંચિત્નું જ્ઞાન વર્તે છે. પરંતુ અજ્ઞાની પરિણામને સર્વથા ભિન્ન કહે તો તે જોખમ ન કહેવાય?**

**ઉત્તર :** જરાય જોખમ નથી. કથંચિત્માં હતો તે જોખમ હતું. સર્વથામાં આવ્યો તો શુધ્ધનયના પક્ષમાં આવ્યો... જે અનાદિ કાળથી શુધ્ધનયના પક્ષમાં આવ્યો ન હતો. તેણે પરમાગમના આધારથી અને ગુરુગમે, પોતાની શ્રધ્ધાને મજબૂત કરી છે. પોતાના આત્માને શ્રધ્ધાના પડખેથી નિહાળી રહ્યો છે. આટલો અજ્ઞાની અજ્ઞાની વચ્ચે તફાવત છે. બન્નેમાં તારતમ્યતા છે. ગુરુ પાસેથી સાંભળ્યું છે અને પોતાને બેઠું છે અને અંદરમાં પલટો થયો છે; એ જ આમ કહે, બાકી પ્રમાણના પક્ષવાળાની જીભ પણ ન ઉપડે. અનંતકાળથી નહીં બેઠેલી વાત તેની યોગ્યતા પાકતા બેસી ગઈ. તેને ખ્યાલ આવ્યો કે-દ્રવ્યને પરિણામથી અભિન્ન માનતો હતો તે જ વિપરીત દૃષ્ટિ હતી. પરિણામ સત્ છે તેથી દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. પરિણામનો કર્તા પરિણામ છે અને હું તો અકર્તા છું. પરિણામ પ્રગટ થાય છે પણ તેનો માલિક બનતો નથી. હજુ અનુભવ થયો નથી. બંધ-મોક્ષના પરિણામ મારાથી સર્વથા ભિન્ન હોવાથી.. હું તેનો કરનાર નથી.. તેવી તૈયારીવાળું માનસિક જ્ઞાન થાય છે. શુધ્ધાત્માની ભાવનાની સન્મુખ થયો છે અર્થાત્ સવિકલ્પ સ્વસંવેદનની ભૂમિકામાં આવ્યો હોવાથી... શુધ્ધાત્માને મન વડે કળી લ્યે છે.

**પ્રશ્ન : તને કથંચિત્ ભિન્ન અભિન્નનું જ્ઞાન થયું છે?**

**ઉત્તર :** એ મુદ્દાનો જવાબ આપે છે કે-થઈ જશે! સર્વથા ભિન્નના જોરમાં ને જોરમાં થઈ જશે. જેને સમકિત થવાનો સ્વકાળ પાકે તે સર્વથા ભિન્નમાં આવ્યા વિના રહેતો જ નથી. તે કથંચિત્નું પડખું છોડી દે છે. પ્રમાણમાંથી નયમાં આવી જાય છે. નયનો વિષય સમ્યક્ એકાન્ત છે... અને સમ્યક્ એકાન્તમાં આવતાં જ જ્ઞાનાનુભૂતિ થશે તેમાં નિર્મળ પરિણામથી કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન એવું સ્યાદ્વાદનું પડખું સહેજે આવી જશે. સ્યાદ્વાદ સાથે સુસંગત તેવી દૃષ્ટિ વડે આત્મા પ્રાપ્ત થાય છે. હવે તેને કથંચિત્ ભિન્નની દૃષ્ટિ નથી અને સર્વથા ભિન્નનું જ્ઞાન નથી. અર્થાત્ દૃષ્ટિમાં કથંચિત્ ન હોય, સર્વથા જ હોય. જ્ઞાનમાં સર્વથા ન હોય કથંચિત્ જ હોય. સારાંશ એ થયો કે દૃષ્ટિમાં કથંચિત્ ઝેર છે અને જ્ઞાનમાં સર્વથા ઝેર છે.

અહીં તો શ્રી ગુરુની વાત પર જેને નિશંક શ્રધ્ધા છે તેવી લાયકાતવાળો અજ્ઞાની લેવો. ગુરુએ કહ્યું કે દ્રવ્યથી, પર્યાય સર્વથા ભિન્ન છે. દ્રવ્યને પર્યાય અડતી જ નથી ને! દ્રવ્ય નિષ્ક્રિય હોવાથી પરિણામનો કર્તા તો નથી જ, પરંતુ અનુભવ પહેલાં પરિણામનો જ્ઞાતાએ નથી. તેનો ન્યાય ૧૧૪ ગાથામાં આપ્યો કે-'પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ થાય છે.' કથંચિત્ બંધ કરે તો આત્માનુભૂતિ થાય છે એમ ન કહ્યું. આ ન્યાયે પણ દ્રવ્યથી પરિણામ સર્વથા ભિન્ન છે તેમ સિધ્ધ થાય છે. શિષ્ય તૈયારીવાળો છે તેથી જાણે છે કે-અનુભવ પહેલાં કથંચિત્ ભિન્ન અભિન્ન હોઈ શકે નહીં. સર્વથા ભિન્ન લેવામાં શ્રધ્ધાનો ગુણ પ્રગટ થાય છે. આ રીતે અનુભવ પહેલાં જીવ, સર્વથા ભિન્નના પક્ષમાં આવી જાય છે. શુધ્ધનયના પક્ષમાં આવ્યો છે... પણ હજુ પક્ષાતિક્રાન્ત થયો નથી. એવા શુધ્ધયનયના પક્ષમાં આવ્યો છે કે તેને પક્ષાતિક્રાન્ત થઇ, અનુભવ થશે; અને કથંચિત્ ભિન્ન અભિન્નનું જ્ઞાન થઇ જશે. કેમકે સર્વથા ભિન્નનું ફળ જ કથંચિત્ ભિન્ન અભિન્ન છે. શ્રી નિહાલભાઈ સોગાનીજીનું જોર સર્વથા ઉપર જ હતું.

**પ્રશ્ન : સર્વથા ભિન્ન કહેનારને દૃષ્ટિનો વિષય હાથમાં આવી જશે?**

**ઉત્તર :** હા. સર્વથા ભિન્ન કહેનારને જ દૃષ્ટિનો વિષય હાથમાં આવે છે. કથંચિત્ ભિન્ન અભિન્નના પડખામાં ઉભનારને દૃષ્ટિનો વિષય હાથમાં આવતો જ નથી. સર્વથા અકર્તા માનનારને કથંચિત્ અકર્તાનું જ્ઞાન થઇ જાય છે. કેમકે સર્વથા અકર્તા માન્યા વિના, કર્તાબુધ્ધિ છૂટતી નથી.. .... અને દૃષ્ટિ અંદરમાં આવતી નથી. અકર્તાના લક્ષે દૃષ્ટિ અંદરમાં આવતાં જ, જ્ઞાન પ્રગટ થાય છે જે અકર્તા, કર્તાને જાણી લ્યે છે. અનુભવ જ્ઞાનમાં જ નિશ્ચય, વ્યવહાર સમાય છે.

**પ્રશ્ન : પરિણામથી સર્વથા ભિન્ન લેતાં દૃષ્ટિ નિર્મળ થાય તો એ પહેલાં અજ્ઞાની કથંચિત્ લ્યે તો તેનું જ્ઞાન નિર્મળ ન થાય?**

**ઉત્તર :** નિર્મળ ન થતાં; વધારે મલિન થાય. કથંચિત્ એ પ્રમાણનો અર્થાત્ વ્યવહારનો પક્ષ છે તેથી કથંચિત્ના બ્હાને તેને મિથ્યાત્વ દૃઢ થશે. જ્યારે સર્વથા ભિન્ન લેતાં મિથ્યાત્વ ગળવા મંડશે. ગળશે તો ટળશે આ એકદમ મુદ્દાની વાત છે. જો સર્વથા ભિન્ન કહેશો તો જીવ સ્વચ્છંદી થઇ જશે એમ દલિલ કરનારા પણ હોય ને? અરે! તને ખબર નથી... તેમાં તો સ્વતંત્ર થશે. નાટક સમયસારનું દૃષ્ટાંત દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં આપ્યું છે કે-પોપટ એમ માને છે કે-હું ભૂંગળીને છોડી દઈશ તો નીચે પડીને મરી જઇશ! તેથી તે

ભૂંગળીને છોડતો નથી અને દુઃખનો કોઈ પાર નથી. ભૂંગળી છોડવાથી તું મરીશ નહીં પણ ઉડી જઈશ. કેમકે ઉડવું તે તારો સ્વભાવ છે. એમ જે વ્યવહારની પકડ છે તેને છોડે તો તેને સમ્યગ્દર્શન થાય. 'પર્યાયાર્થિક ચક્ષુ બંધ કર' એનો અર્થ જ એ થયો કે તેણે વ્યવહારને સર્વથા છોડ્યો. સામાન્યને અવલોકતાં અનુભૂતિ થઈ.

**પ્રશ્ન : સર્વથા ભિન્ન કહેવાથી આત્મા કેમ જણાય? તેથી કથંચિત્ ભિન્ન યથાર્થ નથી?**

**ઉત્તર :** પહેલાં 'કથંચિત્' યથાર્થ નથી. પહેલાં સર્વથામાં આવો. પરિણામ આત્મા નથી, અનાત્મા છે. પરિણામમમાં જે આત્મબુધ્ધિ હતી તે સર્વથા ભિન્ન લેતાં છૂટી જાય છે. શ્રધ્ધા વિષય વિના તો રહેતી નથી. પહેલાં શ્રધ્ધા પરિણામમમાં અહં કરતી હતી, હવે શ્રધ્ધા એમ સ્વીકારે છે કે-પરિણામ મારાથી સર્વથા ભિન્ન છે... અને હું તો ચિદાનંદમૂર્તિ છું... ત્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય છે અને સ્વાનુભવ થઈ જાય છે. હવે જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું તે કથંચિત્ ભિન્ન અભિન્નને જેમ છે તેમ જાણશે. તેને જ્ઞાન ઉપર છોડી દે ને!

પરિણામથી સર્વથા ભિન્ન માનવા જતાં જ્ઞાનનો દ્રોહ થઈ જશે.. એમ ભયમાં ને ભયમાં રહી ગયો. અરે! શ્રધ્ધા સાચી થશે તો જ્ઞાન સાચું થશે એમ કેમ નથી લેતો!! જેમાં ત્વરાએ સાધ્યની સિધ્ધિ થાય તે જલ્દી સમજી લેવું.

એક ન્યાય બીજો એમ પણ છે કે-શ્રધ્ધા નિર્વિકલ્પ છે તેથી શ્રધ્ધા બળવાન છે. જ્યારે જ્ઞાન સવિકલ્પ છે તેથી કમજોર છે. કેમકે તેમાં કથંચિત્ આવે છે. અને કથંચિત્ કહેતાં જ તે કમજોર થઈ જાય છે. જ્યારે સર્વથા કહેતાં જ દૃષ્ટિ બળવાન થઈ જાય છે.

**પ્રશ્ન : આત્મા પરિણામથી સર્વથા ભિન્ન છે તેમ માનવામાં અમને વાંધો છે, જો તમે સર્વથા ભિન્ન કહેશો તો આનંદ નહીં આવે.**

**ઉત્તર :** જ્ઞાની કહે છે કે-હું સર્વથા ભિન્ન માનું છું ને ત્યારે જ આનંદ આવે છે. કથંચિત્ ભિન્ન કહેતાં તો કિનારે આવેલા ખજૂરના વાડિયા ડૂબી જશે. કથંચિત્ ભિન્ન વાળો જ્ઞાન સાચું કરવા જાય છે પણ જાણેલાનું શ્રધ્ધાન થતું હોવાથી તેની શ્રધ્ધા વિપરીત થઈ જાય છે... તેની ખબર પડતી નથી. કથંચિત્ અભિન્ન તો બોલે છે, ત્યારે માની રહ્યો છે પરિણામથી સર્વથા અભિન્ન. હવે તેને પરિણામમાંથી એકત્વ તોડાવવા સર્વથા ભિન્નનો જ હાઈડોઝ

આપવો પડે. ગુરુને ખ્યાલ આવી ગયો છે કે-શિષ્ય સ્યાદ્વાદના પડખે ચઢી ગયો છે. તે કથંચિત્ અભિન્નના બહાને સર્વથા અભિન્ન માનવા લાગ્યો છે.

**પ્રશ્ન : અમે સ્યાદ્વાદી છીએ તેથી કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ એવા સ્યાદ્વાદમાં જ્ઞાન તો બહોળું થયું ને?**

**ઉત્તર :** પરિણામથી સહિત આત્મા છે, તે વ્યવહારનો પક્ષ હોવાથી પરિણામની કર્તાબુદ્ધિમાં તેનું જ્ઞાન બિડાઈ જાય છે. જ્ઞાન ઉઘડ્યું જ નથી તો જ્ઞાન બહોળું થયું તે વાત ઉભી જ રહેતી નથી. સ્યાદ્વાદના લોભમાં ચઢી ગયો હોવાથી તેને વ્યવહારનો પક્ષ છે. તે સ્યાદ્વાદના રહસ્યને જાણતો નથી. જો સ્યાદ્વાદના રહસ્યને જાણે તો પામે. પ્રમત્ત અપ્રમત્તથી સર્વથા ભિન્ન, અનંતગુણમયી અભેદ આત્માને દૃષ્ટિમાં લ્યે તો અનુભવ થાય. અનુભવના સમયે જ દૃષ્ટિ અને જ્ઞાનનું જોડકું ઊભું થાય છે. એ સમ્યક્ પ્રમાણ જ્ઞાન, શુદ્ધપરિણામ આત્માથી કથંચિત્ ભિન્ન-અભિન્ન છે એમ જાણી લેશે! માટે પ્રથમમાં પ્રથમ પરિણામથી સર્વથા ભિન્ન આત્માને દૃષ્ટિમાં લેવો. સર્વથા ભિન્નનું જોર આવે તો આત્મા જણાય, જણાય ને જણાય. કથંચિત્ ભિન્નમાં આત્મા નહીં જણાય પરંતુ રાગ જણાશે.

સમયસાર ૩૨૦ ગાથા દૃષ્ટિના વિષયની ગાથા છે. પરિણામથી ભેદવિજ્ઞાન કરાવવા માટે આચાર્યદેવે ત્રણ શબ્દ મૂક્યા છે. દ્રવ્યમાં પરિણામનો અભાવ છે. દ્રવ્ય પરિણામથી રહિત છે. નિષ્ક્રિય પરમાત્મા બંધ મોક્ષના કારણથી શૂન્ય છે. પરિણામને કેમ કરતો નથી? 'તદ્રૂપો ન ભવતિ.' અજ્ઞાનીને જે સમયે પરિણામથી સહિત દેખાય છે તે જ સમયે અંતરદૃષ્ટિવાળાને પરિણામથી રહિત દેખાય છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.' પરિણામથી સહિત આત્માને ઉપાદેય માનનારની વાણી વીતરાગની નથી; એ તો કાગવાણી છે. પરિણામથી સહિત માને તો પણ નિષ્ક્રિય કારણ જીવ, એક સમય પણ સક્રિય પરિણામથી સહિત થાય નહીં... તેથી તેનું અધ્યવસાન અવસ્તુરૂપ છે. કેમકે મિથ્યાદૃષ્ટિનો કોઈ વિષય જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ દૃષ્ટિની પ્રધાનતાથી જ પ્રતિપાદન કરેલ છે. તેમની વાણીમાં દ્રવ્યદૃષ્ટિની તીખાશ હતી. દ્રવ્ય, પર્યાયની સર્વથા જુદાઈની રમઝટ વરસતી. દૃષ્ટિની જમાવટની વાત અનેકો વખત જામતી... પણ વ્યવહારનો પ્રબળ પક્ષ હોવાથી તે અપૂર્વ વાત લક્ષમાં આવતી નથી. **સમયસાર ગાથા ૧૩ ના ભાવાર્થના પ્રવચનમાં કહે છે- પર્યાય દ્રવ્યમાં ગઈ નથી. પર્યાય અખંડ તત્ત્વ નથી. પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી અને પર્યાયમાં દ્રવ્ય છે નહીં એટલે કે પર્યાયમાં દ્રવ્ય રહેતું નથી.**

દ્રવ્યમાં પર્યાયનો અભાવ છે એમ સંતો ફરમાવતા હોય ત્યારે સમજી જવું જોઈએ કે- અહીંયા કેવળ પરમ પારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મ દ્રવ્ય જ બતાવવું છે. જ્યારે એમ કહે કે-દ્રવ્યથી પરિણામ ભિન્ન છે... ત્યાં દ્રવ્ય, પર્યાય વચ્ચે ભેદવિજ્ઞાન કરાવું છે. છે પરિણામ સર્વથા ભિન્ન અને તું માની બેઠો છો સર્વથા અભિન્ન, તેથી તારી દૃષ્ટિમાં દ્રવ્ય ખરેખર તિરોભૂત જ રહે છે. અહીં કથંચિત્નો સોલો ઉઠશે તો આ ભાવ નહીં સમજાય. 'સર્વથા ભિન્નના' જોરે 'સર્વથા અભિન્ન'નું મિથ્યાત્વ ગળવા મંડે છે તે જ સાચો ઉપાય છે. સાચા વિચારમાં મિથ્યાત્વ ગળે છે અને અનુભવ થતાં મિથ્યાત્વ ટળે છે. 'સર્વથા'નો પાઠ ચાલતો હોય ત્યારે કથંચિત્નો સોલો ઉઠાવીશ તો 'સર્વથા'નો પાઠ પાકો તો નહીં થાય પરંતુ કાચો પણ નહીં થાય. એકવાર 'સર્વથા ભિન્ન' માં આવીને મજા તો જો! તને એમ લાગશે કે **હું ત્રણ લોકની ઉપર તરવાવાળો સર્વોત્કૃષ્ટ પદાર્થ છું.** સ્વયં તરતો પદાર્થ છે તેને તરવાનું નથી. 'સર્વથા ભિન્ન' વિના તે ગમે તેટલા પ્રયત્ન કરે, શ્રદ્ધા સમ્યક્ થશે નહીં.

સામાન્યમાં વિશેષનો સર્વથા અભાવ કહો ત્યારે જ સામાન્ય એક ભાવની સિદ્ધિ થાય છે. દ્રવ્ય સત્ અને પરિણામ સત્ એ બન્નેને પરસ્પર નિરપેક્ષ લેવાથી જ બન્નેની જુદાઈ ભાસે છે... અને ત્યારે જ શ્રદ્ધાને તેનો વિષય ચોખ્ખો મળતાં... શ્રદ્ધામાં બળ આવે છે. પરિણામની કર્તાબુદ્ધિ જતાં જ શ્રદ્ધા કરવટ બદલે છે. દૃષ્ટિની કિંમત કેટલી છે તે અનુભવી પુરુષ જ જાણે છે, બીન અનુભવી કંઈ જ જાણતો નથી.

શ્રદ્ધાનો ગુણ પ્રગટાવવા સ્યાત્ નું શરણ ન લેશો. 'સર્વથા ભિન્ન' તે મિથ્યાત્વના દોષને કાઢનાર છે. તેથી સર્વથા ભિન્નનો પાઠ પ્રયોગ છે અને તેમાં શ્રદ્ધા સવળી થાય છે. દૃષ્ટિ સમ્યક્ થતાં જ સાથે જ્ઞાન પ્રગટ થાય છે તે કથંચિત્ ભિન્ન-અભિન્નને વિના પુરુષાર્થે જાણી લ્યે છે. અજ્ઞાની વ્યવહારના નામે પરિણામથી સહિત છું તેમ પુષ્ટ કર્યા કરે છે. કથંચિત્ના નામે તેને એકતા ભાસે છે. પરિણામથી સહિત કહ્યું છે ત્યાં હેતુ પરથી જુદું બતાવવાનો છે. હેતુની મર્યાદા સમજ! જો તું પરિણામથી સહિત જોઈશ તો તારું અજ્ઞાન દઢ થશે. પ્રથમ સહિતનો વ્યવહાર નથી. પરિણામથી રહિતમાં આવ્યા વિના સહિતનો વ્યવહાર ન હોય.

સ્યાદ્વાદના પક્ષપાતીનો એવો તર્ક છે કે- 'ઉભા રહો સાહેબ!' જૈનદર્શનમાં સર્વથા ન હોય! માટે કથંચિત્ રાખો! કથંચિત્ લગાડશો તો અનેકાન્ત અને સ્યાદ્વાદ રહેશે.

અમારો સ્યાદ્વાદ ઝિંદાબાદ છે. અનેકાન્ત તે તો જૈનદર્શનનો ટ્રેડમાર્ક છે... તેથી તેનો નિષેધ ન હોય.

સર્વ પ્રથમ તું એ બતાવ કે તારી પાસે સ્યાદ્વાદ આવ્યો ક્યાંથી? કેમકે સ્યાદ્વાદ એ તો સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. વળી અનેકાન્ત પણ સમ્યક્ એકાન્તનો નાશ કરીને પ્રગટતું નથી. જેમાં સ્યાદ્વાદ નથી તેમાં તું સ્યાદ્વાદ લગાવવા મંડ્યો... તેથી તારી માન્યતા વિપરીત છે.

જેમકે અગ્નિ પોતે સ્વભાવથી સર્વથા ઉષ્ણ છે. હવે તેમાં કથંચિત્ લગાવવું યોગ્ય છે? અગ્નિ કથંચિત્ ઉષ્ણ અને કથંચિત્ શીતળ. તેમ રાખો તો શું થાય! જે ધર્મ વસ્તુમાં નથી.. તે ધર્મને વસ્તુમાં સ્થાપવો એ વિપર્યાસ છે.

સિધ્ધ ભગવાન સર્વથા આનંદના ભોક્તા છે. હવે પરિણામ ધર્મમાં કથંચિત્ લગાડો? તારો પ્રશ્ન છે ને કે જૈન દર્શનમાં સર્વથા ન હોય? હું પૂછું છું કે સિધ્ધ ભગવાન કથંચિત્ આનંદના ભોક્તા તેવું કથંચિત્પણું લાગે ખરું? તારે અનેકાન્ત જોઈતું હોય તો એમ લે, સિધ્ધ ભગવાન આનંદના સર્વથા ભોક્તા છે અને દુઃખના ભોક્તા નથી.

શુધ્ધનયાવલંબી કહે છે → 'હું પરમાત્મા છું.' તો વ્યવહારાલંબી કહે છે → કથંચિત્ પરમાત્મા કહો!? નહીંતર એકાન્ત થઈ જશે! પિતા સર્વથા હોય કે કથંચિત્? જો પિતામાં કથંચિત્ લાગે તો પરમાત્મામાં કથંચિત્ લાગે લે! જેને કથંચિત્ પરમાત્મા દેખાય છે તેને રાગના દર્શન થશે પરંતુ પરમાત્માના દર્શન નહીં થાય.

**પ્રશ્ન : તો તો કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધનું ખંડન થઈ જશે!**

**ઉત્તર :** તેનું યથાર્થ મંડન થઈ જશે. કેમકે આત્મા કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધ નથી, તે તો સર્વથા શુધ્ધ જ છે. આસ્રવને આત્મા સાથે ભેળવીને આગમ પ્રમાણથી કહ્યું કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધ પણ તે વ્યવહારનું કથન છે. નિશ્ચયની દૃષ્ટિથી જુઓ તો.. આત્મા સર્વથા શુધ્ધ છે. આત્મા મિથ્યાદૃષ્ટિ થયો જ નથી. તું આ વાત લાવ્યો ક્યાંથી!? આત્મા તો સચ્ચિદાનંદ મહાપ્રભુ છે. અનાદિ-અનંત શુધ્ધ છે.

**પ્રશ્ન :** તો તો વ્યવહારનો લોપ થઈ જશે?

**ઉત્તર :** અરે, તને ખબર નથી તેમાં નિશ્ચય પ્રગટ થઈ જશે.

જો ખરેખર આત્મા અશુધ્ધ થઈ ગયો હોય તો ભેદજ્ઞાનનો ઉપદેશ નિરર્થક જાય. અને વર્તમાન પરિણામમાં અશુધ્ધતા ન હોત તો પછી ભેદજ્ઞાનના ઉપદેશની જરૂરત રહેતી નથી. કોઈને પરિણામમાં મલિનતા વર્તે છે; અને માને કે મને સમ્યગ્દર્શન થઈ ગયું, તો તેને પણ ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી.

શ્રી સમયસાર ગાથા ૭૨ ની ટીકામાં આચાર્યદેવ લખે છે કે- **'ભગવાન આત્મા સદાય અતિ નિર્મળ અત્યંત શુચિ પવિત્ર છે.'** આત્માને નિર્મળ ન કહેતાં 'અતિ નિર્મળ' કહ્યું. તેમ શુચિ ન કહેતાં આગળ 'અત્યંત' શબ્દ ઉમેર્યો. સદાય, અતિ, અત્યંત વગેરે વિશેષણ સર્વથાના સૂચકમાં છે, તેમજ કથંચિત્ના વ્યવહારનો પરિહાર કરનાર છે. આશ્રય યોગ્ય ભગવાન આત્મા કથંચિત્ પવિત્ર હોય કે સર્વથા પવિત્ર હોય? જે સ્વભાવથી જ અનાદિ-અનંત પવિત્ર છે તેને કથંચિત્ શુચિ કેમ કહેવાય? કથંચિત્ પવિત્ર કહીને પરમાત્માને ગાળ દે મા! 'અત્યંત' શબ્દમાં તો ઘણો માલ ભર્યો છે. કથંચિત્નો વ્યવહાર ઉપાદેયભૂત દ્રવ્યમાં લાગતો જ નથી, માટે આચાર્યદેવે 'અત્યંત' વિશેષણ લગાડ્યું. આ 'અત્યંત' વિશેષણ તો દૃષ્ટિને નિઃશંકપણે દ્રવ્ય સુધી દોરી જનાર છે.

કૃતકૃત્ય ચૈતન્ય બિંબ પરમાત્મા જે સ્વભાવથી સર્વથા શુધ્ધ છે તેને કથંચિત્ શુધ્ધ કેમ કહેવાય? કથંચિત્ શુધ્ધતા તે મોક્ષમાર્ગનો ધર્મ છે અને કથંચિત્ અશુધ્ધતા તે આસ્રવનો ધર્મ છે. એટલે કે અનાત્માનો ધર્મ છે. જે સ્વભાવથી સર્વથા શુધ્ધ છે તેવા પૂર્ણાનંદના નાથને કથંચિત્ શુધ્ધ માની અને આત્માનુભવનો પ્રયત્ન કરે... તેને ધર્મ પ્રગટ થશે કે અધર્મ? આવા સ્યાદ્વાદનું ફળ તો મિથ્યાત્વ આવ્યું. ભગવાન આત્મા સર્વથા પવિત્ર છે તેમાં આસ્રવ સાથેનો સંબંધ છૂટી ગયો. આસ્રવ સાથેની જે અજ્ઞાન જન્ય કર્તાકર્મની પ્રવૃત્તિ હતી તેનાથી ભેદજ્ઞાન થતાં જ સમ્યક્ પ્રકારે કર્તાકર્મની પ્રવૃત્તિ શરૂ થઈ. આમાં એકાન્ત ક્યાં થયું? માટે કહ્યું છે કે-એકલી વિધિથી કામ પૂરું ન થાય પણ વ્યવહારના નિષેધથી પૂર્ણ થાય. આત્મા સર્વથા શુધ્ધ છે તે નિશ્ચય હોવાથી ભૂતાર્થ છે. જ્યારે કથંચિત્ શુધ્ધ તે વ્યવહાર હોવાથી અભૂતાર્થ છે. સર્વથા શુધ્ધના આશ્રયે જીવ સુદૃષ્ટિ નિશ્ચય થાય છે. તેથી સર્વથા ગ્રહણનું ફળ મોક્ષ જાણીને નિશ્ચયનયનો ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.

જૈનદર્શનનો પ્રાણ એવી સમયસાર ૧૧ ગાથામાં કહ્યું કે- **"शुद्धनय एक एव"** શુધ્ધનય એક જ ભૂતાર્થ છે. આમ કહીને સમ્યક્ એકાન્ત કર્યું. 'વ્યવહાર સઘળોય અભૂતાર્થ' નો અર્થ અમૃતચંદ્રદેવે એમ કર્યો કે-દ્રવ્યમાં પર્યાય નથી માટે પર્યાય અભૂતાર્થ છે. પર્યાય પર્યાયમાં

હો તો હો! જયસેન આચાર્યદેવે અસત્યાર્થનો અર્થ કર્યો કે-પરિણામમાં ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ આવતો નથી માટે પર્યાય અસત્યાર્થ છે. કોઈ વિરલ જીવ જ વ્યવહારના વચનોને ઓળંગી અને શુદ્ધનયના વિષય સુધી પહોંચે છે.

પંચાધ્યાયીકર્તાએ એ પ્રશ્ન ઉઠાવ્યો છે-તમે બધો જ વ્યવહાર અભૂતાર્થ કહો છો તો... ભૂતાર્થ કોને કહો છો? પરમ જ્ઞાયકતત્ત્વનું અવલંબન લેતાં; ગુણ પરિણામથી અન્વય એવા અદ્વૈતનો અનુભવ થાય છે, પરિણામી, પરિણામનો ભેદ છૂટીને અભેદનો અનુભવ થાય છે ત્યાં અભૂતાર્થ કોને કહેવું!

જયસેન આચાર્ય ભગવાને સમયસારમાં ખુલાસો કર્યો કે-આત્મા સ્યાત્ અકર્તા નથી; પરંતુ 'અકર્તા એવ' છે. સ્યાત્ અશુદ્ધની તો વાતેય નથી. નિશ્ચયની વાતમાં, દૃષ્ટિપ્રધાન કથનમાં 'જ' નો 'સર્વથા' નો પ્રયોગ થાય છે. આ 'જ' છે તે અસ્તિ નાસ્તિ અનેકાન્તરૂપ છે. તેથી તે દ્રવ્ય સ્વભાવનો ઉદ્ઘોષક છે. દૃષ્ટિપ્રધાન 'જ' અને જ્ઞાનપ્રધાન 'જ'; તેમાં એક દ્રવ્યનો નિશ્ચય અને એક પરિણામનો નિશ્ચય; બન્નેની મૈત્રી થતાં સ્વાનુભવ પ્રગટે છે.

જ્યારે પ્રમાણજ્ઞાનના વિષયમાં ભેદજ્ઞાન કરાવવું હોય ત્યારે 'જ' લગાવે તો નિશ્ચયનો જન્મ થાય છે. સમ્યક્ અનેકાન્ત પણ સમ્યક્ એકાન્તની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાન્તનો નાશ કરીને અનેકાન્તિક જ્ઞાન પ્રગટ ન થાય. તું ચિંતા કરીશમાં કે-હાય! હાય! એકાન્ત થઈ જશે તો!! આ એકાન્તની વાત છે એવું અજ્ઞાનીનું સાંભળીશ માં!! કૃપાળુદેવે કહ્યું છે કે 'અનેકાન્તિક જ્ઞાન પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.'

શ્રી નિયમસાર ગાથા ૧૯ ની ટીકામાં ભાવિ તીર્થાધિનાથે...! એક જ વાક્યમાં નિશ્ચય બોધક બે વિશેષણ લગાવ્યા. **'દ્રવ્યાર્થિકનયથી જોતાં સમસ્ત જીવરાશિ પરિણામથી 'સર્વથા' વ્યતિરિક્ત 'જ' છે.'** આમાં 'સર્વથા વ્યતિરિક્ત' અને 'જ' એમ બે શબ્દો લગાવ્યા. સર્વથા વ્યતિરિક્ત કહેવામાં શું કોઈ દોષ આવતો હોત તો સમ્યક્ એકાન્ત સૂચક વિશેષણનો પ્રયોગ કરત ખરા? 'સર્વથા' શબ્દ તો સ્વભાવને પ્રસિદ્ધ કરનાર છે. આ 'જ' છે તે જિનશાસનનો ઉત્પાક છે અને વ્યવહારનો પ્રતિષેધક છે. જૈનદર્શનમાં આવીને પણ 'સર્વથા' સુધી ન પહોંચ્યો. દૃષ્ટિપ્રધાન વાત તીખી અને ઉગ્ર હોય છે. જ્યારે જ્ઞાનપ્રધાન વાત મતાર્થના ખંડન માટે અને કોઈને એકાન્તનો દોષ લાગતો હોય તો તેના માટેની દવા છે.

ભૂતાર્થ દ્રવ્ય સ્વભાવના લક્ષે આનંદાનુભૂતિ થાય છે. ચૈતન્ય ધ્રુવ સત્તામાં હું પણું થતાં જ નિર્વિકલ્પ ધ્યાન પ્રગટે છે. તેમાં જ નિર્વિકલ્પ નિશ્ચયનય અને નિર્વિકલ્પ પ્રમાણનો જન્મ થાય છે. તેનો અર્થ એ થયો કે જે સમયે સમ્યક્ એકાન્તમાં આવે તે જ સમયે સમ્યગ્જ્ઞાનમાં સ્યાદ્વાદ પ્રગટ્યો. આવું સમ્યગ્જ્ઞાન કોને હોય છે? જેને સમ્યગ્દર્શન હોય તેને. સમ્યગ્દર્શન કોને હોય? ભૂતાર્થનો આશ્રય હોય તેને. માટે અનુભવ પહેલાંનું સવિકલ્પ પ્રમાણ, સવિકલ્પ અનેકાન્ત, સવિકલ્પ સ્યાદ્વાદ અને સવિકલ્પ નિશ્ચયનય, તે સઘળાય વ્યવહારનો નિષેધ થતાં જ જ્ઞાન સવિકલ્પ સ્વસંવેદનમાં આવે છે અનુભવ પૂર્વે તે જ્ઞાન મધ્યસ્થ થઈ જાય છે. દ્રવ્ય પ્રત્યેનો રાગ, પર્યાય પ્રત્યેનો દ્વેષ નથી; છતાં તે વિકલ્પાત્મક હોવાથી નયમાં જાય છે. ત્યાં અભેદ પ્રમાણ નથી; કેમકે આનંદ આવ્યો નથી. પક્ષાતિક્રાન્ત જ્ઞાનમાં સ્યાદ્વાદ પ્રગટે છે....... જેનું લક્ષણ સ્યાત્ છે.

**સ્યાત્ ક્યાં લાગે?** પ્રમાણજ્ઞાન સિધ્ધ કરવું હોય ત્યારે સ્યાત્ લાગે. નય જ્ઞાન સિધ્ધ કરવું હોય ત્યારે 'જ' કે 'એવ' શબ્દ લાગે. આત્મા નિત્ય છે અને અનિત્ય નથી → તે નય વાક્ય છે. જ્યારે પ્રમાણજ્ઞાનનું કથન એમ આવે કે → આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. આ પ્રમાણભૂત દ્રવ્યમાં જ વિધિ-નિષેધ રહેલો છે. દ્રવ્ય સામાન્યને ઉપાદેય કરી અને વ્યવહારનો નિષેધ કરે ત્યારે પ્રયોજન સિધ્ધ થાય. પ્રયોજનપૂર્વક જ પદાર્થની સિધ્ધિ થાય. આ સમ્યગ્જ્ઞાન સ્યાત્ ને ઉડાડતું નથી. જો સ્યાત્ ને ઉડાડે તો તે મિથ્યાજ્ઞાન થઈ ગયું. સ્યાદ્વાદમાં સર્વથાનો અભાવ છે. કેમકે પરસ્પર વિરોધી અનંતાધર્મો-કથંચિત્ એક, કથંચિત્ અનેક તેને એક સમયમાં અક્રમે જાણનાર છે. ઉભયનય વિરોધને ટાળનાર છે. કેમકે અનંતધર્મો સાપેક્ષ છે માટે સ્યાત્ લાગે. ધર્મને પરિણામ ન હોય, ગુણને પરિણામ હોય તેથી ગુણ નિરપેક્ષ છે અને ધર્મ સાપેક્ષ છે માટે તેમાં સ્યાત્ અવશ્ય લાગે છે. જ્ઞાનમાં સ્યાત્ ન લગાવે તો જૈનદર્શન રહેતું નથી... તો તે મિથ્યાદૃષ્ટિ અજૈની છે.

હવે અનુભવ પહેલાં શ્રધ્ધામાં કે જ્ઞાનના વિષયમાં સ્યાત્ લગાવે તો જ્ઞાન ઘૂમરી ખાય છે. શ્રધ્ધા તેમજ જ્ઞાન પર્યાય તેના અહંના વિષયમાં સ્યાત્ ને સ્વીકારતી જ નથી. શ્રધ્ધાનો વિષય ત્રિકાળી ગુણમયી છે માટે તે નિરપેક્ષ હોવાથી તેમાં સ્યાત્ ન લાગે. અજ્ઞાની સમજ્યા વિના ગમે ત્યાં સ્યાત્ લગાવી અને સ્વભાવને તિરોભૂત કરે છે. બે દીકરા હોય તો સ્યાત્ લાગે કે-આ નાનો અને આ મોટો. પણ દીકરો જ એક છે તો તેમાં સ્યાત્ કેવી રીતે લાગે? તેમ શુધ્ધનય એક જ છે... તો તેમાં સ્યાત્ ક્યાંથી લાગે? જ્ઞાનનું આવું સ્વરૂપ સમજવા માટે પણ તેની તૈયારી જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રીની કરુણા તો જુઓ! કઈ વિવક્ષા ક્યાં લાગે તે સમજાવે છે.** નાટક સમયસાર, પ્રવચન નં. ૧૩૧ માં ફરમાવે છે કે જ્ઞાન કથંચિત્ જ્ઞાનરૂપ રહે છે અને કથંચિત્ જ્ઞેયરૂપ થાય તેમ ત્રણકાળમાં કદી ન બને. જ્ઞાન તો ત્રિકાળ પોતાના જ્ઞાન સ્વરૂપે જ રહે છે. **"सो तो और रूप न होई सर्वथा"**... ભાષા જોઈ? 'સર્વથા' શબ્દ જૈનમાં ન હોય ને? જૈનમાં જ હોય. દ્રવ્ય સર્વથા દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયરૂપે સર્વથા અનિત્ય છે. અહીં કથંચિત્ લાગુ પડે નહીં. જ્યાં (પ્રમાણનો વિષય કહેવો હોય) દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુમાં ભેદ પાડ્યા વિના કહો ત્યાં કથંચિત્ લાગુ પડે. જ્યારે ભેદ પાડીને કહો ત્યાં સર્વથા લાગુ પડે. દ્રવ્યાનુયોગ સૂક્ષ્મ છે ભાઈ!!

અમારા ઉપર મુમુક્ષુ સમાજનો આરોપ હતો કે લાલચંદભાઈ દ્રવ્ય, પર્યાયના કટકા કરવાનું કહે છે? શું દ્રવ્ય પર્યાય વચ્ચે કટકા થાય? હા, ભાઈ! થાય. તું નય વિભાગની યુક્તિને જાણતો નથી. દ્રવ્ય પર્યાય વચ્ચે કટકા એટલે હેય ઉપાદેય થાય. પદાર્થમાં વિધિ-નિષેધ થતાં દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવે છે. તું કંઈ જાણતો નથી અને અનુભવીની વાત માનતો નથી. પ્રમાણમાં કથંચિત્ લાગે અને નયમાં સર્વથા લાગે. પ્રમાણ પરથી જુદાઈ બતાવે અને નય પરિણામથી જુદાઈ બતાવે. તું પૂજ્ય ગુરુદેવશ્રીની શ્રદ્ધાએ તો તારી શ્રદ્ધા બનાવ! તારા મિથ્યા આગ્રહને અત્યારે ડિપોઝીટ મૂકી દે!! ગુરુદેવની વાત સાચી લાગે ત્યારે તું તારા મિથ્યા દુરાગ્રહને ફેંકી દેજે!

બીજી એક વાત સાંભળ! અમે માત્ર કટકા કરવાનું જ નથી કહેતા! સિલાઈ પણ કરીએ છીએ. તને સિલાઈ થઈ એ કેમ ન દેખાયું!! જ્ઞાનનો દ્રોહ ન થાય તેમ શ્રદ્ધા તેના વિષયને શ્રદ્ધી લ્યે છે... તે સમયે જ્ઞાનમાં નિર્મળ પરિણામ તે આત્મા તેવી સાંધ થાય છે; પણ ત્યાં સાંધ દેખાતી નથી. કેમકે ત્યાં વિકલ્પ ક્યાં છે કે સાંધ દેખાય!

સ્વાત્માનુભવ મનન'માં આવે છે કે- **ગ્રંથ ભણવાથી ગ્રંથનો ભેદ (રહસ્ય) પામી શકાતું નથી. તેની ચાવી ગુરુના હાથમાં હોવાથી... અનુભવી ગુરુ પાસેથી જ મળે. "ગ્રંથ શાસ્ત્ર સૂત્ર બના ગયે. સો તે હસ્તિ કા બાહિર દાંતવત્ સમજના, અસલ આશય ઉનકો અબ ગુરુ બિના નહીં હોવે."** જૈનદર્શનની શરૂઆત સર્વથાથી થાય છે અને તેનું પૂર્ણવિરામ કથંચિત્ ભિન્ન-અભિન્ન ફળ આવે ત્યારે થાય છે. જે અભેદ જ્ઞેય થાય છે તે ન જણાય તો સર્વથા ભિન્ન તે ખોટું છે. જેને અનુભવ થાય તેને કથંચિત્ ભિન્ન-અભિન્ન લાગુ પડે છે. પરિણામથી સર્વથા ભિન્ન તો કાયમ રહેશે અને નિર્મળ પરિણામથી કથંચિત્ ભિન્ન-

અભિન્નનું જ્ઞાન થશે. અનુભવ પ્રગટ કરવા માટે સર્વથા ભિન્ન લાગુ પડશે. કથંચિત્નો ધર્મ શ્રધ્ધામાં નથી તો શ્રધ્ધાના વિષયમાં તો ક્યાંથી હોય? ... માટે શ્રધ્ધામાં કથંચિત્ લગાડતાં મચક આવે છે. તેથી જેમાં સાધ્યની સિધ્ધિ થાય તેને અગ્રતા આપવી.

શાસ્ત્રપાઠી, વિદ્વાનોનો એવો તર્ક છે કે-ન્યાયના ગ્રંથોમાં ક્યાંય પણ અમોને વાંચવામાં નથી આવ્યું કે-આત્મા, પરિણામમાત્રથી સર્વથા ભિન્ન છે. માટે સર્વથા માનવામાં એકાન્તનો દોષ લાગે છે તેથી અમે પરિણામથી કથંચિત્ ભિન્ન-અભિન્ન માનીએ છીએ. જો તમે રાગથી સર્વથા ભિન્ન કહો તો તો બરાબર છે... પણ નિર્મળ પરિણામથી સર્વથા ભિન્ન કહો છો તે ન્યાય સંગત નથી. જિનાગમમાં કોહીનૂરના હીરા ભર્યા પડ્યા છે.. પણ ત્યાં એની દૃષ્ટિ પહોંચતી નથી. કૃપાળુદેવે એ વાત મૂકી કે 'શાસ્ત્રમાં માર્ગ બતાવ્યો છે, પણ તેનો મર્મ તો જ્ઞાનીઓના હૃદયમાં રહેલો છે.' મર્મને સમજ્યા વિના માર્ગનું સ્વરૂપ ખ્યાલમાં આવતું જ નથી. પરિણામથી સર્વથા ભિન્ન માનતાં નિશ્ચયાભાસી ન થાય તેનો એક ઊંચો આધાર છે.

શ્રી દેવસેન આચાર્ય નયચક્રમાં ફરમાવે છે કે **"નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે અને જે અર્થનો નિશ્ચય કરાવે છે તે નિશ્ચયનય છે. તે (ઉપનય) સ્યાત્પદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસ થતું નથી."** આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે અને આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ છે, સમય એક. આ એક સમયમાં છે તેની કિંમત છે. આ વાત પહેલ વહેલી જામનગરમાં કરેલ. ઘણાં અભ્યાસી જીવો બેઠાં હતાં... કોઈએ ઉહાપોહ ન કર્યો. ક્યાંથી કરે! આત્મામાં સ્યાદ્વાદ નથી તેમ લેતાં તો શ્રધ્ધા સવળી થાય છે. મિથ્યાત્વનો દોષ નીકળે છે. નિશ્ચયનય કહે છે હું સર્વથા શુધ્ધ છું. સર્વથા મુક્ત છું. સર્વથા પરિપૂર્ણ છું. માટે સ્યાદ્વાદ કહે છે તેવું ઉપાદેય તત્ત્વનું સ્વરૂપ જ નથી. તેથી સ્યાત્પદના અભાવમાં નિશ્ચયાભાસપણું આવતું જ નથી. વળી સ્યાદ્વાદ પોતે વ્યવહાર છે, અને આશ્રય માટે તે વ્યવહાર અભૂતાર્થ હોવાથી આત્માની અનુભૂતિ થઈ શકે છે. શુધ્ધનય, ઉપનયથી રહિત હોવાથી નિશ્ચયાભાસનો દોષ લાગતો નથી. આ તો અનુભવ થવાની વાત છે તેમાં નિશ્ચયાભાસી ક્યાંથી થાય! જો દોષ આવતો હોય તો ભાવલિંગી સંત લખે ખરા?

પરિણામ માત્રથી સર્વથા ભિન્ન એ શબ્દ તો જડીબુટ્ટી છે. તેમાં દ્રવ્ય, પર્યાયની જુદાઈ દૃષ્ટિમાં આવતી હોવાથી; પરિણામની કર્તાબુધ્ધિ, ભોક્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિ છૂટે છે.

પરિણામમાંથી એકતાબુધ્ધિ છૂટવાનો ઉપાય ભેદવિજ્ઞાન જ છે. દૃષ્ટિપ્રધાન દૃષ્ટિ સર્વથામાં જ અહં કરતી પરિણમે છે; ત્યારે જ્ઞાનમાં કથંચિત્ ભિન્ન-અભિન્ન આવે છે તો સર્વથા સાચું છે, નહીંતર સર્વથા ખોટું છે. એક કહે અન્ય છે, તે સમયે બીજું કહે અનન્ય છે, બન્ને સાચા છે. કેમકે તેવું સ્વરૂપ છે. દૃષ્ટિ સિધ્ધ કરવી હોય ત્યારે અન્ય જ છે. અનુભવ સિધ્ધ કરવો હોય ત્યારે અનન્ય છે. જ્ઞાનપર્યાય અનન્ય થઈને જાણે છે ત્યારે શ્રધ્ધા અન્યને જ સ્વીકારતી કથંચિત્ અનન્યપણે પરિણમે છે. આ પ્રમાણે દૃષ્ટિ, જ્ઞાનની સંધિ છે.

કોઈ જીવ એમ કહે કે-પરિણામથી સર્વથા ભિન્ન લેતાં તો નિશ્ચયાભાસ થાય છે, સાંખ્ય, વેદાંત થાય છે. સંતો તેને જવાબ આપે છે કે-તું વસ્તુના સ્વભાવને યથાર્થપણે સમજતો જ નથી, અથવા તો સમજવા માગતો નથી. હા, અજ્ઞાન અવસ્થામાં... કેવળજ્ઞાન, સિધ્ધદશા પોતાને પ્રગટી છે તેમ માનવા લાગે તો નિશ્ચયાભાસ છે. પરંતુ શ્રધ્ધા, જ્ઞાનમાં દ્રવ્ય સ્વભાવ જેવો છે તેવો સ્થાપે તેમા કદાપિ નિશ્ચયાભાસી થતો જ નથી... પરંતુ નિશ્ચયનો અભ્યાસી થાય છે. કથંચિત્ અભિન્નના નામે સર્વથા અભિન્ન માની રહ્યો છે માટે સમકિત થતું નથી. સમકિત વિના તું અન્યમતિ રહી ગયો તે કેમ ખ્યાલમાં આવતું નથી!!

સાંખ્યમતિ તો અનિત્યધર્મને જ માનતો નથી. તે તો એકાન્ત નિત્ય-કૂટસ્થને જ માને છે. બૌધ્ધમતિ માત્ર અનિત્ય ધર્મને જ સ્વીકારે છે. તે નિત્ય.. ટકતી વસ્તુને માનતો નથી. તેથી એકાન્તે દ્રવ્યના પક્ષવાળો વેદાંતી સાંખ્ય છે અને એકાન્તે પરિણામના પક્ષવાળો બૌધ્ધ છે. જ્યારે આત્માર્થી જીવ અનુભવ પહેલાં મધ્યસ્થ થયેલો છે. તે જાણે છે કે નિત્યનો નિર્ણય કરનાર અનિત્ય છે. અનિત્ય પરિણામ... અનિત્ય સ્વભાવે રહેતાં; નિત્ય દ્રવ્યમાં હું પણું કરતાં વ્યય થાય છે. નિત્ય વસ્તુ સત્ છે અનિત્ય વસ્તુ પણ સત્ છે. આ પ્રમાણે રહિતપૂર્વક સહિત થાય તે સાચો જૈની છે. જૈનદર્શન એવું અદ્‌ભુત અને અપૂર્વ કે તે સાંખ્ય કે વેદાંતી ન થતાં; આત્માનુભવી થાય છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં દૃષ્ટાંત આપ્યું છે કે 'ગધેડો સાકર ખાવાથી મૃત્યુ પામે છે તેથી શું મનુષ્યોએ ન ખાવી?' તેમ ઉપાદેયભૂત શુધ્ધાત્મા પરિણામથી સર્વથા ભિન્ન હોવા છતાં તું કથંચિત્ ભિન્ન માનીશ ને તો પણ મરીશ. કેમકે તું પ્રમાણના વિષયમાં અટકી ગયો, અને જાણેલાનું શ્રધ્ધાન્ થતાં તેના ફળમાં તો મિથ્યાત્વ જ રહ્યું. આ તો પ્રમાણનો પક્ષ છૂટી અને નિશ્ચયના પક્ષમાં આવી; નિશ્ચયના પક્ષથી અતિક્રાન્ત થાય તેવું પરમામૃત છે. એટલી વાત સાચી કે-પરિણામથી સર્વથા ભિન્નનો પહેલો પાઠ પાકો કર્યો અને જ્ઞાનના પડખાંની એટલે કે પરિણામથી સહિતની વાતનો નિષેધ કરે.

જ્ઞેયના પડખામાંથી પણ પરિણામને ઉડાડે તો જ્ઞાનનો દ્રોહ થાય છે. જેનું જ્ઞાન ખોટું તેની દૃષ્ટિ પણ ખોટી જ છે.

અનુભવના કાળે શ્રદ્ધા અને જ્ઞાન હાથ મિલાવે છે. ધ્યેય + જ્ઞેયની મૈત્રી થાય છે. શ્રદ્ધા કહે છે-'હું મોક્ષની પર્યાયથી રહિત છું.' સમ્યગ્જ્ઞાન કહે છે 'હું સમ્યગ્દર્શનથી સહિત છું.' અનુભૂતિ તો આત્મા છે. અમને તો વેદનમાં આવ્યો તેટલો આત્મા છે. જે સમયે શ્રદ્ધાનો વિષય પૂરો થાય છે તે જ સમયે જ્ઞાનનો વિષય પૂરો થાય છે. બે સમય ન લાગે. ક્રમ પડે તો નિર્વિકલ્પતા નથી. જ્ઞાનનો ઉપાદેય વિષય સામાન્ય જ્ઞાયકભાવ મળે અને સાથે વિશેષ ન મળે તો તે જૈનમતી થયો નથી, તો તે સાંખ્યમતી છે.

'ધાર તલવારની દોહ્યલી સોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા' આ તો ઉકળેલા દૂધમાં મેળવણની વાત છે. એક ટીપું દહીંનું નાંખતાં દૂધ બધું જ દહીં થાય છે. ઉકાળેલા દૂધને અગ્નિ ઉપરથી ઉતારીને એક બાજુ રાખી મૂકો તો એક દિવસ જતાં બગડી જાય છે. માત્ર ઉકાળેલું દૂધ પણ કાર્યકારી નથી.

**પ્રશ્ન : જીવના પરિણામથી જીવ સર્વથા ભિન્ન છે?**

**ઉત્તર :** હા, જીવના પરિણામથી જીવ સર્વથા ભિન્ન છે.

(૧) ભેદને જીવના પરિણામ કહ્યાં; પરંતુ દ્રવ્યદૃષ્ટિથી તો તે પુદ્ગલના પરિણામ હોવાથી.. આત્મા તેનાથી સર્વથા ભિન્ન છે.

(૨) વ્યવહારે તેને જીવના પરિણામ કહ્યાં; નિશ્ચયે તો તે અજીવના પરિણામ છે. અ... જીવ એટલે જીવ નહીં.

(૩) કોઈ પણ પરિણામમાં જીવનું લક્ષણ-પરમ પારિણામિક ભાવ ઘટિત થતું નથી માટે તેનાથી જીવ સર્વથા ભિન્ન છે.

(૪) એક સમયની નાશવાન પર્યાયમાં અનંતગુણો વ્યાપતા નથી માટે જીવથી જીવના પરિણામ સર્વથા ભિન્ન છે.

(૫) વળી પર્યાય કર્મના સદ્ભાવ-અભાવથી સાપેક્ષતા રાખે છે. જ્યારે જીવ કર્મોપાધિ નિરપેક્ષ તત્ત્વ હોવાથી... પરિણામોથી સર્વથા ભિન્ન છે.

ખાસ ધ્યાન રાખવું કે નિશ્ચયનયે ભિન્ન અને વ્યવહારનયે અભિન્ન એ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. કેમકે કથંચિત્ કહેતાં જ વ્યવહારમાં આવી જાય છે. દૃષ્ટિપ્રધાન પ્રતીતમાં કથંચિત્ ઝેર છે. કેમકે તેમાં સ્યાદ્વાદ સમાતો જ નથી. કથંચિત્‌ના બહાના નીચે અજ્ઞાનનો પક્ષ રહી જાય છે તેની ખબર પડતી નથી. માટે સ્યાદ્વાદના લોભને છોડી દે! સ્યાદ્વાદમાં અટકનારો સ્યાદ્વાદના રહસ્યને જાણતો નથી.

**પ્રશ્ન : મોક્ષની પર્યાયથી આત્મા અત્યંત ભિન્ન છે?**

**ઉત્તર :** હા, અત્યંત ભિન્ન છે. જો અત્યંત ભિન્ન ન હોય તો મોક્ષના પરિણામનો વ્યય થતાં... દ્રવ્યનો પણ નાશ થઈ જાય. જો પ્રથમથી જ પ્રમાણના વિષયને આગળ કર્યા કરશો... એટલે કે જ્ઞાન સાચું કરવાના લોભમાં દૃષ્ટિ વિપરીત રહી જશે તો તે અનંતાનુબંધી લોભ છે. હાલતાં-ચાલતાં દવા ન ખવાય, ખોરાક ખવાય. તેમ દૃષ્ટિનો વિષય ખોરાક છે. શ્રધ્ધા સાચી થયા પછી જ્ઞાનની નિર્મળતા માટે સ્યાદ્વાદ છે. એ પણ સવિકલ્પદશા છે ત્યાં સુધી. ખરેખર તો તેમાં શ્રધ્ધાએ વધતી નથી અને જ્ઞાન પણ વધતું નથી. સ્યાદ્વાદને યાદ કર્યા કરે તો ફરી ફરીને અનુભવ ન થાય. માટે દૃષ્ટિના વિષયનું લક્ષ થતાં અને તેમાં જ ફરી ફરી ઉપયોગ એકાગ્ર થતાં પૂર્ણતા થાય છે.

નવતત્ત્વોમાં મોક્ષતત્ત્વ આવ્યું કે નહીં? સમયસાર ૩૮ ગાથાની ટીકામાં આચાર્યદેવ શું લખે છે...! આત્મા કેમ શુદ્ધ છે તેનું રહસ્ય બતાવે છે. **'વ્યવહારિક નવતત્ત્વોથી અત્યંત જુદો છું માટે શુદ્ધ છું.'** અમને ખબર છે **'અત્યંત જુદો'** શબ્દ વ્યવહારના પક્ષવાળાને ખટકે છે. દૃષ્ટિ પ્રાપ્ત કરાવવા શું લખે? 'કથંચિત્' એ તો જ્ઞાનનો ધર્મ છે, તેથી તેમાં તો સ્યાદ્વાદ આવી ગયો. દૃષ્ટિના વિષયમાં કે દૃષ્ટિપ્રધાન દૃષ્ટિમાં સ્યાદ્વાદ હોતો જ નથી. દર્શન, જ્ઞાન ચારિત્રરૂપે પરિણમેલો આત્મા એમ અનુભવે છે કે-નિર્વિકલ્પ ધ્યાનની દશાથી... ધ્યેય ચિદાનંદ પ્રભુ અત્યંત ભિન્ન છે. જીવના વિશેષો કહી અને બધી દશાઓ તેમાં લઈ અને તે દશાઓથી ભગવાન તદ્દન ભિન્ન છે... નિરાળો છે. નિરાવરણ પ્રભુની પ્રગાઢતામાં... ભેદોનું વિસ્મરણ થઈ ગયું. વિશેષોની મધ્યમાં રહેલું એક સામાન્ય તત્ત્વ જે અનુપમ છે તે ખરેખર આત્મા છે. તેનાં પર દૃષ્ટિ સ્થિર થતાં જ અનુભવ થાય છે. અનુભવ થયા પછી વિશેષોમાં આત્મબુદ્ધિ થયા વિના તેનું જ્ઞાન સહજ થઈ જાય છે. પરિણામથી અત્યંત ભિન્ન ચૈતન્ય જ્યોતિમાં આવતાં જ નિર્મળ દૃષ્ટિની સાથે સમ્યગ્જ્ઞાન થયું તેમાં કથંચિત્‌નું પડખું સહેજે આવી જાય છે. નવતત્ત્વોને પરદ્રવ્ય કહ્યાં છે ને! તેથી પરદ્રવ્ય અને

સ્વદ્રવ્ય વચ્ચે કથંચિત્ વહેંચણી કરશે તો પરિણામની એકત્વબુદ્ધિ નહીં છૂટે. કથંચિત્‌ના બ્હાના નીચે વ્યવહારનો પક્ષ રહે છે. બીજું નિર્મળ પરિણામથી કથંચિત્ અભિન્ન માનતાં દોષ આવી જાય છે. નિર્મળ પર્યાય પૂર્વે મિથ્યાત્વ, આસ્રવના મલિન પરિણામ હતાં... તો તેનાથી અભિન્નતા આવી પડશે.

હું મુંબઈ વરલીમાં રહેતો હતો ત્યારના પ્રસંગની વાત છે. સોનગઢમાં રાત્રિ ચર્ચા ચાલતી હતી તેમાં ગુરુદેવે સ્વયં એક પ્રશ્ન મૂક્યો. 'આત્મા નવ તત્ત્વથી અત્યંત ભિન્ન છે તેમ શાસ્ત્રમાં ક્યાંક આવે છે પણ યાદ આવતું નથી.' પોતે કાળા રંગના ચશ્મા પહેરેલા, તેથી તેઓ કોની સામે જુએ છે તે સભા જનોને ખ્યાલ ન આવે! આટલું વાક્ય કહીને એ વાત તો પૂરી કરી દીધી. સભામાંથી કોઈ ઉત્તર ન આવ્યો કે આ શાસ્ત્રમાં છે. થોડા ટાઈમ પછી બાબુભાઈ ઝવેરીને મુંબઈ આવવાનું થયું. મને વાત કરી કે-ગુરુદેવને વિકલ્પ ઉઠ્યો છે... 'આત્મા નવ તત્ત્વોથી અત્યંત ભિન્ન છે' તેમ શાસ્ત્રમાં ક્યાંક છે... પણ અત્યારે યાદ આવતું નથી. મેં સમયસાર ખોલી અને ૩૮ ગાથાની ટીકા વંચાવી. તેમણે તો તરત જ ટેલીફોન ઉપાડ્યો. મેં પૂછ્યું ક્યાં કરો છો ટેલીફોન? હું અત્યારે જ સોનગઢ સમાચાર મોકલી આપું... ગુરુદેવને વિકલ્પ ઉઠ્યો છે. મેં કહ્યું; બાબુભાઈ! તમે કહાન કનૈયાને ઓળખતા નથી. એ તો બધા પરમાગમોને ઘોળીને જ્ઞાનમાં પી ગયા છે. એમણે તો તમારા બધાની પરીક્ષા કરી... કે આ વાત કોને ગ્રહણ થઈ છે. જ્ઞાની થવા માટે પરિણામ માત્રથી સર્વથા ભિન્ન એક જ્ઞાયકભાવ ત્યાંથી ઉપાડ કર. કેમકે સર્વથા ભિન્ન તે નિશ્ચય છે અને કથંચિત્ ભિન્ન અભિન્ન તે નિશ્ચયપૂર્વકનો વ્યવહાર છે. વ્યવહાર કેમ કહ્યો? તેમાં દ્રવ્યની સાથે પરિણામ આવ્યાને માટે પ્રમાણ એવો વ્યવહાર થયો.

વ્યવહારના પક્ષવાળાને સર્વથા ભિન્ન કહેવામાં એકાન્તની દુર્ગંધ લાગે છે પણ સમ્યક્ એકાન્તની સુગંધ છે તેની ખબર પડતી નથી. સર્વથા શુદ્ધ છે તેમાં સમ્યક્ એકાન્ત થતાં જ; સર્વથા શુદ્ધ છું અને અશુદ્ધ નથી તેવું અનેકાન્ત પ્રગટ થશે. શ્રદ્ધાનો વિષય એકાન્ત છે અને જ્ઞાનનો વિષય અનેકાન્ત છે. એકાન્ત અને અનેકાન્તને પ્રગટવાનો સમકાળ છે. તેથી જ્ઞાનમાં એકાન્ત ન હોય અને શ્રદ્ધામાં અનેકાન્ત ન હોય. આ દૃષ્ટિ પ્રધાન શ્રદ્ધાની વાત ચાલે છે. જો જ્ઞાનમાં એકાન્ત હોય તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે. એટલે કે અનેકાન્તનું જ્ઞાન ન થાય તો જ્ઞાન ખોટું અને શ્રદ્ધા પણ ખોટી છે. શ્રદ્ધા સમ્યક્ નામ પામતી નથી. અને કોઈ જીવ પહેલેથી જ અનેકાન્તના વિષયમાં ચઢી જાય તો પણ શ્રદ્ધા મિથ્યા છે... તેથી જ્ઞાન પણ ખોટું છે. તેથી જે શ્રદ્ધાનો વિષય છે તે જ્ઞાનનું ઉપાદેય જ્ઞેય તો છે જ પણ,

જ્ઞાનનો બીજો સવિકલ્પ જાણવાનો સ્વભાવ હોવાથી.. અનેકાન્તનો વિષય મળે છે ત્યારે જ્ઞાનનો સંપૂર્ણ વિષય થયો. જ્ઞાન સ્વભાવથી જ સવિકલ્પ હોવાથી તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એક સમયમાં જણાય જાય છે. જ્ઞાન દ્રવ્યને... દ્રવ્યરૂપ, ગુણને ગુણરૂપ, પર્યાયને... પર્યાયરૂપ જાણી લ્યે છે. સમ્યક્ એકાન્તનો આશ્રય લેવાથી અનેકાન્તનું જે જ્ઞાન થયું તેનું નામ જ સ્યાદ્વાદ છે. આ રીતે પહેલેથી શ્રધ્ધાનો વિષય કેવડો...! અને જ્ઞાનનો વિષય કેવડો! તેને જુદા રાખીને સમજવું. પ્રમાણજ્ઞાનના વિષયમાં જ વિધિ-નિષેધ કરતાં... કરતાં વિજ્ઞાનઘન સ્વભાવમાં દૃષ્ટિને સ્થાપવાની છે. માટે સર્વથામાં ભેદજ્ઞાનની બળવંતતા છે. તેમાં જ દ્રવ્ય, પર્યાયની અત્યંત જુદાઈ ખ્યાલમાં આવે છે. જ્યારે કથંચિત્ ભિન્ન-કથંચિત્ અભિન્નમાં ભેદજ્ઞાનની ધ્વનિ નથી; ત્યાં તો જાણવાની મુખ્યતા રહેલી છે.

**પ્રશ્ન : સ્યાદ્વાદ કેમ પ્રગટ થાય તેની વિધિ બતાવો છો?**

**ઉત્તર :** હા, તેની વિધિ બતાવીએ છીએ. પરિણામમાત્રથી ભિન્ન સ્થિર ચૈતન્ય બિંબમાં આસ્થા થતાં... સ્વાનુભૂતિ પ્રગટે છે, એવા સાધક પુરુષને કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન સ્યાદ્વાદ જ્ઞાન પ્રગટે છે. સર્વથા ભિન્ન વિના, કથંચિત્ ભિન્ન-અભિન્નનું જ્ઞાન ન હોય... પરંતુ પરિણામની કર્તાબુધ્ધિ અને ભોક્તાબુધ્ધિ હોય. અનાદિથી જે મિથ્યા માન્યતા ચાલી આવતી હતી તેમાં પરિણામથી કથંચિત્ ભિન્ન-અભિન્નપણું તે થોડો જ માનતો હતો!! તે તો સર્વથા અભિન્ન માનતો હતો તેની મિથ્યા માન્યતા ટાળવા માટે સર્વથા ભિન્ન જ લેવું પડે. સર્વથા ભિન્નના ભેદજ્ઞાનમાં જ દૃષ્ટિ અને જ્ઞાન નિર્મળ પ્રગટે છે. પછી ભિન્ન-અભિન્નનો જ્ઞાતા રહે છે. સ્યાદ્વાદનો જન્મ અનુભવ જ્ઞાનમાં થતો હોવાથી દ્રવ્ય, પર્યાયને અક્રમે જ્ઞાન જાણે છે.

ધ્યેયના પડખેથી જોતાં જ્ઞાનપર્યાય દ્રવ્ય સ્વભાવથી ભિન્ન દેખાય છે.. શ્રધ્ધાય છે. જ્ઞેયના પડખેથી જોતાં જ્ઞાન પરિણામ આત્માથી અભિન્ન જણાય છે. ભિન્ન છે, અભિન્ન છે, તેવા વિકલ્પો અનુભવ જ્ઞાનમાં નથી.

પર્યાય દૃષ્ટિએ પરિણામ આત્માથી સર્વથા ભિન્ન નથી → આ અજ્ઞાન સિધ્ધ કર્યું. શાસ્ત્રમાં રાગના પરિણામને પણ કથંચિત્ ભિન્ન કહ્યું છે. તેમાં બે ન્યાય છે. (૧) જડ કર્મનો ઉદય આવ્યો માટે રાગ થયો તેમ નથી. ત્યાં બે દ્રવ્યોની ભિન્નતા બતાવવી છે. (૨) પર્યાયદૃષ્ટિવાળો અજ્ઞાની સ્વચ્છંદતા ન પોષે તે માટે જીવના પરિણામ કહ્યાં છે. બાકી તો ચૈતન્યની જાતના પરિણામમાં જ કથંચિત્ ભિન્ન-અભિન્ન લાગુ પડે છે. જ્ઞાનનો દ્રોહ ન થાય

તેમ દૃષ્ટિ... પોતાના ઉપાદેય વિષયને શ્રધ્ધી લ્યે છે. સ્યાદ્વાદ સાથે સુસંગત તેવી દૃષ્ટિ જ્ઞાનીને પ્રગટી છે.

શ્રધ્ધા સમ્યક્ થયા બાદ જ્ઞાનની સંશુધ્ધિ માટે સ્યાદ્વાદ છે. માટે સિધ્ધાંત બાંધ્યો કે- આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદ હોય, હોય ને હોય જ. શાસ્ત્રમાં સ્યાદ્વાદ નથી, વાણીમાં સ્યાદ્વાદ નથી; ખંડ-ખંડ ભાવેન્દ્રિય જ્ઞાનમાં પણ સ્યાદ્વાદ નથી. દૃષ્ટિ પ્રધાન શ્રધ્ધામાં કે શ્રધ્ધાનો વિષય ધ્રુવ જ્ઞાયક એમાં સ્યાદ્વાદ નથી.

જેમ નયરૂપ અનેકાન્તમાં અસ્તિ, નાસ્તિ હોય છે. તેમ સ્યાદ્વાદમાં વિધિ-નિષેધ હોય છે. કળશટીકા ઉપરના પ્રવચન-સાધ્ય સાધક અધિ. તા. ૧૯/૯/૧૯૬૮ ના પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવ સ્યાદ્વાદ અને અનેકાન્તની વ્યાખ્યા આ પ્રકારે કરે છે. **"तु स्याद्वादी पूर्णो भवन जीवति"** સમ્યગ્દષ્ટિ સ્યાદ્વાદીની વ્યાખ્યા જ આ કરી કે પર્યાય દ્રવ્યમાં નથી. દ્રવ્ય દ્રવ્યમાં છે એમ માનનાર સ્યાદ્વાદી અનેકાન્ત દૃષ્ટિ છે. પર્યાય દ્રવ્યમાં નથી અને એક સમયની પર્યાય જેટલું દ્રવ્ય નથી. દ્રવ્ય અખંડાનંદ પૂર્ણ છે, એમાં પર્યાય નથી. પર્યાયમાં દ્રવ્ય નથી, પર્યાય દ્રવ્યમાં નથી. એક સમયની પર્યાયમાં દ્રવ્ય નથી અને એક સમયની પર્યાય દ્રવ્યમાં નથી... આનું નામ અનેકાન્ત સમ્યગ્દષ્ટિ છે. આ રીતે અનેકાન્ત પણ સમ્યક્ એકાન્તને સાથે રાખીને ચાલે છે.

વર્ણાદિમાન... ગુણસ્થાનાંત ભાવો વ્યવહારથી જીવના કહ્યાં; પરંતુ તેમાનાં કોઈ પણ ભાવો નિશ્ચયથી જીવના નથી. વ્યવહારે જીવના છે અને નિશ્ચયથી જીવના નથી આનું નામ સ્યાદ્વાદ છે. આ સ્યાદ્વાદ અસ્તિ નાસ્તિરૂપ હોવાથી વ્યવહારનો નિષેધક છે. બીજો સ્યાદ્વાદ એવો છે કે-સંસારી જીવ કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધ. દ્રવ્યે શુધ્ધ અને પર્યાયે અશુધ્ધ કહેનાર આગમ પ્રમાણરૂપ સ્યાદ્વાદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી વિધિ નિષેધવાળું સ્યાદ્વાદ ફરમાવે છે. નાટક સમયસાર, સાધ્ય સાધક અધિકાર શ્લોક ૪૨/૪૩ ઉપરના પ્રવચનમાં "ત્રિકાળી વસ્તુમાં, એક સમયની પર્યાય નથી, તેનું નામ સ્યાદ્વાદ છે."

સ્યાદ્વાદી વસ્તુના પરસ્પર વિરોધી અનંત ધર્મોને એક કાળમાં જાણે છે. જ્ઞાન અકર્તા ધર્મને જાણે છે, કર્તા ધર્મને જાણે છે. જે અકર્તા ધર્મને જાણતો નથી તે કર્તા ધર્મને પણ જાણતો નથી. તે તો કર્તા ધર્મનો જ્ઞાતા ન થતાં, કર્તા ધર્મનો કર્તા (સ્વામી) બને છે. સ્યાદ્વાદ-કથંચિત્ એ તો સમ્યગ્જ્ઞાનનું લક્ષણ હોવાથી સત્યાર્થ છે. તે વિરોધી ધર્મોમાં સ્યાત્

લગાડે છે. જાણવાના સ્વભાવમાંથી કોઈ ધર્મ, કોઈ અંશની બાદબાકી ન થાય. તેથી એકાન્તે દ્રવ્ય તે આત્માનું સ્વરૂપ નથી; એકાન્તે પર્યાય તે પણ આત્માનું સ્વરૂપ નથી. પર્યાય ન અડતી એવી અડી લ્યે છે. સાધકનો પર્યાય સ્વભાવ બે પ્રકારે છે. થોડી વીતરાગતા પ્રગટી છે અને થોડો રાગાંશ છે તે પર્યાય ધર્મને પણ જાણે છે. સાધક સવિકલ્પમાં આવ્યા ત્યારે કથંચિત્નો પ્રયોગ કરે છે. "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાઁ સમજવું તેહ."

સરવાળો એટલો જ છે કે-દ્રવ્ય સ્વભાવના અવલંબને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે... તે એક, અનેકને જાણે છે. આશ્રય એકનો અને જ્ઞાન અનંતનું; સમય એક. આ પ્રમાણે સાધક થવા માટે નયપૂર્વક જ સમ્યક્ પ્રમાણ હોય છે. કોઈ અજ્ઞાની એમ કહે કે-પ્રમાણપૂર્વક નય હોય તો તે કથનમાત્ર છે.

**મોક્ષમાં પણ પરિણામથી સર્વથા સહિત નથી :**

જો નિર્મળ પરિણામથી સર્વથા અભિન્ન માને તો દૃષ્ટિનો વિષય ધ્રુવ રહેતો નથી. ધ્રુવ તો ક્ષણિક થઇ ગયો. જો સર્વથા અભિન્ન માને તો મોક્ષ પર્યાયનો વ્યય થતાં દ્રવ્યના નાશનો પ્રસંગ ઉદ્ભવે. જો પરિણામ સર્વથા અભિન્ન થઈ ગયા તો આનંદનું વેદન કોણ કરશે? મોક્ષમાર્ગમાં નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ્યા તે સર્વથા અભિન્ન થાય તો શુધ્ધિની વૃધ્ધિ વધે નહીં. સંવર પછી નિર્જરા અને નિર્જરા પછી મોક્ષ ન થાય. નિર્મળ પરિણામ પ્રગટ્યા તે આત્માની સાથે કથંચિત્ અનન્ય થઈને રહે છે. આનંદ પ્રગટ્યો તે સર્વથા સહિત નથી. સમ્યગ્જ્ઞાની સ્યાદ્વાદી હોવાથી તેનું જ્ઞાન સર્વથા રહિત કે સર્વથા સહિતને સ્વીકારતું જ નથી. મોક્ષમાં પણ દ્રવ્ય પર્યાયની વસ્તુગત્ ભિન્નતા તો કાયમ રહે છે. પણ પરિણામ માન્યતાની અપેક્ષાએ સર્વથા અભેદ થયા. માટે મોક્ષમાં પણ કથંચિત્ ભિન્ન-અભિન્ન છૂટતું નથી. ધ્રુવને, પરિણામ રહિત જાણે છે? હા. ધ્રુવને પરિણામ સહિત જાણે છે? હા. આ રહિત રહી ગયું અને સહિત થઈ ગયું તેનું નામ જૈનદર્શન છે. દ્રવ્યનું અસ્તિત્વ પરિણામથી રહિત થઈને જ રહે છે અને જેટલી શુધ્ધતા પ્રગટી તેટલી સહિત થઈને રહે છે. આવી સ્થિતિ મોક્ષમાં પણ રહે છે.

રહિતમાં આવ્યો શું અને સહિત થયો શું!! આ સાવ નવીન વાત લાગે છે. આ રહિત સહિતમાં જ આખું જૈનદર્શન રહેલું છે. પરિણામથી રહિત રહી ગયું અને સ્વજાતિના પરિણામથી સહિત થઈ ગયું. અજ્ઞાનમાં જે સહિત માન્યું હતું તે ખોટું હતું. જ્ઞાનીનું સહિત

થયું તે સાચું થયું. જ્ઞાનમાં સર્વથા નથી અને દૃષ્ટિમાં કથંચિત્ રહિત સહિત નથી. આવું રહિત સહિતપણું સિદ્ધ ભગવાનને પણ રહે છે.

પરમાત્મપ્રકાશમાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંત આપ્યું. તીર્થંકર પરમાત્મા જ્યારે છદ્મસ્થ અવસ્થામાં ધ્યાન કરે છે ત્યારે ઉત્પાદ્-વ્યયથી સહિત હોવા છતાં, ઉત્પાદ્ વ્યયથી રહિત ધ્રુવ પરમાત્માનું ધ્યાન કરે છે. તેથી શુધ્ધિ ધ્રુવના લક્ષ, શુધ્ધિની વૃધ્ધિ-નિર્જરા ધ્રુવના લક્ષે અને પૂર્ણ શુદ્ધતા પણ ધ્રુવના લક્ષે થાય છે. ઉત્પાદ્-વ્યયથી રહિત ધ્રુવ આત્માને અને ઉત્પાદ્-વ્યયથી સહિત ધ્રુવ આત્માને એક સમયમાં જાણે છે. તેમાં પણ એ રહસ્ય છે કે દૃષ્ટિનો વિષય જે દ્રવ્ય છે તે તો અનાદિ-અનંત પરિણામ માત્રથી રહિત જ રહે છે. આ મૂળ વાત રાખીને કથંચિત્ સહિત થયું તેવા અભેદ જ્ઞેયને જાણે છે. જ્ઞાન સર્વથા રહિત જાણે તો જ્ઞાન ખોટું, તો શ્રધ્ધા પણ મિથ્યા છે. સમ્યક્ જ્ઞાન તો તેને કહેવાય કે વસ્તુની સ્થિતિ જેવી હોય તેવી જાણે. દ્રવ્યથી પરિણામ સર્વથા રહિત છે તેમ જ્ઞાન જાણતું જ નથી. દ્રવ્ય, પરિણામથી સર્વથા સહિત થઈ ગયું હોય તો પરિણામ પોતે દ્રવ્ય થઈ ગયા.

પંચાધ્યાયનો તો પોકાર છે કે-દ્રવ્ય તે નિશ્ચય અને પરિણામ તે વ્યવહાર. પરિણામને ઉપાદેય આત્મા માનનાર ભ્રાંતિના ભંવરમાંથી ક્યારે છૂટશે તે તો સર્વજ્ઞ પરમાત્મા જાણે!! નિયમસાર ૧૦૨ ગાથામાં કહ્યું કે-ત્રિકાળ જ્ઞાન-દર્શન લક્ષણરૂપ જીવ છે, બાકી સંયોગ લક્ષણવાળા ભાવો બહિર્ભાવો છે. પંચાસ્તિકાય ગાથા ૧૭, ૧૮માં ઉત્પાદને સંયોગ અને વ્યયને વિયોગ કહ્યો છે. ચારે બાજુથી મેળવણી કરો તો બધા જ્ઞાનીઓનો એક જ અભિપ્રાય પ્રગટ થાય છે. કૃપાળુદેવે કહ્યું તે યથાર્થ છે. દિગમ્બરના તીવ્ર વચનને લઈને રસ જળવાય છે.

પંચાસ્તિકાયની ૫૬ ગાથામાં પારિણામિકભાવનું લક્ષણ નિષ્ક્રિય બતાવ્યું. તે જ વાત જયધવલમાં બતાવી કે-પારિણામિકભાવ જે દૃષ્ટિનો વિષય છે તેનું લક્ષણ નિષ્ક્રિય છે. "આત્મ લાભ હેતુ પારિણામિક" આત્માની હૈયાતિ... તેનું સ્વરૂપ પારિણામિકભાવે છે.

સમયસાર ગાથા ૩૧ માં સર્વથા શબ્દ ત્રણ જગ્યાએ લગાવ્યો. ભાવેન્દ્રિયને પોતાથી સર્વથા જુદી જાણી. શિષ્ય કહે-સર્વથામાં એકાન્ત થઈ જશે તેથી કથંચિત્ જુદી કહો? ભાઈ! સમ્યક્ એકાન્ત વિના પ્રમાણજ્ઞાન સાચું નહીં થાય. તારું પ્રમાણજ્ઞાન પ્રમાણાભાસમાં જાય છે. કેમકે તેમાં વ્યવહારનો નિષેધ કરવાની શક્તિનો જ અભાવ છે. પ્રમાણમાં વિધિ-નિષેધ હોતા જ નથી... માટે પ્રમાણ પૂજ્ય નથી.

દેવસેન આચાર્યદેવે તત્ત્વસાર ગાથા ૮ માં ઉત્પાદ્-વ્યયથી ભિન્ન દૃષ્ટિનો વિષય આપ્યો. પરમાગમોના આધારથી જીવોની શ્રધ્ધા નિશંક અને બળવાન થાય છે. **"ખરેખર ઉત્પત્તિ અને વ્યયનો અભાવ હોવાથી, તેમજ સદાકાલ સ્થાયી રહેવાથી આત્માનો શુધ્ધ સ્વભાવ નિત્ય છે. તત્ત્વવેત્તા ભવ્ય પુરુષોએ નિરંતર તેનો અનુભવ કરવો જોઈએ."** પૂજ્ય ગુરુદેવશ્રીએ તો ડંકાની ચોંટ ઉપર... પ્રમુખ સ્થાને દૃષ્ટિનો વિષય પીરસ્યો. ચૈતન્ય વિજ્ઞાનઘન સ્વભાવમાં પરિણામ પ્રવેશી શકતા નથી. ધ્રુવમાં ઉત્પાદ્-વ્યયનો અભાવ છે. આ અધ્યાત્મનો અભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી તો શાસનના સ્થાપક હતા... તેથી તેમનો પ્રભાવના યોગ... મોટા આચાર્ય જેવો પ્રવર્તતો. ચારે પડખેથી ઘણી ઘણી સ્પષ્ટતા કરે.. તો પણ પ્રયોજનભૂત વિષયતો સદા મુખ્ય જ રહેતો. એક વખત અમને એમ કહેલું કે લાલભાઈ! સોગાનીજીને તો પોતાનું કામ કરીને ભાગી જવું હતું, તેને પાછળ ફરીને ક્યાં જોવાનું હતું!! તેથી તેમણે એકલી દ્રવ્યદૃષ્ટિની જમાવટની વાત કરી. જ્યારે અમારે તો શાસનને ધ્યાનમાં રાખીને.. કહેવું પડે! તેથી આગળ જ્ઞાન પાછળ જ્ઞાન અને વચ્ચે દૃષ્ટિનો વિષય મૂકી દઈએ..! કોઈને સમજવું હોય તો સમજે! મને મનમાં થયું કે કહાન કનૈયા તારી આ લીલાને કોણ ઓળખશે!!

દ્રવ્ય, પરિણામને કહે છે...તું... દ્રવ્યમાં સમાયેલી જ રહે. નવા નવા ઉત્પાદ્ રૂપે ન થાય. ત્યારે પર્યાય કહે છે. ઉત્પન્ન થવું તે મારો સ્વભાવ છે.. એમાં મારી અને તારી બન્નેની પ્રસિધ્ધિ થાય છે. જો હું ઉત્પાદ્ પણે નહીં પ્રગટું તો ન તો તારી પ્રસિધ્ધિ થશે અને ન તો મારી સિધ્ધિ થશે. તેથી હું તો ઉપજીશ જ અને બન્નેની પ્રસિધ્ધિ કરતી તારામાં જ સમાઈ જઈશ. દ્રવ્ય, પર્યાયને કહે છે-હું તો અમૃતનો દરિયો છું. તારી તાકાત હોય એટલો આનંદ પી લે! અને ફરી મારામાં સમાઈ જા! નિર્મળ પરિણામનું મોજું ઉઠતું... દ્રવ્યમાં વ્યાપ્ત થઈને.. અભેદ થઈને... આનંદને ભોગવે છે, છતાં પૂરા દ્રવ્યને ભોગવી શકતું નથી.

પરિણામથી સર્વથા ભિન્ન દૃષ્ટિપ્રધાન નિશ્ચયનયમાં આવી ગયો... અને જ્ઞાનપ્રધાન નિશ્ચયનય જો એના જ્ઞાનમાં ન આવે તો પણ અનુભવ નહીં થાય. શ્રધ્ધાના લોભમાં ને લોભમાં સર્વથા ભિન્ન માની બેઠો પણ કથંચિત્ અભિન્ન તે જ્ઞાનપ્રધાન નિશ્ચય તેના ખ્યાલમાંથી છૂટી જાય તો... મિથ્યાત્વ જ રહે સમ્યગ્જ્ઞાન ચંદ્રિકામાં ટોડરમલજી સાહેબે દ્રવ્યાનુયોગના પક્ષપાતીને સૂક્ષ્માભાસીમાં નાખ્યો છે. જ્ઞાનપ્રધાન નિશ્ચયમાં પરિણામ

દ્રવ્યથી અભિન્ન થાય છે. જો પરિણામ દ્રવ્યથી અભેદ ન જ થાય તો શુધ્ધ પર્યાયનો વ્યવહાર જ ઉત્પન્ન થતો નથી. કોઈક પામે છે તેનું કારણ આ છે → તેને સંધિ કરતાં આવડતી નથી.

શુધ્ધ પરિણામ દ્રવ્યમાં અભેદ થયા તે પણ વ્યવહાર છે. કેમકે ખરેખર અભેદ થતા નથી. દા. ત. જેમ રાગની પર્યાય પુદ્ગલથી અભેદ થતી નથી તેમ શુધ્ધ પર્યાય પણ ધ્રુવ દ્રવ્યમાં અભેદ થતી નથી. એ જ સમયે જ્ઞાનના પક્ષથી વિચારીએ તો પર્યાય દ્રવ્યમાં તન્મય પણ થાય છે. જ્ઞાની શ્રધ્ધાના વિષયને અધિકપણે રાખીને જ્ઞાનના વિષયને બરોબર જાણે છે. તેથી જ્ઞાનનું અજીર્ણ અને અતિરેક્તા થતી નથી. કેમકે સમ્યગ્જ્ઞાન મધ્યસ્થજ્ઞાન છે.

જૈન દર્શન બાર અંગમાં ફેલાયેલું છે. એ બાર અંગમાં શુધ્ધાત્મા પ્રસરેલો છે. શ્લોકમાં કહ્યું ને કે- **'જિન વચસિ રમન્તે'** દિવ્યધ્વનિમાં એક શુધ્ધાત્માને જ ઉપાદેય કહ્યો છે. આનંદમય સ્વાનુભૂતિમાં બાર અંગનો સાર સમાય જાય છે. બાર અંગને ઉકેલવા હોય તો આત્માનુભવ... બસ! તે એક જ ચાવી છે.

ધ્યેય પૂર્વક જ્ઞેયને માનનાર,
સમ્યક્ એકાન્ત પૂર્વક સમ્યક્ અનેકાન્ત જાણનાર
અકર્તાના લક્ષપૂર્વક કર્તાકર્મની અભેદતા અનુભવનાર,
નિશ્ચયનય પૂર્વક સમ્યક્ પ્રમાણ પ્રકાશનાર,
સ્વપ્રકાશક પૂર્વક સ્વપરપ્રકાશક શક્તિ પ્રગટાવનાર,
રહિત પૂર્વક સહિતની સંધિ સાધનાર,
વીતરાગી ધારા જયવંત વર્તો... જયવંત વર્તો.

અત્યારે આત્માના નામે ઘણા વાતો કરે છે. સાધારણ માણસને બધું સરખું લાગે છે. જેમ તળાવનું પાણી સપાટી ઉપરથી સરખું લાગે પણ કાંઠે બે તસુ ઊંડું હોય અને મધ્યમાં બે વાંસ ઊંડું હોય, તેમ ઘણાં આત્માની વાતો કરવા માંડ્યા... અને તે અજ્ઞાનીને સરખું લાગે પણ, તેમાં મોટો ફેર છે. ઊંડા ઉતરે તો ખ્યાલમાં આવે તેમ છે. પોતે ક્યાં દુમેળ કરે છે તેની ઉપદેશકને પણ ખબર હોતી નથી.

**(પ્રવચન પ્રસાદ ભાગ-૧, પેજ નં. ૨૭૨માંથી)**

# મંગલાચરણ

## ગ્રંથ – જ્ઞાન સમુચ્ચયસાર

જિનતારણતરણ સ્વામી વિરચિત

અનુવાદક : બ્ર. શીતલ પ્રસાદજી

અન્વયાર્થ : શુધ્ધ નિશ્ચયનય સે ન તો જીવમેં કોઈ શબ્દ હૈ, ન કોઈ ચિન્હ હૈ જિસસે ઈન્દ્રિયોં કે દ્વારા ગ્રહણ કિયા જા સકે ન ઉસમેં ક્રિયા હૈ, હલન ચલનાદિ હૈ ન ઉસમેં નિશ્ચયસે કોઈ ઉત્પત્તિ હૈ ન કોઈ વ્યય હૈ વહ તો ધ્રુવ શુધ્ધ હૈ (સુધં સુધ-સહાવં) વહ પરમ શુધ્ધસ્વરૂપ હૈ. શુધ્ધ અર્થાત્ નિશ્ચલ તીન લોકમાત્ર અસંખ્યાત પ્રદેશી હૈ વ સર્વ કર્મ મલરહિત હૈ।

**(ગાથા-૭૭૫)**

## આપ્ત-મીમાંસા

श्री समन्तभद्राचार्य विरचित्त

अर्थ : धर्म और धर्मी के अविनाभाव है, सो तो परस्पर अपेक्षा कारि सिद्ध है। धर्म बिना धर्मी नहीं। बहुरि धर्म्म, धर्मी का स्वरूप है। सो परस्पर अपेक्षा करि सिद्ध नाहीं है। स्वरूप है सो स्वतः सिद्ध है। आपही पहलैं ही स्वयमेव सिद्ध है...

(આપ્ત મીમાંસા – पंचम परिच्छेद, गाथा ७५ का अर्थ)

## સમયસાર

શ્રી કુંદકુંદાચાર્ય રચિત

ટીકાકાર - અમૃતચંદ્રસૂરિ રચિત

**ટીકા :** "જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે, આવું જાણતો થકો તે પુરુષ પરભાવોને 'આ મારા છે' એમ કહે છે? (ન જ કહે;) કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વ-સ્વામી સંબંધનો અસંભવ છે. માટે,

**સર્વથા** ચિદ્ભાવ જ (એક) ગ્રહણ કરવા યોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવા યોગ્ય છે- એવો સિદ્ધાંત છે."

**(સમયસાર ગાથા-૩૦૦ ની ટીકામાંથી)**

## શ્રી નિયમસારજી

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત

ટીકાકાર – પદ્મપ્રભમલધારિદેવ

**શ્લોકાર્થ :** જીવતત્ત્વ કવચિત્ સદ્ગુણો સહિત વિલસે છે–દેખાય છે, કવચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, કવચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે અને કવચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ **જે એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું.**

**(નિયમસાર ૨૬ નો શ્લોકાર્થ)**

## પરમાત્મ પ્રકાશ

યોગીન્દુદેવ વિરચિત

ટીકા : બ્રહ્મદેવજી કૃત -

હવે જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદ્ વ્યયથી સંયુક્ત હોવા છતાં પણ, દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ્ વ્યયથી રહિત છે, તે જ પરમાત્માને જિનવરે નિર્વિકલ્પ સમાધિના બળથી દેહમાં પણ દેખ્યો છે એમ કહે છે...

**(ગાથા ૪૩ ની ટીકામાંથી)**

## પરમાત્મ પ્રકાશ

**અન્વયાર્થ :** હે યોગીશ્વર, નિશ્ચયનયકર વિચારા જાવે, તો યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ, ઔર ન બંધ મોક્ષ કો કરતા હૈ, અર્થાત્ શુદ્ધ નિશ્ચયનય સે બંધ મોક્ષ સે રહિત હૈ, ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં।

**(ગાથા ૬૮ માંથી)**

## સ્વાત્માનુભવ મનન

- ધર્મદાસજી ક્ષુલ્લક

જૈસે અંધારાકી અપેક્ષા પ્રકાશ હૈ ઔર પ્રકાશ કી અપેક્ષા અંધારા હૈ વૈસે હી બંધ કી અપેક્ષા મોક્ષ હૈ ઔર મોક્ષ કી અપેક્ષા બંધ હૈ। અપેક્ષા રહિત કેવલ જ્ઞાનસ્વરુપી

પરમાત્માકું દેખિયે તો ન બંધ હૈ ઔર ન મોક્ષ હૈ। અર્થાત્ જીવ પુદ્ગલ ધર્મ અધર્મ આકાશ અર કાલ યહ છ દ્રવ્ય હૈ તાકા ન સાત પાંચ હોવૈ ઔર ન-સાત પાંચ હોવેગા અર ન-સાત પાંચ હૈ, છ કા છ હી હૈ સૌ હૈ। ઈસી વાસ્તે યહ બંધ મોક્ષભી બિભ્રમ હી હૈ। મૈ તો બંધ મોક્ષ સે સર્વથા પ્રકાર ભિન્ન હૂં। કોઈ પર વિધા પદારુઢ પંડિત બંધ મુક્ત માનતા હૈ સો ભલે માનો। મૈં તો અમૂર્તિક નિરાકાર મૂલ સે હી હૂં। મેરે કદાચિત્ બી બંધ મોક્ષ નાંહી.

**(સ્વાત્માનુભવ મનન પેજ નં. ૬૨)**

૪૭ નયમાં શુધ્દ્ધનય, અશુધ્દ્ધનય છે. નિર્મળ પર્યાય સહિત દ્રવ્યને જુઓ તો તેને અશુધ્દ્ધનય કહે છે. કેમકે વ્યવહાર થયો ને? ભગવાન કહે છે એમ સાંભળો ભાઈ! મોક્ષની પર્યાય જે છે- કેવળજ્ઞાનની પર્યાય છે તે દ્રવ્યને અડતી નથી. (ભલે) પૂર્ણ થઈ ગઈ... પણ છે તો પર્યાયને!
**શ્રોતા :** બન્ને વચ્ચે અત્યંત અભાવ છે.
**પૂજ્ય ગુરુદેવશ્રી :** અભાવ છે. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ... એવા ચાર જાતના અભાવ છે એ નહીં. આ તો અધ્યાત્મનો અભાવ છે. રાગનો અને (પર્યાયનો અભાવ તે) અધ્યાત્મનો અભાવ છે. સમયસારમાં આવે છે રાગને અને આત્માને અત્યંત અભાવ છે. આ તો અધ્યાત્મની ચીજ છે. દ્રવ્યમાં, પર્યાય નથી એ અધ્યાત્મનો અભાવ છે. થોડું પણ સત્ય આ છે.

**(પરમાત્મ પ્રકાશ ગાથા-૬૮, તા. ૨૦-૭-૭૬ ના પ્રવચનમાંથી)**

૧.

અમૃતચંદ્ર આચાર્યની તાકાત અજબ-ગજબની છે. સમયસારની ટીકા કરવા પૂર્વે પ્રથમ શ્લોક અને બીજા શ્લોકમાં પૂર્ણ સમયસાર કહી દીધું. પ્રથમ શ્લોકમાં દ્રષ્ટિનો વિષય દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી ભિન્ન આપ્યો. બીજા શ્લોકમાં અનેકાન્તમૂર્તિ આત્મા બતાવ્યો. બે શ્લોકમાં-ધ્યેયપૂર્વક જ્ઞેયનું સ્વરૂપ કહી દીધું. "ધ્યેય પૂર્વક જ્ઞેય" એ નામ જ ચમત્કારિક અને રહસ્યમય છે. 'ધ્યેયપૂર્વક જ્ઞેયમાં' બાર અંગ સમાઈ ગયા.

૨.

**પ્રશ્ન :** વિધિથી શરૂઆત થાય કે નિષેધથી?
**ઉત્તર :** અંદરમાં જાય ત્યારે વિધિથી જાય છે. પરંતુ તે પહેલાં વ્યવહારનો તીવ્ર નિષેધ આવી ગયો હોય છે.

૩.

**પ્રશ્ન : અકર્તા ચઢિયાતું કે જ્ઞાતા?**
**ઉત્તર : એક અપેક્ષાએ જ્ઞાતા ચઢિયાતું; કેમકે જ્ઞાતામાં બધા ગુણો આવી જાય છે. બીજી અપેક્ષાએ અકર્તા ચઢિયાતું; કેમકે જ્ઞાતામાં તો સ્વપરની અપેક્ષા પણ આવે છે.**

૪.

**જ્ઞાન અભેદપણે પરિણમીને જણાય તો સ્વજ્ઞેય છે. અને તે જ જ્ઞાન ભેદપણે પરિણમીને જણાય તો પરદ્રવ્ય છે. પરિણામને પરદ્રવ્ય કહ્યાં છે. માટે પરદ્રવ્યને જાણવાથી જ્ઞાન પણ નહીં થાય અને સુખ પણ નહીં થાય.**

૫.

પર્યાય ધ્રુવદળની ઉપર ઉઠતો ભાવ હોવાથી તે દ્રવ્યથી સર્વથા જુદી છે. માટે પ્રતીતિમાં સર્વથા જુદી પડી જાય છે.

૬.

હીરા જડેલી વાત → વ્યવહારની વાતમાં 'પણ' લગાવવાથી નિશ્ચયનો જન્મ થાય છે. નિશ્ચયની વાતમાં 'પણ' ન લગાવવું. જો ત્યાં 'પણ' લગાવશે તો વ્યવહારનો જન્મ થશે. માટે નિશ્ચયની વાતમાં 'સર્વથા' અને 'જ' લગાવવું.

૭.

તારામાં પરિણામ નથી → એક વાત. પરિણામને જાણનારું જ્ઞાન તારી પાસે નથી → બીજી વાત. કેમકે પર્યાય છે, તે આત્મા નથી. અને પર્યાયને, એટલે કે ભેદને જાણે છે તે જ્ઞાન નથી.

૮.

વ્યવહારનય સતતપણે કહે છે કે આત્મા પરિણામથી સહિત છે, પરંતુ પરિણામ પ્રગટે છે તે ગુપ્ત પરદ્રવ્ય છે... તેમ નિશ્ચયનય સતતપણે કહે છે.

૯.

મૂળ વાત → આત્મા પરિણામથી રહિત છે તેમ જાણો અને માનો. કેમકે જાણેલાનું શ્રદ્ધાન થાય છે. જ્ઞાન જેને જાણે, તેને પોતાનું માને, માને ને માને.

૧૦.

**જૈનદર્શનમાં પરિણામને ભિન્નપણે જાણવાની કોઈ જ વ્યવસ્થા નથી. જૈનદર્શનમાં તો પરિણામનું લક્ષ છૂટી અને પરિણામી આત્મા થયો તે જણાય છે.**

૧૧.

જેવું સામાન્ય તેવું જ વિશેષ તેને પદાર્થ કહેવામાં આવે છે. સામાન્યથી જે પરિણામની જાત જુદી પડે તે સામાન્યનું વિશેષ નથી.

૧૨.

(૧) 'ગુણ સમુદાયો દ્રવ્યમ્.' → આ દ્રષ્ટિનું પ્રમાણભૂત દ્રવ્ય છે. (૨) 'શુધ્ધાશુધ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય' → તે આગમ પ્રમાણભૂત દ્રવ્ય છે. (૩) 'નિર્મળ પરિણામથી સહિત દ્રવ્ય.' → તે અધ્યાત્મ પ્રમાણભૂત દ્રવ્ય છે.

૧૩.

મૂળ વાત સમજવા જેવી. શાસ્ત્રમાં જીવના લક્ષણ ત્રણ પ્રકારે કહ્યાં છે. (૧) ગુણ લક્ષણ (૨) સામાન્ય ઉપયોગ લક્ષણ (૩) શુધ્ધોપયોગ લક્ષણ. (૧) પરમપારિણામિકભાવ → ગુણરૂપ લક્ષણમાં ઉપાદેય તત્ત્વ ખ્યાલમાં આવે છે.
(૨) ઉપયોગરૂપ લક્ષણમાં → રાગથી ભિન્ન પડી અને પરિણામી 'સમય' નામનો આત્મા હાથમાં આવે છે.
(૩) શુધ્ધોપયોગ રૂપ લક્ષણ → તે સાધકનું ખરું લક્ષણ છે. આનંદ આવ્યો તો આનંદમૂર્તિની સાચી પ્રતીત થઈ.

૧૪.

આશ્રયની અપેક્ષાએ દ્રવ્યને કારણ પરમાત્મા કહ્યો; ખરેખર તો તે અકારણ પરમાત્મા છે. આત્મામાં, પરિણામના કર્તાપણે થવાનો અને પરિણામના કારણપણે થવાના ધર્મનો અભાવ છે.

૧૫.

અભેદ તે નિશ્ચય, અભેદનો ભેદ (ગુણ) તે વ્યવહાર બસ. નિષેધ કરવા માટે પણ પર્યાયમાં જવું નહીં. આત્મા સાથે પર્યાયને કોઈપણ પ્રકારે એટલે નિશ્ચયે કે વ્યવહારે તાદાત્મ્ય સંબંધ નથી.

૧૬.

દુઃખમાં મારાપણું છોડવું હોય તો તેનો બીજો કોઈ સ્વામી ગોતી કાઢો. દુઃખ પુદ્ગલથી અનન્ય છે...આ અધ્યાત્મની પરાકાષ્ઠા છે.

૧૭.

**સમકિત સન્મુખ જીવ ક્યાંક અટકે છે, પણ તે દોષ જોવા રોકાતો નથી. કારણ એને ખબર છે કે-દોષને ગોતવા જતાં નિર્દોષ આત્મા જાણવાનો રહી જશે! તેથી દોષને બદલે વસ્તુ સ્થિતિને જુઓ.**

૧૮.

વ્યવહારના પક્ષવાળાએ બાજી હાથમાંથી ગુમાવી છે. ભલે નવમી ગ્રૈવેયક જાય. જ્યારે નિશ્ચયના પક્ષવાળાના હાથમાં બાજી છે; ભલે તે નરકમાં જાય.

૧૯.

પૂજ્ય ગુરુદેવ વ્યવહારની વાત સંભાળપૂર્વક કહેતા હતા. ક્યાંય સાંભળનારને વ્યવહારનો પક્ષ દૃઢ ન થઈ જાય એ ધ્યાન રાખતાં...રાખતાં વ્યવહારની વાત કરતા હતા.

૨૦.

શ્રધ્ધા સાચી થાય અને જ્ઞાન ખોટું પણ થાય, તો તે પાછો સવળો થઇ જશે. કેમકે શ્રધ્ધા સાચી છે તે સાચા જ્ઞાનને ખેંચી લાવશે. આ વાત જોરદાર છે.

૨૧.

ધ્રુવનું ધ્યાન અને ઉત્પાદ વ્યયનું જ્ઞાન, સમય એક. 'ધ્યેયપૂર્વકજ્ઞેય' તેમાં સંપૂર્ણ જૈનદર્શન છે.

૨૨.

**(૧) પુદ્ગલમાં આત્મા જતો નથી માટે તેને કરતો નથી. (૨) રાગમાં આત્મા જતો નથી માટે તેને કરતો નથી. (૩) સંવર, નિર્જરાની પર્યાયમાં આત્મા જતો નથી માટે તેને કરતો નથી.**

૨૩.

(૧) શુભાશુભ ભાવ કરવા તે અજ્ઞાન છે. (૨) ભેદજ્ઞાનનો વિચાર કરવો તે વ્યવહાર છે. (૩) અભેદનો વિચાર કરવો તે નિશ્ચય છે.

૨૪.

**(૧) પર્યાય પર્યાયને કરે છે → સૂક્ષ્મ.**

**(૨) પર્યાય થયા કરે છે → સૂક્ષ્મતર (૩) પર્યાય છે → સૂક્ષ્મતમ્**

૨૫.

(૧) એકાંતે પરદ્રવ્ય જ જણાય છે → તે મિથ્યા એકાન્ત. (૨) સ્વ અને પર બન્ને જણાય છે → તે મિથ્યા અનેકાન્ત. (૩) જાણનારો જ જણાય છે → તે સમ્યક્ એકાન્ત. (૪) જાણનારો જણાય છે, ખરેખર પર નથી જણાતું → તે સમ્યક્ (અસ્તિનાસ્તિ) અનેકાન્ત.

૨૬.

નિર્મળ પર્યાયનો કર્તા અને જાણેલો પ્રયોજનવાન, તેમાં સાતમેથી છઠ્ઠે આવી ગયો. (ચારિત્રનો દોષ ઊભો થયો, તે ચારિત્રનો ગુણ નથી.)

૨૭.

ઉત્પાદ, વ્યય પર્યાયનો સ્વભાવ છે તેથી પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.

૨૮.

મોહની વ્યાખ્યા બે પ્રકારે → (૧) એકાંત પરને જાણવું તે મિથ્યાત્વનો દોષ છે. (૨) પોતાને જાણતાં...જાણતાં પરને જાણે તે ચારિત્રનો દોષ છે.

૨૯.

સાધક વ્યવહારે પરને જાણે છે...એટલે કોણ જાણે છે? પરને કોણ જાણે છે? આત્મજ્ઞાન જાણે છે? કે ઈન્દ્રિયજ્ઞાન? કોથળામાં પાંચ શેરી ન ચાલે. કોથળામાં છે તે મારે છે તો વાંસો ભાંગી ગયો. તેમ 'જાણેલો પ્રયોજનવાન' આગળ કરે તો મિથ્યાત્વની પાંચ શેરી જ્ઞાનનો વાંસો ભાંગી નાખે છે.

૩૦.

એક સમયનું ઈન્દ્રિયજ્ઞાન લક્ષપૂર્વક સ્વપર બેને ન જાણે. એક સમયનું અતીન્દ્રિયજ્ઞાન લક્ષપૂર્વક સ્વપર બેને ન જાણે. (લક્ષ વિના જાણે.) પ્રતિભાસ સ્વ-પર બેનો હોય પણ છદ્મસ્થને એક સમયમાં લક્ષ એકનું જ હોય. હવે સ્વનું લક્ષ મોક્ષનું કારણ. પરનું લક્ષ બંધનું કારણ.

૩૧.

આત્માર્થી જીવ સૂક્ષ્મબોધનો અભિલાષી જ હોય છે. આ પણ તેનું બહિર્ભૂત લક્ષણ છે; અંતર્ભૂત લક્ષણ નથી.

૩૨.

ઉત્પાદ વ્યય તે પર્યાયનો સ્વભાવ છે, તેથી તે બંધ-મોક્ષનું કારણ નથી. પુણ્ય, પાપના ભાવ તે ઉત્પાદની ઉપાધિ છે અને તે બંધનું કારણ છે. વીતરાગભાવ તે પણ ઉત્પાદની ઉપાધિ છે તેથી તે મોક્ષનું કારણ છે. ઉપાધિ એટલે વધારાની ચીજ. (આ વાત પંચાધ્યાયી ભાગ-૨ માં છે.)

૩૩.

તેણે બે વાત જ સમજવાની છે. (૧) આત્માનું સ્વરૂપ. (૨) જ્ઞાનનું સ્વરૂપ. અપરિણામીને શ્રદ્ધે અને પરિણામીને જાણે તે જૈનદર્શન છે.

૩૪.

જ્ઞાન કહે તો પણ જાણનાર. જ્ઞેય કહે તો પણ જાણનાર. જ્ઞાતા કહે તો પણ જાણનાર. નામ ત્રણ હોવા છતાં વસ્તુ તો એક છે.

૩૫.

આત્મા પરને જાણે છે તેનું નામ વ્યવહાર નથી. તેનું નામ મિથ્યાત્વ છે – ભ્રાંતિ છે. આત્મા આત્માને જાણે છે તેનું નામ વ્યવહાર છે. આત્મા તો આત્મા જ છે તેમ અનુભવવું તેનું નામ નિશ્ચય છે.

૩૬.

જ્ઞાન ક્યારેય ભેદરૂપ હોતું જ નથી. જ્ઞાન પોતે આત્મા હોવાથી...અભેદ પરિણામી દ્રવ્ય જ છે. ભેદ છે જ નહીં તેમાં આત્મલાભ થશે. ભેદ કરે તો થાય એમ પણ નહીં.

૩૭.

(૧) જ્ઞાન આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે. (૨) જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે છે. (૩) જ્ઞાન આત્માથી તાદાત્મ્ય થાય છે.

૩૮.

ઈન્દ્રિયજ્ઞાન તે કર્મનો ભોગવટો છે. તે જ્ઞેયના આશ્રયે ઉત્પન્ન થતો ભાવ હોવાથી તે નોકર્મના પરિણામ છે. રાગ છે તે દ્રવ્યકર્મના પરિણામ છે. સંસારની શરૂઆત ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનવાથી જ થાય છે. (૧) ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનવું તે જ્ઞાન સંબંધી ભૂલ. (૨) પર પદાર્થને જ્ઞેય માનવા તે જ્ઞેય સંબંધી ભૂલ.

૩૯.

'જ્ઞેયાકાર જ્ઞાન', જ્ઞાનનો નિરપેક્ષ સ્વભાવ હોવાથી તેમાં જ્ઞેયોની અપેક્ષાએ નથી અને જ્ઞેયોનું લક્ષ પણ નથી. પરના અવલંબન વિના જ્ઞેયાકાર જ્ઞાન સમજાવી શકાતું નથી. પણ એ જ્ઞેયાકાર જ્ઞાન છે તો નિરાવલંબી.

૪૦.

જ્ઞેયોનો પ્રતિભાસ જ્ઞેયોને કારણે થતો નથી પરંતુ જ્ઞેયોનો પ્રતિભાસ જ્ઞાનના કારણથી થાય છે. (જ્ઞેયથી જ્ઞાન નથી.) માટે જ્ઞેયોના પ્રતિભાસમાં જ્ઞેયો જાણવામાં આવતા નથી, પરંતુ જ્ઞેયોના પ્રતિભાસમાં જ્ઞાન જાણવામાં આવે છે.

૪૧.

**પ્રશ્ન :** પરમાર્થ વચનિકામાં આવે છે કે ઈન્દ્રિયજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ છે. તે કેવી રીતે?
**ઉત્તર :** જ્ઞાન પર્યાય સાથે દ્રવ્યઈન્દ્રિયનો સંબંધ રાખો તો તે ભાવઈન્દ્રિય છે; તેથી તે જ્ઞાનનો અંશ જ નથી. હવે તેમાંથી ઈન્દ્રિયની ઉપાધિ બાદ કરીને જુઓ તો તે જ્ઞાન જ છે. તેથી તે જ્ઞાન, કેવળજ્ઞાનનો અંશ છે.

૪૨.

આત્માનું લક્ષણ ઉપયોગ. ઉપયોગનું લક્ષણ સ્વપરપ્રકાશક. હવે તેમાંથી સમ્યગ્જ્ઞાનનું લક્ષણ → સ્વપ્રકાશક એકાંતે. મિથ્યાજ્ઞાનનું લક્ષણ → પરપ્રકાશક એકાંતે.

૪૩.

ઉપયોગને ફેરવવાનો પ્રયત્ન કરીશ તો કર્તાબુદ્ધિનો દોષ લાગશે. જેવું સ્વરૂપ છે તેવી રુચિ થવાથી ઉપયોગ સહજ પલટી જશે. શ્રદ્ધાના બળે ઉપયોગ અંદરમાં આવે છે માટે શ્રદ્ધા તે નિશ્ચય, જ્ઞાન તે વ્યવહાર.

૪૪.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ તે ત્રણને એક સમયમાં ન જાણે તો જ્ઞાનનો વિષય પૂરો થતો નથી; તેથી ઈચ્છા રહી જાય છે. શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાનીની સાથે મેળવ્યો છે. એક સમયમાં શ્રદ્ધા, જ્ઞાન બન્ને અંતર્મુખ થાય છે. અને બન્નેનાં વિષય જ્યારે પૂરા થાય ત્યારે જ્ઞાન શાંત થઈ જાય છે. આત્મા જ જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એવો અભેદ આખો પ્રમાણનો વિષય જ્ઞાનમાં જ્ઞેય થાય છે.

૪૫.

'એક દેખિયે જાનિયે, રમી રહીએ ઈક ઠૌર; સમલ વિમલ ન વિચારિએ, યહી સિદ્ધિ નહીં ઔર.' આમાં એમ કહે છે કે જે શ્રદ્ધાનો, જ્ઞાનનો વિષય છે તેને જ ચારિત્રનો વિષય બનાવ. બીજું એમ કહ્યું કે 'એક જાનિયે' અર્થાત્ એક જ જણાય છે, બીજું જણાતું નથી. જાણતો હોવા છતાં જાણતો નથી, ચાલતો હોવા છતાં ચાલતો નથી, દેખતો હોવા છતાં દેખતો નથી.

૪૬.

'આત્મા પરનો કર્તા નથી' → તે ઉપરથી પાત્ર જીવ શું કાઢે છે? તે એમ કાઢે છે કે પરની સામે જોવાનું નકામું છે. અપાત્ર જીવ શું કાઢે છે? કેવળી પણ લોકાલોકને જાણે છે માટે પરને જાણવાનો મારો સ્વભાવ છે. કેવળજ્ઞાનમાંથી તેણે એવું ખેંચ્યું કે તેની બહિર્મુખતા કાયમ બની રહે. અને પાત્ર જીવે 'પરનો કર્તા નથી' તેવા સાદા સિદ્ધાંતમાંથી એવું તત્ત્વ કાઢ્યું કે બહિર્મુખતા રાખવી હોય તો પણ રહે નહીં.

૪૭.

અધ્યાત્મ પ્રમાણમાં પણ શુદ્ધ પર્યાયથી સહિત છું એટલું જ આવે. રાગથી સહિત છું એમ આવતું જ નથી. અધ્યાત્મ પ્રમાણમાં જે રહેશે તેને જલ્દી શ્રેણિ આવશે. ૪૭ શક્તિ અને તેનું પરિણમન એ બન્ને અધ્યાત્મ પ્રમાણના વિષયમાં આવી જાય છે.

૪૮.

રાગથી અસંયુક્ત હોવા છતાં, સંયુક્ત જેવો પ્રતિભાસે છે તે પ્રતિભાસ જ સંસારનું બીજ છે. તેથી રાગથી સહિત છું તે અજ્ઞાન છે, વ્યવહાર નથી. 'રાગથી રહિત છું' તેમ જોર કરીને અનુભવ પહેલાં ઉપડ્યો હતો; તેથી રાગથી સહિત છું, તેવું તેને આવતું જ નથી. શુદ્ધ પર્યાયથી સહિત છું એવો નવો વ્યવહાર પ્રગટે છે.

૪૯.

એક વખત અકર્તાની ધૂન ચઢેલી તે વખતે વાંચ્યું કે આત્મા જ્ઞાન ક્રિયાનો કર્તા છે. તે વાંચીને બાપુજીને કહ્યું કે- કુંદકુંદાઆચાર્યે, આત્મા અકર્તા હોવા છતાં; કર્તા છે તેમ કેમ લખ્યું છે? બાપુજીએ કહ્યું-તારી વાત તો બરોબર છે. વ્યવહારના પડખાંનું જ્ઞાન કરાવે છે. જ્ઞાન ક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવતી નથી. (તે વાત પૂજ્ય ભાઈશ્રીને ખટકી.)

૫૦.

અકર્તા છું તેવી શ્રધ્ધા થઈ ગઈ, છતાં પણ કરવાના વિકલ્પો આવ્યા કરે છે. આ વાત અટપટી છે. કરવાનો વિકલ્પ ગૃહસ્થને છૂટતો નથી; પરંતુ 'હું કરી શકું છું' એવો મિથ્યા અભિપ્રાય તો છૂટી જાય છે.

૫૧.

અનુભવના કાળે પર્યાય જણાતી જ નથી...તેની બે અપેક્ષા કે- બે કારણો છે. (૧) દ્રવ્યમાં પર્યાય નથી.. માટે પર્યાય જણાતી નથી. (૨) જેટલું ઉપાદેય તત્ત્વ છે તેટલું જ જણાય છે, જે ઉપાદેય નથી તે જણાતું જ નથી.
અહીં ઉપાદેયની વિવક્ષાથી વાત છે; જાણવાની વિવક્ષાથી નથી.

૫૨.

એકલું ઉપાદેય તત્ત્વ જણાય, હેય તત્ત્વ જણાય જ નહીં, ત્યારે તે હેય થઈ જાય છે.

૫૩.

પર્યાયદ્રષ્ટિના ચશ્મા ઉતારીને જો તો સાચું દેખાશે. જો તે ચશ્મા પહેરીને જોયા કરીશ તો ભ્રાંતિ દ્રઢ થશે.

૫૪.

નવતત્ત્વને જીવપણે તો નહીં, જીવના પરિણામપણે પણ નહીં; પુદ્ગલના પરિણામપણે જોશો તો આત્મા હાથમાં આવશે. નવતત્ત્વના ભેદ તે અજીવનો વિસ્તાર છે; જીવનો વિસ્તાર જ અશક્ય છે.

૫૫.

અજીવ અધિકારમાં આત્માને તથા શુધ્ધપર્યાયને દૂધ અને પાણીની જેમ સંયોગ સંબંધ છે. શુધ્ધ પર્યાયના તથા દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે એ વાત ગૂઢ રીતે એમાં આવી ગઈ છે. દૂધ તથા પાણી જેવી બન્નેની જુદાઈ છે. સામાન્યમાં વિશેષની નાસ્તિ છે, એવી ભિન્નતા નહીં ભાસે ત્યાં સુધી આત્મા હાથમાં નહીં આવે.

૫૬.

આત્માના ધોલન-મનનમાં એવો ચડી જાય છે કે કોઈ આવીને ખબર આપે કે– 'તમારે ત્યાં ચક્રવર્તી પધારે છે' તો તેને એમ થાય કે આવો પરિષહ ક્યાં આવ્યો?

૫૭.

શ્રી સમયસારજીમાં ગુણભેદનો નિષેધ કરનારી ગાથા ૭ અને ૧૪ છે. અને પર્યાયભેદનો નિષેધ આખા સમયસારમાં કરાવ્યો છે. તેનું કારણ એ છે કે ગુણ સ્વભાવના નિર્ણયવાળો જીવ ગુણભેદ ઉપર ઊભો રહેતો નથી. અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનો નિષેધ કરીને ગુણીમાં ચાલ્યો જાય છે. હવે આ અંદરના ભેદના અફર નિર્ણયમાં પણ આવતો નથી. પર્યાયના ઉત્પાદ-વ્યય ધર્મને જ આત્મા માન્યા કરે છે, માટે તેનો નિષેધ-ઠામ ઠામ કરેલ છે.

૫૮.

મિથ્યાત્વ હોવા છતાં, મિથ્યાત્વને વેદતો નથી, એમ કહીને ગજબ ભેદજ્ઞાનની વાત કરી છે. અસ્થિરતાને નથી વેદતો એમ કહે તો ઠીક; પણ મિથ્યાત્વને વેદતો નથી એમ કહ્યું છે. આ તીખી દ્રષ્ટિવાળાની વાત છે. અંદરમાં ડૂબકી મારનાર જીવ એમ પણ નથી જોતો કે પુદ્ગલદ્રવ્ય પુદ્ગલકર્મને કરે છે.

૫૯.

(૧) રાગ ભાવકનો ભાવ છે એમ જાણે ત્યારે ભાવ્ય ભાવકનો દોષ ટળે. (૨) જાણનારો જ જણાય છે, ખરેખર પર નહીં; ત્યારે જ્ઞેય જ્ઞાયકનો સંકર દોષ ટળે.

૬૦.

એક 'જ્ઞાયક' શબ્દમાં બાર અંગનો સાર છે. કેમકે દ્રષ્ટિના વિષયમાં 'જ્ઞાયક' અને જ્ઞાનના વિષયમાં પણ 'જ્ઞાયક'. એક 'જ્ઞાયક' નિર્મળ પર્યાયથી રહિત અને એનો એ 'જ્ઞાયક' નિર્મળ પર્યાયથી સહિત. 'જ્ઞાયક'માં જ અનુભવનો વિષય છે અને 'જ્ઞાયક'માં જ અનુભવની વિધિ રહેલી છે.

૬૧.

દ્રષ્ટિનો વિષય ખ્યાલમાં આવતો હોય અને અનુભવ ન થતો હોય તો તેણે તપાસવું જોઈએ કે જ્ઞાનના વિષયમાં ક્યાંક ભૂલ રહે છે. કેટલીક જ્ઞાનપ્રધાન વાતો પણ અનુભવમાં સહાયક થાય છે. જેમકે કર્તાકર્મનું અનન્યપણું તે અનુભવ થવામાં સહાયક છે.

૬૨.

દોષોને સ્વીકારે જ નહીં તો → જ્ઞાન ખોટું થાય. દોષોને જ સ્વરૂપ માને તો → શ્રદ્ધા ખોટી થાય.

૬૩.

શુભાશુભ ભાવો અને તેના ફળમાં તો ફસાતો નથી...પણ આનંદની ભરતી આવે તેમાં પણ ફસાતો નથી. તેનાથી ઉદાસ છું. આ દ્રષ્ટિની દોલત દેખાડાય છે.

૬૪.

ક્રોધ, માન દ્રવ્યકર્મમાં થાય છે, તેને આત્મામાં ન સ્થાપો. આત્મામાં જ્ઞાન થાય છે તેમ સ્થાપો. ક્રોધ, માન તે દ્રવ્યકર્મનું ભાવકર્મ છે. તે જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે જ્ઞાન ઉપર નજર ન હોવાથી, હું ક્રોધિત છું તેમ ભ્રમથી માને છે ત્યારે જીવપ્રત્યયરૂપ ભાવકર્મની ઉત્પત્તિ થાય છે.

૬૫.

હું અકર્તા છું તેમ દ્રષ્ટિનાં વિષયનાં પક્ષમાં આવ્યો. પછી આત્મા કર્તા પણ છે એ વાત ખ્યાલમાં આવતાં; અકર્તા છું તેવું શ્રદ્ધાનું બળ એવું ને એવું રાખીને, અકર્તા સંબંધનો રાગવાળો પક્ષ ક્રમે ક્રમે વિલય પામતો પામતો નાશ થઈ જાય છે. આ જ્ઞાનનું પડખું સમજવા જેવું છે. જો આ નહીં સમજે અને એકલા દ્રષ્ટિના વિષયના પક્ષમાં રહેશે તો દ્રષ્ટિના વિષયનો રાગ રહેશે પણ અનુભવ નહીં થાય. અનંતભવ કરવા પડશે. આ બીજો પારો ૬ ઠ્ઠી ગાથાનો છે તે અદ્‌ભૂત રહસ્યમય છે. એ વ્યવહાર પણ સમજવા જેવો છે. દ્રષ્ટિના વિષયના પક્ષથી પણ અનુભવ થતો નથી. અને કર્તાકર્મનો ભેદ દેખાય તો પણ અનુભવ થતો નથી.

૬૬.

બધે જ ક્રમબધ્ધનું સામ્રાજ્ય છે. થાય છે તેને કોણ કરે? ટળે તેને કોણ ટાળે? આત્માનો સ્વભાવ અકર્તા-જ્ઞાયક છે.

૬૭.

પરિણામથી સહિત માનીશ ત્યાં સુધી આત્મા કર્તાપણે જ ભાસશે. પ્રમાણમાં કે વ્યવહારનયમાં 'રહિત છું' તેમ દેખાડવાની શક્તિ જ નથી. નિશ્ચયનયમાં જ એ શક્તિ છે.

૬૮.

એકવાર પૂજ્ય ગુરુદેવે ક્ષમાપનાના દિવસે ફરમાવ્યું કે-'આમ તો અમે બધાને ભગવાન તરીકે જ જોઈએ જ છીએ..પણ કોઈવાર કોઈ જીવને પર્યાયની મુખ્યતાથી જોયો હોય તો ક્ષમા કરશો.' જુઓ! આ અજબ-ગજબની વાત, અદ્‌ભૂત ક્ષમાની વાત. આ સાંભળીને મને એમ થયું કે–આ ધર્માત્માની વિશાળતા કેટલી છે? તેને કોણ જાણે? જુઓ! આ વ્યવહાર ક્ષમાપનાની વાતમાં પણ તેને દ્રવ્યદ્રષ્ટિ શીખવાડી દીધી.

૬૯.

**પ્રશ્ન :** શ્રુતજ્ઞાનને આત્મા કહેવાનું પ્રયોજન શું છે?
**ઉત્તર :** શ્રુતજ્ઞાન તે પર્યાય છે તેમાં ભેદની ભ્રાંતિ રહે છે ત્યાં સુધી અનુભવ થતો નથી. માટે શ્રુતજ્ઞાનને આત્મા કહ્યો છે. આ અનાદિકાળના મિથ્યાત્વનું ઝેર ઉતારવાના મંત્રો છે.

૭૦.

પ્રવચનસાર ૧૨૪ મી ગાથામાં એમ આવે છે કે-'અર્થ વિકલ્પાત્મકં જ્ઞાનમ્ પ્રમાણમ્.' પંચાધ્યાયીમાં પંડિત રાજમલજીએ એ જ્ઞાનને અસત્ લક્ષણ કહી દીધું. આહાહાહા! કુંદપ્રભુએ કહ્યું તેને 'અસત્ લક્ષણ' કહ્યું; તે ગજબ વાત છે. આમાં રહસ્ય છે. આમાં આચાર્યદેવને જૂઠા પાડવાની વાત નથી. પણ જ્યાં સુધી એમ ભાસશે કે સ્વ અને પરને જાણવાનો મારો સ્વભાવ છે ત્યાં સુધી પરજ્ઞેયને જાણવા માટે જ્ઞેયાકાર જ્ઞાન અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાનનો જ આવિર્ભાવ થયા કરશે. પ્રમાણનો પક્ષ છોડાવવા માટે આમ કહ્યું છે. એકવાર પણ અંદરથી બળ નહીં આવે કે-'હું પરનો જાણનાર નથી' ત્યાં સુધી ઉપયોગ અંદરમાં નહીં આવે.

૭૧.

નિર્દયતાથી બે કટકા કરો કે પર્યાય મારામાં નથી. ભલે સાંખ્યમતી થઈ જાઓ... પણ પર્યાય મારામાં નથી...એમ જોર લાવો. એક વખત તો એવો સમ્યક્ એકાન્તનો પક્ષ આવવો જોઈએ કે કોઈ નિશ્ચયાભાસી કહી દે તો કહી દો!!

૭૨.

સમકિત સન્મુખ જીવે સ્વરૂપનો એવો નિર્ધાર કરેલ છે કે શ્રીગુરુ પણ વ્યવહારનયથી સ્વરૂપનું વર્ણન કરે તો તેને અંદરથી એમ થાય કે-નિશ્ચયથી હું એવો નથી. અંદરથી જોર આવે છે.

૭૩.

સમયસાર ૧૧ મી ગાથામાં વ્યવહારનયને અભૂતાર્થ કહી, એ વાતને બધે લક્ષમાં રાખે તો એને નિશ્ચયનો પક્ષ આવી જાય. સમયસાર ગાથા ૫૬ માં તેનો વધારે ખુલાસો કર્યો છે.

૭૪.

વ્યવહારનય કહે છે કે જે આત્મા નથી તેને જ હું આત્મા કહીશ, એ જ મારો ધર્મ છે. તું શા માટે મારા ઉપર ભરોસો રાખે છે. વ્યવહારનય જૂઠા બોલો છે.

૭૫.

આ વાત હું વારંવાર વારંવાર કહું છું કે અનુભવનો વિષય બરાબર સમજો. અનુભવના વિષયની સાથે અનુભવ બંધાયેલો છે. પરિણામથી કથંચિત્ ભિન્નમાં અનુભવનો વિષય રહે છે. પરિણામથી કથંચિત્ અભિન્નમાં અનુભવ આવે છે.

૭૬.

શુધ્ધભાવ અધિકારમાં દ્રવ્ય માટે 'હોવાથી' વિશેષણ બહુ આવ્યું છે. 'થવાથી' એમ આવ્યું નથી. શુધ્ધભાવની તીખી વાત ચાલતી હોય ત્યાં 'સ્યાત્પદ' થી વિપરીતતા આવી જાય છે.

૭૭.

દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી ભિન્ન છું માટે શુધ્ધ છું એવું પણ નથી. હું તો નિરપેક્ષ શુધ્ધ છું.

૭૮.

અનેકવિધ પર્યાયમાં ભગવાન આત્મા આવતો જ નથી. સામાન્ય સ્વભાવ પોતાની હદ છોડીને પર્યાયમાં આવતો જ નથી. તેથી તે તેનો કર્તા નથી.

૭૯.

દુઃખનો આત્મામાં ત્રિકાળ અભાવ હોવાથી; તેનો અભાવ કરતાં દુઃખનો અનુભવ આવતો નથી. કેમકે દુઃખ તેમાં નથી. દુઃખ અભૂતાર્થ હોવાથી સુખસ્વરૂપી આત્માની અનુભૂતિ થઈ શકે છે. તે ૧૪ મી ગાથાનું રહસ્ય છે.

૮૦.

આત્મામાં ચૈતન્યપણું વ્યાપ્ત છે. ચૈતન્ય શક્તિથી વ્યાપ્ત છે તેટલો જ આ જીવ છે. ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે પૌદ્ગલિક છે. તે જીવ તો નથી, પણ જીવના પરિણામ પણ નથી. સામાન્ય ચૈતન્ય શક્તિ એમાં વ્યાપતી નથી માટે તેઓ પૌદ્ગલિક છે. નાશવાન ભાવ મારો સ્વભાવ નથી, એ પૌદ્ગલિક છે. આંચકા આવે એવી વાત છે. આંચકો આવે ત્યારે જાગૃત થવાશે. સર્વજ્ઞ ભગવાને તેને કર્મકૃત પુદ્ગલજન્ય કહ્યાં છે.

૮૧.

નયપક્ષ છે ત્યાં સુધી રાગ છે. નિશ્ચયનયનાં પક્ષમાં આવ્યો તો પણ તે રાગ છે, તેમાં શાંતિ નથી. દ્રષ્ટિના વિષયની દ્રઢતા આવ્યા પછી તે જ્ઞાનના વિષય તરફ જાય છે. ત્યાં જ્ઞાન

મધ્યસ્થ થતાં રાગદ્વેષનું જોડકું નાશ પામી જાય છે. દ્રષ્ટિના વિષયનું જોર રંચમાત્ર ઘટતું નથી. પરંતુ દ્રષ્ટિના વિષયનો રાગ નીકળી જાય છે. પહેલાં પર્યાયને ભિન્ન કરી હતી, હવે જો સર્વથા ભિન્ન જ કરવામાં આવે તો મિથ્યા એકાંત થઈ જાય છે. જ્યાં સુધી પક્ષ છે ત્યાં સુધી સમ્યક્ એકાન્ત ન હતું.

૮૨.

અકર્તાનું જોર આવ્યું, છતાં પક્ષ છે, ત્યાં સુધી આકુળતા છે. નિશ્ચયનો પક્ષ આવ્યો તેથી શું? પક્ષમાં રહી જશે તો અનુભવ નહીં થાય. તેથી શું? એમ કહીને તારા હાથમાં કાંઇ આવ્યું નથી એમ કહેવું છે. તું શું દ્વૈતની લડાઇ કરવા માંડ્યો? એમ કહેવું છે.

૮૩.

વલણ જ્ઞાયક ઉપર આવ્યું → 'જાણનારો જ જણાય છે' તેથી કર્તા પણ હું અને કર્મ પણ હું. અકર્તા + કર્તા કર્મનું અનન્યપણું = અનુભવ. પરિણામી દ્રવ્ય જ કર્તા અને પરિણામ કર્મ; પછી પરિણામી દ્રવ્ય કર્તા અને પરિણામી દ્રવ્ય જ કર્મ. નિર્મળ પર્યાય પરિણત સ્વરૂપે હું.

૮૪.

**પ્રશ્ન :** તો શું? પહેલેથી જ મધ્યસ્થ થવું?
**ઉત્તર :** આ મધ્યસ્થ થવાની વાત ડિપોઝીટ રાખવી સારી છે. જો આ જ્ઞેયની વાતની મીઠાશ વેદાય તો તકલીફ પડી જાય એવું છે. આ વાત સમજતાં એમ ધ્યાન રાખવું કે આ જ્ઞેયની વાત છે એટલે વ્યવહારની વાત છે, ધ્યેયની નહીં.

૮૫.

(૧) જ્ઞાનપ્રધાન નિશ્ચય → માટી કર્તા છે. (૨) દ્રષ્ટિપ્રધાન નિશ્ચય → માટી અકર્તા છે. (૩) જ્ઞાનપ્રધાન નિશ્ચય → પરિણામી દ્રવ્ય કર્તા છે. (૪) દ્રષ્ટિપ્રધાન નિશ્ચય → અપરિણામી દ્રવ્ય અકર્તા છે.

૮૬.

કળશટીકા શ્લોક ૯ : (૧) પ્રમાણ → દ્રવ્યે શુધ્ધ, પર્યાયે અશુધ્ધ. (૨) નયમાં → એકને મુખ્ય કરીને, બીજાને ગૌણ કરીને. (૩) નિક્ષેપ → ઉપચાર ઘટનારૂપ જ્ઞાન તે વિકલ્પ. (૪)

(લક્ષણ) જાણવું → શુધ્ધ છું, અશુધ્ધ નથી. (૫) વિકલ્પ → (A) ખંડજ્ઞાન (B) રાગ, ચારિત્રની વિકારી પર્યાય. (૬) પ્રથમ અવસ્થામાં ભલા છે, સ્વરૂપમાત્રનો અનુભવ કરતાં જૂઠા છે.

૮૭.

પાપનું ગ્રહણ કરીને પુણ્યનો ત્યાગ કરાવ્યો નથી...પરંતુ જ્ઞાનનું ગ્રહણ કરીને, પુણ્યનું એકત્વ છોડાવ્યું છે. આ ઊંચે ઊંચે ચડવાની વાત છે.

૮૮.

ઈન્દ્રિયજ્ઞાનમાં સ્વરૂપનો નિર્ણય થાય છે, માટે તેને તું સર્વથા ન ઉડાડતો. જે સવિકલ્પ ભેદજ્ઞાન કરે છે તેને નિર્વિકલ્પ થવાનો અવકાશ છે.

૮૯.

(૧) આત્મા શુધ્ધ પર્યાયનો કર્તા છે → તે ઝેર છે. (૨) આત્મા શુધ્ધ પર્યાયનો અકર્તા છે → તે અમૃત છે. (૩) અજ્ઞાનીને એમ લાગે કે → આ સ્યાદ્વાદને ઉડાડે છે; પણ તે શ્રધ્ધાને પોષે છે તેની ખબર પડતી નથી.

૯૦.

ઉપયોગના પ્રયોગ અનુસાર કષાય થાય છે. જેટલી માત્રામાં ઉપયોગ પરમાં જોડાય તેટલો કષાય થાય છે. પરંતુ મૂળ વાત એ છે કે → પરને જાણે તો પરમાં જોડાય ને? (મૂળમાં ઘા મારવાનો છે.)

૯૧.

કળશટીકા શ્લોક ૮માં એમ ન લીધું કે ચેતના લક્ષણથી પર્યાયને જાણે છે. ત્યાં એમ કહ્યું કે જીવને જાણે છે. ભલે ભેદ પડે છે, પણ જાણે છે અભેદને. ભેદ ભેદને જોતો નથી, તે અભેદને જુએ છે. મન વડે કળી લે છે એ વાત છે. સવિકલ્પ સ્વસંવેદનથી આત્માને જાણે છે. જો પ્રેક્ટીસ વધી જાય તો ઊંઘમાં પણ આ જ આવે કે → જાણનારો જણાય છે...જાણનારો જણાય છે.

૯૨.

જુઓ જ્ઞાનની મધ્યસ્થતા! પર્યાય પોતાના ઘરની વ્યક્તિ હોવા છતાં તેને હેયની કોટિમાં મૂકી. જ્યારે છ દ્રવ્ય પોતાના ઘરની વ્યક્તિ નહીં હોવા છતાં તેને જ્ઞેયની કોટિમાં મૂક્યા.

૯૩.

જે ખરેખર પરમાત્મા નથી તેમાં પરમેશ્વરપણાની સ્થાપના થઈ શકે છે, તો જે ખરેખર પરમેશ્વર દ્રવ્ય છે તેમાં પરમેશ્વરપણાની સ્થાપના શું કામ ન કરવી?

૯૪.

જેમ કમાવવાના રસ આડે ખાવાનું પ્રયોજન ભૂલાય જાય છે તેમ દ્રવ્યના રસ આડે આનંદનું પ્રયોજન ભૂલાય જાય છે. 'આનંદ લહેંગે મગર જ્ઞાતા રહેંગે' અર્થાત્ આનંદના પ્રયોજન પ્રત્યે ઉદાસીનતા રહે છે.

૯૫.

જ્ઞાનમાં જ્ઞાન અટક્યું; ત્યાં કેવળજ્ઞાન થઈ ગયું.

૯૬.

રામનો વેષ લે તો સીતા રીઝશે. પણ હું રામનો વેષ લઉં છું ત્યાં મારા ભાવ જ પલટી જાય છે. તેવી રીતે દ્રવ્યનો વેષ લેતાં, પર્યાયને સુધારું એવો ભાવ જ રહેતો નથી.

૯૭.

જેમ કોઈ પુરુષ પરણેલો છે તેની નજર બાળકો ઉપર જાય છે કે કેટલાં બાળકો છે? તેમ આત્માને કર્તા માને તેની નજર કર્મ ઉપર જ જાય છે. તેનું ફળ સંસાર છે.

૯૮.

હું પરને મારું છું ને પરને જીવાડું છું તે અભિપ્રાય જેમ અધ્યવસાન છે, તેમ પર્યાયને ઉત્પન્ન કરું અને વ્યય કરું એ અભિપ્રાય પણ અધ્યવસાન છે.

૯૯.

સાધકને મોક્ષના અનંત સુખનો ખ્યાલ આવ્યો છે, છતાં તેના વિના જીવી શકે છે, એ પ્રતાપ ભિન્નતાના ભાનનો છે. જો આસ્રવથી ભિન્નતા ભાસી ન હોત તો સાધકપણાનો કાળ કાઢવો બહુ તકલીફવાળો થઈ જાત.

૧૦૦.

જે પ્રમાણજ્ઞાનના વિષયને શ્રધ્ધાનો વિષય બનાવે તે સ્થૂળ અને સ્પષ્ટ મિથ્યાદ્રષ્ટિ છે.

૧૦૧.

દ્રવ્યે શુધ્ધ અને પર્યાયે અશુધ્ધ આમાં જાણપણું આવ્યું; પણ આમાં હેય-ઉપાદેય ન આવ્યું! તેથી તે અજ્ઞાન છે. હેય ઉપાદેયની તાકાત નયમાં છે. માટે પ્રમાણ આત્માને પક્ષાતિક્રાન્ત કરાવીને અનુભવ નહીં કરાવી શકે.

૧૦૨.

વ્યવહારનયનાં વિષયનો પક્ષ **છોડવા યોગ્ય** છે, પણ તેનું જ્ઞાન **છોડવા યોગ્ય** નથી. એ તો જ્ઞાનનો **સ્વભાવ** છે; તેના પર બળાત્કાર કેમ કરાય!

૧૦૩.

આત્મા ઉપાદેય થાય ત્યારે પુણ્ય હેય થઈ ગયું. સમય એક હોવા છતાં તેને હેય ઉપર લક્ષ નથી. પુણ્ય જ્ઞેય તો છે ને? એમ પુણ્યને જ્ઞેય બનાવીશ તો આત્મા ક્યારે જ્ઞેય બનશે?

૧૦૪.

હું કર્મથી તો નિરપેક્ષ પણ કર્મ સાપેક્ષ સાત તત્ત્વોથી પણ નિરપેક્ષ છું. પુણ્ય-પાપ કર્મકૃત ભાવ છે, આત્મકૃત નથી. કેમકે કર્મના સંબંધથી થાય છે માટે નિમિત્ત સાપેક્ષ ગણીને તેને કર્મકૃત કહેવામાં આવે છે. કારણ જેવું કાર્ય ગણીને તેને પુદ્ગલના કહેવાય છે. પ્રયોજન સિધ્ધ કરવું છે ને!

૧૦૫.

જાણવાની વાતમાં પ્રથમ આત્માને જાણે અને નંબર બેમાં પર્યાયને જાણે. ત્રીજા નંબરમાં બન્નેને યુગપદ્ સાથે જાણે. આ ત્રણ નંબર સિવાય આત્મા બહાર જઈ શકતો જ નથી.

૧૦૬.

હું જ્ઞાતા છું → ત્યાં તમામ પ્રકારના વિકલ્પો વિરામ પામે છે. પછી નયપક્ષના વિકલ્પ રહે છે, પરંતુ 'જ્ઞાન સ્વરૂપ'માં એ નયપક્ષને સ્થાન જ નથી.

૧૦૭.

નય, આત્મામાં નથી. ધ્યાનાવલી આત્મામાં નથી. શુકલધ્યાન પણ આત્મામાં નથી. શ્રુતજ્ઞાનનો પણ આત્મામાં અભાવ છે તો પછી પ્રમાણજ્ઞાન પણ આત્મામાં નથી. નય, પ્રમાણનો આત્મામાં અભાવ છે.

૧૦૮.

જ્ઞાનનો વિષય યુગપદ્ નિર્વિકલ્પ ધ્યાનમાં પૂર્ણ થાય છે. જ્ઞાનનો વિષય સવિકલ્પમાં પૂરો થતો નથી, તેથી વિકલ્પ ઉઠે છે. ક્રમે ક્રમે જાણવું થાય તેમાં દોષ છે.

૧૦૯.

જીવ સામાન્ય અને અજીવ સામાન્ય વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય. આખોય નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મારામાં અભાવ છે એમ દ્રષ્ટિમાં લેતાં એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ (વિભાવ) **પર્યાય, પર્યાય** વચ્ચેનો છે તેમ જણાય છે.

૧૧૦.

જ્ઞાની તો પોતાની તથા પર પરિણતિને જાણતો પરિણમે છે. ધ્રુવ ઉપર લક્ષ રાખતો ઉત્પાદ, વ્યયને જાણે છે. નહીં તો પર્યાય દ્રષ્ટિ થઈ જાય.

૧૧૧.

પરનો જ્ઞાતા? કે સ્વનો જ્ઞાતા? ત્યાં નય પક્ષ ઉત્પન્ન થશે. **'માત્ર જ્ઞાતા'** તેમાં જ્ઞાન મધ્યસ્થ થશે.

૧૧૨.

મિથ્યાત્વ પણ આત્માને પ્રસિદ્ધ કરે છે. કર્તૃત્વ જ્ઞાતૃત્વને પ્રસિદ્ધ કરે છે.

૧૧૩.

વ્યવહારનો નિષેધ ન કરે તો શું દોષ આવે? તો આત્માનો નિષેધ થાય છે. તેથી બધા વ્યવહારના નિષેધમાં જ સમ્યક્ વ્યવહાર પ્રગટ થાય છે.

૧૧૪.

પ્રકાશ ઘડાને જ પ્રસિધ્ધ કરે છે? કે દીવાને પ્રસિધ્ધ કરે છે? જો તું દીવા સુધી પહોંચી જઈશ તો ઘડાની પ્રસિધ્ધિ છૂટી જશે. તેમ જ્ઞાન પરજ્ઞેયને પ્રસિધ્ધ કરે છે? કે સ્વજ્ઞેયને પ્રસિધ્ધ કરે છે? જો તું જ્ઞાયક સુધી પહોંચી જઈશ તો પરજ્ઞેયની પ્રસિધ્ધિ છૂટી જશે.

૧૧૫.

જેમ ખોરાક લઈને ચમચી છોડી ધે છે, તેમ જ્ઞેય જણાય છે તે ચમચી હતી. જ્ઞાયક જણાય છે તે ખોરાક છે.

૧૧૬.

**પ્રશ્ન :** આત્માનું ધ્યાન ન થાય ત્યાં સુધી બીજું કરવું કે નહીં?
**ઉત્તર :** તું અમારી વાત સમજ્યો જ નહીં. પહેલાં શ્રધ્ધામાં તો લે! પછી ભલે ન રહી શકે તો શુભભાવ આવશે. એ શુભભાવ આવે તેનું **ઋણ** પણ ચૂકવવું પડશે. વસ્તુ સ્થિતિ કોઈ જીવને છોડશે નહીં.

૧૧૭.

બીજું કંઈક ગુણસ્થાનની પરિપાટી અનુસાર આવશે તો ખરૂ ને? તને ખરેખર આત્માની રુચિ નથી. તું અમારી વાતને સાંભળ તો ખરો!! પરિણમન ભલે પછી થાય. જેમ શ્રીમદ્જીની વાત ભરવાડે સંઘરી લીધી. તે સમજી ગયો કે-મને મંત્ર આપે છે → 'હું ભગવાન છું.' માંડ વખત મળ્યો છે...તેથી મૂળ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જેવું છે. એક રામબાણ લાગે તો અંતર ભેદાય જાય તેવી વાત છે.

૧૧૮.

દુઃખ, સ્વભાવમાં છે નહીં. પર્યાયમાં અનંત દુઃખ છે ત્યારે સ્વભાવમાં અનંત સુખ છે. આ જૈનદર્શનની અપૂર્વતા છે.

૧૧૯.

કહેનાર સ્વભાવગ્રાહી જ્ઞાનથી કહે છે અને જોનાર પર્યાયને જુએ છે તેથી ઝગડો થાય છે. શ્રદ્ધામાં પાણી ઠંડુ છે એમ લેશે તો પાણીના પર્યાય ધર્મને ઠારવવાનો પ્રયત્ન કરશે. ઠંડા પાણીને લક્ષમાં લેનારને ઉષ્ણતા અગ્નિની દેખાય છે, પાણીની નહીં. કેમકે તે પાણીથી અણમળતો ભાવ છે. ઉષ્ણતા જેના સંબંધે થઈ છે તેથી તે તેનો ભાવ છે. રાગ પુદ્ગલનો છે અને જ્ઞાન આત્માનું છે.

૧૨૦.

અનુભવ પૂર્વે કેવો વિકલ્પ હોય તેનો કોઈ નિયમ ન હોય. કેમકે વિચાર ઔદયિકભાવ છે. એટલું ખરું કે સ્વભાવ સંબંધીનો વિચાર હોય.

૧૨૧.

(પ્રમાણભૂત દ્રવ્યમાં) બે તત્ત્વ વિરોધી ભાવે છે માટે વિધિ નિષેધ છે. તે બે તત્ત્વ વિરોધી સ્વભાવે છે માટે હેય ઉપાદેય છે. પર્યાય સક્રિય છે, દ્રવ્ય નિષ્ક્રિય છે. બેયનો વિરોધ મટી જાય ત્યારે અનુભવ થાય.

૧૨૨.

આત્મા અકારક ને અવેદક છે. આ જૈનદર્શનની મૂળ વાત નક્કી કરવા જેવી છે. તો જ પર્યાય દ્રષ્ટિ છૂટશે. ૪૫ વર્ષના ઘોલન પછી પૂજ્ય ગુરુદેવશ્રીએ વાત બહાર મૂકી છે કે → "અકર્તાપણું એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે."

૧૨૩.

અનુભવીના આત્મામાંથી જે વાત આવે તે વાત સર્વજ્ઞના જ્ઞાનમાં હોય જ હોય.

૧૨૪.

બે વાત એક જ શાસ્ત્રમાં કરી છે. (૧) નિયમથી કરવા યોગ્ય કાર્ય નિશ્ચય રત્નત્રયના પરિણામ તે પ્રગટ કરવાની વિવક્ષાથી કહ્યું. (૨) આત્મા નિર્મળ પરિણામનો કર્તા, કારિયતા, કારણ, અનુમંતા નથી તે વાત આશ્રયની અપેક્ષાથી કહી.

૧૨૫.

ઉપયોગ આત્મામાં ડૂબી જાય ત્યારે આ ઉપયોગ અને, આ ઉપયોગનો વિષય; એવું કાંઈ રહેતું નથી.

૧૨૬.

શુભની અપેક્ષાએ શુદ્ધપર્યાયનો મહિમા છે. પણ ત્રિકાળીની અપેક્ષા રાખીને તેનો મહિમા છે. ત્રિકાળીનો મહિમા આવે ત્યારે જ શુદ્ધપર્યાય પ્રગટે. પછી અશુદ્ધની અપેક્ષાએ શુદ્ધપર્યાયનો મહિમા કહેવાય. એકાન્ત શુદ્ધપર્યાયનો મહિમા આવે તો જીવ નીચે પડી જાય છે.

૧૨૭.

ઉપયોગમાં આત્માનો પ્રતિભાસ થાય છે તેથી તેને વાનગી કહી. રાગમાં આત્માનો પ્રતિભાસ થતો નથી તેથી તેને વાનગી ન કહી.

૧૨૮.

આત્મધ્યાન સિવાય અન્ય-દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદના વિકલ્પ ઉઠે છે તે અન્યવશ છે.

૧૨૯.

જો જ્ઞાન જ્ઞાનનેય ન જાણતું હોત તો આ...ઝાડ ન જણાત. જ્ઞાનમાં જ્ઞાનત્વ છે અને ઝાડમાં એકલું જ્ઞેયત્વ છે. ખાલી જાણવું તે ખરેખર જાણવું નથી. ઉપાદેયરૂપ જાણવું તે જાણવું છે.

૧૩૦.

(પંચાધ્યાયમાં કહ્યું) 'સ્વપરપ્રકાશક અસત્ લક્ષણ છે.' આ વાત કોને હજમ થાય? એકલું પરને જાણે છે તે વ્યવહાર નથી અજ્ઞાન છે. હવે સ્વ તથા પર બેયને જાણે છે તે પણ વ્યવહાર છે. એ પણ આગમનો વ્યવહાર છે. અધ્યાત્મનો વ્યવહાર તો પોતાની જ્ઞાન પર્યાયને જાણે છે તે છે.

૧૩૧.

સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે તે ઉપાદેયની મુખ્યતાથી છે. અને આનંદને જાણે છે તે જાણવાની મુખ્યતાથી કથન છે.

૧૩૨.

વ્યવહારની વાતો છે તે કામ, ભોગ, બંધનની કથા છે. પર્યાયની વાતમાં અર્થાત્ કામ, ભોગ, બંધનની કથામાં અત્યારે ‘હા’ આવે છે પણ જીવમાં મિથ્યાત્વના પરિણામ થવા અશક્ય છે.

૧૩૩.

પર્યાયમાં અજ્ઞાન છે ત્યારે આત્મા જ્ઞાનમય છે. જ્ઞેયો જણાય છે ત્યારે પણ જાણનાર જ જણાય છે...માટે જ્ઞેયકૃત અશુધ્ધતા આવતી નથી. જો આત્મા ન જણાય તો ‘હું જ દુઃખી’ તેવી જ્ઞેયકૃત અશુધ્ધતા આવી જાય.

૧૩૪.

ભૂલ શ્રધ્ધામાં થઈ છે, તેથી શ્રધ્ધા સાચી ન હોય તો નવની શ્રધ્ધા મિથ્યા થઈ જાય છે. શ્રધ્ધા સાચી હોય તો નવની શ્રધ્ધાને વ્યવહાર શ્રધ્ધા કહેવાય. બીજા પડખાંનું જ્ઞાન તે અજ્ઞાન નથી; પરંતુ સાથે તેની શ્રધ્ધા કરી લ્યે છે તે ભૂલ છે.

૧૩૫.

શ્રધ્ધા, જ્ઞાનને કહે છે કે મારે તારી સાથે ચર્ચા જ કરવી નથી. મારું કાર્ય તો પ્રતીતિ કરવાનું છે. ચર્ચા તો જે સવિકલ્પ જ્ઞાન હોય તે કરે.

૧૩૬.

તું વ્યવહારથી જોવાને ટેવાયેલો છે...તેથી તે ચક્ષુ સર્વથા બંધ કરી દે! ‘હું કોણ છું’ તે શોધવાનું છે. જેણે સમકિત પ્રગટ કરવું હોય તેણે સમકિતનો વિષય શોધવો.

૧૩૭.

કથંચિત્ શુધ્ધ, અને કથંચિત્ અશુધ્ધ એમ જાણીને હવે શું કરવું? કહે-શુધ્ધ છું અને અશુધ્ધ નથી; તેમ દ્રવ્ય ઉપર નજર રાખીને નિષેધ કરવો.

૧૩૮.

જ્ઞાન છે તે દર્પણના સ્થાને છે. જેમ દર્પણ ગરમ થતો નથી; તેમ જ્ઞાનમાં રાગ આવતો નથી. નજર દર્પણ ઉપર એટલે દળ ઉપર છે, બિંબ સામે તો નથી પણ પ્રતિબિંબ સામે પણ નથી.

૧૩૯.

શ્રધ્ધા નિર્વિકલ્પ, તેનો વિષય પણ નિર્વિકલ્પ, તેથી શ્રધ્ધા બળવાન છે. જ્યારે જ્ઞાન પોતે સ્વભાવથી સવિકલ્પ છે. તેનો વિષય પણ સવિકલ્પ અને નિર્વિકલ્પ.

૧૪૦.

નિર્વિકલ્પ નિશ્ચય, નિર્વિકલ્પ વ્યવહાર, નિર્વિકલ્પ પ્રમાણ બધું જ નિર્વિકલ્પતામાં પ્રગટે છે. નિર્વિકલ્પ નિશ્ચય = સ્વપ્રકાશક, નિર્વિકલ્પ વ્યવહાર = કથંચિત્ નિશ્ચય સ્વપરપ્રકાશક, કથંચિત્ વ્યવહાર સ્વપરપ્રકાશક. નિર્વિકલ્પ પ્રમાણ = ભાવશ્રુત પ્રમાણજ્ઞાન.

૧૪૧.

જ્ઞાયક તો જ્ઞાયક છે તે નિશ્ચય છે. આમાં જ્ઞાન પરને જાણે; જ્ઞાન આત્માને જાણે; તે બન્ને વ્યવહારનો નિષેધ થઇ ગયો.

૧૪૨.

જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું!? જ્ઞાનની પર્યાયનો નિશ્ચય આત્મા છે. અભેદનયે જ્ઞાનની પર્યાય નિશ્ચય છે. નિર્વિકલ્પ ધ્યાનમાં જે સ્થિતિ થાય તેનું નામ નિશ્ચય છે.

૧૪૩.

મહા સિધ્ધાંત → "જેમ આત્માનું જ્ઞાન હોવાથી, જ્ઞાન તે આત્મા જ છે" તેમ લખ્યું છે. પણ એમ ન લખ્યું કે → જ્ઞાન સ્વપરનું હોવાથી જ્ઞાન તે આત્મા છે. જેની સાથે તાદાત્મ્ય હોય તેની મુખ્યતા હોય. જેની સાથે તાદાત્મ્ય ન હોય તે જણાવા છતાં જણાતું નથી.

૧૪૪.

વેદ્ય → એટલે જ્ઞેય, વેદક એટલે જાણનારો. પોતે જ જ્ઞેય ને પોતે જ જ્ઞાતા તેમાં કાળભેદ નથી.

૧૪૫.

**રાગ પુદ્ગલાશ્રિત છે, જ્ઞાન આત્માશ્રિત છે. માટે રાગ કર્તાનું કર્મ થતું નથી પણ જ્ઞેય થાય છે. રાગનો કર્તા પ્રતિભાસે છે પણ કર્તા છે નહીં. હું, થતા રાગનો પણ જાણનાર અને જાણનારનો પણ જાણનાર. પછી તો એકલો જાણનારનો જાણનાર. પછી તો જાણનારનો પણ જાણનાર નહીં, 'માત્ર જાણનાર.'**

૧૪૬.

આ ત્રણ વાતનો વિચાર કરવો. (૧) જો પર્યાયમાં જ્ઞાન જ ન થતું હોત તો આત્મા જડ થઈ જાત. (૨) જો પર્યાયમાં પણ રાગ ન થતો હોત તો તે સિધ્ધ હોત. (૩) જો જ્ઞાન અને રાગ એક થઈ ગયા હોત તો ભેદજ્ઞાન જ ન થાત.

૧૪૭.

**પ્રશ્ન :** સમ્યક્ત્વ સન્મુખ જીવના લક્ષમાં પ્રયોજન શું હોય? અનુભવ કરવો છે એવું પ્રયોજન હોય કે નહીં? **ઉત્તર :** અનુભવ કરવો છે એવું એનું પ્રયોજન ન હોય. દ્રવ્ય જ એનું પ્રયોજન છે, મારે અનુભવ કરવો જ નથી.

૧૪૮.

જ્ઞાન જ્ઞેયને પ્રસિધ્ધ કરે છે તે વ્યવહાર છે એમ નહીં. જ્ઞેય જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે આ વસ્તુની સ્થિતિ છે. તેમાં નિશ્ચય, વ્યવહારનું કાંઈ કામ નથી. જ્ઞાન તો જ્ઞાનને જ પ્રસિધ્ધ કરે છે, એટલે જ્ઞાન જ્ઞેયને તો પ્રસિધ્ધ કરતું જ નથી, પણ જ્ઞેય જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે. આમાં ન્યાય છે. (૧) જ્ઞાન, જ્ઞેયને પ્રસિધ્ધ કરતું નથી. (૨) જ્ઞેય, જ્ઞેયને પ્રસિધ્ધ કરતું નથી. (૩) જ્ઞેય, જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે. જ્ઞાન જ્ઞેયને પ્રસિધ્ધ કરે છે તેમાં પર્યાયદ્રષ્ટિ થાય છે. જ્ઞેય, જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે તેમાં દ્રવ્યદ્રષ્ટિ થાય છે. જ્ઞાની થવું હોય તો વ્યવહારનો નિષેધ કરવો પડશે. જ્ઞાની થયા પછી પણ જ્ઞાનના કલ્લોલો જ જણાય છે; જ્ઞેય નહીં. એ અપૂર્વ વાત છે.

૧૪૯.

બે નય છે તેમાં પ્રયોજનની સિધ્ધિ નથી, પરંતુ જાણવાની સિધ્ધિ છે. જ્યારે શુધ્ધનય એક જ છે; તેમાં જાણવા ઉપરાંત પ્રયોજનની સિધ્ધિ પણ થાય છે.

૧૫૦.

દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયમાં ચૈતન્ય લક્ષણ જ વ્યાપે છે એમ કહીને રાગ ભિન્ન દ્રવ્ય છે તેમ કહ્યું છે.

૧૫૧.

સમયસાર-૨૭૦ મી ગાથામાં સ્વ જ તારું જ્ઞેય છે. પર જણાય છે તે અધ્યવસાન છે. આ ભાવબંધની પરાકાષ્ઠા છે. કેમકે પરને જાણનારી ત્રીજી ચક્ષુ જ નથી.

૧૫૨.

અમૃતચંદ્ર દેવે નિર્જરા અધિકારમાં કહ્યું કે 'આહારને જાણું છું.' એ વાતને જયસેન આચાર્યે ખોલી કે આહારને કેવી રીતે જાણે છે? આહારાદિકનું જ્ઞાન દર્પણવત્ થાય છે. આ બહુ ગંભીર વાત છે, બિન અનુભવીને આ વાત બેસે તેમ નથી. જેમ શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાન જણાય તે વાત અનુભવીને જ બેસે તેવી છે; તેમ આ વિષય 'દર્પણ મેં આયે હુએ પ્રતિબિંબ કે સમાન આહારાદિ કા જ્ઞાયક હી હૈ.' અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જ ઈન્ડાયરેક્ટ પર જણાય છે. આમાં જ્ઞાન જરા પણ પરસન્મુખ થતું નથી; છતાં ભાસે છે તે જ અજ્ઞાનીની ભૂલ છે.

૧૫૩.

**પ્રશ્નઃ** અમે ક્યાં અટકીએ છીએ?
**ઉત્તર :** વ્યવહારના નિષેધનું જેટલું વીર્ય ઉપડવું જોઈએ તેટલું ઉપડતું નથી. પહેલાં તો સામાન્યનો પક્ષ આવવો જોઈએ કે વિશેષ મારામાં છે જ નહીં. પક્ષ આવ્યા પછી વારંવાર તેનું વલણ થવું જોઈએ. જેનો હું સ્વામી નથી, કર્તા નથી તેને જાણવાથી મને લાભ શું? પર્યાયને કરવું તે અજ્ઞાન છે. દ્રવ્યને જાણ્યા વિના પર્યાયને જાણે તે પણ અજ્ઞાન છે.

૧૫૪.

જ્ઞાની ક્યાં જુએ છે તે મુખ્યપણે નક્કી કરવા જેવું છે. ડાયરેક્ટ પરને જાણતાં તો પરનું અવલંબન આવે, તો જ્ઞેયાર્થ પરિણમન કર્મપણે વેદાય; તો જ્ઞાન વેદાતું નથી. આહાહાહા! શું એણે લખી નાખ્યું!? 'દર્પણ મેં આયે હુએ પ્રતિબિંબ કે સમાન' કેવળ આહારાદિકનો જ્ઞાયક જ રહે છે.

૧૫૫.

ચોવીસે કલાક જ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞેયની સન્મુખ દોડે છે...તો પર જ્ઞેયનું તો જ્ઞાન થયું ને? ના, જ્ઞાન જ થયું નથી.

૧૫૬.

આત્મામાં જવા માટેનું આ મંગલાચરણ છે → સાંભળ! ખાટા મીઠાનું જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાનથી પણ થતું નથી...તો પછી અતીન્દ્રિય આનંદનું જ્ઞાન તેનાથી કેમ થાય? ઇન્દ્રિયજ્ઞાન વડે આત્માને જાણે તેવા આત્માને અમે આત્મા જ કહેતા નથી; એ તો અનાત્મા છે.

૧૫૭.

સમયસારની અગિયારમી ગાથા હૃદયમાં કોતરીને શાસ્ત્ર વાંચજે. નિગોદનો જીવ દુઃખને ભોગવતો જ નથી. અહીં દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. જ્યાં-જ્યાં વ્યવહાર આવે ત્યાં સઘળોય અભૂતાર્થ સમજજે. આ વાત ઉપર એપ્લાય કરજે. અગિયારમી ગાથા ન લખાઈ હોત તો જીવોને માર્ગ ખ્યાલમાં જ ન આવત!

૧૫૮.

વ્યવહારનો પક્ષ અનાદિનો છે. બીજો વ્યવહાર તો ઠીક, પણ સ્વપરપ્રકાશકનો પક્ષ છૂટવો કઠિન છે. પ્રમાણથી વિચારનારને નિશ્ચય હાથમાં આવે જ નહીં. તે સ્વપરપ્રકાશકનો નિષેધ ન કરી શકે.

૧૫૯.

હું માનું છું તેના કરતાં આપ જુદું કહો છો, તેથી માન્યું કે → આપ જ્ઞાની છો. મારી માન્યતા કરતાં ૧૦૦% જુદું કહે તે જ્ઞાની. ઈલાજ ત્યાંથી જ શરૂ થાય છે કે–મેં જે માન્યું હતું તે બધું કાલ્પનિક અને જૂઠું હતું.

૧૬૦.

હીરા જડેલી વાત → જ્ઞાની અને અજ્ઞાનીના પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. (૧) રાગનો કર્તા પ્રતિભાસે છે → તે અજ્ઞાન. (૨) રાગનો અકર્તા પ્રતિભાસે છે → તે જ્ઞાન.

૧૬૧.

આંખ કેવળ જાણનાર જ છે. તેમ હું કેવળ જ્ઞાયક જ છું, કર્તા નથી. (રાગની) ક્રિયાને હું કરતો નથી, તેને પુદ્ગલ જ કરે છે. ચક્ષુના દ્રષ્ટાંતમાં કથંચિત્ પણું નથી તો સિધ્ધાતમાં પણ કથંચિત્ પણું નથી. એ વાતને સિધ્ધાંતમાં ઉતારી છે. શુધ્ધજ્ઞાન અને શુધ્ધજ્ઞાન પરિણત જીવ; પર્યાય થાય છે તેમ જાણે છે, કરતો નથી. જ્ઞાતા દ્રષ્ટાના મંત્રમાં વીતરાગતા છે.

૧૬૨.

'જ' માં આવે તો ધર્મનો જન્મ થાય.
'જ' ને છોડીને 'પણ' માં આવે તો પડી જાય.
'જ' ને તેં ઝીલ્યું નહીં અને 'પણ' ને ઝીલતાં પડી ગયો.
બીજી નયને માનવા જતાં તારી દ્રષ્ટિ શુધ્ધાત્મા ઉપરથી ખસી ગઈ.

૧૬૩.

નિર્ણય વખતે શાસ્ત્રની અપેક્ષા છૂટી જાય છે. કેમકે આ જે નિર્ણય છે તે સ્વાશ્રિત છે.

૧૬૪.

આ એકલી પરમાર્થની વાત છે કે જ્ઞાનની પર્યાયને, જ્ઞાનની પર્યાય પણ કરતી નથી. 'પર્યાય છે' બસ. પર્યાય સત્ અહેતુક ભાસે ત્યારે કર્તાબુધ્ધિ છૂટી જાય.

૧૬૫.

દ્રવ્યષ્ટિ પ્રકાશ બોલ નંબર ૨૨૩.

**પ્રશ્નઃ** ઉપયોગને પોતાની તરફ ઢળવાનું એક કાર્ય કરવાનું છે ને?

**ઉત્તર :** પર્યાયની અપેક્ષાથી તો એમ જ કહેવાય. કેમકે ઉપયોગ બીજી તરફ છે તેને આ તરફ લાવો તેમ કહેવામાં આવે છે. ખરેખર તો 'હું પોતે જ ઉપયોગ સ્વરૂપ છું,' ઉપયોગ ક્યાંય ગયો જ નથી; એવી દ્રષ્ટિ થતાં ઉપયોગ સ્વસન્મુખ આવે જ. પર તરફ ઉપયોગ છે તેને એમ કહેવાય છે કે જે પર તરફ ઉપયોગ છે તેને સ્વસન્મુખ કરો. ઉપદેશ કેવી રીતે આપવો? ઉપદેશ વિના તો સમજાય નહીં.

ખરેખર તો એ વાત છે કે → 'હું ઉપયોગ સ્વરૂપ છું.' હું પોતે જ જ્ઞાનમય છું. મારું જ્ઞાન ક્યાંય ગયું જ નથી.

૧૬૬.

**પ્રશ્ન :** પોતાના અસ્તિત્વનો નિર્ણય કેમ કરવો?

**ઉત્તર :** બહેનશ્રીએ કહ્યું કે આને જાણું છું...આને જાણું છું એમ નહીં. પણ આ રહ્યો હું સૌથી જુદો જાણનાર, આ રીતે કરવો.

પૂજ્ય બહેનશ્રીએ કહ્યું કે-જ્ઞાન આત્માને છોડીને બહાર ક્યાંય જતું નથી ને! તો પછી બહાર કોને જાણે? તો પછી પરને જાણવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો? સ્વમાંથી બહાર જાય તો પરને જાણે ને! કેવો અલૌકિક ઉત્તર આપ્યો. અરે! જ્ઞાનીને ક્યારે શું ભાવ આવી જાય! અને ક્યારેક કહી પણ દે! યથાર્થ વાત પકડનારા પકડી શકે! જ્ઞાન આત્માની બહાર જતું જ નથી તો પરને જાણે ક્યાંથી? એટલે ખરેખર તો જ્ઞાન જ્ઞાનને જ જાણે છે. અને એમાં પડેલા પ્રતિબિંબને જાણે છે. એને આવું જ્ઞાન જ જણાય છે. નિશ્ચયથી તો જ્ઞાનની પર્યાય જણાય છે એમ કહ્યું.

૧૬૭.

આ...હા..હા...હા! (જ્ઞાની) આહાર, પાણીને જાણે તો એનું અવલંબન આવી જાય! કેવળી ભગવાન લોકાલોકને જાણે તો તેનું અવલંબન આવી જાય! લોકાલોક જણાય છે, ત્યારે તેઓ જાણે છે કોને? આત્માને, નજર દર્પણની સામે છે. કેવળી ભગવાન માટે દર્પણનો દાખલો શાસ્ત્રમાં ઘણી જગ્યાએ છે.

૧૬૮.

(૧) રાગ છે તે આત્માથી અનન્ય પરિણામ નથી, તેથી તે જીવના પરિણામ નથી.

(૨) રાગ છે તે જીવને પ્રસિધ્ધ કરતો નથી, તેથી જીવના પરિણામ નથી. (૩) રાગ છે તે જીવના આશ્રયે ઉત્પન્ન નહીં થતો હોવાથી તે પરિણામ જીવના નથી.

જ્યારે ઉપયોગ આત્માનો છે તેથી

(૧) ઉપયોગ આત્માથી કથંચિત્ અનન્ય થતો હોવાથી ઉપયોગ તે આત્મા છે.

(૨) ઉપયોગ આત્માને પ્રસિધ્ધ કરતો હોવાથી ઉપયોગ તે આત્મા છે.

(૩) ઉપયોગ આત્માને આશ્રયે થતો હોવાથી ઉપયોગ તે આત્મા છે.

૧૬૯.

સમયસાર ૯૨, ૯૩ ગાથામાં વસ્તુ સ્થિતિ શું છે? તેના પર વજન આપ્યું છે. બન્ને ગાથામાં દ્રષ્ટાંત સરખું અને બન્નેની વાત સમાન છે. છેલ્લે એટલું કહે છે કે, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા બની જાય છે. વસ્તુ સ્થિતિ જેમ છે તેમ જાણે તો જ્ઞાન જ્ઞાનરૂપ પરિણામે પરિણમી જાય છે. ૯૨ ગાથામાં જ્ઞાનને અજ્ઞાનરૂપ કરતો તેમ લખ્યું. ૯૩ ગાથામાં 'કરતો' ન લખ્યું. જ્ઞાનરૂપે પરિણમતો લખ્યું.

૧૭૦.

જો જ્ઞાન ઠંડું થઈ જાય તો આત્મા જડ થઈ જાય. તો તો જ્ઞાનની પર્યાય આત્માથી ભિન્ન થઈ જાય. ભવી અભવી બધાને જ્ઞાનપર્યાય અને જ્ઞાનપર્યાય પરિણત આત્માથી ટાઢી–ઉની અવસ્થા અત્યંત ભિન્ન છે. આટલું અંદરમાં બેસી જાય તો આગળ તેનાથી ઝીણું આવશે. રાગ, દ્વેષ પરિણામ તે પુદ્ગલના પરિણામ છે. તેના સંબંધથી થતું જે જ્ઞાન તે આત્માથી અભિન્ન છે. અને જે દુઃખ છે તે આત્માથી ભિન્ન છે. આ રાગ છે તેવું જ્ઞાન થયું તે આત્માથી અભિન્ન છે. આ કારણે રાગ છે તે આત્માથી અત્યંત ભિન્ન છે. આવી વસ્તુ સ્થિતિ હોવા છતાં ભેદજ્ઞાન ન કરી અને એકતા કરી અને દોષ ઊભો કરે છે. ટૂંકમાં વસ્તુ સ્થિતિ જેમ છે તેમ જાણે તો જ્ઞાની થઈ જાય. અને જે વસ્તુ સ્થિતિનું જ્ઞાન નથી કરતો તે અજ્ઞાની બની જાય છે.

૧૭૧.

સવિકલ્પ પ્રમાણનો વિચાર કરવાથી આત્મા પરથી જુદો પડી જાય છે. કર્મથી, નોકર્મથી જુદો પડી જાય છે. કર્મ, નોકર્મથી હું ભિન્ન છું પણ રાગાદિ પરિણામથી હું સહિત છું. તેનો અર્થ કે-હું પોતાના સ્વભાવને ભૂલીને રાગરૂપે પરિણમું છું. કોઈ કર્મનો ઉદય ક્રોધ કરાવતો નથી; આ આગમ પ્રમાણ થયું. હવે અધ્યાત્મ પ્રમાણમાં રાગથી હું ભિન્ન છું, પરંતુ વીતરાગી પરિણામથી હું અભિન્ન છું. આમ અધ્યાત્મ પ્રમાણમાં આવીને પછી નયનો સહારો લેવો કે શુધ્ધનયથી હું જોઉં છું તો શુધ્ધ, અશુધ્ધ પર્યાયથી હું ભિન્ન છું.

૧૭૨.

આત્માથી અનન્ય અનુભૂતિ થઈ તે પર્યાયને પર્યાયપણે જાણે છે. આ હું તેમ પર્યાયને ઉપાદેયપણે જાણતો નથી માટે પર્યાયદ્રષ્ટિ થતી નથી. આશ્રય એકનો, જ્ઞાન અનંતનું. નિર્મળ પર્યાયથી સહિત છું તેમ જાણવાથી દ્રષ્ટિનો વિષય ઢીલો પડી જાય છે તેમ

અજ્ઞાનીને લાગે છે પણ બિલકુલ ઢીલો નહીં થાય. ઉલટો એ વિષય પાકો થશે... ત્યારે સમકિત થશે, નહીં તો સમકિત નહીં થાય, એકાન્ત થઈ જશે.

૧૭૩.

પ્રજ્ઞા વડે એટલે શુદ્ધોપયોગ વડે. પ્રજ્ઞાએ જાણી લીધું કે હું શુદ્ધ આત્મા છું, હું રાગ નથી. પરિણામે અપરિણામીને ઉપાદેયપણે જાણ્યો. ષટ્કારકરૂપ પરિણમતા પરિણામે આત્માને, અનંતગુણોને અનંતધર્મોને જાણી લીધાં. પ્રમાણજ્ઞાનમાં કોઈ બાદબાકી થતી નથી. આખું પ્રમેય જ્ઞાનમાં જણાય જાય છે. દ્રવ્ય, ગુણ, પર્યાય બધું જણાય. આગમ પ્રમાણમાં રાગ પણ આવે છે. કેમકે રાગ મારામાં છે એમ જાણે છે તો રાગ ટાળવાનો પ્રયત્ન કરે છે. આગમ પ્રમાણમાં રાગ અનન્ય છે અને અધ્યાત્મ પ્રમાણમાં નિશ્ચયનયમાં રાગ અન્ય છે. જ્યાં જે પ્રકારે હોય ત્યાં તે પ્રકારે સમજવું જોઈએ. ધર્મભેદો, ગુણભેદો કથંચિત્ હો તો હો! તે કથંચિત્ છે, સર્વથા નથી. અભેદમાં ભેદ નથી.

૧૭૪.

અભેદ બે પ્રકારના છે. નિત્ય અભેદ તે ધ્યેય છે જે દ્રષ્ટિનો વિષય છે. તે અનંતગુણથી તાદાત્મ્ય એકરૂપ અપરિણામી છે; તેનાં ઉપર દ્રષ્ટિ જતાં શુદ્ધોપયોગરૂપે પરિણમે તે ક્ષણિક અભેદ છે. શુદ્ધોપયોગ અને તેનો વિષય અભેદ થઈ ગયા. તેને અનિત્ય તાદાત્મ્ય કહો કે ક્ષણિક અભેદ કહો; જુદાઈ હોવા છતાં જુદાઈ દેખાય નહીં તેનું નામ અભેદ છે.

૧૭૫.

અનુભૂતિરૂપ જ્ઞેયમાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ દેખાતા નથી. કર્તા, કર્મ, ક્રિયાના ભેદ તો છે, પણ ભેદ ભાસતા નથી. જો ભેદ દેખાય તો આત્મા કર્તા અને શુદ્ધ પર્યાય કર્મ દેખાય. શુદ્ધ પર્યાય પરિણત દ્રવ્ય કર્તા અને શુદ્ધ પર્યાય પરિણત દ્રવ્ય કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. પ્રવચનસાર ગાથા ૧૬ માં આ વાત છે.

૧૭૬.

આત્મા તથા રાગને જુદાં પાડ્યા તો શુદ્ધ પર્યાયરૂપે પરિણમે છે. તો શુદ્ધ પર્યાયથી સહિત છું તેવું જ્ઞેય જ્ઞાનમાં આવે છે. શુદ્ધ પર્યાય ભેદરૂપ હોવા છતાં, જ્ઞાનના જ્ઞેયમાં તે અભેદ છે. નિશ્ચયનયથી શુદ્ધ પરિણામથી આત્મા અન્ય છે અને વ્યવહારનયથી અનન્ય છે. અન્ય છે,

અનન્ય છે તે તો સમજાવવા માટે છે. બાકી આ બન્નેનું જ્ઞાન એક સમયમાં થઈ જાય છે. જ્ઞાન જેવું છે તેવું એક સાથે જાણવાનું કામ કરે છે. અન્ય પણ છું અને અનન્ય પણ છું; તેમાં એકાન્ત ન થયું.

૧૭૭.

સમ્યક્ એકાન્ત પૂર્વક અનેકાન્તિક જ્ઞાન પ્રગટ થયું તેમાં દ્રષ્ટિ તથા જ્ઞાનની સંધિ છે. એકલી દ્રષ્ટિના લોભમાં ખેંચાય જાય અને જ્ઞાનનો દ્રોહ કરે તો અનુભવ ન થાય અને જ્ઞેયનો જો પક્ષ આવે એટલે કે 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તંસત્' તે ઉપાદેય દ્રવ્ય છે; તો વ્યવહારનો પક્ષ થઈ ગયો, તો દ્રષ્ટિનો દ્રોહ થઈ ગયો. શ્રધ્ધા ફરતી નથી. હું તો ધ્રુવ જ છું અને અનુભવમાં અભેદ જ્ઞેય થાય છે.

૧૭૮.

ખરેખર તો નિર્વિકલ્પ ધ્યાનમાં જ નિશ્ચય અને વ્યવહાર પ્રગટ થઈ જાય છે. નિર્વિકલ્પ ધ્યાન પહેલાં નિશ્ચય કે વ્યવહાર છે જ નહીં. શુધ્ધ પર્યાયને દ્રવ્ય અડતું નથી અને નિર્મળ પરિણામથી અનન્ય તે આત્મા છે. આ સ્યાદ્વાદની લીલા છે. અદ્ભૂત વાત છે. અટપટી વાત લાગે; છતાં બન્ને કથન સત્યાર્થ છે.

૧૭૯.

**જેણે બે નયના નિશ્ચયને પકડ્યો છે તે કદી નયાભાસી થતો નથી. દ્રવ્યનો નિશ્ચય પકડ્યો છે તેથી વ્યવહારાભાસી નહીં થાય. અને પર્યાયનો નિશ્ચય પકડ્યો છે તેથી નિશ્ચયાભાસી નહીં થાય; પરંતુ અનુભવી થાય છે.**

૧૮૦.

અજ્ઞાનીનું જ્ઞાન પણ જ્ઞેયોરૂપે એટલે કે અન્ય અન્યરૂપે પરિણમતું નથી. જ્ઞેયોનો તો પ્રતિભાસ થાય છે. જ્ઞાન તો જ્ઞાનરૂપ છે. જ્ઞાનીને ધારાવાહી જ્ઞાન પ્રગટ રહે છે. જેમ અરીસાના દળમાં જ્ઞેયોના પ્રતિબિંબ પ્રવિષ્ટ પામતાં નથી, માત્ર સપાટી ઉપર પ્રતિબિંબત થાય છે. તેમ જ્ઞાયક દળમાં જ્ઞેયાકાર જ્ઞાન પ્રવિષ્ટ થતું નથી, તે તો ઉપર ઉપર જ્ઞાનાકારમાં જ હોય છે.

૧૮૧.

કર્તાકર્મનું અનન્યપણું છે માટે જ્ઞાયક છે. અનન્યપણામાં જ્ઞાતાપણું છે. અન્યપણું હોય તો જ્ઞાતાપણું રહેતું નથી. કર્તાકર્મનું અનન્યપણું અનાદિ અનંત છે; પણ...તેનું જ્ઞાન નથી. તે જ્ઞાન સમયસાર ગાથા-૬ માં કરાવ્યું છે. અનન્યપણું થાય ત્યારે દ્રવ્યદ્રષ્ટિ સમ્યક્ થાય છે. ત્યાં કર્તાકર્મનું અનન્યપણું છે. કર્તા, કર્મ અક્રમે છે. જો ક્રમે થાય તો કર્તાબુદ્ધિ થઈ, પક્ષ થાય છે. નામભેદ છે પણ વસ્તુભેદ નથી. એક વસ્તુ છે માટે અક્રમિક છે. એક ભાસે છે માટે અનન્ય છે. પોતે જાણનારો માટે કર્તા અને પોતે જણાયો માટે કર્મ. આ અનન્યપણું જાણવાથી અનુભવી થાય છે. કર્તાકર્મનું અનન્યપણું હોવાથી તે જ્ઞાયક જ છે.

૧૮૨.

**પ્રશ્ન :** પરિણામી દ્રવ્ય જ જ્ઞાતા અને પરિણામી દ્રવ્ય જ કર્તા તે બેમાં અંતર શું છે? **ઉત્તર :** અપરિણામીના એકત્વ વિના, અકર્તાના એકત્વ વિના તે કર્તા થતો જ નથી. જ્ઞાતા તેને જ કહે છે કે જે જ્ઞાયકની સાથે અનન્યપણે પરિણમે તે જ્ઞાતા અને તેનું નામ જ કર્તા. તે જ જ્ઞાતા અને તે જ જાણવામાં આવ્યો તેથી તે જ કર્મ નામ જ્ઞેય. **પ્રશ્ન :** કર્તા અને જ્ઞાતામાં શું ફેર છે? **ઉત્તર :** કર્તામાં પરિણમન કહેવું છે...અને જ્ઞાતામાં જાણવું લેવું છે. **પ્રશ્ન :** આત્મા કર્તા છે કે જ્ઞાતા છે? **ઉત્તર :** કર્તા નહીં, જ્ઞાતા જ છે. કર્તાધર્મનો પણ કર્તા નથી. જ્ઞાતામાં કર્તાના કર્તાનો નિષેધ છે. કર્તા ધર્મનો સ્વીકાર કરે છે અને ના કહે છે કે-હું કર્તા નહીં. કર્તાનો જ્ઞાતા તો છે, પરંતુ કર્તાનો કર્તા નથી. કર્તાનો પક્ષ નથી, કર્તાનું જ્ઞાન થયું છે તેથી કર્તાનો જ્ઞાતા છે. અકર્તાના પક્ષથી રહિત તે જ્ઞાયક છે. અકર્તા + જ્ઞાતા = જ્ઞાયક. **પ્રશ્ન :** જ્ઞાની કોનો ભોક્તા છે...સુખનો કે દુઃખનો? **ઉત્તર :** કોઈનો નહીં; તે તો જ્ઞાતા જ છે.

૧૮૩.

રાગાદિ ભાવો પુદ્ગલના સંબંધે થાય છે તેથી પુદ્ગલની જાતિ છે. તે અચેતન છે, જડ છે તેમ ભેદજ્ઞાનનો વિચાર કરીને સ્વભાવમાં ઘુસી જતાં; મિથ્યાત્વ અવસ્તુ થઈ જાય છે. તે પહેલાં કથંચિત્ જીવનાં, કથંચિત્ પુદ્ગલના, પણ હવે તો છે જ નહીં તો કોના કહેવા?

૧૮૪.

(૧) આપણે તો રાગાદિ જીવના પરિણામ છે તેનું જ્ઞાન કરવા રોકાવું નથી. (૨) તે પુદ્ગલના પરિણામ છે તેવું જ્ઞાન કરવા રોકાવું નથી. (૩) આપણે તો અવસ્તુ કરવાનું કામ છે.

૧૮૫.

જાણવાની આકાંક્ષામાં રહેશે ત્યાં સુધી વિકલ્પની જાળ રહેશે. એક જ્ઞાયકને જાણવાથી બધું જાણવામાં આવી જશે. અભેદને જાણે તેમાં બધા ભેદો જણાય જશે. અભેદને જાણવાથી અનંત ભેદનું જ્ઞાન તેમાં આવી જશે. ભેદને જાણવાની આકાંક્ષા વ્યવહારનો પક્ષ હોવાથી રહ્યા કરે છે. ભેદને જાણતાં જ્ઞાન વધે છે તેમ લાગે છે, પરંતુ તેમાં આત્મા ગુમ થઈ જાય છે. જ્ઞાન વધ્યું જ નથી, પરંતુ અજ્ઞાન વધ્યું છે. ભેદના લક્ષે ભેદનું જ્ઞાન થાય જ નહીં. અભેદના લક્ષે ભેદનું જ્ઞાન સહજ થશે. કેવળી ભગવાન જેટલા ભેદોને જાણે છે તેટલા ભેદોને સાધકે જાણી લીધા છે. જ્ઞેયાકાર હોવા છતાં જ્ઞાન જ્ઞાનાકાર જ રહે છે.

૧૮૬.

હું અકર્તા છું અને કર્તા નથી, આવો નિશ્ચયનયનો પક્ષ આવ્યો. પરિણામ ઉપરથી દ્રષ્ટિ ખસી ગઈ અને અકર્તાના પક્ષમાં આવ્યો ખરો; પછી જાણનારો જ જણાય છે તેવી અંતર્મુખની સ્થિતિ આવે છે...ત્યારે નિશ્ચયનયના પક્ષનો જે રાગ અને પર્યાયનો હું કર્તા નથી-તેવો દ્વેષ; તે રાગ-દ્વેષનું જોડકું એક સાથે જન્મ્યું હતું તે જોડકું એક સાથે મરે છે. એટલે અસ્ત પામે છે.

૧૮૭.

**પ્રશ્ન :** નિશ્ચયનયના પક્ષમાં આવ્યા પછી જ્ઞાન મધ્યસ્થ થતું નથી. તેનું કારણ શું છે? **ઉત્તર :** તે કારકના ભેદમાં અટકી જાય છે. હું કર્તા અને સમ્યગ્દર્શન-જ્ઞાન મારું કર્મ. ગુરુથી જ્ઞાન થાય તે ભિન્નકારક તો છૂટી ગયા છે, પણ ભેદરૂપ કારકોમાં અટક્યો છે. હું કર્તા અને શુદ્ધ પર્યાય મારું કર્મ. હું ધર્મી કર્તા અને ધર્મના પરિણામ મારું કર્મ; એમ ભેદરૂપ કારકમાં બુદ્ધિ જ્યાં સુધી રોકાય છે; જ્ઞેયમાં કર્તા, કર્મનો ભેદ દેખાતો હતો તે ભેદકારક ને ઓળંગે છે. હું જ કર્તા અને હું જ કર્મ. ભેદકારકમાં વિકલ્પનો જન્મ થતો હતો. હવે અભેદમાં આવ્યો તો ભેદરૂપ કારકનો નિષેધ થયો તેથી ત્યાં અનન્યપણું થયું. અન્ય એટલે અકર્તા + અનન્ય એટલે કર્તાકર્મનું અનન્યપણું = અનુભવ.

૧૮૮.

'કર્તા, કર્મ, ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ' અર્થાત્ ભેદ છે તો ખરો પણ ભેદ ભાસતો નથી, તેથી વિકલ્પ થતો નથી. અકર્તાને તો પ્રથમ લક્ષમાં લીધું પણ જ્ઞાનના પડખાંમાં આવ્યો તો હું કર્તા અને ભેદરૂપ પરિણામ મારું કર્મ એ ભેદરુપ કારક છે. પરિણામને કર્મ બનાવવા જાય

છે અને બની જાય છે વિકલ્પ કર્મ. કેમકે ભેદરુપ વિકલ્પમાં અટકી ગયો. તો કર્તા કર્મનું અનન્યપણું ન થયું. બહુ ગંભીર વાત છે. આ વાત લખી લેજો ને વારંવાર વિચારજો.

૧૮૯.

ધ્યાનના ધ્યેયમાં પરિણામ આવતાં જ નથી. આવા ધ્યેયપૂર્વક જ્ઞેયની અપૂર્વ સંધિ છે. જ્ઞાનીને અભેદકારકથી અનુભૂતિ થઈ. ત્યાર પછી તે સવિકલ્પ દશામાં આવે છે ત્યારે તે ઉપદેશ દે છે કે ક્રોધાદિ ક્રિયા નિષેધવામાં આવી છે, પણ જ્ઞાનક્રિયા નિષેધવામાં આવી નથી. માટે આત્મા કર્તા અને જ્ઞાન કર્મ છે. શુભાશુભ તે આત્માનું કર્મ નથી. તેનું ફળ તો આકુળતા ને દુઃખ છે, તેથી દુઃખને કર્મ ન બનાવવું. તો શું કરવું? જ્ઞાનને કર્મ બનાવો. આત્મા કર્તા અને જ્ઞાન કર્મ તે નિષેધવામાં આવ્યું નથી.

૧૯૦.

દ્રષ્ટિનો વિષય તો તેને (સવિકલ્પ પ્રતીતમાં) આવી ગયો પણ જ્ઞાનના જ્ઞેયમાં ભેદ કરતો હતો કે-આત્મા કર્તા અને સમ્યગ્દર્શન મારું કર્મ એમ જ્યાં ભેદરૂપ કર્મ દેખાય ત્યાં સમુચ્ચય કર્તાબુધ્ધિ થાય જ.

૧૯૧.

(૧) અપરિણામી અકર્તા તે પહેલો પાઠ. (૨) કર્તાકર્મનું અનન્યપણું તે બીજો પાઠ. (૩) પ્રથમ અકર્તાનો પક્ષ ગળે છે. (૪) જ્ઞાન અવસ્થામાં આવ્યો તો હવે ભેદકારકનો પક્ષ છૂટે છે. (૫) જ્યાં ભેદકારકનો પક્ષ છૂટી ગયો ત્યાં જ્ઞાન મધ્યસ્થ થઈ ગયું. (૬) મધ્યસ્થનો અર્થ-નિશ્ચય તથા વ્યવહારનું જેવું સ્વરૂપ છે તેવું જાણી લીધું.

૧૯૨.

એક સમયમાં અપરિણામીને જાણ્યો અને પરિણામીનું જે પરિણમન થયું તો તે અભેદરુપે એક જ્ઞેય થઈ ગયું. બે જ્ઞેય નથી. એક અભેદ જ્ઞેય છે. કોઈ પૂછે કે-અનુભવ કાળે છદ્મસ્થ બે જ્ઞેયને કેવી રીતે જાણી શકે? તો તેને ઉત્તર આપવો કે-પરિણામી દ્રવ્ય એક જ જ્ઞેય છે. ત્યાં પરિણામી અને અપરિણામી જુદાં નથી. આ જ્ઞાનપ્રધાન અપેક્ષાએ એક જ્ઞેયની વાત છે.

૧૯૩.

અન્યને તો સુરક્ષિત રાખ્યું. હવે અનન્યને તે જ્ઞાનના પડખાંથી જુએ છે તો પરિણામથી હું અનન્ય છું. આ વિષય વ્યવહારનો છે; પણ નિશ્ચયપૂર્વક વ્યવહાર આવી જાય છે. નિશ્ચયપૂર્વક વ્યવહારનું જ્ઞાન તે જ ધ્યેયપૂર્વક જ્ઞેયની અપૂર્વ સંધિ. સમ્યક્ એકાન્ત પૂર્વક સમ્યક્ અનેકાન્ત આવી ગયું. સ્યાદ્વાદની સિદ્ધિ થઈ ગઈ. પરિણામથી કથંચિત્ અન્ય અને કથંચિત્ અનન્ય આવે તે વ્યવહાર. શુભભાવ એ વ્યવહાર નથી.

૧૯૪.

પરિણામ મારામાં નથી, પર્યાય પરદ્રવ્ય છે, તેમાં પર્યાય પ્રત્યે દ્વેષ આવી ગયો તો પરિણામનું જ્ઞાન ન થયું. જ્યારે આ દ્વેષ છૂટે છે ત્યારે પર્યાયનું જ્ઞાન થઈ જશે. દ્વેષ છૂટી જતાં વીતરાગભાવથી પર્યાયનું જ્ઞાન થાય છે. રાગ-દ્વેષનું જોડકું એક સમયમાં છૂટે છે. એ રાગ-દ્વેષનું જોડકું અનંતાનુબંધી કષાયમાંથી જન્મતું હતું. તે સૂક્ષ્મ રાગ દ્વેષ નાશ પામે છે. **પછી સવિકલ્પદશામાં રાગ દ્વેષ ઊભાં થાય છે. પણ તેની જાતિ ફરી ગઈ. અજ્ઞાનજન્ય રાગ દ્વેષ ગયાં, અને અસ્થિરતા જન્ય રાગ દ્વેષ ઊભાં થયાં છે.**

૧૯૫.

નિશ્ચયનયના પક્ષના બે પ્રકાર છે. એક ઉપર-ઉપરનો ધારણા જ્ઞાનવાળો પક્ષ છે. એ તો અનંતવાર આવી ગયો. જ્યારે સમકિત થવાનો કાળ પાકે છે ત્યારે નિશ્ચયનો અપૂર્વ પક્ષ આવી જાય છે. જેના પાછળ નિયમથી અનુભૂતિ થાય છે. આવા અપૂર્વ પક્ષવાળાને કોઈ કોઈને ખબર પડી જાય છે...કે હવે અનુભવ થશે. અપૂર્વ પક્ષવાળાની પરિણતિ રાત-દિવસ, ખાતાં-પીતાં, અંદરમાં ઝૂકે છે. ઝૂકતાં ઝૂકતાં ઝૂકી જાય છે. **ખરેખર તો અપૂર્વ પક્ષવાળાને જ સમ્યક્ સન્મુખ મિથ્યાદ્રષ્ટિ કહેવાય છે.** પર્યાય પરદ્રવ્ય છે, તેમ પર્યાય તરફ દ્વેષ હતો; પણ ઉપેક્ષા ન હતી. ભેદકારક છોડીને અભેદ કારકમાં આવતાં... 'હું શુદ્ધાત્મા છું' એવા નિશ્ચયના પક્ષનો રાગ તેનાથી અતિક્રાન્ત થઈ ગયો. રાગ ગયો તો ત્યાં દ્વેષ પણ રહ્યો નહીં. અનુભૂતિના કાળે દ્રવ્યના જ્ઞાન સાથે પર્યાયનું જ્ઞાન ઉપેક્ષારૂપ છે. પર્યાય પ્રત્યે દ્વેષબુદ્ધિ છૂટી ગઈ અને પર્યાયનું જ્ઞાન ઉદિત થયું. શુદ્ધોપયોગ છે તે આત્મા છે તેમ જ્ઞાનપ્રધાન થયું. જ્ઞાને પર્યાયને આત્મા જાણ્યો, માન્યો નહીં. જો પર્યાયને આત્મા માને તો મિથ્યાત્વ છે.

૧૯૬.

દૂધની ચિકાશ તથાં મીઠાશ પાણીમાં વ્યાપતાં નથી. જેટલા ભાગમાં પાણી છે તેટલા ભાગમાં ચિકાશ તથા મીઠાશ નથી. દૂધને ગરમ કરતાં દૂધનો માવો બને છે અને પાણી વરાળ થઈને ઉડી જાય છે. પાણીમાં દૂધની મીઠાશ વ્યાપતી નથી માટે પાણી દૂધના પરિણામ પણ નથી. તેમ રાગ અચેતન છે, તેથી તેમાં ચેતનપણું વ્યાપતું નથી. જેટલા ભાગમાં જ્ઞાન વ્યાપે છે તેટલો આત્મા છે. રાગ છે તે અનાત્માનો ભાગ છે, તેને આત્મા માનતાં અજ્ઞાની થઈ જાય છે. રાગને જીવનાં પરિણામ કહ્યાં હતાં તો તેમાં મમત્વ, કર્તૃત્વ થતું હતું. જ્યારે તેને પુદ્‌ગલના પરિણામ જાણે ત્યારે તેમાં મમત્વ છૂટી જાય છે. જેમાં જ્ઞાન થાય છે તે મારા પરિણામ છે. જેમાં જ્ઞાન નથી તે પરિણામ મારાં નથી. ચિકાશ, મીઠાશ દૂધના લક્ષણ છે. તે લક્ષણ તેના લક્ષ્યમાં સ્વચતુષ્ટયમાં જ વ્યાપે છે. તેમ ચેતનપણું જ્ઞાનનું લક્ષણ તેના લક્ષ્યમાં- સ્વચતુષ્ટયમાં જ વ્યાપે છે. જ્યારે રાગ છે તે આત્માના સ્વચતુષ્ટયમાં વ્યાપતો નથી. તે અણમળતો ભાવ છે તેથી તે સામાન્યનું વિશેષ નથી.

૧૯૭.

જે ઉપયોગમાં પ્રતિમા જણાય છે તે જ ઉપયોગમાં આત્મા જણાય છે. કાનથી સાંભળે છે ત્યારે તે જ ઉપયોગમાં આત્મા જણાય છે; પણ તેને ઉપયોગાત્મક કરતો નથી. જ્ઞેયાકાર જ્ઞાનમાં સામાન્યજ્ઞાનનો તિરોભાવ થઈ રહ્યો છે. વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનમાં જાણનારો જણાવા છતાં.. 'મને જણાતો નથી', ત્યારે તિરોભાવ શબ્દ વાપર્યો. એટલે 'તિરોભાવ' શબ્દમાંથી નીકળે છે કે જણાઈ રહ્યો છે. 'અભાવ' શબ્દ નથી લખ્યો. જણાતો હોવા છતાં નથી જણાતો તે જ તિરોભાવ છે. આના ઉપરથી સાબિત થાય છે કે જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક છે. જ્ઞાયકના સંબંધવાળું જ્ઞાન જાણવામાં નથી આવતું તેથી સામાન્યનો તિરોભાવ છે. ખરેખર દ્રવ્યનો તિરોભાવ થતો જ નથી. દ્રવ્ય તો પ્રગટ જ છે. તેમ જ્ઞાનની પર્યાયમાં જાણવાની ક્રિયા બંધ થતી નથી.

૧૯૮.

ઉપયોગને ગમે તેટલી ચાબુક લગાવે પણ રુચિ વગર અંદર કેમ જાય? ઘોડાને ખીલા સાથે બાંધી દીધો. ઘોડો ખૂબ જ ચેતેલ છે. ચાબુક પડતાં ઘણો દોડે છે...પરંતુ ખીલાની સાથે તેને બાંધ્યો છે...તો તે ત્યાંથી કેમ છૂટે? તેમ ઉપયોગને ખીલે બાંધી દો! દોડી દોડીને કેટલે દૂર જશે?

૧૯૯.

અતીન્દ્રિયજ્ઞાનમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય છે. પરંતુ તેમાં એ મર્મ છે કે તે પરનું અવલંબન લીધા વિના જાણે છે. 'જાણવું' સ્વભાવ ભલે ભેદને જાણે પણ ભેદનું અવલંબન નથી.

૨૦૦.

ઈન્દ્રિયજ્ઞાન તે અભેદનો ભેદ નથી; તેથી તે લક્ષણ નથી. અતીન્દ્રિયજ્ઞાન તે અભદેનો ભેદ છે. ઈન્દ્રિયજ્ઞાન તો જ્ઞેય છે; તે જ્ઞાન ક્યાં છે?

૨૦૧.

પર જણાય છે એ તારી શ્રધ્ધા ખોટી છે. જ્ઞાન પરને જાણે છે એમ સમજાવવા કહ્યું; પણ શાસ્ત્રમાં તેને નયાભાસ કહ્યું છે.

૨૦૨.

જીવને અનાદિથી પરિણામનો તથા પરિણામીનો પક્ષ છે; આ બન્નેનો નિષેધ કરવા માટે 'અપરિણામી' શબ્દ વાપર્યો છે. પ્રમાણમાંથી નયનો વિષય કાઢવો; બસ આ જ શીખવા જેવું છે.

૨૦૩.

રાગની એક સમયની એક પર્યાય, તેને જાણવાની બે રીત છે. (૧) તેને વ્યવહારનયથી દેખો તો તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે, તેથી તે જીવની પર્યાય છે. (૨) રાગની પર્યાય, પુદ્ગલના સંગથી-કર્મના સંગથી થાય છે માટે તે નિશ્ચયથી પુદ્ગલના પરિણામ છે. એક પરિણામને બે દ્રષ્ટિકોણથી જાણવા જોઈએ.

૨૦૪.

(૧) રાગ કથંચિત્ જીવના પરિણામ; તેમાં જીવ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટે છે. (૨) રાગ કથંચિત્ પુદ્ગલના પરિણામ; તેમાં જીવ સાથે કર્તા-કર્મ સંબંધ છૂટે છે. કારણ કે પુદ્ગલ સાથે વ્યાપ્ય-વ્યાપકપણું છે. (૩) રાગ કથંચિત્ અવસ્તુ; તેમાં જીવ સાથે જ્ઞાતા જ્ઞેયનો સંબંધ છૂટે છે.

૨૦૫.

જ્ઞાન રાખ્યું પોતાની પાસે, અને જ્ઞેયની સ્થાપના કરી પરમાં. તો આત્મામાંથી જ્ઞેય ઉથાપી નાખ્યું. તો સ્વરૂપ હાથમાં ન આવ્યું. તેથી આત્મા જ્ઞાનમય છે અને જ્ઞેયમય પણ છે. પરને નથી જાણતો તેમાં પરનું અવલંબન છૂટી જાય છે અને પરનું જાણવું રહી જાય છે.

૨૦૬.

(સ્વને છોડીને) પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે. તેમાં મિથ્યાત્વ તૂટતું નથી. પરને જાણવાની ઈચ્છા તે વિષય, પરને કરવાની અભિલાષા તે કષાય. મિથ્યાત્વ, વિષય અને કષાય ત્રણને જીતવાથી સમ્યગ્દર્શન થાય છે.

૨૦૭.

જો પોતાનું હિત કરવું હોય તો સત્ ને આગળ કરો. (૧) પ્રમાણમાં બે સત્ છે. દ્રવ્ય સત્, પર્યાય સત્. (૨) નયમાં ત્રણ સત્ છે. દ્રવ્યસત્, ગુણસત્ અને પર્યાય સત્; તે એક સત્તાનો વિસ્તાર છે.

૨૦૮.

પ્રમાણજ્ઞાનનો વિષય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અખંડિત છે. તેનાં નયથી ટૂકડાં કરવા પડે છે. જ્ઞાનની પર્યાયથી મારો આત્મા ભિન્ન છે તો બે સત્ થયા. (૧) ત્રિકાળી સત્ (૨) ક્ષણિક સત્. હવે અનુભવમાં પર્યાય દ્રવ્યથી કથંચિત્ ક્ષણિક તાદાત્મ્ય થઈ તો પ્રમાણજ્ઞાનમાં જ્ઞેય વસ્તુ થઈ તે દ્રવ્યપર્યાય સ્વરૂપ આખી વસ્તુ છે. અનુભવના કાળમાં વિકલ્પાત્મક નય પણ નથી અને પ્રમાણ પણ નથી. અખંડના બે વાચ્ય છે. (૧) ત્રિકાળી સ્વભાવ-અખંડ પ્રતિભાસમયી (૨) પર્યાય ક્ષણિક જોડાણી તે પણ પ્રમાણથી અખંડ.

૨૦૯.

ઉત્પાદ, વ્યય ધ્રુવને ભેદ કરીને દેખો તો તે અશુદ્ધનયનો વિષય થઈ ગયો. હવે ઉત્પાદવ્યયધ્રુવને અભેદ કરીને દેખો તો તે અંશી છે, તે શુદ્ધનયનો વિષય છે. એક આત્મા છે. (આ જ્ઞાનપ્રધાન શુદ્ધનય થઈ.)

૨૧૦.

આખા જિનાગમનો પાયો શ્રદ્ધા પર છે. જ્ઞાન તથા ચારિત્રમાં મચક આવે તો તે ક્ષમ્ય છે પરંતુ શ્રદ્ધામાં મચક આવે તે ક્ષમ્ય નથી.

૨૧૧.

**"અધ્યાત્મ પ્રમાણના તેમજ આગમ પ્રમાણના જ્ઞાતા" સમ્યગ્દર્શનનાં કાળમાં થાય છે. સમ્યગ્દર્શનમાં એવું જાણ્યું કે પર્યાયમાં રાગ છે, તે આત્માના પરિણામનો ધર્મ છે. આ રીતે અનુભવના કાળમાં બે નયનો જ્ઞાતા બને છે.**

૨૧૨.

**સમયસાર ગાથા ૧૪ માં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય. (૧) અબદ્ધ-સ્પૃષ્ટ → દ્રવ્ય સ્વભાવ. (૨) અનન્ય → ક્ષેત્રે. (૩) નિયત → કાળ. (૪) અવિશેષ → ભાવ. (૫) અણસંયુક્ત → સંકલ્પ-વિકલ્પ, ભવ વિકારથી રહિત.**

૨૧૩.

ભેદજ્ઞાન થતાં વિભક્ત થવાની પ્રક્રિયા શરૂ થાય છે માટે **ભેદજ્ઞાનના વિચારમાં ગર્ભિત શુદ્ધતા થાય છે. પ્રગટ શુદ્ધતા નથી. (ભેદજ્ઞાનનો વારંવાર વિચાર કરવો તે નિશ્ચયની પ્રાપ્તિ માટે અનુકૂળ વ્યવહાર છે.)** કષાયની મંદતા તે અનુકૂળ વ્યવહાર નથી. ભેદજ્ઞાનના મંત્રથી ચૈતન્યદેવ હાજર થાય છે.

૨૧૪.

પારિણામિકભાવના બે ભેદ છે. (૧) શુદ્ધ પારિણામિક (૨) અશુદ્ધ પારિણામિક. (૧) દ્રવ્યાર્થિકનયનો પારિણામિકભાવ (૨) પર્યાયાર્થિકનયનો પારિણામિક ભાવ. આમાં જ હેય ઉપાદેય કરવાનું છે.

૨૧૫.

આત્મા પરમાત્મા છે. (જિનેન્દ્ર) પરમાત્માને તો ભગવાન કહો છો પણ આત્માને પણ પરમાત્મા કહો. અરે! જે પરમાત્માએ કર્મનો અભાવ કર્યો તે તને પરમાત્મા લાગે છે અને જે ભગવાનને કર્મ અડ્યા જ નથી એવો અબદ્ધસ્પૃષ્ટ આત્મા કે જેમાં સદા કર્મનો અભાવ જ છે તે તને કેમ ભગવાન લાગતા નથી!? જેણે શરીરનો અભાવ કર્યો છે તે તો તને પરમાત્મા

દેખાય છે પણ જેમાં શરીર જ નથી તે તને પરમાત્મા કેમ દેખાતા નથી? જેણે પત્ની કરી અને છોડી એ તો નાનો બ્રહ્મચારી છે. જેણે કદી પત્નીને અંગીકાર જ કરી નથી તે તો મોટો બ્રહ્મચારી છે. તેમ નિજ પરમાત્મા મોટો પરમાત્મા છે. તે કારણનું પણ કારણ છે. જે સદા નિષ્પન્ન છે...તે પરમાત્મા કેમ દેખાતો નથી?

૨૧૬.

શ્રધ્ધામાં કથંચિત્પણું નથી; શ્રધ્ધા પોષક જ્ઞાનમાં પણ કથંચિત્ નથી. શ્રધ્ધા સમ્યક્ કરવા માટે જ્ઞાનમાં અસ્તિ નાસ્તિ અનેકાન્ત લો! ૧૦૦% પર જણાતું નથી; ૧૦૦% જાણનાર જ જણાય છે. જ્ઞાન પોષક જ્ઞાન, અજ્ઞાન થઈ જાય છે. શ્રધ્ધા પોષક જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન થઈ જાય છે.

૨૧૭.

સર્વથા અકર્તા તે દ્રવ્યસ્વભાવનો ધર્મ છે. કથંચિત્ કર્તા તે પર્યાયનો ધર્મ છે. અકર્તા તો સર્વથા છે. જ્યારે કથંચિત્ માં કર્તાપણું લાગુ પડે છે. અકર્તા ત્રિકાળવર્તી છે. પરિણામ સમયવર્તી કર્તા છે. માટે સર્વથા કર્તા માને તો દ્રવ્યનો નાશ થાય અને સર્વથા અકર્તા માને તો સંવર, નિર્જરા અને મોક્ષ પ્રગટ થતાં નથી.

૨૧૮.

સમયસાર ગાથા ૪૦૪માં આવે છે કે રાગ વ્યવહારે જ્ઞેય થાય છે તે સમયે જ્ઞાયક પણ જ્ઞાનમાં જણાય છે, આવો વ્યવહાર અનાદિનો છે. રાગ છે તે જ્ઞેય છે, તેને જ્ઞેયપણે ન જાણતાં, હું રાગી માનતાં; વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા બની જાય છે. રાગમાં કર્મત્વ નથી, જ્ઞેયત્વ છે. અહીંયા જ્ઞાનમાં જ્ઞાનત્વ છે. રાગાદિ જ્ઞેયને આત્મા તરીકે માને તો કર્તા બની જાય છે. અને રાગાદિ જ્ઞેયને જ્ઞેય તરીકે જાણે તો વિશેષ અપેક્ષાએ જ્ઞાતા થતાં, મિથ્યાત્વ મટી જાય છે. જ્ઞાયકનો જ્ઞાતા થયા પછી, રાગ વ્યવહારે જ્ઞેય બને છે. બાકી જ્ઞેયના નામે કર્મ બનાવે છે.

૨૧૯.

પ્રમાણમાં સર્વથા ન હોય, કેમકે તેમાં નિશ્ચય અને વ્યવહાર બન્ને છે. આવું પ્રમાણજ્ઞાન દ્રવ્યદ્રષ્ટિપૂર્વક જ હોય છે. ભેદજ્ઞાનપૂર્વક પ્રમાણ થાય છે, અને આ પ્રમાણમાં ભેદજ્ઞાન વર્તે છે.

૨૨૦.

છ દ્રવ્ય જણાય છે તેમ કહીને તેનું પ્રમેયત્વ સિધ્ધ કર્યું. છ દ્રવ્ય સંબંધી પોતાનું જ્ઞાન જણાય છે તેમાં પોતાનું પ્રમેયત્વ સિધ્ધ કર્યું.

૨૨૧.

(૧) રાગને કરે તો આત્માનો નાશ થાય. (૨) રાગને જાણે તો અનુભવનો નાશ થાય. (૩) આત્મા આત્માને જાણે છે તેવા ભેદમાં અનુભવનો નાશ થાય. (૪) 'આત્મા જ જણાય છે' તેમાં અનુભવ રહે છે. સઘળાય વ્યવહારનો સર્વથા નિષેધ કરે ત્યારે અનુભવ થાય છે.

૨૨૨.

'નિષ્ક્રિય' શબ્દમાં બે ભાવ રહેલા છે. (૧) પરિણામની ક્રિયાથી રહિત, અભેદ સામાન્ય તે નિષ્ક્રિય. (૨) અનુભવમાં રાગની ક્રિયાથી રહિત થયો, તે પણ નિષ્ક્રિય.

૨૨૩.

'જ્ઞેયાકાર' શબ્દ નિમિત્ત માટે, નૈમિત્તિક જ્ઞાન માટે, સ્વાભાવિક જ્ઞાન માટે તેમજ નિરપેક્ષ જ્ઞાન માટે વપરાય છે. (૧) ક્રિયા સહિતના બાહ્ય પદાર્થો → જ્ઞેયાકાર. (૨) ઈન્દ્રિયજ્ઞાન → જ્ઞેયાકાર. (૩) સાધકનું અતીન્દ્રિયજ્ઞાન → જ્ઞેયાકાર. (૪) સાધકનો પરલક્ષી ઉપયોગ → જ્ઞેયાકાર. (૫) કેવળજ્ઞાનને પણ → જ્ઞેયાકાર. (૬) સ્વપરના પ્રતિભાસમયી ઉપયોગ → જ્ઞેયાકાર.

૨૨૪.

એકલું સામાન્ય દ્રવ્ય ધ્યેય થાય પણ તેટલું દ્રવ્ય જ્ઞેય ન થાય. સામાન્ય વિશેષાત્મક આખો પરિણામી આત્મા જ્ઞેય થાય. અંશ છે તે ધ્યેય થાય, પણ અંશ છે તે જ્ઞેય ન થાય. આખો અંશી જ્ઞેય થાય. પ્રમાણથી જુઓ તો ધ્યેય છે તે અંશ છે. અંશ જ્ઞેય ન હોય. જ્ઞેય સંધાયેલો હોય. 'યુક્તમ્' શબ્દમાં મર્મ છે. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તંસત્' સ્વાનુભવ તે જ પ્રમાણજ્ઞાન છે.

૨૨૫.

**(અપરિણામી) દ્રવ્ય પણ અખંડિત અને (પરિણામી) દ્રવ્ય પણ અખંડિત. પછી તેના બે પ્રકાર પણ નથી. બે નું એક અખંડિત છે તેમાં બે અખંડિત ગર્ભિતપણે છે.**

૨૨૬.

**પ્રશ્ન :** જ્ઞાનથી તાદાત્મ્ય કોણ છે?
(૧) જ્ઞાન આત્માથી તાદાત્મ્ય છે માટે જ્ઞાનમાં તેનો જ અનુભવ થઈ શકે છે આ ન્યાય.
(૨) જ્ઞાનથી જ્ઞાયક તાદાત્મ્ય છે માટે તેનો જ અનુભવ થઈ રહ્યો છે → આ સ્વભાવ.
(૩) જ્ઞાન આત્માથી તાદાત્મ્ય છે માટે જ્ઞાનમાં તેનો જ અનુભવ થાય છે → આ અનુભવ.

૨૨૭.

જીવની પર્યાય જીવને જાણવારૂપે પરિણમી રહી છે; જ્ઞેયની પર્યાય (ઈન્દ્રિયજ્ઞાન) જ્ઞેયને જાણવારૂપે પરિણમી રહી છે; બન્ને પરિણમન એક સાથે છે; છતાં કોઈ તકલીફ નથી.

૨૨૮.

(૧) જ્ઞેયો જણાય છે તેમાં પણ જ્ઞાયકની સિધ્ધિ. (૨) જ્ઞાન જણાય છે તેમાં પણ જ્ઞાયકની સિધ્ધિ. (૩) જ્ઞાયક જણાય છે તેમાં પણ જ્ઞાયકની સિધ્ધિ. આમાં જ્ઞાન પરને જાણે છે અને જ્ઞાનમાં પર જણાય છે તે ક્યાં આવ્યું? એટલે સ્વપરપ્રકાશક પણ સ્વપ્રકાશક જ છે.

૨૨૯.

**પ્રશ્ન : ઈન્દ્રિયજ્ઞાન (નય જ્ઞાન) કેટલું ભિન્ન છે?**
**ઉત્તર : સ્વાનુભવમાં દેખાય જ નહીં તેટલું ભિન્ન છે. નયજ્ઞાન છે તે આસ્રવ તત્ત્વ છે; સંવર તત્ત્વ નથી. નયના વિકલ્પને રાગ કહેવામાં આવે છે, તે આકુળતારૂપ છે, તેમાં આનંદ નથી. નયજ્ઞાન પરોક્ષ જ્ઞાન છે, તે પ્રત્યક્ષ જ્ઞાન નથી.**

૨૩૦.

પદાર્થનો એક પણ ધર્મ બહાર જાય નહીં; અને દીવાનો ધર્મ પોતાને છોડીને બીજાને ગ્રહે નહીં. ધર્મની લેવડ દેવડ કરવાનો વસ્તુનો સ્વભાવ જ નથી.

૨૩૧.

જ્ઞાનનું સવિકલ્પપણું સ્વાભાવિક અને વૈભાવિક પણ છે. જેમ સ્વલક્ષી જ્ઞાનમાં સ્વપરપ્રકાશકપણું છે. તેમ પરલક્ષી જ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશકપણું છે. બન્નેનો તફાવત ખ્યાલમાં આવવો જોઈએ. (પરલક્ષી જ્ઞાનમાં અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાનમાં સ્વનો માત્ર પ્રતિભાસ + પરનું લક્ષ. સ્વલક્ષીજ્ઞાનમાં અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાનમાં પરનો માત્ર પ્રતિભાસ + સ્વનું લક્ષ.)

૨૩૨.

**જેમ દ્રવ્ય, પર્યાય સ્વરૂપ વસ્તુ એક છે અને સત્ બે છે, તેમ જ્ઞાનની પર્યાય એક છે અને તેમાં બે ભાગ છે. ઈન્દ્રિયજ્ઞાનમાં...અતીન્દ્રિયતાનો અભાવ છે અને અતીન્દ્રિયજ્ઞાનમાં ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ છે. એક ભાવમાં, બીજા ભાવનો અભાવ અને એક ભાગમાં બીજા ભાગનો અભાવ.**

૨૩૩.

ઈન્દ્રિયજ્ઞાનમાં સાવધાન છે...તેથી તેને ઉપયોગની ખબર પડતી નથી. એટલે જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. પ્રગટ જ્ઞાનથી જ્ઞાયકને પ્રગટ જાણ! જો જ્ઞાનમાં જ્ઞાન આવી જાય તો જ્ઞાનમાં આત્મા જણાય જાય.

૨૩૪.

જેને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો છે તેને સવિકલ્પ જેમનું તેમ રહે છે. સવિકલ્પ (સ્વાભાવિક) જ્ઞાનમાં તેને વિચારવાની જરૂરત નથી અને તેના માટે નિર્વિકલ્પ ધ્યાનની જરૂરત પણ નથી.

૨૩૫.

અસાધારણ પાંચ ભાવમાં, જ્ઞાનપર્યાયનો સ્વભાવ ક્યાંય આવ્યો નથી. એક સત્ અહેતુક જાનનક્રિયા પ્રગટ થાય છે તેમાં જ્ઞાયક અનન્યપણે જણાય છે. ઉપયોગ છે તેને જ્ઞાયકની પણ અપેક્ષા નથી.

૨૩૬.

નયની વાત સાચી છે, પરંતુ કથંચિત્ સાચી છે. નય અનુમાન માટે છે, અનુભવ માટે નથી. દ્રવ્ય સ્વભાવને સમજવા માટે નયને સાધન કહ્યું છે પણ આત્માનુભવમાં નયનો અભાવ છે.

૨૩૭.

ઈન્દ્રિયજ્ઞાન મારાથી સર્વથા ભિન્ન છે; તે કેવળજ્ઞાનનું બીજારોપણ છે.

૨૩૮.

અભેદના લક્ષે અભેદ થઈને અભેદને જાણે છે. આત્મજ્ઞાન અભેદ થતું જ પ્રગટ થાય છે અને આત્મજ્ઞાન અભેદ થતું જ વ્યયને પામે છે.

૨૩૯.

પર્યાયને નિરપેક્ષ જાણતાં → પર્યાય દ્રષ્ટિ છૂટે છે. જ્યારે દ્રવ્યને નિરપેક્ષ જાણતાં → દ્રવ્યષ્ટિ થાય છે.

૨૪૦.

સ્વપર બેનો પ્રતિભાસ થાય છે તે ઉપયોગ અખંડ, અક્રમ, અભેદજ્ઞાન છે. આ સ્વપરપ્રકાશકમયી જ્ઞાન છે.

૨૪૧.

જ્ઞાનનો જ્ઞેયાકાર સ્વભાવ અનંત, અખંડ, અને પરિપૂર્ણ છે. અનાદિ અનંત આવો સ્વભાવ છે. પર પ્રતિભાસિત થઈ રહ્યું છે માટે તેને પરને જાણવાની જરૂરત જ નથી. તેથી સ્વભાવથી જ પરને જાણતો નથી. (૧) આવો જ્ઞેયાકાર સ્વભાવ સમજવાથી જ્ઞેયનું લક્ષ છૂટી જાય છે. (૨) આવો જ્ઞેયાકાર સ્વભાવ સમજવાથી જ્ઞાયક ઉપર જ લક્ષ આવે છે.

૨૪૨.

ખરેખર તો જ્ઞાયકનો ભેદ જ્ઞાનગુણ છે, સક્રિય ઉપયોગ પણ જ્ઞાયકનો ભેદ નથી. કેમકે એક તો ગુણ તાદાત્મ્ય છે, ઉપયોગ તાદાત્મ્ય નથી. બીજું ગુણ પારિણામિક ભાવે છે, નિત્ય છે; જ્યારે ઉપયોગ અનિત્ય છે અને તે પારિણામિક છે પણ તે પરિણામરૂપ છે. તેથી નિશ્ચયનયથી તો આત્માનું લક્ષણ સહજ જ્ઞાન સહજ દર્શન ગુણ છે. દ્રષ્ટિના વિષયના લક્ષણને બરોબર પકડવું. ઉપયોગ લક્ષણના આઠ પ્રકાર છે તે વ્યવહારનયથી લક્ષણ છે.

આ આઠ પ્રકારના લક્ષણમાં સહજ અન્વય ત્રિકાળી ગુણ લક્ષણ છે...તે નિશ્ચયનયનું લક્ષણ છે.

૨૪૩.

જેને પરિણામ માત્રથી સર્વથા ભિન્ન પરમાર્થ જીવનું સ્વરૂપ ભાસે છે તેને પરિણામની કર્તાબુધ્ધિ, ભોક્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિ ભાસતી નથી. કેમકે હું પરિણામથી તાદાત્મ્ય નથી.

૨૪૪.

**કારણશુધ્ધપર્યાયને દેખતાં...દેખતાં કારણશુધ્ધપર્યાય દેખાતી નથી કારણ પરમાત્મા દેખાય છે. જો કારણશુધ્ધપર્યાય દેખાય છે તો છઠ્ઠું આવી જાય છે. કારણ શુધ્ધ પર્યાય છે, પણ ભેદરૂપ નથી**.

૨૪૫.

સ્યાદ્વાદમાં 'છે' અને 'નથી', આવે. પદાર્થની સિધ્ધિ કરવી હોય તો પર્યાય છે અને દ્રષ્ટિના વિષયની સિધ્ધિ કરવી હોય તો પર્યાય નથી.

૨૪૬.

(૧) આત્માનો અધિકાર તે અધ્યાત્મ પધ્ધતિ. અધ્યાત્મ તે શુધ્ધ ચેતના પધ્ધતિ છે. અધ્યાત્મ અર્થાત્ નિશ્ચય. તે દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ છે. (૨) આગમ પધ્ધતિ તે પદાર્થના અધિકારને સિધ્ધ કરે છે. આગમ, ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન કહે છે; અધ્યાત્મ તેને જ્ઞેય કહે છે.

૨૪૭.

**(૧) મિથ્યાત્વને મોળું કરનાર → ભેદજ્ઞાનનો વિચાર.**
**(૨) મિથ્યાત્વનો નાશ કરનાર → અભેદનો અનુભવ.**

૨૪૮.

ઉપયોગ લક્ષણ છે તે વ્યવહાર જીવનું લક્ષણ છે. જ્યારે નિશ્ચય લક્ષણ પરમ પારિણામિકભાવ છે જે ઉપયોગ લક્ષણને પણ જુદું પાડે છે. જ્ઞેયના લક્ષણને જુદું પાડનાર ધ્યેયનું કોઈ લક્ષણ તો હોવું જોઈએ ને!? ત્રિકાળનું લક્ષણ ત્રિકાળ હોય.

૨૪૯.

લક્ષણ કેમ જુદાં પાડ્યાં? (૧) ઉપયોગ લક્ષણ (૨) પરમ પારિણામિકભાવ લક્ષણ. ઉપયોગ છે તે પર્યાય સાપેક્ષ દ્રવ્યનું લક્ષણ છે. પર્યાય સાપેક્ષ દ્રવ્ય એટલે જ્ઞેય અને તે તેનું લક્ષણ છે. પર્યાય નિરપેક્ષ દ્રવ્યનું લક્ષણ પરમ પારિણામિકભાવ છે. અથવા ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન ગુણ છે.

૨૫૦.

સમયસાર ૩૭૩ થી ૩૮૨ આ દસ ગાથાના મૂળમાં પરને જાણવાની વાત ક્યાંય નથી. પરને જાણે છે અને પછી જાણવાનું બંધ કરવાનું તેમ વાત જ લીધી નથી. પરને જાણતો જ નથી. પરને જાણતો નથી તેમાં...જાણવું નહીં છૂટે પણ ભ્રમણા છૂટી જશે. આત્માનું જ્ઞાન પરને જાણતું હોત તો પછી પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરો તેવો નિષેધ ન કરાવત. સમયસાર ગાથા ૧૪૪ માં કહ્યું કે મતિ, શ્રુતજ્ઞાનના વ્યાપારને મર્યાદામાં લાવો. પ્રવચનસાર તે જ્ઞાનપ્રધાન શાસ્ત્ર છે, છતાં કહ્યું કે તારા પરિણામને તું જાણવાનું બંધ કર! પર્યાયાર્થિકનયને સર્વથા બંધ કર! આ વાત શ્રદ્ધામાં લઈ અને પરને જાણવાનું બંધ કર્યું તો ઈન્દ્રિયજ્ઞાનને ખોરાક જ ન મળ્યો; તેથી તે થોડા સમય માટે રોકાઈ જાય છે. પછી ભેદને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે તો પણ મોહ થતો નથી.

૨૫૧.

ખરેખર તો અજ્ઞાન અવસ્થામાં ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, માટે પરને જાણવાનું બંધ કરવાનું કહ્યું છે. ખરેખર જાણતો નથી છતાં માને છે...કે 'જાણું છું'; માટે જ્ઞાની પરને જાણવાનું બંધ કરાવે છે.

૨૫૨.

કળશટીકામાં શ્લોક નં. ૧૩૦ માં કહ્યું કે ભેદજ્ઞાન વિનાશિક હોવા છતાં પણ ઉપાદેય છે. બીજી ક્રિયા ઉપર તો ઉપાદેયનો આરોપ પણ આવતો નથી. જ્યારે ભેદજ્ઞાનમાં તો ભૂત નૈગમનયના વ્યવહારે આરોપ આવે છે. ભેદજ્ઞાનમાં મિથ્યાત્વની મંદતા થયા પછી મિથ્યાત્વ ગળતાં-ગળતાં અભાવ થઈ અનુભવ થયા પછી, પૂર્વેના ભેદજ્ઞાનને ભૂતનૈગમનય લાગુ પડે છે.

૨૫૩.

કળશ ૧૩૧ માં કહ્યું કે 'ભેદજ્ઞાન વિકલ્પરૂપ છે', તો પણ ભેદજ્ઞાન સર્વથા ઉપાદેય છે. ભેદજ્ઞાનના જોરથી અભેદનો અનુભવ થાય છે. ખરેખર તો અભેદથી જ અભેદનો અનુભવ થાય છે. ભેદજ્ઞાન અમૃત છે. ભેદજ્ઞાનથી સ્વભાવનું જોર આવતું જાય છે.

૨૫૪.

સ્વપરપ્રકાશકમાં જ ખરેખર ભેદજ્ઞાનનું રહસ્ય છે. સ્વપરપ્રકાશક પ્રમાણજ્ઞાનનો વિષય છે. સ્વપરપ્રકાશક અર્થાત્ સ્વપર પ્રતિભાસ તેને એક અપેક્ષાએ સ્વભાવ કહેવાય. અને એક અપેક્ષાએ સ્વપરપ્રકાશકને વિભાવ પણ કહેવાય. જ્ઞાનની પર્યાયના પ્રમાણમાં બે અંશ છે, તેથી પરને જાણવાનું બંધ કરાવ્યું છે. તેથી વિધિ નિષેધ દ્વારા ભેદજ્ઞાન થતાં; પર પ્રકાશકનો નિષેધ કરે, એટલે કે પરનું લક્ષ છૂટે ત્યારે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય છે. પ્રવચનસાર ગાથા ૧૧૪ માં 'પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દે! સામાન્યને અવલોકતો, વિશેષને નહીં અવલોકતો.' પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરે ત્યારે દ્રવ્યાર્થિક ચક્ષુ ખુલે. આ ઓટોમેટીક સ્વીચ છે.

૨૫૫.

(૧) પર્યાય સત્ છે તેને પરમ પારિણામિકભાવની અપેક્ષા નથી.
(૨) પરમ પારિણામિકભાવને પરિણામ સત્ ની અપેક્ષા નથી.

પર્યાય સત્ છે તેથી આત્મા અકર્તા છે, જ્ઞાતા છે. અને આ બાજુથી દ્રવ્ય સત્ (અકર્તા) હોવાથી પર્યાય પણ સત્ છે, તે પણ નિરપેક્ષ અકર્તા એટલે જ્ઞાતા રહે છે.

૨૫૬.

સ્વપ્રકાશક લક્ષણથી જ બધી શરૂઆત થાય છે. કેમકે સ્વપ્રકાશક સ્વભાવ છે; પક્ષ નથી. તેથી સ્વભાવથી જ પક્ષાતિક્રાંત થાય છે.

૨૫૭.

વ્યવહાર નિષેધ્ય છે, નિશ્ચય નિષેધક છે. વ્યવહારનો નિષેધ કરે તેનું નામ વ્યવહાર પડે છે. જ્ઞેય જણાય છે તેનો નિષેધ કરે તો તેનું નામ વ્યવહાર છે. નિશ્ચય તો તેનાથી આગળ છે. વ્યવહારનો નિષેધ તે નિશ્ચયનું વાચ્ય છે. જ્યારે નિશ્ચય તો વચનાતીત છે.

૨૫૮.

પરનો પ્રતિભાસ થાય છે તેનું લક્ષ કરે તો પ્રતિભાસ, તે પ્રતિભાસસ્રૂપ ન રહ્યો. પરંતુ તે ઉપયોગાત્મક થઈ ગયો. (૧) પરનો પ્રતિભાસ ન માને તો → અજ્ઞાન. (૨) પરનાં પ્રતિભાસનું લક્ષ કરે તો પણ → અજ્ઞાન.

૨૫૯.

જે સમયે રાગનો પ્રતિભાસ થાય છે તે સમયે રાગ મને દેખાય છે તેવી બુદ્ધિ નડે છે. પરનો પ્રતિભાસ આત્મજ્ઞાન થવામાં જરા પણ નડતો નથી. હું રાગને કે રાગના પ્રતિભાસને દેખતો જ નથી...તો તુરત જ જ્ઞાન જાણવામાં આવશે.

૨૬૦.

'જ્ઞાયકભાવ' પુસ્તક – પેજ નં. ૬ 'ઘડાનો જાણનાર છે' તેમ ન કહ્યું. પરંતુ ઘડાનો જાણનાર...વાસ્તવમાં ઘડાને જાણે છે તેમ નથી. પૂજ્ય ગુરુદેવ આમાં વ્યવહારને સ્થાપે છે અને પછી વ્યવહારને ઉથાપે છે...અને નિશ્ચયનું ભાન કરાવે છે. ઘડાનો જાણનાર કહેવા છતાં જાણનાર જાણનારને જ જાણે છે, ઘડાને જાણતો નથી.

૨૬૧.

**કળશટીકા શ્લોક નંબર ૩૭ માં પ્રશ્ન ઉઠાવ્યો કે- ભિન્નનો ભાવાર્થ હું સમજ્યો નહીં! શરીરાદિ, રાગાદિ છે તે આત્માથી ભિન્ન છે. ભિન્ન છે તો તે વસ્તુરૂપ છે કે અવસ્તુરૂપ છે? ઉત્તર : અવસ્તુરૂપ છે. શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુને જાણતાં તેઓ જણાતાં નથી માટે અવસ્તુ છે. અવસ્તુ એટલે માત્ર ભિન્ન છે તેમ નહીં, પરંતુ જણાતાં જ નથી તેનું નામ ભિન્નતા છે. જે જણાતું નથી તેનું નામ પરજ્ઞેય છે. જે જણાય છે તેટલું સ્વજ્ઞેય છે.**

૨૬૨.

અનાદિથી ભૂલમાં ભૂલ થઈ રહી છે, મૂળમાં ભૂલ નથી. મૂળ તો જ્ઞાયક પરમાત્મા શુદ્ધ જ છે.

૨૬૩.

સાધક, જિનેન્દ્ર ભગવાનના દર્શન કરે છે ત્યારે તેનો ઉપયોગ ગુલાંટ ખાય છે, તેને તો જાણનાર જ જણાય છે. બહારમાં દ્રશ્ય પદાર્થ દેખાય છે ત્યારે અંદરમાં દ્રષ્ટા પદાર્થ દેખાય છે.

૨૬૪.

હું સિધ્ધ થવા માટે સિધ્ધ ભગવાનના દર્શન કરું છું. હે પ્રભો! આપ સિધ્ધાલયમાં બિરાજો છો, હું દેહાલયમાં વિરાજું છું. ખરેખર આપ સિધ્ધાલયમાં નથી અને ખરેખર હું દેહાલયમાં નથી. આપ જ્ઞાનાલયમાં પ્રતિષ્ઠિત છો અને હું પણ જ્ઞાનાલયમાં જ પ્રતિષ્ઠિત છું. જગતના સર્વે જીવો જ્ઞાનમય હોવાથી કેવળ જ્ઞાનાલયમાં જ પ્રતિષ્ઠિત છે.

૨૬૫.

પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે - સૌને જ્ઞાન જ જણાય છે. તમારા જ્ઞાનમાં જ્ઞાન સ્વરૂપ ભગવાન જ જણાય છે.
શિષ્યનો **પ્રશ્નઃ** અમને દ્રવ્ય જણાય અને તમને જ્ઞાન જણાય છે?
**ઉત્તર :** જે પર્યાયમાં આત્મા કરનાર ભાસે તે પર્યાયમાં આત્મા ક્યાંથી જણાય? તેને પર્યાયમાં દ્રવ્ય કરનારપણે દેખાશે. કઈ પર્યાયમાં જ્ઞાન સ્વભાવી આત્મા જણાય? જે પર્યાય નિરપેક્ષ હોય, બળવાન હોય તે પર્યાય એમ જાણે છે કે-મને જ્ઞાયક જણાય છે.

૨૬૬.

ઉપાદેયભૂત અભેદ ધ્યેયને જ કેવળ જાણે છે એમ પણ નથી, જ્ઞેયના કટકા ન કર.

૨૬૭.

જેનો મોક્ષ થાય છે, અથવા જેમાં મોક્ષ થાય છે તેવી પર્યાય જ મોક્ષનું કારણ છે. જેનો મોક્ષ થતો નથી; જેમાં મોક્ષ થતો નથી એવો સદાકાળ નિષ્ક્રિય મુક્ત સ્વભાવ.. મોક્ષનું કારણ નથી.

૨૬૮.

રાગને નિરપેક્ષ સિધ્ધ કરતાં નિમિત્તનું લક્ષ છૂટી જાય છે એટલે રાગ પ્રગટ જ થતો નથી. રાગને નિરપેક્ષ રાખીને...પછી અભાવને પ્રાપ્ત કરતાં આખો જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો તે દૂર થઈ જાય છે.

૨૬૯.

પર્યાયને કરતો નથી..પરંતુ જાણે જ છે તે ૩૨૦ ગાથાની સવિકલ્પ દશાની વાત છે. જ્યારે નિયમસારની પંચરત્ન ગાથાઓમાં કહ્યું કે-પર્યાયને કરતો નથી અને પર્યાયને જાણતોય નથી. સહજ ચૈતન્યના વિલાસ સ્વરૂપ આત્માને જ ભાવું છું. આ નિર્વિકલ્પદશાની વાત છે.

૨૭૦.

તારી પાસે જ્ઞાન બે પ્રકારનાં છે, તેથી વિષય પણ બે પ્રકારના છે. ત્રીજું જ્ઞાન નથી...માટે પરને જાણવું તેને અસદ્‌ભૂત વ્યવહારમાં નાખ્યું છે. પંચાધ્યાયી કર્તાએ તો આને નયાભાસમાં નાખ્યું છે.

૨૭૧.

આ આત્મા અનાદિ કાળથી ત્રણલોકનાં અનંત પદાર્થોમાં ઘૂમ્યો પરંતુ પોતાની સત્તાની નજીક ન ગયો. આજ દિવસ સુધી પોતાની પાસે ન ગયો.

૨૭૨.

આત્મામાં અનંતગુણ છે એટલે એક સમયમાં એકને વિષય બનાવવામાં આવે તો પણ અનંતકાળ સુધી ગણી ન શકાય. એક-એક ગુણ ભિન્ન ભિન્ન સ્વાદવાળા અદ્‌ભૂત છે. અનંત ઉપાદાનનો બનેલ પકવાન તેનો સ્વાદ કેવો હશે?

૨૭૩.

કર્તાકર્મ અધિકારમાં પક્ષાતિક્રાંતના શ્લોકો છે. કર્તા, ભોક્તા હો! કે કર્તા, ભોક્તા ન હો! કથંચિત્ ભોક્તા છે, કથંચિત્ ભોક્તા નથી. કથંચિત્ કર્તા છે, કથંચિત્ કર્તા નથી. તે બન્ને છે પણ તે બન્નેનો એક સમયમાં જ્ઞાતા થઈ જાય છે, બન્નેનો પક્ષ છૂટી ગયો છે. આકુળતા છૂટી ગઈ અને અક્રમે જાણતું અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન થયું. 'હો' શબ્દમાં ધર્મનું જ્ઞાન રહી ગયું અને કર્તા, ભોક્તાનો વિકલ્પ છૂટી ગયો. કર્તાનો સંકલ્પ ગયો અને અકર્તાનો વિકલ્પ ગયો, અને કેવળ અનુભવ થઈ ગયો.

૨૭૪.

જે જ્ઞાનમાં ઓમકાર ધ્વનિ જણાય છે તે જ્ઞાનની ઉપાધિ છે. તે ઉપાધિને દૂર કરે તો એકલું જ્ઞાન જ જણાય છે. નિરપેક્ષ જ્ઞાન, જ્ઞેયના સંબંધ વિનાનું જણાય છે. જે જ્ઞાન જ્ઞેયોનો સંબંધ તોડતું નથી અને સ્વજ્ઞેય સાથે સંબંધ જોડતું નથી. જે જ્ઞાનમાં નિમિત્તપણે જ્ઞેય છે તે જ્ઞેયકૃત ઉપાધિ છે. રાગ તે કર્મકૃત ઉપાધિ છે. ગુરુગમથી ઇન્દ્રિયજ્ઞાનમાં જે સમજણ થઈ તે જ્ઞેયકૃત ઉપાધિ છે; જ્ઞાન નથી. જે જ્ઞાનમાં એકલા પર જ્ઞેયની પ્રતીત થાય તે જ્ઞાન નથી પણ જ્ઞેય છે.

૨૭૫.

ભાવકના ભાવને ભાવકનો ભાવ માનવો તે ભેદજ્ઞાન છે. ઉપયોગના ભાવને ઉપયોગનો ભાવ માનવો તે ભેદજ્ઞાન છે. ભાવકના ભાવને, જીવનો ભાવ માનવો તે મિથ્યાદર્શન છે.
(૧) પુદ્ગલપિંડ સંબંધી ભાવકર્મ → દ્રવ્યકર્મનો અનુભાગ.
(૨) અજીવ સંબંધી ભાવકર્મ → ક્રોધ, માન, માયા આદિ પરિણામ.
(૩) જીવ સંબંધી ભાવકર્મ → જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિના નિર્મળ પરિણામ.

૨૭૬.

જ્ઞાતા જ્ઞેયનો વ્યવહાર બે દ્રવ્યો વચ્ચે કહ્યો તે ઉપચારથી કહ્યો. જ્ઞાતા જ્ઞેયનો નિશ્ચય એક દ્રવ્યમાં કહ્યો તે નિશ્ચયથી કહ્યો.

૨૭૭.

પરપ્રકાશકપણું કે સ્વપ્રકાશકપણું તે જ્ઞાનની પર્યાયનો પોતાનો સ્વભાવ છે. તેમાં સ્વ કે પર દ્રવ્યોની અપેક્ષા નથી.

૨૭૮.

ખરેખર તો જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન જ થયા કરે છે. હવે તેમાં વિવક્ષાનાં ભેદ કરો તો નિશ્ચય-વ્યવહાર છે. પણ જાણવું...જાણવું...જાણવું સામાન્ય રાખો તો કેવળ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન...જ છે.

૨૭૯.

એક એક શ્વાસ જ્ઞાયકના જોરથી નીકળવા જોઈએ. પૈડાંને ન જો રસ્તા તરફ જો. પરિણામને ન જો..! જ્ઞાયક તરફ જોતાં પરિણામ બરોબર થઈ જાય છે. દશા તરફ ન જો! દિશા તરફ જો!!

૨૮૦.

ઉપયોગ દ્વારા સીધા ઉપયોગીને પકડે તો શ્રધ્ધાને ફેરવવાની જરૂર રહેતી નથી. સુખ, વીર્ય વગેરે ગુણને ફેરવવાની જરૂર નથી. ચારિત્ર મેળવવા માટે તેને સાધનની જરૂર નથી.

૨૮૧.

આત્માએ રાગને છોડ્યો તેમ ન લેવું. કેમકે આત્મા જ્ઞાનપ્રત્યાખ્યાન છે. રાગના અભાવ સ્વરૂપે રહેલો આત્મા અપોહક છે. રાગને ગ્રહણ કર્યો જ નથી તો છોડે કેવી રીતે!?

૨૮૨.

(૧) કર્મમાં રાગ છે, રાગમાં કર્મ છે. (અભેદથી)
(૨) કર્મમાં આત્મા નથી, આત્મામાં કર્મ નથી. (બે દ્રવ્યોની ભિન્નતા)
(૩) જ્ઞાનમાં રાગ નથી, રાગમાં જ્ઞાન નથી. (સ્વભાવથી)
(૪) આત્મામાં જ્ઞાન છે, જ્ઞાનમાં આત્મા છે. (તાદાત્મ્યથી)

૨૮૩.

વર્તમાન યોગ્યતાથી સમ્યગ્દર્શન થાય છે, પૂર્વના સંસ્કારથી નહીં. પુરુષાર્થ સમય...સમયનો છે. વર્તમાન પર્યાય આત્મસન્મુખ થઈ તે વર્તમાન પુરુષાર્થ છે. બાકી વ્યવહારના કથનો ઘણાં આવે. પૂર્વના સંસ્કાર પર નજર ગઈ તો તમારી દ્રષ્ટિ પર્યાય પર છે, હું વર્તમાનમાં પરમાત્મા છું...ત્યાં દ્રષ્ટિ ન આવી.

૨૮૪.

**(૧) રાગ છે તે નિશ્ચયે પુદ્ગલના પરિણામ છે તેમ માનનાર વ્યવહારાભાસી થતો નથી.**
**(૨) રાગ છે તે જીવના પરાશ્રિત પરિણામ છે તેમ જાણનાર નિશ્ચયાભાસી થતો નથી.**
**(૩) રાગ છે તે વ્યવહારે જીવના પરિણામ છે...તેથી તે ત્યાગવા યોગ્ય છે અને**

**નિશ્ચયથી રાગી તો પુદ્ગલ જ છે તેમ માનનાર ઉભયાભાસી થતો નથી. આવું ભેદવિજ્ઞાન ભાવતાં અનુભવ થાય છે અને તે નયોનો જ્ઞાતા થાય છે.**

૨૮૫.

સમયસાર ગાથા ૧૦૨ માં જયસેન આચાર્યદેવે નિશ્ચયથી કથન કર્યું છે. જે સમયે મિથ્યાત્વ થાય છે તે જ સમયે ભોગવાય જાય છે. પછી ફળ ભોગવાય છે તેમ નથી. કેમકે ફળ આગળ-પાછળ ન હોય. જે સમયે પરિણામમાં મિથ્યાત્વ થયું તે જ સમયે આકુળતા ભોગવાય છે. વ્યવહારની જે લાંબી પરંપરા છે તેને નિશ્ચય ઉડાડી ઘે છે.

૨૮૬.

(૧) જ્ઞાયક પરમગુરુ નિષ્ક્રિય છે તે → અકર્તા છે.
(૨) જ્ઞાયક સન્મુખનું જ્ઞાન ગુરુ છે તે → કર્તા છે.
(૩) પરિણામમાં જ્ઞાયક જણાયો તેવો જ્ઞાન શિષ્ય છે તે → કર્મ છે.

૨૮૭.

**જાણનારો જણાય છે તેવી ભાવનામાંને ભાવનામાં સહજ અનુભવ થઈ જશે. ભાવભાસનમાં અપૂર્વતા ભાસતી હોવાથી તે ઉતાવળ પણ કરતો નથી અને પ્રમાદ પણ કરતો નથી. જાગૃતિ પૂર્વક પગલાં માંડે છે. (૧) ઉતાવળમાં, કર્તાબુધ્ધિ થવાનો સંભવ છે. (૨) પ્રમાદમાં, નિરાશ થવાનો સંભવ છે. માટે સમકિત થશે એવો વિશ્વાસ રાખીને પ્રયત્ન ચાલુ રાખવો. કર્તાબુધ્ધિ પણ ન આવે અને પ્રમાદ પણ ન થાય એવો વચ્ચેનો માર્ગ લઈ લેવો.**

૨૮૮.

(૧) આત્માનો સ્વભાવ જ્ઞાન, તેમાં ત્રિકાળી ગુણ લીધો માટે તે દ્રવ્યનો નિશ્ચય છે. (૨) જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું, તે પર્યાયનો નિશ્ચય છે. (એક સિધ્ધાંતમાં દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય સમાય ગયા.)

૨૮૯.

**પ્રશ્ન :** ભાવેન્દ્રિય તેમજ ભાવકર્મ તે બેમાં તફાવત શું છે?

**ઉત્તર :** દ્રવ્ય સંગ્રહમાં કહ્યું કે બેમાં કોઈ જ તફાવત નથી. બન્ને અસદ્‌ભૂત વ્યવહારનયમાં જાય છે. ધારણા જ્ઞાન પણ જ્ઞેયના ખાતામાં જાય છે, જ્ઞાનના ખાતામાં નહીં. ઈન્દ્રિયજ્ઞાન તે જ્ઞાનનો મળ અને મેલ છે. જ્યારે મોહ, રાગ, દ્વેષ એ શ્રધ્ધા અને ચારિત્રનો મેલ છે.

૨૯૦.

જેમાં વિવક્ષાનો અભાવ તેને સામાન્ય ઉપયોગ કહેવાય. જો તે ઈન્દ્રિયનું અવલંબન લ્યે તો તે સાપેક્ષ થઈ જાય છે. અને દ્રવ્યનું અવલંબન લ્યે તો પણ સાપેક્ષ થઈ જાય છે. જ્યારે ઉપયોગ તો નિરપેક્ષ છે. સામાન્ય ઉપયોગમાં કેવળ જાણવું... જાણવું...જાણવું જ છે. તે જ ઉપયોગ સામાન્ય દ્રવ્યનું લક્ષ કરે તો અતીન્દ્રિય થઈ જાય છે. અને તે જ ઉપયોગ પરનું લક્ષ કરે તો ઈન્દ્રિયજ્ઞાન થઈ જાય છે.

૨૯૧.

**પ્રશ્ન :** ઈન્દ્રિયજ્ઞાન તો જ્ઞેય છે, તે તો પોતાને જાણતું નથી. ત્રિકાળી નિષ્ક્રિય સામાન્ય જ્ઞાયક તો જ્ઞાયકને જાણતું નથી અને અતીન્દ્રિય જ્ઞાન તો અમારી પાસે છે નહીં તો હવે આત્માને કેમ જાણવો?

**ઉત્તર :** અનંતકાળથી જીવની પાસે સાધન છે તે અભેદપણે છે. ઉપયોગમાં જે જાણવું...જાણવું ક્રિયા થાય છે તે અભિન્ન સાધન છે.

૨૯૨.

**પ્રશ્ન :** આત્મા તથા ઈન્દ્રિયજ્ઞાનને ભિન્ન કેમ કરવાં?

**ઉત્તર :** આત્મા તથા ઈન્દ્રિયજ્ઞાનના ભિન્નપણામાં અભિન્ન સાધન જ તેને ભિન્ન કરે છે. તે આત્માથી અભિન્ન હોય છે. ભેદ-ભિન્નતા તે સાધન જ નથી. ઈન્દ્રિયજ્ઞાન તો સ્વ-પરને વિભક્ત કરતું નથી..અને અમૂર્તિક આત્માને જાણતું નથી. જ્ઞાન તેને કહીએ જેની સાથે અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવે. તથા જ્ઞાન તેને કહીએ જે આત્માના આશ્રયે થાય.

૨૯૩.

નય વિવક્ષાથી જોવામાં આવે તો પરમ પારિણામિકભાવના આધારે ચારભાવો નથી. પરમ પારિણામિકના આધારે ગુણો રહેલા છે. જો ચાર ભાવ દ્રવ્યના આધારે રહેલા હોય તો હેય-ઉપાદેય ન થાય.

૨૯૪.

અનુભૂતિ વિશેષ હોવા છતાં વિશેષોનું વિસ્મરણ છે. એક-એક ગુણના ચિંતવનમાં આખો ગુણી એકરૂપે અનુભવમાં ન આવતાં, ગુણી પરમાત્માનો અનાદર થાય છે; તેથી ગુણભેદનો નિષેધ કરવો.

૨૯૫.

અનુભવમાં આખો આત્મા અભેદપણે જણાય છે. પરિણામી આત્મા કર્તા અને પરિણામી આત્મા કર્મ બને છે. કથંચિત્ પરિણામી થયો પરંતુ અકર્તા તો સર્વથા જ રહ્યો. (૧) અભેદ ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી. (૨) પરિણામી જ્ઞેયમાં પર્યાયભેદ દેખાતો નથી.

૨૯૬.

આત્માના ગુણનો વિચાર કરે તે દોષ નથી, પરંતુ તે વિચારમાં સંતોષ પામવું તે દોષ છે. આત્મા અનંતગુણમયી છે, તેમાં એક એક ગુણનો વિચાર કરવો તે વિશેષ છે અને વિશેષ છે તે ભેદ છે. જ્યારે આત્મા અવિશેષ છે અર્થાત્ અભેદ છે.

૨૯૭.

સામાન્ય દ્રવ્યનું જ્ઞાન થતાં જ વિશેષનું સમ્યગ્જ્ઞાન થાય છે. વિશેષનું જ્ઞાન કરવામાં આત્માનું જ્ઞાન થઈ શકતું નથી. વિશેષનું જ્ઞાન કરવાનો ઉત્સાહી; તે સામાન્યનું જ્ઞાન કરી શકતો જ નથી.

૨૯૮.

**એક જીવના પરિણામ અને બીજા અજીવના પરિણામ; તે બન્નેથી જીવ જુદો રહી જાય છે. તેમાં (૧) આત્માનાં અકર્તાપણાની સિદ્ધિ થાય છે. (૨) ક્ષણિક ઉપાદાનની સિદ્ધિ થાય છે. (૩) ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય છે. (૪) કેવળજ્ઞાનની સિદ્ધિ થાય છે.**

૨૯૯.

ઉપયોગ પ્રગટ છે તો તેના આધારે દ્રવ્ય પ્રગટ છે. અંશ પ્રગટ છે તો અંશી પણ પ્રગટ છે. ઉપયોગનું અસ્તિત્વ બતાવે છે કે આત્મા પ્રગટ જ છે.

૩૦૦.

નિમિત્તનાં લક્ષે પરિણામ દેખાય અને ઉપાદાનના લક્ષે જીવ દેખાય.

૩૦૧.

વ્યવહાર, વ્યવહારનય અને વ્યવહારદ્રષ્ટિ તે ત્રણે જુદી ચીજ છે. (૧) આત્માનો વારંવાર વિચાર કરવો તે વ્યવહાર છે. (૨) સાધક દશામાં નિશ્ચયનયપૂર્વક વ્યવહારનય પ્રગટે છે. (૩) વ્યવહારદ્રષ્ટિ તે તો સ્પષ્ટ મિથ્યાદ્રષ્ટિ છે.

૩૦૨.

અમૃત જેવી વાત → અહીંયા જ્ઞાનનું જ્ઞેય સિધ્ધ કરવું છે. દ્રષ્ટિના વિષય સાથે મૈત્રી થતાં ઉપાદેય-ઉપાદાનના ભેદ મટી જાય છે. પ્રયોજન પર્યાય દ્રષ્ટિ છોડાવવી છે; પર્યાયનું જ્ઞાન ત્રણકાળમાં છૂટી શકતું જ નથી.

૩૦૩.

અટપટી વાત → નવતત્ત્વો વ્યવહારનયના વિષય હોવાથી તેને જ્ઞાનનું જ્ઞેય બનાવતાં સમ્યગ્દર્શન નહીં થાય. અને નવ તત્ત્વને (પ્રથમથી જ) જ્ઞાનના જ્ઞેયમાંથી ઉડાડી દ્યે તો પણ સમ્યગ્દર્શન નહીં થાય. નવતત્ત્વમાંથી શુધ્ધનયનો વિષય તારવાનો છે.

૩૦૪.

ન્યાય દીપિકામાં આવે છે કે – ઈન્દ્રિયજ્ઞાન ઘડા જેવું છે. કેમકે તે સ્વપરને જાણતું નથી. જે જ્ઞાન સ્વને જાણતું નથી તે જ્ઞાન પરને પણ જાણતું નથી.

૩૦૫.

જ્યાં જ્યાં જ્ઞાન છે; ત્યાં ત્યાં આત્મા છે. જ્યાં જ્યાં આત્મા છે; ત્યાં ત્યાં જ્ઞાન છે. તેમ અનુમાન કરી અને જ્ઞાનની પર્યાયને સ્વરૂપમાં વાળવી. ઉપયોગ સ્વભાવ તરફ વળતાં-વળતાં વળી જાય છે. ઢળતાં-ઢળતાં ઢળી જાય છે.

૩૦૬.

'આત્મા ત્રણેકાળ સ્વભાવથી જ પરિપૂર્ણ છે,' તેમ દેશનાલબ્ધિ સાંભળતાં મનમાં બળ આવ્યું અને અનુભવ થતાં પરિણામમમાં બળ આવ્યું.

૩૦૭.

એક સંસ્કાર નાખવાની વાત આવે છે અને એક નિર્ણયની વાત આવે છે. વર્તમાનમાં હું એક છું, પરિપૂર્ણ છું તેવો નિર્ણય કરી લે! કેમકે નિર્ણયવાળો જીવ પ્રયોગ કરે છે. માનસિક જ્ઞાનમાં શુધ્ધાત્મા ઉર્ધ્વ થયો છે. નિશ્ચયનયના પક્ષમાં આવ્યો તેને સાતિશય મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. કેમકે 'ચિરં અચિરં' થોડા કાળમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લેશે. જ્યારે સંસ્કારના ભરોસે રહેવા જેવું નથી.

૩૦૮.

પ્રથમ અકર્તાની દ્રષ્ટિ માટે બહારનું નાટક જોવાનું બંધ કર્યું. અને એ રીતે તેને અનુભવ થયો. 'હું અકર્તા છું' તેવું સમ્યક્ ભાન થયું. અંદરમાં ડૂબકી મારીને બહાર આવ્યો ત્યારે જોયું કે જૂનાં કર્મો નવાં કર્મોને બાંધે છે → આ સૂક્ષ્મ ભેદજ્ઞાન છે.

૩૦૯.

હું કર્તા બનતો હોઉં તો પુદ્ગલ પરિણામને છોડું ને! પરંતુ 'હું તો અનાદિ અનંત અકર્તા છું.' અકર્તાની દ્રષ્ટિ થતાં જ સમ્યગ્દર્શન થાય છે. માટે અકર્તાપણું તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે.

૩૧૦.

અંદરમાં ડૂબકી મારેલો જીવ ખરેખર એમ પણ નથી જોતો કે આ પરિણામ છે કે નહીં? એ તો સવિકલ્પદશામાં આવે છે ત્યારે તેનું જ્ઞાન થાય છે. અંદરમાં લીન છે ત્યારે બહારમાં શું થાય છે તેની ખબર જ નથી.

૩૧૧.

કરવાના અભિપ્રાય ઉપર ચોકડો મારવો પડશે! હું જાણું છું તેમ નથી આવતું ને હું કરું છું તેમ કેમ આવે છે? અકર્તા કોના જેવો છે? અરિહંત ભગવાન જેવો છે. ક્યારે? ત્રણેકાળ. બુધ્ધિને બહાર ભમાવ નહીં; બુધ્ધિને મર્યાદામાં લાવ.

૩૧૨.

પ્રમાણ સપ્તભંગી પદાર્થની સિદ્ધિ કરે છે. તેમાં હેય-ઉપાદેય કરવાની શક્તિ નથી. નય સપ્તભંગી તે વ્યવહારનો નિષેધ કરે છે અને ઉપાદેય તત્ત્વનો નિશ્ચય કરાવે છે. પ્રમાણનું અનેકાન્ત તેમાં જાણવાની મુખ્યતા રહેલી છે. નયનું અનેકાન્ત તેમાં અસ્તિ, નાસ્તિ એટલે વિધિ-નિષેધની મુખ્યતા રહેલી છે. જ્ઞાયકનું જ્ઞાન થાય છે, રાગનું નહીં → તે નય સપ્તભંગી છે. જ્ઞાયક જણાય છે અને રાગ પણ જણાય છે → તે પ્રમાણ સપ્તભંગી છે.

૩૧૩.

જ્ઞાન જેવું વ્યાપકપણું જગતમાં અન્ય જગ્યાએ કાંઈ નથી. અને શ્રદ્ધા જેવું સંકુચિતપણું જગતમાં અન્ય જગ્યાએ કાંઈ નથી.

૩૧૪.

**પ્રશ્ન :** દ્રવ્યમાં પર્યાય અભેદ થાય છે કે તેનું જ્ઞાન થાય છે?
**ઉત્તર :** દ્રવ્યમાં પર્યાય અભેદ થાય છે માટે અભેદનું જ્ઞાન થાય છે. શુદ્ધ પર્યાયથી ક્ષણિક અભેદ થાય છે, પરંતુ બન્ને તાદાત્મ્યપણે અભેદ થતું નથી. જો ત્રિકાળ અભેદ થાય તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય. જુનું અભેદ સામાન્ય તત્ત્વ અનાદિ અનંત છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામે પરિણમતો આત્મા જે ધ્યેયપૂર્વક જ્ઞેય થયું તે નવું અભેદ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ છે ત્યાં સુધી અન્યમતી છે; જૈનમતી નથી.

૩૧૫.

અવ્યક્તપણે વિભક્ત તેનું નામ અપૂર્વ પક્ષ. પૂર્વે કદી ન આવેલો પક્ષ. રાગાદિથી તેનું દ્રવ્ય ભિન્ન પડી જાય છે, તો પણ સમ્યગ્દર્શન થયું નથી. હવે સમ્યગ્દર્શન માટે લાંબો ટાઈમ ન જાય. પંચાધ્યાયકર્તાએ કહ્યું-શુદ્ધનયનો પક્ષ આવ્યો, ભાવિ નૈગમનયે સમ્યક્ થઈ ગયું જા!

૩૧૬.

**પ્રશ્ન :** અપૂર્વ પક્ષવાળાને હેય, ઉપાદેયનું પરિણમન રહે છે?
**ઉત્તર :** હું 'હા' અથવા 'ના' કંઈક જ નહીં કહું. કેમકે તે વચનાતીત છે, નિર્વિકલ્પવત્ છે અને કેવળ અનુભવગમ્ય છે. આ અપૂર્વ પક્ષ છે તે વચનથી અગોચર છે અને હજુ નિર્વિકલ્પ થયો નથી. અરે! તેને હેય તત્ત્વ યાદ જ આવતું નથી.

૩૧૭.

'પ્રજ્ઞા વડે આત્માને જાણવો.' એટલે સ્વપ્રકાશક થયું. જેને શુધ્ધાત્માના દર્શન કરવા હોય તેણે પરની સાથે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છોડવો પડશે. અભેદ થયા પહેલાં અંદર જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ જોડવો પડશે. અંદર અભેદ થયા પછી વ્યવહારથી પરની સાથે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ કહેવાય; પરંતુ તેને જ્ઞેયમાં આત્મબુધ્ધિ થતી નથી. હવે તેને જ્ઞેય, જ્ઞેયપણે ભાસે છે...પરંતુ ઈષ્ટ કે અનિષ્ટપણે ભાસતું નથી.

૩૧૮.

જ્ઞાનના બહાના નીચે અને શાસ્ત્રમાંથી પણ વ્યવહારને કાઢે છે તે મૂર્ખ છે. શાસ્ત્રપાઠી જ્ઞાનના વિષયને આગળ કરે છે. જ્યારે જ્ઞાની દ્રષ્ટિના વિષયને આગળ કરે છે.

૩૧૯.

જેમ સ્વરૂપ છે તેમ માત્ર જાણવાનું છે.
(૧) પ્રકાશ → ઘડાને પ્રકાશે છે તે બુધ્ધિ મિથ્યા છે.
(૨) પ્રકાશ → પ્રકાશને પ્રકાશે છે તે બુધ્ધિ સમ્યક્ છે.
(૩) પ્રકાશ → દીપકને પ્રકાશ્યા પછી ઘટને પ્રકાશે છે તે વ્યવહાર છે.
(૪) જ્ઞાન → જ્ઞેયને પ્રકાશે તે બુધ્ધિ મિથ્યા છે.
(૫) જ્ઞાન → જ્ઞાનને પ્રકાશે તે બુધ્ધિ સમ્યક્ છે.
(૬) જ્ઞાન → જ્ઞાયકને પ્રકાશ્યા પછી જ્ઞેયને પ્રકાશે છે તે વ્યવહાર છે.

૩૨૦.

(૧) બાર અંગને જાણવા તે → મનનો ધર્મ છે. (૨) શુધ્ધાત્માને જાણવો તે → જ્ઞાનનો ધર્મ છે.

૩૨૧.

ત્યાગ બુધ્ધિ થવી તે જુદી વાત છે અને ત્યાગ થવો તે જુદી વાત છે. (૧) પુણ્ય-પાપના ભાવમાં મમત્વ ન કરવું તે ત્યાગબુધ્ધિ છે. (૨) ચારિત્ર અપેક્ષાએ ત્યાગ તે સાતમા ગુણસ્થાને છે. (૩) આઠમાં, નવમાં, દસમાં ગુણસ્થાને કષાયનો ત્યાગ છે. (૪) બારમાં ગુણસ્થાને ઈન્દ્રિયજ્ઞાનનો ત્યાગ છે.

૩૨૨.

નયનો ધર્મ જાણવું છે, કરવું નથી. ઉત્પાદ થયેલા જ્ઞાનના ગર્ભમાં કેવળ જાણવું... જાણવું... જ છે. 'કરવું' થાય તો વ્યવહાર ન રહે અને જાણવું પણ ન રહે. હવે નિશ્ચય તેમજ વ્યવહારને ગૌણ કરો તો એકલું જ્ઞાન જ છે. તે વ્યવહાર નથી અને નિશ્ચય પણ નથી.

૩૨૩.

(૧) ભેદ ઉપચાર → ભૂમિકાને યોગ્ય વ્યવહાર રત્નત્રય. (૨) અભેદ ઉપચાર → જ્ઞાનની શુધ્ધ પરિણતિ. (૩) અભેદ અનુપચાર → નિર્વિકલ્પ શુધ્ધોપયોગ. (૪) સાધક ત્રણેયને ઓળંગીને આત્મામાં ચાલ્યો જાય છે.

૩૨૪.

આત્મા શુધ્ધ હતો, આત્મા શુધ્ધ છે અને આત્મા શુધ્ધ રહેશે; તેમાં પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન, આલોચના ત્રણેય થઈ ગયા.

૩૨૫.

પર્યાયને જાણતાં અનંતકાળથી સ્વચ્છંદી થયો છે. હવે ત્રિકાળી શુધ્ધદ્રવ્યને જાણતાં...એક વખત જોઈ લે કે સ્વચ્છંદી થાશ કે તેમાં સ્વતંત્ર થાશ!

૩૨૬.

દ્રષ્ટિમાં અનેકાન્ત ન હોય અને જ્ઞાનમાં એકાન્ત ન હોય. અનેકાન્ત છે છતાં પણ અનેકાન્તમાં અનેકાન્તનો પક્ષ નથી. આવું વીતરાગી જ્ઞાન મધ્યસ્થ છે.

૩૨૭.

ધારણામાં શુધ્ધદ્રવ્ય જ ઘોળાતું હોવા છતાં નવ નવ કોટિએ આ જ ઉપાદેય છે તેમ રુચિ ન ઉપજે તો અનુભવ ન થાય. નવ નવ કોટિએ આત્મા આનંદ સ્વરૂપ છે તેમ લે!

૩૨૮.

જ્ઞાન ગુણ એક, પર્યાય એક, સમય એક, કર્તા એક, અને તે ઉપયોગના બે સ્વભાવ હોવાથી સાધકને બે ઉપયોગ છે. છદ્મસ્થને બે ઉપયોગ એક સાથે કામ કરતા નથી પણ એક લબ્ધરૂપ હોય છે અને એક ઉપયોગાત્મક હોય છે.

૩૨૯.

એક જ્ઞાન પર્યાયમાં ત્રણ પ્રકારના વ્યવહાર છે.
(૧) પરાશ્રિત વ્યવહાર → લોકાલોકને જાણે તેવો વ્યવહાર.
(૨) ભેદાશ્રિત વ્યવહાર → જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનપર્યાય જણાય તેવો વ્યવહાર.
(૩) અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર → જ્ઞાનપર્યાયમાં જ્ઞાયક જણાય તેવો વ્યવહાર.

૩૩૦.

પરિણામને અશુદ્ધ માને તો ગૃહિત મિથ્યાત્વ છૂટતું નથી. શુદ્ધાત્માને અશુદ્ધ માને તો અગૃહિત મિથ્યાત્વ છૂટતું નથી.

૩૩૧.

જે જ્ઞાન આત્માનું અવલંબન લે છે તે નિશ્ચયનય છે. જે જ્ઞાન વ્યવહારનો નિષેધ કરે છે તે નિશ્ચયનય છે. નિશ્ચયનય એકલો નિષેધાત્મક જ નથી, પરંતુ પરમાર્થનો પ્રતિપાદક પણ છે. વિધિ-નિષેધ તે જૈનદર્શનનો પ્રાણ છે.

૩૩૨.

દુઃખને જાણવું તે → અજ્ઞાન ચેતના છે.
દુઃખને મારું માનવું તે → કર્મચેતના છે.
દુઃખને હું ભોગવું છું તે → કર્મફળ ચેતના છે.

૩૩૩.

તર્કથી અનુમાન થાય; તર્કથી અનુભવ ન થાય. સ્વભાવ અતર્ક ગોચર છે. અર્થાત્ તર્કથી અગોચર હોય છે. સ્વભાવમાં તર્કને અવકાશ જ નથી.

૩૩૪.

રાગના ઉત્પાદ વખતે ચારિત્ર મોહનું આલંબન હતું. રાગના વ્યય સમયે તેને ચારિત્ર મોહનું લક્ષ નહીં હોવાથી...તે વ્યય નૈમિત્તિકિપણે નથી...પરંતુ સ્વભાવપણે છે. તેથી સ્વભાવ અંદર જાય છે અને તે પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય છે. જ્યારે રાગભાવ પોતે ઉપાધિ હોવાથી અંદર જતો નથી.

૩૩૫.

આત્મા પ્રાપ્ત જ છે...તેવો ખ્યાલ આવે તેનું નામ જ પ્રાપ્તિ છે. પ્રાપ્તિ પણ માત્ર ઉપચારથી જ કહી છે. કેમકે પ્રાપ્તિમાં પ્રાપ્તિ દેખાતી નથી. 'હું સદા પ્રાપ્ત છું' તેમ દેખાયું. લક્ષ (પ્રાપ્ત) પ્રગટ પરમાત્મા પર રહે છે અને લક્ષ વિના જ્ઞાન જાણે છે કે 'પ્રાપ્તિ થઈ.' હવે (અજ્ઞાની) જે પ્રાપ્ત છે શુધ્ધાત્મા તેની પ્રાપ્તિની ભાવના ભાવે છે, એ વિપરીતતા છે. આત્મા પ્રાપ્ત થયો એમ કહે તે પણ ઉપચાર છે.

૩૩૬.

જ્ઞાનપર્યાયમાં પરના પ્રતિભાસની અસ્તિ, મારામાં નાસ્તિ, એવી મારી અસ્તિ; તે અસ્તિની મસ્તિ તેનું નામ સમ્યગ્દર્શન છે. આત્મામાં પરનો પ્રતિભાસ થતો જ નથી...પરંતુ પર્યાયમાં થાય છે. દર્પણ (દળ) તેને કહીએ જેમાં ચહેરો દેખાય જ નહીં. દર્પણની પર્યાયમાં ચહેરો દેખાય છે. આત્માનુભવ વખતે પરનો પ્રતિભાસ પણ નથી. આ પ્યોર લક્ષની વાત છે. લક્ષમાં કોઈ અપેક્ષા નહીં અને જાણવામાં કોઈ પ્રતિબંધ નહીં → આ મંગળમય સૂત્ર છે.

૩૩૭.

આત્મા, કર્મના સંયોગથી ભિન્ન છે. સ્વભાવમાં કર્મ છે જ નહીં. અરે...સ્વભાવની બાજુમાં પણ કર્મ નથી. કેમકે શુધ્ધજીવની આજુ બાજુમાં શુધ્ધતા જ છે, તેથી કર્મ નથી. જીવના સંયોગમાં તો જીવનું જ્ઞાન થાય છે એવો જ જીવ છે. એકલો, કોઈના સંગ વિનાનો. જેનાં સંયોગમાં કોઈ નથી તેનું નામ અસંયોગી તત્ત્વ છે. કર્મ જીવના સંયોગમાં છે તે પણ વ્યર્થનો કોલાહલ છે. જીવના સંયોગમાં કર્મને સિધ્ધ કરે તો સંયોગીભાવ સિધ્ધ થશે, પરંતુ...અસંયોગી તત્ત્વ સિધ્ધ નહીં થાય.

૩૩૮.

જે જીવ, શુદ્ધતાના બે પ્રકાર અર્થાત્ બે ભેદ માને છે તે જિનેન્દ્રદેવના મતની બહાર છે. (૧) દ્રવ્યરૂપ શુદ્ધતા (૨) શુદ્ધ પર્યાય પ્રગટી તેવી શુદ્ધતા. અહીં કહે છે 'સામાન્ય શુદ્ધમ્, વિશેષ અશુદ્ધમ્.' કેમકે વિશેષને જોવાથી અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. 'વિશેષ અશુદ્ધમ્' તેમ મોટું બોર્ડ મારી દેજો! જેથી તેને જોવા જવાનું રહેશે નહીં.

૩૩૯.

**'સામાન્ય' બે પ્રકારના. (૧) ધ્યેયરૂપ અપરિણામી અને (૨) જ્ઞેયરૂપ પરિણામી ઉપયોગ પરિણત આત્મા. બન્ને અનાદિ અનંત છે. પ્રથમ 'સામાન્ય' આશ્રય યોગ્ય છે અને બીજું 'સામાન્ય' જાણવા યોગ્ય છે.**

૩૪૦.

આ ભગવાનની વાણી છે હોં! લખી લેજો. સમસ્ત નયજ્ઞાન દોષરૂપ છે. કેમકે કેવળજ્ઞાનમાં કે અનુભવ જ્ઞાનમાં નય નથી. નય વિકલ્પ ક્રમિક છે → માટે અપરમાર્થ છે. જ્યારે જ્ઞાન અક્રમિક છે → માટે પરમાર્થ છે.

૩૪૧.

ધ્રુવને અંશ તરીકે જુએ ત્યાં સુધી વિકલ્પ રહે છે. હવે તેને અંશી તરીકે જોતાં પૂરી વસ્તુ દ્રષ્ટિમાં આવે છે.

૩૪૨.

જ્ઞાન સામર્થ્ય → બહાર જતાં રોકે છે. જ્ઞાન સ્વભાવ → સમજે તો અંતર્મુખ થઈ જાય છે. સામર્થ્યની વાત બહિર્મુખતા કરાવતી નથી. દરેક વાતનો હેતુ તો અંતર્મુખતા કરાવવાનો જ છે.

૩૪૩.

બધું જ પ્રતિભાસે છે એવું સ્વપર પ્રતિભાસમયી જ્ઞાન છે. તો પછી એક-એક જ્ઞેયની સન્મુખ થઈને એક એક જ્ઞેયને શા માટે જાણું? આમ સમજીને પણ જ્ઞાન જ્ઞેયોથી વિમુખ થઈને આત્માની સન્મુખ થઈ જાય છે. જાણનારો જ જણાય છે, ખરેખર પર નહીં; તેમ કરીને પણ જ્ઞાન આત્મ સન્મુખ થઈ જાય છે. બન્ને સ્વભાવની સમજણ બહિર્મુખતાનું કારણ ન થાય.

તેથી નિષ્કર્ષ નીકળ્યો કે પ્રતિભાસ જણાય જાય તે દોષ નથી પણ પ્રતિભાસનું લક્ષ કરવું તે દોષ છે.

૩૪૪.

કોઈ પદાર્થને અરીસા પર અડાડી દ્યો...પછી તે પદાર્થનો પ્રતિભાસ થાય છે તેમ તેને થોડું જ દેખાશે? હવે તે પદાર્થને અરીસાથી દૂર લઈ જાવ તો ખબર પડે કે પદાર્થનો પ્રતિભાસ દેખાય છે. તેવી જ રીતે ઈન્દ્રિયજ્ઞાન પર પદાર્થને ચિપકીને એકત્વપૂર્વક જાણે છે, તેથી તેમાં એમ ખબર પડતી નથી કે પદાર્થોનો પ્રતિભાસ જણાય છે. તેને એમ દેખાય છે કે આ પદાર્થો જ જણાય છે. હવે જે જ્ઞાન, જ્ઞેયથી છૂટું પડેલું છે, તે પદાર્થથી દૂર રહીને, જ્ઞેયથી વિમુખ રહીને જાણતું જ્ઞાન છે. તે જ્ઞાનમાં એમ ખબર પડે છે કે પર નહીં, પરંતુ પરનો પ્રતિભાસ જણાય છે.

૩૪૫.

હું જાણનારને જાણું છું. તેમાં જાણનાર જ જાણવા લાયક છે તેવો નિર્ણય તો થાય છે પરંતુ જાણનારનું જાણવું પ્રગટ થતું નથી. કેમકે ત્યાં ક્રિયામાં અહમ્ થાય છે. ક્રિયા, ક્રિયામાં અહં કરીને દ્રવ્યમાં અહં કરી શકતી જ નથી અર્થાત્ દ્રવ્યને જાણી શકતી નથી. તે તો દ્રવ્યમાં અહં કરીને જ દ્રવ્યને જાણી શકે છે. તેથી આ મહામંત્ર છે → દ્રવ્યનું જાણવું લક્ષ પૂર્વક જ થાય છે અને પર્યાયનું જાણવું લક્ષ વિના જ થાય છે.

૩૪૬.

અનુભવના કાળે, દ્રવ્યના લક્ષે; દ્રવ્ય-પર્યાયમાં કાંઈ ભેદ દેખાતો નથી. પર્યાય મને અડી લ્યે છે, હું તેને અડતો નથી. પર્યાય મને અડી લ્યે છે તે પણ કહેવાની વાત છે. પર્યાયમાં ખરેખર દ્રવ્ય આવતું જ નથી. પણ 'હું દ્રવ્ય' એવું જ્ઞાન થાય છે. પર્યાય ક્ષણિક ઉપાદાનથી પોતાના દ્રવ્યની રચના કરે છે. પર્યાય એમ જાણ્યા વિના રહેતી નથી કે 'હું આત્મા છું' તો પણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. પર્યાય, દ્રવ્યનું જ્ઞાન કરે છે તો એમ કહેવાય છે કે અભિન્ન છે. ખરેખર તો આત્મજ્ઞાનને જ જાણ્યું છે, પરંતુ લક્ષ દ્રવ્ય ઉપર છે, તો કહેવાયું કે આત્માને જાણ્યો.

૩૪૭.

અતીન્દ્રિય આનંદને જ્ઞાન જાણવાના સ્વભાવથી જાણે છે. 'જાણવું' સ્વભાવ જ છે તો પછી તેને લક્ષ કરવાની ક્યાં જરૂરત છે? 'જાણવાના' સ્વભાવની ખબર નથી ત્યાં સુધી નિર્મળ પરિણામને લક્ષપૂર્વક જાણવા જતો હતો. 'જાણવાનો' સ્વભાવ મળી ગયો તો વિભાવ મટી ગયો. અર્થાત્ લક્ષ પૂર્વક પરિણામને જાણવાનો અજ્ઞાનભાવ ટળી ગયો.

૩૪૮.

સમયસારમાં ૫૦ થી ૫૫ ગાથામાં વર્ણાદિક ભાવને નિશ્ચયથી જીવના નથી તેમ કહ્યું નથી; ત્યાં તો કહ્યું કે સ્વભાવથી જ તે જીવના નથી. સ્વભાવથી જ તે ભાવો પુદ્ગલના છે. પછી ૫૬ ગાથામાં કહ્યું કે → 'નિશ્ચયથી પુદ્ગલના છે અને વ્યવહારથી જીવના છે.' વર્ણાદિક સર્વથા પુદ્ગલના પરિણામ છે અને જીવ તેનાથી સર્વથા રહિત છે. એકદમ ચોખ્ખો 'જીવ' દેખાડનાર દર્પણ સમાન સમયસારનો 'જીવ-અજીવ અધિકાર છે.' આ પરમ ઉત્કૃષ્ટ અધિકાર છે.

૩૪૯.

તીર્થંકરનું કોઈ દ્રવ્ય હોતું જ નથી. તીર્થંકરનું દ્રવ્ય માને પુદ્ગલનું દ્રવ્ય. જીવના સંયોગમાં પણ તીર્થંકર પ્રકૃતિ નથી. જીવના સંયોગમાં ઉત્પાદ, વ્યયરૂપ પરિણામ થાય છે. જેનાં સંયોગમાં કોઈ નથી તેનું નામ જ અસંયોગી તત્ત્વ છે. જીવના સંયોગમાં જીવને જાણવાનું જ્ઞાન છે.

૩૫૦.

સ્વદ્રવ્યમાં સ્વભાવ હોય છે. વિભાવ હોતો જ નથી. ચૈતન્યનો વિભાવ અર્થાત્ વિશેષભાવ તે ચૈતન્યની પર્યાય છે. માટે રાગાદિભાવ પુદ્ગલનો વિભાવ તો નથી પરંતુ પુદ્ગલનો સ્વભાવ જ છે તેમ માન્યા વિના રાગાદિથી ભેદજ્ઞાન નહીં થાય.

૩૫૧.

શીખંડમાં જે ખટાશ છે, તે સાકરનો વિભાવ થોડો જ છે? તે તો દહીંનો સ્વભાવ છે. બીજાના સ્વભાવને, બીજા પદાર્થનો વિભાવ કેવી રીતે કહી શકાય? તેવી જ રીતે રાગ પુદ્ગલનો સ્વભાવ છે; તે જીવનો વિભાવ નથી.

૩૫૨.

સમયસારમાં અજ્ઞાનીની જે માન્યતા છે તેને વ્યવહાર કહ્યો છે. તેને પ્રવચનસારમાં મનુષ્ય વ્યવહાર એટલે લૌકિક વ્યવહારમાં નાખ્યો છે. જીવને વ્યવહારે રાગી કહ્યો; પણ ત્યાં એ રાગી થઈ જતો નથી; પણ વ્યવહારનય ખોટી થઈ જાય છે. જ્યારે વ્યવહારને સાચો ઠરાવવા જતાં શ્રદ્ધા ખોટી થઈ જાય છે.

૩૫૩.

સિદ્ધ પરમાત્મા થઈ ગયા તેની વાત જ અમે નથી કહેતા. 'સિદ્ધ છો' એ વાત કહીએ છીએ. આ નિશ્ચયનય એવી છે જે પરિણામને ટચ જ કરતી નથી. સાપેક્ષ નિશ્ચયનયથી દ્રવ્ય સ્વભાવનો નિર્ણય થતો નથી; તો પછી વ્યવહારનયથી તો સ્વભાવનો નિર્ણય ક્યાંથી થાય?

૩૫૪.

શબ્દાદિ ઈન્દ્રિય ગોચર છે, જ્ઞાનગોચર નથી. શબ્દાદિકના લક્ષ વિના શબ્દાદિકને જાણે છે તે વાત અત્યારે નથી કહેવી. અત્યારે તો એમ કહેવું છે કે - શબ્દાદિકના લક્ષે જ્ઞાન પ્રગટ જ થતું નથી. આ વાત સમયસારની ૩૭૩ થી ૩૮૨ સુધીની દસ ગાથાઓમાં છે. આત્મા શબ્દને સાંભળતો જ નથી તો પછી શબ્દ સાંભળવાથી સમકિત થઈ જાય, તે વાત આવી ક્યાંથી?

૩૫૫.

'અનાદિ' ને સમજતાં નિર્વિકલ્પ થઈ જવાય. 'અનાદિ' ને પકડવાની તાકાત વિકલ્પમાં છે જ નહીં. અનાદિને પકડવા એટલે ગ્રહણ કરવા જાય, ત્યાં જ્ઞાન નિર્વિકલ્પ થઈ જાય.

૩૫૬.

**ઈન્દ્રિયજ્ઞાન નોકર્મની પર્યાય છે. રાગ છે તે દ્રવ્યકર્મના પરિણામ છે. ઘણું સંશોધન કરીને આ વાત કહેવાય છે.**

૩૫૭.

હે પરિણામો! તમારે જેમ પરિણમવું હોય તેમ પરિણમો! હું અપરિણામી હોવાથી, પરિણામને વશમાં રાખતો નથી અને હું પરિણામના વશમાં રહેતો નથી.

૩૫૮.

સંયોગ સંબંધ, એકક્ષેત્રાવગાહ સંબંધ જાણીને પંડિત તો બન્યો, પણ મારો તેની સાથે જાણવાનોય સંબંધ નથી, પર સાથે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ થાય છે અને સંબંધ છૂટે છે એમ નથી. 'નાસ્તિ સર્વોઽપિ સંબંધ' એમ જાણીને જ્ઞાની થયો.

૩૫૯.

લક્ષની મુખ્યતાએ છ દ્રવ્ય જ્ઞાનનો વિષય નથી. હવે જ્ઞાનના સવિકલ્પ સ્વભાવથી - જાણવાની વિવક્ષાથી જુઓ તો તે જ્ઞાનનો વિષય છે.

૩૬૦.

(અનુભવ) પહેલાં અપેક્ષાથી સમજે છે → તેમાં યથાર્થતા છે. (અનુભવ) પછી અપેક્ષાથી સમજે છે → તે સમ્યક્ છે.

૩૬૧.

બધાને પરિણામની પડી છે. અપરિણામીની કોઈને પડી નથી. પરિણામને વિના કર્યે, વિના જાણ્યે સમ્યગ્દર્શન થઈ જશે.

૩૬૨.

પર્યાયના પ્રદેશ તો ભિન્ન છે જ, પરંતુ અસંખ્ય પ્રદેશનો ભેદ તે પણ પરક્ષેત્ર છે.

૩૬૩.

તે આંખ (પર્યાયાર્થિક ચક્ષુ) ક્યારેય ખોલવા લાયક નથી. કેમકે તે અનંત દુઃખોનું કારણ છે. આત્માને દેખનારી આંખ અનંત સુખોથી ભરેલી છે.

૩૬૪.

જ્ઞાનપર્યાય રાગને કહે છે કે, પહેલાં તું મારામાં પ્રવેશ કરીને તો જો! પછી દ્રવ્યમાં જજે. પહેલાં લક્ષ્મણને તો જીત, પછી રામની પાસે જજે.

૩૬૫.

આ નિજ પરમાત્માના દર્શન કરશોને તો બહારના ભગવાનના દર્શન પણ નહીં કરવા પડે. હું પરમાત્મા છું તેવો ભાવ કેમ ઉઠતો નથી!?

૩૬૬.

જીવને કર્મનો ઉદય આવતો જ નથી. તેને તો જ્ઞાનનો ઉદય આવે છે. તે જ્ઞાનમાં જ્ઞાયક જ જાણવામાં આવી રહ્યો છે.

૩૬૭.

જ્ઞાનના ત્રણ ધર્મ સમજવાથી જ્ઞાનનું સ્વરૂપ એકદમ ચોખ્ખું થઈ જશે. (૧) પ્રતિભાસ (૨) લક્ષ (૩) જ્ઞાનત્વ. તમને બધી અપેક્ષાઓ સમજાશે અને તમે ઘણાં આગળ વધશો.

૩૬૮.

**પ્રશ્ન :** જ્ઞાન પરને કેમ જાણતું નથી?
**ઉત્તર :** (૧) ઈન્દ્રિયજ્ઞાનનો, ઉપયોગમાં અભાવ છે માટે. (૨) જ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયનો પ્રતિભાસ વર્તે છે માટે. (૩) આત્માનુભવના કાળે જ્ઞાન પરિણામનો ભેદ ભાસતો નથી માટે.

૩૬૯.

પ્રતિભાસ થતો ય નથી, અને દેખાતો ય નથી. આ વચન દ્રવ્યદ્રષ્ટિ કરાવનારું છે. પર્યાય જ દેખાતી નથી તો પ્રતિભાસ ક્યાંથી દેખાય?

૩૭૦.

દ્રવ્ય તે નિશ્ચય, અને તેનો અનુભવ તે વ્યવહાર. બસ, જ્ઞાનીનો નિશ્ચય-વ્યવહાર પ્રમાણમાં જ છે. પર્યાયથી ભેદજ્ઞાન થાય છે તો ધ્યેય દ્રષ્ટિમાં આવ્યું. જ્ઞેયથી ભેદજ્ઞાન થાય છે તો જ્ઞેયરૂપ આત્મા જ્ઞાનમાં આવ્યો.

૩૭૧.

સંયમલબ્ધિના સ્થાન, ક્ષપકશ્રેણિ, યથાખ્યાતચારિત્ર જીવમાં નથી. આ સીધી સીમંધર પ્રભુની વાણી છે. સૂક્ષ્મવાત → ગુણસ્થાનાદિ કાર્ય પુદ્ગલકર્મનું છે. આકાશના એક પ્રદેશ

ઉપર બન્નેને જોઈને, તેને એવી ભ્રાંતિ થઈ ગઈ કે-જીવ અને ગુણસ્થાનના એક પ્રદેશ છે. ખરેખર બન્ને વસ્તુ અલગ અલગ છે.

૩૭૨.

'આ ભાવો પુદ્ગલના છે એટલે કે જીવના નથી. આત્માની અનુભૂતિથી ભિન્ન છે એટલે તે દેખાતા નથી. જે એમ માને છે કે તેઓ પુદ્ગલ છે, તેને તે ભાવો જીવના છે તેમ દેખાતું નથી. ભિન્નતાનો અર્થ → દેખાતા જ નથી. 'ભિન્નતાનું' ગુપ્ત રહસ્ય બહાર આવ્યું છે. જીવ, અજીવની જુદાઈનો એક ન્યાય એ છે કે → જીવ અપરિણામી, પુદ્ગલ પરિણામી. એ વાત રટવા લાયક છે કે → એ ભાવો જીવના નથી.

૩૭૩.

'પર સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધને' નય કહેવામાં ઈષ્ટફળની (ભેદ વિજ્ઞાનની) હાનિ થાય છે; માટે તે નયાભાસ છે. હું પરને જાણું છું → તેમ માનનાર નયાભાસમાં પડ્યો છે. તે વ્યવહારમાં પણ નથી આવ્યો...કે → 'મને જ્ઞાન જણાય છે.'

૩૭૪.

જે સ્યાદ્વાદી છે તે સ્વભાવને આગળ કરે છે. અને જે સ્યાદ્વાદને જાણતો નથી તે સ્યાદ્વાદને આગળ કરે છે.

૩૭૫.

આચાર્યદેવની ઘણી ઘણી કૃપા દ્રષ્ટિ થઈ ગઈ. અનંતકાળથી તેણે અજીવને જીવના પરિણામ માન્યા છે; તેથી કહે છે કે તે જીવના પરિણામ નથી, તે તો અજીવ છે. જીવ પરિણમતો જ નથી; આ વાત બેસે તો દ્રવ્યદ્રષ્ટિ થયા વિના રહે જ નહીં.

૩૭૬.

ગુણભેદ હોવા છતાં દેખાતો નથી. જ્યારે પર્યાય તો દ્રવ્યમાં છે જ નહીં; એટલે દેખાવાનો પ્રશ્ન જ નથી.

૩૭૭.

'કથંચિત્' એ વ્યવહારની વાતમાં લગાડવાનું છે, નિશ્ચયની વાતમાં નહીં. વ્યવહારની વાતમાં કથંચિત્ લગાડવાથી... નિશ્ચયનો જન્મ થાય છે. અને નિશ્ચયની વાતમાં કથંચિત્ લગાડે તો વ્યવહારનો જન્મ થાય છે. તેથી ગમે ત્યાં કથંચિત્ નો પ્રયોગ કરવા જેવો નથી.

૩૭૮.

મિથ્યા એકાન્તનો અભાવ → સમ્યક્ એકાન્તથી અથવા અસ્તિ-નાસ્તિ અનેકાન્તથી જ થાય છે.

૩૭૯.

**પ્રશ્ન :** અભેદનો ભેદ શું?

**ઉત્તર :** જીવ તો અભેદ સ્વભાવે બિરાજમાન છે. તેનો કોઈ ભેદ અમને દેખાતો જ નથી.

**પ્રશ્ન :** તો અભેદ ખાલી છે?

**ઉત્તર :** અભેદમાં ભેદ જોઈશ તો દ્રષ્ટિ ખાલી રહેશે. 'હું અભેદ જ છું' તેમાં દ્રષ્ટિ ભરાઈ જશે.

૩૮૦.

તમે રાગને ઉડાડો છો? ના, અમે એના સ્થાનમાં સ્થાપીએ છીએ અને આત્મામાંથી ઉથાપીએ છીએ.

૩૮૧.

સાધકનો એક જ ભાવ છે; કરતો નથી, માત્ર જાણે જ છે. જાણનાર અને કરનાર તેમ બે ભાવ અમારી દુકાને નથી. અમારે ત્યાં એક જ ભાવ છે 'હું જાણનાર છું.' અમારો બીજો ભાવ નથી તો કહીએ ક્યાંથી કે અમે કરનાર છીએ.

૩૮૨.

સાધક કહે છે કે → તમે સાધકને કર્તા જોશો તો સાધકનું તમને વ્યવહારશ્રદ્ધાન પણ નહીં થાય. સાધક પણ, સાધકના વ્યવહારનો નિષેધ કરીને, સાધ્યની પ્રાપ્તિ માટે અંદરમાં ચાલ્યા જાય છે. મોક્ષમાર્ગમાં વ્યવહારનું કામ જ શું છે?

૩૮૩.

ઈન્દ્રિયજ્ઞાનથી જેટલું બુરુ થાય છે, તેટલું રાગથી બુરું થતું નથી. કારણ કે રાગ તો તેને દુશ્મન દેખાય છે. જ્યારે ઈન્દ્રિયજ્ઞાન તો તેને મિત્ર દેખાય છે.

૩૮૪.

આત્મા, આત્માને જાણે...એવું સામર્થ્ય બધા આત્મામાં છે. આત્મા, આત્માને ન જાણે...એવો એક સમય પણ નથી. આત્મા, આત્માને ન જણાય, એવો એક સમય નથી...માટે આત્મા નિર્મૂઢ છે.

૩૮૫.

પરને જાણતાં જ્ઞાન જ થતું નથી; ઉલ્ટું અજ્ઞાન થાય છે. તેમ આત્માને જાણતાં પરને જાણવાની જિજ્ઞાસા મરી જાય છે.

૩૮૬.

(૧) પાણીની પર્યાયને દળથી જુદી જોશો તો તેમાં ઝાડ દેખાશે. તેને દળથી અભેદ જોશો તો પાણી દેખાશે. પર્યાયચક્ષુને બંધ કરો તો ઝાડ કે ઝાડનું પ્રતિબિંબ દેખાતું નથી, એકલું પાણી દેખાય છે. ભેદ જણાય તો પર જણાય, અભેદ જણાય તો પર જણાતું જ નથી. (૨) ભેદ પરને પ્રસિદ્ધ કરે છે. અભેદ પરને પ્રસિદ્ધ કરતું નથી. અભેદ તો અભેદને પ્રસિદ્ધ કરે છે.

૩૮૭.

રાગ અહીં (દ્રવ્યમાં) નથી, તો ત્યાં (પર્યાયમાં) પણ નથી. પછી બહાર દ્રવ્યકર્મમાં પણ નથી. ક્યાં ગયો? અવસ્તુ થઈ ગયો. તેથી રાગ જેમાં નથી તેવા દ્રવ્યને જો ને!!

૩૮૮.

(૧) એકદમ અંદરના ઉપચારનો નિષેધ કરી નાખ્યો. 'જાણવામાં ગર્ભિત કર્તાપણું નથી'. ઘણો, ઘણો...ઘણો... ઘણો ઊંડો ખુલાસો. પૂજ્ય ગુરુદેવે કાઢ્યો. (૨) પર્યાયને જાણે તો છે ને? 'એ કથનમાત્ર છે' લક્ષની મુખ્યતાએ તો ત્રિકાળીને જ જાણે છે. આ વાતથી ક્ષાયિક સમકિત થઈ જશે. કથન તો બે પ્રકારના આવશે...પણ તેમાંથી નિશ્ચય કાઢવો તે પોતાનું કાર્ય છે. આ અંદર અનુભવમાંથી આવેલી ગંભીર વાત છે. જાણવાનું થયું એમ છે; પરંતુ જાણવાનું કર્યું એમ સમ્યગ્જ્ઞાનમાં આવતું નથી. કેમકે જાણવું સહજ છે.

૩૮૯.

વ્યવહારીજનો કહે છે કે વ્યવહારથી કુંભાર ઘડાને કરે છે. લોકોત્તર પુરુષ કહે છે કે વ્યવહારથી માટી ઘડાને કરે છે.

૩૯૦.

પરથી હટીને, મને જ્ઞાનપર્યાય જાણવામાં આવી રહી છે, એમાં આવી જઈશ તો જ્ઞાયકમાં આવી જઈશ. આ જ્ઞાનપ્રધાન વાત ઘણી સરળ છે, જ્યારે દ્રષ્ટિપ્રધાન વાત થોડી કઠિન છે.

૩૯૧.

વ્યવહાર સર્વથા જૂઠો છે. અરે! તે સર્વથા જૂઠો છે તેમ કહેવા પણ અમારે રોકાવું નથી.

૩૯૨.

નવની સિધ્ધિ કરવા માટે 'નય' છે. સ્વભાવની સિધ્ધિ કરવા માટે 'નય' નથી. એક જીવ, નવ અજીવ, બસ. નિશ્ચય-વ્યવહારનું કાંઈ નહીં. આ રીતે જ પક્ષાતિક્રાંત થવાય.

૩૯૩.

જાણવાની ક્રિયાને આત્મા ભલે ન કરે; પણ જાણવાની ક્રિયાને જાણવાની ક્રિયા તો કરે કે નહીં? પર્યાય સહજ થાય છે તેનો સ્વકાળ છે. કર્તા-કર્મ તે પર્યાયમાં છે. 'થયું' એમ જણાયું; પણ મેં જ્ઞાનની પર્યાયને કરી એમ મને જાણવામાં આવ્યું નહીં. જ્ઞાનની પર્યાયને કરે અને જાણે; બન્ને સદ્‌ભૂત વ્યવહાર છે તેનો નિષેધ કરીને નિશ્ચયમાં લઈ જાય છે. આ છેલ્લી કોટિની વાત છે. જ્ઞાનનો પણ કર્તા નથી.

૩૯૪.

પર્યાયને નિરપેક્ષ જોતાં સમ્યગ્દર્શન થાય છે → આ પરમ સત્ય વાત છે. વ્યવહારનયથી જાણેલાં નવતત્ત્વો તો સમકિતનું નિમિત્ત કારણ પણ નથી. ભૂતાર્થનયથી જાણેલા નવતત્ત્વો નિમિત્ત કારણ છે. નવતત્ત્વોને વ્યવહારથી જાણે છે એટલે આત્મા દેખાતો નથી. તેને નિશ્ચયનયથી જાણે તો શુધ્ધાત્મા જણાય જશે.

૩૯૫.

પરિણામને જ્ઞેય બનાવીશ તો તે કર્મ થશે પણ જ્ઞેય નહીં થાય. પર્યાયાર્થિક ચક્ષુને 'સર્વથા' બંધ કરી દે! અદ્‌ભૂતથી અદ્‌ભૂત વાતો છે.

૩૯૬.

દ્રષ્ટિના વિષયનું દાન પણ કુંદપ્રભુએ આપ્યું છે... અને પર્યાયનું યથાર્થ જ્ઞાન પણ કરાવ્યું છે. અયથાર્થનો પરિહાર પણ કરાવ્યો છે.

૩૯૭.

પરિણામનો (નિરપેક્ષ) સ્વભાવ જ એવો છે કે તેને આત્મા સાથે કર્તાકર્મ સંબંધ નથી. અને (જડ) કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી.

૩૯૮.

'આ ધર્માસ્તિકાય છે' એમ જાણવા જાય છે ત્યારે આ આત્મા, પોતાના શુધ્ધાત્મ સ્વરૂપને ભૂલી જાય છે. આ સૂત્રને સોનાથી મઢવા જેવું છે. કુંદકુંદદેવનું ત્રીજું નામ યથાર્થ છે. (સ્વને જાણવાનું છોડીને) ધર્મદ્રવ્યને જાણું એ અધ્યવસાન છે. થોડું લખ્યું ઝાઝું કરીને જાણજો.

૩૯૯.

સમયસાર ગાથા ૧૧ માં 'દ્રવ્યમાં પર્યાય નથી' એટલે કર્તા અકર્તાનો પ્રશ્ન રહેતો નથી. જ્યારે ગાથા ૧૩ માં પરિણામો છે; પણ એ પર્યાયનો કરનાર આત્મા નથી, કેમકે પર્યાય 'થવા યોગ્ય' થાય છે.

૪૦૦.

સમ્યગ્જ્ઞાન નવું થાય છે, જ્ઞાનનું ભાન નવું થાય છે. પણ જ્ઞાન નવું થતું નથી. જો જ્ઞાનને નવું માને તો, જ્ઞાનનો અભાવ સિધ્ધ થતાં; આત્માનો અભાવ ઠરશે.

૪૦૧.

સંસારથી તરવાની વાત → ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી, તેમ જાણે તો બહારમાં કોઈની મહિમા જ ન આવે. પંચપરમેષ્ઠિની મહિમા ન આવે, કેમકે જ્ઞાન તેને વિષય બનાવવા તૈયાર નથી તો મહિમા ક્યાંથી આવે? અદ્‌ભુત વાત છે.

૪૦૨.

'હું પરને જાણું છું' એમ માનનાર લક્ષણમાં આવ્યો નથી; માટે તે આત્મામાં આવતો નથી. ઈન્દ્રિયજ્ઞાનમાં બેઠો છે એટલે એમ લાગે છે કે મને આત્મા જણાતો નથી, પરંતુ ઉપયોગમાં આવી જાય તો એમ લાગશે કે-આત્મા જ જણાય છે.

૪૦૩.

કર્તાનો ઉપદેશ તો બધે મળશે, પણ 'કેવળ જ્ઞાતા' છે એ ઉપદેશ તો વિરલ છે. કર્તબુધ્ધિવાળાને કર્તાનો ઉપદેશ ન અપાય. આ ઉપદેશની પધ્ધતિ છે.

૪૦૪.

કર્મોના ક્ષયે જે ભાવ થયો હોય તેને ક્ષાયિકભાવ કહે છે. આત્માના આશ્રયે થાય, તેને ક્ષાયિકભાવ કહેતા નથી. આ ઝીણી વાત છે.

૪૦૫.

પર્યાય, મહા સામર્થ્યવાન છે, એટલે મારે એને કાંઈ જોવાની જરૂરત રહેતી નથી. જેમ સમર્થ પુત્ર હોય તો ધંધો જોવાની જરૂરત ન રહે.

૪૦૬.

એકનું જ્ઞાન (લક્ષપૂર્વક) થયું નહીં, અને કહે છે બેનું (દ્રવ્ય-પર્યાયનું) તો જ્ઞાન થાય ને? જ્ઞાની થવા પહેલાં આ એક ભૂલ છે.

૪૦૭.

સ્વપરપ્રકાશક (લક્ષણ) એ સમ્યગ્જ્ઞાન મિથ્યાજ્ઞાન બન્નેમાં હોય છે. માટે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ એકાન્તે સ્વપ્રકાશક જ છે.

૪૦૮.

લખી લ્યો → કથન સાપેક્ષ હોય છે, પરિણમન નિરપેક્ષ હોય છે, તેથી નિરપેક્ષ તે નિશ્ચય અને સાપેક્ષ તે વ્યવહાર.

૪૦૯.

'હું અકર્તા છું' એ પાકું થયા પછી 'થવા યોગ્ય થાય છે', એ પડખું જો કાચું હોય તો પણ સમકિત નહીં થાય. થવા યોગ્ય થાય છે, એમ જાણીને કોઈ અંદરમાં જાય તો તેને ક્ષાયિક સમકિત થાય છે. અકર્તા તો છે, પણ પર્યાયને કથંચિત્ કરે, એવું જે લાકડું હતું, એ લાકડું નીકળી ગયું. 'થાય' એને કોણ કરે?

૪૧૦.

તેને પ્રમાણનો પક્ષ છે એટલે નયનો પક્ષ રહી ગયો. કેમકે નય સાપેક્ષ જ હોય, નય નિરપેક્ષ ન હોય. જ્યારે સ્વભાવ નિરપેક્ષ જ હોય અને સાપેક્ષ ન હોય. અનુભવ નિરપેક્ષ જ હોય, સાપેક્ષ ન હોય.

૪૧૧.

વિભક્તપણામાંથી વિભક્તપણું આવે છે. જુદાઈ વિચારવાથી જુદાઈ આવે છે.

૪૧૨.

ઈન્દ્રિયજ્ઞાન આત્માથી સર્વથા ભિન્ન છે, તેથી એને જાણતાં આત્મા ન જણાય. ઉપયોગ કથંચિત્ અભિન્ન છે, માટે એને જાણતાં આત્મા જણાય. (આ ઉપાયાન્તરથી કથન છે.)

૪૧૩.

જેમ પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે, તેમ ઈન્દ્રિયજ્ઞાનને પૌદ્ગલિક કહ્યું છે. એ પરાકાષ્ઠાનો શબ્દ છે.

૪૧૪.

નિશ્ચયનો વિકલ્પ તો સાચો છે ને? પણ...વિકલ્પ સાચો છે ને! એમાં જ્ઞાન સાચું (સમ્યક્) ક્યાં થયું? બે નયનું તને જ્ઞાન નથી થયું, પરંતુ બે નયના વિકલ્પની કર્તાબુદ્ધિ થઈ છે.

૪૧૫.

નયોનો સહારો તો પહેલાં જ છોડી દેવો. સ્વભાવથી વિચારે છે તે અનુભવના રસ્તે છે. નયથી વિચારે છે તે અનુભવના રસ્તે નથી. હજુ તો નિરપેક્ષ વસ્તુના પડખેય આવ્યો નથી.

૪૧૬.

શુભભાવ કરતાં કરતાં ધર્મ થાય એમ માનનાર ઝેર પીએ છે. પહેલું તો શુભભાવનું કરવું સ્વભાવમાં જ નથી. બીજું તે અધર્મમાં ધર્મબુદ્ધિથી ધર્મ થાય તેમ માને છે.

૪૧૭.

**પ્રશ્ન :** નયનું તો તને જ્ઞાન નથી, તો તને અનુભવ ક્યાંથી થશે?
**ઉત્તર :** મારામાં નય નથી એમ હું જાણું છું. માટે મને અનુભવ થશે. જ્ઞાન તો છે અને એ જ્ઞાન દ્વારા આત્મા જણાય પણ છે, તેથી એ જ્ઞાન દ્વારા આત્મા જણાઈ જશે.

૪૧૮.

આત્મા સ્વભાવથી ભગવાન છે. આ સર્વોત્કૃષ્ટ વાત છે. તેમાં નયનો વિકલ્પ છૂટી જાય. જ્ઞાયકને સહજપણે સ્વીકારવો, કોઈ નયના વિકલ્પ એમાં ન લગાવવા એ વીતરાગી સરળતા છે.

૪૧૯.

એક નયથી જોઈશ તો કર્તા લાગશે, બીજી નયથી જોઈશ તો તેનો અકર્તા લાગશે; પણ સ્વભાવથી અકર્તા છે તેમ જોઈ લે ને! નિશ્ચયનયે અકર્તા છે એવું કોઈએ ન સાંભળ્યું હોય, તો પણ અનુભવ થઈ જાય છે. 'નિશ્ચયનયે અકર્તા છું' એમ લેતાં અનુભવ અટકે છે.

૪૨૦.

મૂળ સિદ્ધાંત → જે જેનાથી તાદાત્મ્ય હોય છે, તે તેની જ પ્રસિદ્ધિ કરે. જે જેનાથી ભિન્ન હોય છે તે તેની પ્રસિદ્ધિ ત્રણકાળમાં કરતું નથી.

૪૨૧.

ઘડાની જે અંધકારરૂપ પર્યાય હતી તે પર્યાય પોતે પ્રકાશરૂપે થઈ છે. દીવાના પ્રકાશે તેને પ્રકાશિત કરી નથી. પ્રકાશે તેને પ્રસિદ્ધ કર્યું નથી. આ ઝીણી વાત છે. ઘડામાં તેનો પ્રકાશ્ય ધર્મ છે. તેથી તે પ્રસિદ્ધ થઈ છે. તેમ આત્મા પોતાનો જ્ઞેયત્વ ધર્મ પરને આપતો નથી. જો આપે તો તો પર સાથે જ્ઞાતા જ્ઞેય સંબંધ થાય. જેમ રેડિયમ વાળી પ્રતિમા, પ્રકાશના અભાવમાં સ્વયં પ્રકાશે છે. તેમ આત્મા પોતાના પ્રકાશમાં સ્વયં પ્રકાશી રહ્યો છે.

૪૨૨.

જ્ઞેય જ્ઞાયકનો વ્યવહાર = સંસાર. તે છૂટી જાય છે. જો તે નિશ્ચય હોય તો તે ક્યારેય છૂટે નહીં. આત્માને જાણતાં, પરનું જાણવું બંધ થઈ જાય છે. જે બંધ થઈ જાય તે સ્વભાવ ક્યાંથી હોય?

૪૨૩.

(૧) આત્માને જાણતાં જ આત્મા જણાય છે; પરને જાણતાં આત્મા જણાતો નથી.
(૨) આત્માને જાણતાં આત્મા જ જણાય છે, પર નહીં → એનું નામ આત્મદર્શન છે.

૪૨૪.

આ જગતમાં એક જ જ્ઞેય છે. બીજું મને જણાતું નથી, માટે એ મારું જ્ઞેય નથી. જે જણાતું નથી...તે હો કે ન હો! તેની સાથે કશો જ સંબંધ નથી.

૪૨૫.

જ્ઞાન આત્માને જાણતું જ પ્રગટ થાય છે. જો નય વચ્ચે નાખીશ તો જ્ઞાન આત્માને જાણે છે તે વાત ખ્યાલમાં નહીં આવે. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે તે વાત જૂઠી થઇ જશે! કે જૂઠી જ છે? નયના વિકલ્પ જૂઠા છે. કેમકે નિશ્ચયનય પણ સાધક નથી, બાધક છે. નયનો પ્રયોગ નયને છોડવા માટે છે.

૪૨૬.

જ્ઞાનની પર્યાયમાં બે ભાગ છે. (સામાન્ય ઉપયોગ અને ઈન્દ્રિયજ્ઞાન) માટે તો ભેદજ્ઞાન છે.

૪૨૭.

આચાર્યદેવે તો સેટિકાની ગાથામાં પોતાનો અનુભવ રેડી દીધો છે 'જ્ઞાયક નથી ત્યમ પર તણો.' 'પરને જાણે તાતૈ જ્ઞાયક નાહીં હૈ, આપતૈ હી જ્ઞાયક હૈ.'

૪૨૮.

જ્ઞાની કેમ થવાય? અને જ્ઞાની થયા પછી શું? આ બે વિભાગ પોતે સમજવાના છે. ખૂબ વિવેક કરવો. જ્ઞાની કેમ થવાય એ લાઈને જવું. જ્ઞાની થયા પહેલાં જ્ઞાનીના વ્યવહારને આગળ કરે છે તે મોટી ભૂલ છે.

૪૨૯.

(૧) વ્યવહારે જ્ઞાન પરને જાણે છે. (૨) સાધક થયા પછી જ્ઞાની પરને જાણે છે. એ બે વાત બિલકુલ યાદ ન કરવી. મેં એમ લીધું જ નહીં. કેમકે અજ્ઞાનીને તો એટલું જ જોઈતું હતું. જે અતીન્દ્રિયજ્ઞાન છે એ વ્યવહારે પરને જાણતું નથી અને નિશ્ચયે સ્વને જાણતું નથી. એ તો સ્વભાવથી જ સ્વને જાણે છે અને ઈન્દ્રિયજ્ઞાન સ્વભાવથી જ પરને જાણે છે.

૪૩૦.

**પર્યાય વસ્તુ છે કે અવસ્તુ? જ્ઞાન અપેક્ષાએ વસ્તુ કહી, કેમકે પર્યાયનો કર્તા પર્યાય છે. દ્રષ્ટિ અપેક્ષાએ તો તે અવસ્તુ છે.**

૪૩૧.

અતીન્દ્રિયજ્ઞાન સાથેનું ઈન્દ્રિયજ્ઞાન છે તે મિથ્યાજ્ઞાન નથી અને તે આત્મજ્ઞાન પણ નથી. સમ્યક્ થઈ ગયું હોવા છતાં તે આત્મજ્ઞાન નથી. પર્યુષણના મોટા દિવસોમાં તો ઊંચી વાત જ હોય ને!

૪૩૨.

વાહ પ્રભુ! આપનો અનંત ઉપકાર → ઈન્દ્રિયજ્ઞાનથી આત્માનું જ્ઞાન સર્વથા ભિન્ન છે, એમ બતાવ્યું. ઈન્દ્રિયજ્ઞાનથી જુદો પડ્યો એટલે એનો મોક્ષ થઈ ગયો.

૪૩૩.

પરને કરું છું ને જાણું છું → એમાં જ્ઞાન બિડાય જાય છે. જાણનારને જાણું છું → એમાં જ્ઞાન ઉઘડી જાય છે.

૪૩૪.

નિમિત્તનો આંતરો જ્યાં બતાવ્યો; ત્યાં તો નિમિત્તને વળગી ગયો. નિમિત્તના લક્ષે ત્રણકાળમાં જ્ઞાન ન જ થાય. જ્ઞાન ઉપાદાનના લક્ષે જ થાય.

૪૩૫.

અનંતકાળથી તો 'પરને જાણું છું' એવો અભ્યાસ કરે છે. હવે છ મહિના તો આ અભ્યાસ કર કે- હું પરને જાણતો નથી. છ મહિનામાં અનુભવ ન થાય; તો પછી તું જે કરે છે તે કર્યા કરજે.

૪૩૬.

જેનાથી જ્ઞાન થતું નથી તેને એ જ્ઞાન જાણતું પણ નથી. અને જેનાથી જ્ઞાન થાય છે તેને જ એ જ્ઞાન જાણે છે. જ્ઞાન પરને જાણે છે એ વાત અજ્ઞાનીના ઘરમાં છે. જ્ઞાનીના ઘરમાં નથી. પર નથી જણાતું, નથી જણાતું, નથી જણાતું. તેમ હું લાખવાર કહું છું.

૪૩૭.

આ પણ ભૂલ છે કે → ભેદોને સમજવાથી અભેદ સમજમાં આવશે. ભેદને ગ્રહણ કરવાથી અભેદ સમજમાં આવતો નથી. જ્યાં સુધી ભેદનો નિષેધ નહીં કરે...ત્યાં સુધી અભેદ દ્રષ્ટિમાં નહીં આવે.

૪૩૮.

દ્રષ્ટિમાં 'કથંચિત્' લગાવે અને જ્ઞાનમાં 'સર્વથા' લગાવે તો દ્રષ્ટિ કે જ્ઞાન કંઈ જ પ્રાપ્ત થતું નથી.

૪૩૯.

આત્મા (પરિણામથી) રહિત ન રહે તો અનુભવનો વિષય ન રહે. અને (નિર્મળ પરિણામથી) સહિત ન થાય તો અનુભવ ન થાય. માટે સ્યાદ્વાદમાં અનુભવનો વિષય અને અનુભવ એવો ને એવો રહે છે. તો પણ એટલું યાદ રાખવુ કે 'કથંચિત્' જ સહિત થાય છે.

૪૪૦.

**પરને જાણતો નથી તેમાં → પરના લક્ષનો અભાવ થયો.**
**પર જણાતું નથી તેમાં → પરના પ્રતિભાસનો તિરોભાવ થયો.**

૪૪૧.

જ્ઞાનની પર્યાયને ભેદથી જુઓ તો સ્વપરપ્રકાશકનો વ્યવહાર દેખાશે. જ્ઞાનની પર્યાયને અભેદથી જુઓ તો સ્વપ્રકાશક અને નિશ્ચય સ્વપરપ્રકાશક દેખાશે.

૪૪૨.

સ્વપરપ્રકાશક જે (અજ્ઞાનીને છે) તે લક્ષણ નથી પણ તે લક્ષણાભાસ છે. એ આત્મજ્ઞાન તો નથી...જ નથી...પણ તે સમ્યગ્જ્ઞાન પણ નથી. (સાધકનું ઈન્દ્રિયજ્ઞાન=સમ્યગ્જ્ઞાન.)

૪૪૩.

**સ્વપરપ્રકાશકને જોવાથી બુધ્ધિ બગડી. જો લક્ષ ચહેરા ઉપર ગયું તો દ્રષ્ટિમાં દર્પણનો અભાવ થઈ ગયો અને જ્ઞાનમાં દર્પણ ગૌણ થઈ ગયો.**

૪૪૪.

**નિર્વિકલ્પના કાળે...ચહેરાનો પ્રતિભાસ હોવા છતાં, દ્રષ્ટિમાં તેનો અભાવ છે. કેમકે દ્રષ્ટિમાં દળ છે. હવે સવિકલ્પના કાળે જ્ઞાનમાં ચહેરો તિરોભાવ રહેતો ગૌણ થઈ જાય છે.**

૪૪૫.

સાધકનું જે (ઈન્દ્રિયજ્ઞાન) સમ્યગ્જ્ઞાન છે તેને જ જ્ઞાન માની લીધું. પણ સાધકનું અતીન્દ્રિયજ્ઞાન (પર લક્ષ અભાવાત્) તેની તો અજ્ઞાનીને ખબર જ નથી.

૪૪૬.

ખરો મોક્ષસ્વરૂપ તો હું જ છું. જો હું બે પ્રકારના મોક્ષ જોઉં તો એ બે પ્રકાર તો સમ્યગ્જ્ઞાનનો વિષય છે. સમ્યગ્જ્ઞાન તો મને છે નહીં. દ્રષ્ટિ સમ્યક્ થતાં જ્ઞાન સમ્યક્ થાય જ છે. હવે હું પ્રથમથી જ એમ જાણું કે મોક્ષ બે પ્રકારના છે, તો પેલા પર્યાયદ્રષ્ટિના સંસ્કાર અનાદિના છે તેથી તેને જાણતાં...જાણેલાનું શ્રધ્ધાન થઈ જાય.

૪૪૭.

દ્રષ્ટિમાં એકાન્ત હોય છે. જ્ઞાન ભલેને અનેકાન્તની વાત કરતું હોય, પણ દ્રષ્ટિમાં મિથ્યા એકાન્ત છે તો એ જ્ઞાન પણ મિથ્યા એકાન્તને પામી જાય છે. તેથી પર્યાયદ્રષ્ટિ છૂટ્યા વિના, દ્રવ્યદ્રષ્ટિ થયા વિના; દ્રવ્ય-પર્યાય બેનું જ્ઞાન થતું જ નથી. દ્રવ્ય, પર્યાય વચ્ચેના ભેદજ્ઞાન વિના, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુનું જ્ઞાન થતું નથી. આ સૂત્ર છે.

૪૪૮.

જેને શક્તિરૂપ મોક્ષની ખબર પડી, એને વ્યક્તિરૂપ મોક્ષ થતાં શું વાર લાગે? એ તો આમ (ચૂટકીમાં) થાય છે. વ્યક્તિરૂપ મોક્ષ પણ એટલું જ જુએ છે કે 'હું તો શાશ્વત મોક્ષસ્વરૂપ છું'. આત્માર્થીને એમ ભાસે કે 'અરે! મને તો આ વાતની ખબર જ ન હતી કે- હું અત્યારે મોક્ષસ્વરૂપ છું!' આ જગતમાં જાહેર થાઓ કે-આ આત્મા પ્રથમથી જ મુક્ત સ્વરૂપે રહ્યો છે.

૪૪૯.

મોક્ષ સ્વરૂપ પરમાત્માને જોતાં મોક્ષની વાંછા પણ ખરેખર રહેતી નથી. આ માત્ર કહેવા માટે નથી. તું મોક્ષથી પણ મહાન તત્ત્વ છો. જેનાથી તું રહિત છો તેને કરવાની ભાવના કરે છે? તારે મોક્ષ જોઈએ છીએ? તેમાં આત્મઘાતી, મહાપાપી થયો. મોક્ષથી રહિત મારું સ્વરૂપ છે → આ મૂળ સ્વભાવની વાત છે. જે સ્વભાવથી જ મોક્ષ સ્વરૂપ હોય, એ બંધ સ્વરૂપ કેમ થાય? અને એને મોક્ષની શું જરૂરત હોય?

૪૫૦.

જેમ તમારી સામે જ કોઈ બાળક જન્મે અને મરી જાય; એવું તમને પર્યાયના સંબંધમાં દેખાય છે?

૪૫૧.

સ્વભાવ સ્વભાવથી જ નિરપેક્ષ છે. જ્યારે નય સ્વભાવથી જ સાપેક્ષ છે. એટલે જે સ્વભાવને સ્વભાવપણે સ્વીકારે છે એ નયાતિક્રાંત થઈ જાય છે. અને જે નયોને સમ્યક્ કરવા જાય છે...એ સ્વભાવથી દૂર થઈ જાય છે. આ સૂત્ર છે → નયાતિક્રાન્ત થયા વિના નયોનો જ્ઞાતા થઈ શકતો નથી.

૪૫૨.

આત્મા જ્ઞાન શક્તિમય છે માટે જાણનાર છે, કરનાર નથી. આત્મા જ્ઞેય શક્તિમય છે માટે તે જ જણાય છે, પર જણાતું નથી. તું બે શક્તિનો વિચાર કર.

૪૫૩.

**પ્રશ્ન :** અમારો ઉપયોગ આત્મામાં લાગતો જ નથી? **ઉત્તર :** અરે...અરે...! એમ જાણ...કે મારો ઉપયોગ આત્માથી કદી છૂટ્યો જ નથી...એમ કેમ નથી માનતો? **પ્રશ્ન :** ઉપયોગ ઈન્દ્રિય વિષયોમાં ચાલ્યો જાય છે...તો શું કરવું? **ઉત્તર :** એ ઉપયોગ મારો નથી તેમ ભેદજ્ઞાન કરવું.

૪૫૪.

'કર્તા છું' એવો પ્રતિભાસ, અકર્તાના પ્રતિભાસને ઢાંકે છે, પણ અકર્તાને ઢાંકતો નથી. 'કર્તા પ્રતિભાસે છે, કર્તા થતો નથી.' વાહ રે વાહ! અમૃતપ્રભુ! આપને અનંત અનંત પ્રણામ. થતા રાગાદિનો કર્તા કોણ છે? અને હું કોણ છું? એની તેને ખબર પડી.

૪૫૫.

જીવને પરિણામ ન હોય → તેમાં બધા સંશય દૂર થઈ ગયા. આ જીવના પરિણામ, આ જીવના પરિણામ...તેમ હવે સંશય થતો નથી.

૪૫૬.

પરિણામ તો સુધારવા જોઈએ ને? પણ તારામાં પરિણામ છે કે નહીં? એ તો પ્રથમ નક્કી કર. તું તો અપરિણામી છો.

૪૫૭.

ભાવકર્મના ઉદયના સ્થાનોનો આત્મામાં અવકાશ નથી. આત્મામાં મિથ્યાત્વ ઉત્પન્ન થઈ જશે તો! એવી શંકા કરીશ માં.

૪૫૮.

મહાભાગ્યથી આ વાત સાંભળવા મળે છે → વિશેષોનો જે અજ્ઞાત છે તે છૂટે છે. વિશેષોનો જે જ્ઞાત છે તે બંધાય છે. (આ વાત ઈષ્ટોપદેશમાં છે.) વ્યવહારના પક્ષવાળાને એમ લાગે કે આ તો એકલી નિશ્ચયની વાત કરે છે; પર્યાયની તો વાતેય કરતા નથી!

૪૫૯.

"અર્થવિકલ્પાત્મક જ્ઞાન પ્રમાણમ્" તે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર છે. સ્વ, પરને જાણે છે માટે જ્ઞાન પ્રગટ થાય છે એમ નથી. સમ્યગ્જ્ઞાન સત્ છે, આત્માના આશ્રયે થતું નથી. જ્ઞાન પર્યાયને ભૂતાર્થનયથી જાણ!

૪૬૦.

ભાવનાનો મારામાં અભાવ છે. 'આત્મ ભાવના કર' એ તો ઉપદેશબોધ છે. એ વાતને તું તારી ઉપર ઓઢી ન લે! કેમકે એ તને કહેતા નથી. જે તારામાં નથી, તેને તું કરે કેવી રીતે?

૪૬૧.

(૧) તને રાગનો કર્તા બતાવ્યો તેથી 'હું કર્તા છું', એવી બુધ્ધિ છોડી દે!
(૨) તને પરનો જાણનાર બતાવ્યો, તેથી 'હું પરને જાણું છું', એવી બુધ્ધિ છોડી દે!
(૩) આત્માને જાણનારું (અતીન્દ્રિયજ્ઞાન) બતાવ્યું, તેથી 'હું આત્માને જાણું છું.' એવી બુધ્ધિ છોડી દે!

૪૬૨.

અપરિણામીની દ્રષ્ટિ થતાં, પરિણામી એની મેળે થાય છે, અને પરિણામના લક્ષ વિના, એની મેળે જણાય છે. નિર્વિકલ્પમાં, 'પરિણામી' ને લક્ષ વગર જાણતો હતો. સવિકલ્પમાં, એક અપેક્ષાએ, ત્યાં લક્ષ જાય છે; એ પણ ઠીક નથી. કેમકે એ જ્ઞાનનું સ્વરૂપ નથી.

૪૬૩.

જ્ઞાન અને (પર) જ્ઞેયને બોધ્ય બોધક સંબંધ કહેવો એ નયાભાસ છે. કડક વાત છે, તો જ અંદર જવાય. આ વાત નિશ્ચય પ્રધાન છે. પ્રવચનસારમાં (જ્ઞાનને લોકાલોક પ્રમાણ કહ્યું) એ વાત વ્યવહાર પ્રધાન છે.

૪૬૪.

કોઈ દિવસ એમ ન માનવું કે-જીવ શ્રેણિ ચડ્યો, પછી પડ્યો. કેમકે દેખનાર પુરુષ (આત્મા) એમ જુએ છે કે → પરિણામ ધર્મ નિસરણી ચડ્યો ને પડ્યો; હું તો તેનાથી જુદો છું. પરિણામથી આટલી જુદાઈ વર્તે છે. 'હું પરિણમતો જ નથી.' પછી આમ પરિણમવું કે આમ નહીં પરિણમવું એ સવાલ રહેતો જ નથી.

૪૬૫.

તું પણ ભગવાન, હું પણ ભગવાન. તું પણ જ્ઞાતા, હું પણ જ્ઞાતા. તું પણ અકર્તા, હું પણ અકર્તા.

૪૬૬.

જાણવાની દિશા બદલાવો → સામાન્ય આત્મા જાણવામાં આવી રહ્યો છે. પહેલા સામાન્ય ધર્મમાં અર્થાત્ ઉપયોગમાં આત્મા જણાય છે, પછી વિશેષ ધર્મમાં (શુધ્ધોપયોગમાં) આત્મા જણાય છે.

૪૬૭.

સમયસાર ગાથા ૧૮૧, ૧૮૨ માં વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. આત્મામાં શું થાય છે અને આત્માની બહાર શું થાય છે. આ રીતે પહેલાં વસ્તુસ્વરૂપ ખ્યાલમાં આવે...પછી અનુભવ થાય છે. મારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે, બીજું કાંઈ જણાતું નથી; ત્યારે પરોક્ષ અનુભૂતિ થાય.

૪૬૮.

ત્રિકાળ અબાધિત સિધ્ધાંત → જ્ઞાન સ્વના લક્ષે જ થાય છે. અજ્ઞાન પરના લક્ષે જ થાય છે.

૪૬૯.

લાયક જીવને સમ્યગ્દર્શનનો હેતુ થઈ જાય અથવા તેની પાત્રતા થઈ જાય, તેવો આ શુધ્ધભાવ અધિકાર છે. કુંદપ્રભુની વાણીનું બહુમાન આવે એ પણ પાત્ર જીવ છે.

૪૭૦.

આત્મા પરને જાણે છે એમ જે માને છે; તે દિગમ્બર જૈન નથી. કારણ કે તેમાં મિથ્યાત્વનો દોષ લાગે છે. લખી લેજો → પરને જાણતો નથી અને પર જણાતું નથી → આમાં અનુભવ થાય છે.

૪૭૧.

દ્રવ્યની સાથે સ્વસ્વામી સંબંધ જોડવો, પર્યાયની સાથે સ્વસ્વામી સંબંધ તોડવો; તેનું નામ ધર્મ છે.

૪૭૨.

ભવના અંતની વાત છે. ઝીણી વાત છે. આત્મા જ્ઞેય થતાં, ઇન્દ્રિયજ્ઞાનનું લક્ષ છૂટી જાય છે. એટલે જ્ઞેયજ્ઞાયકનો વ્યવહાર પણ છૂટી જાય છે.

૪૭૩.

પરિણામ કહો તો કથંચિત્ ભિન્ન, અભિન્ન આવી જાય. પણ તે પરદ્રવ્ય છે, તો 'સર્વથા' ભિન્ન આવી જશે. પર્યાય પરદ્રવ્ય છે, આમાં તો મારું અનંતુ હિત ભર્યું છે. 'ભગવાન આત્માને' બંધ થાય છે એમ વિચારતા પાપ લાગે છે.

૪૭૪.

સાતતત્ત્વનું શ્રધ્ધાન તે સમ્યગ્દર્શન-એ નિમિત્તનું કથન છે. શુધ્ધાત્માનું શ્રધ્ધાન તે સમ્યગ્દર્શન એ ઉપાદાનનું કથન છે. નવ તત્ત્વને ભૂતાર્થથી જાણવું તેને સમ્યક્દર્શનમાં નિમિત્ત કહ્યું. નિમિત્તની વ્યાખ્યા → જેનું લક્ષ છૂટે છે તેને નિમિત્ત કહેવાય.

૪૭૫.

સંવર તો જ્ઞાન ચેતના છે અને હું તો જ્ઞાન છું → આ ભેદજ્ઞાનની પરાકાષ્ઠા છે. જ્ઞાન ચેતના નવી પ્રગટ થાય છે, 'જ્ઞાન' નવું પ્રગટ ન થાય.

૪૭૬.

જ્યાં બંધ, મોક્ષ થાય છે ત્યાં થવા યોગ્ય થાય છે; પણ મારામાં કાંઈ થતું નથી. આ પડખેથી પોતાને બંધ રહિત જાણે છે. બીજે પડખેથી બંધ 'થવા યોગ્ય થાય છે' તેમ જાણે છે.

૪૭૭.

પરિણામને જેણે ભૂતાર્થનયથી જાણ્યા (થવા યોગ્ય થાય છે) તેને દ્રવ્યદ્રષ્ટિ થાય છે. જેને દ્રવ્યદ્રષ્ટિ થાય, તે જ એમ જાણે છે કે 'પર્યાય થવા યોગ્ય થાય છે.' આ અવિનાભાવ છે અને સમય પણ એક છે.

૪૭૮.

પરિણામમાં, અપરિણામી જ દેખાય છે; પરિણામનો ભેદ દેખાતો નથી; તેનું નામ શુધ્ધજ્ઞાન પરિણત જીવ છે.

૪૭૯.

'હું અકર્તા છું' (દ્રવ્યસ્વભાવ) તો હું પણ અકર્તા છું. શુધ્ધપર્યાય પરિણત જીવ પણ અકર્તા છે. શુધ્ધજ્ઞાન પરિણત જીવ પણ 'સર્વથા' અકર્તા છે.

૪૮૦.

હું દુઃખનો ભોક્તા નથી, 'હું તો જાણનાર છું'. એમાં આનંદનો ભોક્તા થાય છે. આનંદના ભોક્તાના કાળમાં પણ અભોક્તા આત્મા મુખ્ય રહે છે.

૪૮૧.

'શ્રધ્ધા' દ્વારા આત્માને ગ્રહણ કરવો બહુ સરળ છે, કેમકે તેમાં 'સર્વથા' છે. દ્રષ્ટિમાં 'કથંચિત્' નથી, માટે 'કથંચિત્' દ્વારા દ્રષ્ટિની પ્રાપ્તિ થતી નથી. તેણે દ્રષ્ટિનો નેચર સમજવો જોઈએ.

૪૮૨.

કેવળજ્ઞાનના ટાઈમમાં પણ આત્મા જ સર્વોપરી દેખાય છે. જીવના મૂળ સ્વરૂપની વાત કરે → એ ધન્ય ઘડી છે.

૪૮૩.

વર્તમાન 'મુક્ત સ્વરૂપ' આત્માની અનુભૂતિ એ જ ભાવિ મુક્તિનું કારણ છે. તો પણ એ કારણથી 'હું શૂન્ય છું.'

૪૮૪.

લખી લ્યો! આ કોઈ જુદા પ્રકારની વાત છે. નિશ્ચય અને વ્યવહારના વિષયમાં ફેર નથી. (હું જ્ઞાતા, હું જ્ઞેય) તેને ભેદથી જુઓ તો વ્યવહાર છે, તેને જ અભેદથી જુઓ તો તે (જ્ઞાનપ્રધાન) નિશ્ચય છે.

૪૮૫.

સ્વપ્રકાશક પૂર્વક સ્વપ્રકાશક જ થાય છે. અને અનુભવ પછી સ્વપ્રકાશક જ રહે છે. પછી પરને જાણવાનું આવતું જ નથી. કેમકે 'જ્ઞાયક નથી ત્યમ પર તણો.' ઇ...જણાતું નથી..માટે તેનું નામ પરજ્ઞેય છે. જે જણાય તે સ્વજ્ઞેય છે.

૪૮૬.

(૧) ખરેખર તપાસ કરો તો પોતાને જાણતાં પોતે જ જણાય છે, છતાં પર જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે. (૨) 'પોતાને જાણું છું' એમ પણ અનુભવમાં રહેતું નથી, પોતે જ છે.

૪૮૭.

ફરે છે તે જ્ઞાનનું જ્ઞેય નથી. જ્ઞાનનું જ્ઞેય ફરતું જ નથી. જ્ઞાન અફર છે...કેમકે જ્ઞાનનો આશ્રય ફરતો નથી. 'અચલં જ્ઞાનં...અચલં જ્ઞાનં.'

૪૮૮.

પર જણાય છે → એમાં પરનું પ્રમેયત્વ સ્થાપ્યું. એ ચીજ જણાતી નથી → તેમાં જ્ઞાનનું પ્રમેયત્વ સ્થાપ્યું. જ્ઞપ્તિક્રિયામાં સ્વપરનો પ્રતિભાસ અવશ્ય છે, પરંતુ છદ્મસ્થને લક્ષ એક સમયે એક જ્ઞેય ઉપર જ હોય છે.

૪૮૯.

ચશ્મા કોણે દેખ્યા? જ્ઞાને. જ્ઞાને (ચશ્મા) જાણ્યા એમ કોણે દેખ્યું? જ્ઞાને. તો જ્ઞાને જ્ઞાનને જ દેખ્યું છે. ચશ્મા આપો આપ નીકળી ગયા.

૪૯૦.

જ્ઞાનમાં પર પ્રતિભાસે છે તેને આગળ નહીં કરવાનું. જ્ઞાનની સત્તામાં પર છે જ નહીં તો જણાય ક્યાંથી? એમ લેતાં અનુભવ થઇ જશે.

૪૯૧.

અધ્યવસાનવાળા જીવને સંયોગમાં મિથ્યાત્વ છે પરંતુ તેની પર્યાયમાં જ્ઞપ્તિમાત્ર છે.

૪૯૨.

જે પોતાના અસ્તિત્વમાં છે તે પોતાનું જ્ઞેય છે. ભેદકારક પણ પોતાના અસ્તિત્વમાં નથી...તેથી તે પોતાનું પ્રમેય નથી.

૪૯૩.

લખી લ્યો → પર્યાયદ્રષ્ટિવાળાને પ્રમાણજ્ઞાન હોતું નથી. દ્રવ્યદ્રષ્ટિવાળાને પ્રમાણજ્ઞાન નિયમથી હોય છે. પ્રમાણના પક્ષવાળાને પ્રમાણજ્ઞાન હોતું નથી.

૪૯૪.

શ્રધ્ધા સમ્યક્ કરવા અનેકાન્ત એમ લેવું કે → સર્વથા જ્ઞાયક જાણવામાં આવે છે, સર્વથા પર જાણવામાં આવતું નથી. શ્રધ્ધાનો વિષય વારંવાર જ્ઞાનમાં આવે એવો વિચાર કરવો. સૌ પ્રથમ જ્ઞાનના વિષયને જ્ઞાનનો વિષય ન બનાવ. શ્રધ્ધા પોષક જ્ઞાન → શ્રધ્ધાના વિષયને વારંવાર જ્ઞાનમાં લ્યે છે. હું દ્રવ્ય જ છું અને મને દ્રવ્ય જ જાણવામાં આવે છે તો સમ્યગ્જ્ઞાન થઈ જશે. આહાહા! દ્રવ્યની દ્રષ્ટિને, દ્રવ્ય (પરિણામી) નું જ જ્ઞાન વર્તે છે.

૪૯૫.

આ ભગવાનની વાત છે. ભગવાન થવાની વાત છે. આત્મા જ્ઞાનરૂપે જ પરિણમે છે, બાકીના બધા ગુણો અનાદિ કાળથી પરિણમ્યા જ નથી.

૪૯૬.

જ્ઞેયનું સ્વરૂપ ખ્યાલમાં ન આવવાથી ધ્યેયનો પક્ષ રહે છે. આ બાજુથી ધ્યેયનો પક્ષ રહે છે, બીજી બાજુથી પરને કે ભેદને જ્ઞેય માને છે. અથવા ધ્યેય જેટલું જ જ્ઞેય માને છે.

૪૯૭.

અદ્ભૂત સિધ્ધાંત → સામાન્ય એકલું ધ્યેય તો થાય, પણ સામાન્ય એકલું જ્ઞેય ન થાય. સામાન્યને ધ્યેય કરવા જતાં, સામાન્ય વિશેષ જ્ઞેય થાય. આ રીતે જ્ઞેય સંધાયેલું જ હોય. રાગાદિભાવો આત્માથી સંધાતા નથી માટે તે જ્ઞેય નથી.

૪૯૮.

એકલું પરિણામી જ્ઞેય ન થાય તો સમજવું કે હજુ પર જ્ઞેય થાય છે, ભેદ જ્ઞેય થાય છે. એકલું સામાન્ય જ્ઞેય છે, એવી ભ્રાંતિ જ રહે છે. સાચું જ્ઞેય ન જણાય તો ક્યાંક તો જ્ઞેયની સ્થાપના કરે જ ને?

૪૯૯.

પર જણાય છે, સ્વપર જણાય છે, એ જ્ઞાનનો દ્રોહ છે. અરે! સામાન્યના પક્ષમાં રોકાય છે અને સામાન્ય વિશેષને જાણવાની ના પાડે છે તે પણ જ્ઞાનનો દ્રોહ છે. આત્માર્થી જીવને આત્મા જોઇએ છીએ, કોઇ પક્ષ જોઈતો નથી.

૫૦૦.

જે જણાયો તે જાણનાર જ છે. જેમાં જણાણો એ પણ જાણનાર જ છે. જેમાં જણાણો તે પણ અભેદ, જે જણાયો તે પણ અભેદ. બે અભેદના ભેદ પણ જણાતાં નથી. એક અભેદ જણાય છે.

૫૦૧.

- પર પદાર્થ જ્ઞાનમાં આવતા નથી એમ કહીને સૂક્ષ્મ વાત બતાવવી છે કે – પરનું જ્ઞેયત્વ પોતાના જ્ઞાનથી અભિન્ન થતું નથી એટલે પર જણાતું નથી, જ્ઞાન જ જણાય છે.

૫૦૨.

પરને જાણતો જ નથી, ઈ જણાતું નથી. માટે તો તેનું નામ પરજ્ઞેય છે. જે જણાય તે સ્વજ્ઞેય. આત્મા ‘કરનાર’ જ નથી, પછી આ કરવું અને આ ન કરવું; એવો વિભાગ જ નથી. હવે જાણવામાં વિભાગ છે. કોને જાણવું જોઈએ અને કોને ન જાણવું જોઈએ! કોને જાણતાં આનંદ અને કોને જાણતાં દુઃખ!

૫૦૩.

ત્રિકાળી દ્રવ્યમાં દ્રવ્યનો અનુભવ થતો નથી. પર્યાયમાં પણ દ્રવ્યનો અનુભવ થતો નથી. પરિણામી થઈને અનુભવ થાય છે તે જ પ્રમાણે જ્ઞાનપર્યાયમાં પરનો અનુભવ થતો નથી. અનુભવ = જ્ઞાન.

૫૦૪.

જ્ઞાતાબુધ્ધિ → શ્રધ્ધાનો દોષ. અનુભવ પછી પરનો જ્ઞાતા થાય તે → ચારિત્રનો દોષ. ગુણ તો બન્નેમાંથી એકેય છે જ નહીં. જાણેલો પ્રયોજનવાન તે કેવળજ્ઞાન થવામાં અંતરાય છે.

૫૦૫.

જાણનારો તો જાણનારો જ છે...આ રીતે જાણવારૂપે પરિણમવું તેનું નામ જ્ઞાનપર્યાયનો નિશ્ચય છે. દ્રષ્ટિની નિર્મળતા માટે અસ્તિ-નાસ્તિ અનેકાન્ત છે. અને આમાં જ સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. પરિણામથી ભિન્ન દ્રવ્યને અનુભવવું તેનું નામ અસ્તિ-નાસ્તિ અનેકાન્ત છે.

૫૦૬.

અમે પર્યાયના અસ્તિત્વને સ્વીકારીએ છીએ, પણ પર્યાયને આત્મા તરીકે માનતા નથી. જ્યારે પર્યાયદ્રષ્ટિવાળો, પર્યાયને આત્મા માને છે. તેથી દ્રવ્યને તો ઉડાડે છે, પર્યાયને પણ ઉડાડે છે.

૫૦૭.

સામર્થ્ય સ્વભાવથી સાપેક્ષ હોય છે. જ્યારે સ્વભાવ સામર્થ્યથી નિરપેક્ષ હોય છે. સ્વભાવ નિરપેક્ષ હોવાથી, સ્વપરપ્રકાશક સામર્થ્યના નિષેધથી પ્રગટે છે.

૫૦૮.

પર્યાયને, પર્યાય જોતાં તો કર્તાકર્મનો ઉપચાર આવે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન આવે. પરંતુ તેને 'પરદ્રવ્ય' જાણતાં એવું કાંઈ ન આવે. ભેદ પરિણામ, પુદ્ગલના પરિણામ છે એમ પણ નહીં. એ જીવ નથી માટે અ...જીવ છે, તેમ પણ નહીં, એમાં પણ અપેક્ષા આવી. પરિણામથી ભિન્ન જાણતાં, ભેદજ્ઞાન કર્યા વિના, પર્યાયથી ભેદજ્ઞાન થઈ જાય છે.

૫૦૯.

રાગને નાસ્તિપણે જાણવા જાય તો એ અજ્ઞાન છે. તે રાગ ઉપર નજર રાખીને બોલે છે. સ્વાનુભૂતિમાં રાગનું વેદન ન આવ્યું તેના ઉપરથી જાણ્યું કે રાગની મારામાં નાસ્તિ છે.

૫૧૦.

આત્માને ઉપાદાન કર્તા માનતાં → આત્માનો નાશ થાય. આત્માને નિમિત્ત કર્તા માનતાં → આત્મજ્ઞાનનો નાશ થાય.

૫૧૧.

એક એકાન્તવાદી → દ્રવ્ય, પર્યાય બન્ને મળેલાં છે એમ માને છે. એક એકાન્તવાદી → બન્ને ભિન્ન છે એમ માને છે.

૫૧૨.

વર્ણાદિક સર્વથા પુદ્ગલના પરિણામ છે અને જીવ સર્વથા પરિણામથી રહિત છે એમ શ્રધ્ધ! વ્યવહારનો નિષેધ નિર્દયતાથી નહીં આવે ત્યાં સુધી નિશ્ચયનો પક્ષ નહીં આવે.

૫૧૩.

ઘણી જગ્યાએ એમ લખ્યું હોય કે → અજ્ઞાનભાવે આત્મા કર્તા છે. આત્મા વ્યવહારથી જ્ઞાનનો કર્તા છે → એટલું કહેવામાં પણ દ્રષ્ટિના વિષયમાં મચક આવી જાય છે. અનાત્મા કર્તા છે, ખરેખર આત્મા કર્તા નથી, આત્મા અકર્તા છે.

૫૧૪.

જે હાથથી નવ મિત્રને ગણે છે તે હાથ કોનો છે? તે હાથ દસમી વ્યક્તિનો તારો છે. તું તને જ ગણવાનું કેમ ભૂલી જાય છે? તેમ તું તને જ જાણવાનું કેમ ભૂલી જાય છે?

૫૧૫.

જેના આશ્રયે અનંત મુનિરાજ, અનંત સિધ્ધરાજ પ્રગટ થાય છે, એવો આ જીવરાજ છે. મુનિરાજ અને સિધ્ધરાજથી અધિક જીવરાજ છે.

૫૧૬.

પોતાને પરિણામથી સહિત જોનારને આત્મા શુધ્ધ છે તેમ ક્યારેય નહીં ભાસી શકે. હે ભગવાન! મારી ભૂલ થઇ ગઈ; મેં પરદ્રવ્યને પરિણામ માન્યા.

૫૧૭.

**પ્રશ્ન :** તમે પર્યાયને માનો છો કે નહીં?
**ઉત્તર :** પર્યાયને લક્ષે પર્યાયને માનતા નથી. દ્રવ્યના લક્ષે પરિણામ અભેદ થાય તેને અમે જાણીએ છીએ.

૫૧૮.

પ્રથમ આત્માને જાણવો. પછી શું કરવું? પછી પણ આત્માને જ જાણ્યા કરવો. એકાન્તે આત્માનું જ જાણવું અને એકાન્તે પર્યાયનું વિસ્મરણ.

૫૧૯.

આત્મા કેવો છે? તું નથી ઇચ્છતો તેવો છે. દુઃખ, અજ્ઞાન, પરાધીનતા...આદિ આત્મામાં નથી, એવો છે.

૫૨૦.

પરદ્રવ્ય, પરદ્રવ્યની સન્મુખ થાય છે. સ્વદ્રવ્ય, પરદ્રવ્યની સન્મુખ થાય નહીં. 'પરદ્રવ્ય' કહીને આચાર્યદેવ આપણા ઉપર ઘણો ઉપકાર કરી ગયા. ઘણી...ઘણી કરુણા આવે ત્યારે આ શબ્દ મૂકે.

૫૨૧.

આત્મામાં સ્યાદ્વાદનો અભાવ; આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્‌ભાવ. સમય એક. આ બે પ્રકારની વાત કહીએ છીએ એમાં રહસ્ય છે. આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે તેમ લેતાં આત્મજ્ઞાન થાય છે.

૫૨૨.

આ વિષય સૂક્ષ્મ છે સામાન્ય જેવું જ વિશેષ હોય. પરિણામને અશુદ્ધ કહેનાર દ્રવ્યને શુદ્ધ માનતો જ નથી. દ્રવ્યે શુદ્ધ અને પર્યાયે અશુદ્ધ, તે ઉછીનું લીધેલું જ્ઞાન છે.

૫૨૩.

જાણે નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવીને કહેતા હોય એવો ઊંચો ન્યાય → 'પરિણમે માટે કર્તા' એવો જે ઉપચાર, તે ઉપચારથી પણ આત્મા કર્તા નથી. નિશ્ચયથી તો કર્તા નથી, નથી ને નથી; પણ ઉપચારથીયે એ કર્તા નથી. અકર્તાને કર્તાનો ઉપચાર આપવો એ દોષ છે.

૫૨૪.

પરને જાણવા...માટે જ્ઞાનને બહાર કાઢે છે; પરંતુ જ્ઞાન બહાર ગયું જ નથી. કેમકે જ્ઞાન કદી બહિર્મુખ થાય જ નહીં. જે જ્ઞાન બહાર ગયું છે તે તો ખંડજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હતું...તેને અંતરમુખ કરવા માગે છે. જે ઈન્દ્રિયજ્ઞાન, સ્વભાવથી અત્યંત દૂર છે તે પાસે લાગે છે; અને જે જ્ઞાનસ્વભાવ પોતે છે તે તેને દૂર લાગે છે.

૫૨૫.

જે ધ્યેય છે એ જ ઉપાદેયપણે જ્ઞેય છે. ધ્યેય બે રૂપવાળું છે. (૧) ધ્યેયરૂપ (૨) ઉપાદેયપણે જ્ઞેયરૂપ. જે પરિણામી જ્ઞેય છે તે ધ્યેય નથી. કારણ કે જ્ઞેયમાં તો દ્રવ્ય, ગુણ, પરિણામ બધું છે તેથી તે ધ્યેય નથી.

૫૨૬.

કર્તાબુધ્ધિ → કર્તાકર્મના વ્યવહારનો પક્ષ તે કર્તાબુધ્ધિ.
જ્ઞાતાબુધ્ધિ → (પરમાં) જ્ઞાતા જ્ઞેયના વ્યવહારનો પક્ષ તે જ્ઞાતાબુધ્ધિ.

૫૨૭.

આત્મામાં રાગ થાય છે → સ્થૂળ અજ્ઞાન.
આત્મામાં જ્ઞાન થાય છે → સૂક્ષ્મ અજ્ઞાન.
આત્મામાં ગુણ ભેદ છે → સૂક્ષ્મતર અજ્ઞાન.

૫૨૮.

જેને પોતાની ચિંતા થાય છે... મારું શું થશે? તેને તત્ત્વ મળી જાય છે. તે પાત્ર છે તેથી આત્માનો સંગ કરતો આગળ વધે છે. ચૈતન્ય આત્મા ચૈતન્યરસથી ભરેલો છે...તેમ શ્રધ્ધામાં ચૈતન્ય તત્ત્વની રુચિ કરતો તેમાં એકાગ્રતાનું પરિણમન કરે છે.

૫૨૯.

નિમિત્ત નૈમિત્તિક સંબંધ બે પ્રકારે છે. (૧) વિભાવરૂપ (૨) સ્વભાવરૂપ. (૧) રાગાદિ વિભાવભાવ નિમિત્ત અને નવો કર્મબંધ બંધાય તે નૈમિત્તિક. (૨) કેવળજ્ઞાન તે નૈમિત્તિક અને લોકાલોકનો પ્રતિભાસ તે નિમિત્ત છે. આ સ્વભાવરૂપ છે...અર્થાત્ જ્ઞાન જ્ઞેયના વ્યવહારરૂપ છે.

૫૩૦.

પ્રમાણ સપ્તભંગી એક ધર્મ દ્વારા આખી વસ્તુનું જ્ઞાન કરાવે છે. નય સપ્તભંગી એક ધર્મ દ્વારા એક જ ધર્મનું જ્ઞાન કરાવે છે. પ્રમાણજ્ઞાનમાં 'સ્યાત્' લાગે તો તે સમ્યક્ છે. નયજ્ઞાનમાં 'જ' લાગે તો તે સમ્યક્ છે. પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાન્ત સમ્યક્ અનેકાન્ત સૂચક છે. નયરૂપ અસ્તિનાસ્તિ અનેકાન્ત સમ્યક્ એકાન્ત સૂચક છે. પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાન્ત પદાર્થની સિધ્ધિ કરે છે. નયરૂપ અસ્તિનાસ્તિ અનેકાન્ત પ્રયોજનની સિધ્ધિ કરે છે. જૈનદર્શનમાં પદાર્થની સિધ્ધિ, પ્રયોજનની સિધ્ધિપૂર્વક જ થાય છે.

૫૩૧.

મુનિરાજને કર્તાનો ઉપચાર ખટક્યો. જ્ઞાતા હોય તે નિશ્ચયથી કરે નહીં અને વ્યવહારથી પણ કરે નહીં. આત્મા ઉપચારથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. આ વાત પરમ સત્ય છે. નિર્મળ પરિણામનો ઉપચારથી કર્તા છે તેવા જ્ઞાનપ્રધાન કથનમાં પણ દ્રષ્ટિ તિરોભાવ પામીને; મિથ્યાત્વ રહી જાય છે.

૫૩૨.

ઉપાદેય તત્ત્વ તેમજ હેય તત્ત્વને એક આધાર નથી. સ્વદ્રવ્ય તેમજ પરદ્રવ્યનો બન્નેનો આધાર એક નથી. જો બન્નેનો આધાર એક હોય તો દ્રવ્યનો નાશ થાય. જો હેયતત્ત્વના આધારે ઉપાદેય તત્ત્વ હોય તો ઉપાદેય તત્ત્વ હેય થઈ જાય છે.

૫૩૩.

મુદ્દાની વાત → હું પરમાત્મા છું; તેવા ભાવમાં પરમાત્મા થઈ જાય છે. પરમાત્માને જાણનારું જ્ઞાન પરમાત્માની જાતનું હોવું જોઈએ.

૫૩૪.

ઉત્પાદ ધ્રુવને પ્રસિધ્ધ કરીને જ વ્યયને પામે છે.

૫૩૫.

**પ્રમાણની બહાર જાય તો પરથી એકત્વબુધ્ધિ. અને પ્રમાણમાં અટકે તો પરિણામથી એકત્વબુધ્ધિ. માટે પ્રમાણની બહાર જવું નહીં અને પ્રમાણમાં અટકવું નહીં.**

૫૩૬.

આત્મા સ્યાત્ અશુધ્ધની તો વાતે નથી, પણ આત્મા સ્યાત્ શુધ્ધ છે તેની વાતે નથી, આત્મા તો સર્વથા શુધ્ધ છે. 'આત્મા સર્વથા શુધ્ધ છે' → એમાં જિનવાણીનો કોપ નહીં, પરંતુ મહેરબાની થશે. જ્યાં સ્યાત્ કહ્યું ત્યાં વ્યવહારનો જન્મ થઇ ગયો. તે જ્ઞાનનો વિષય થઇ ગયો. નિશ્ચય વ્યવહારની સંધિ → રહિતના શ્રધ્ધાન પૂર્વક સહિતનું જ્ઞાન, સમય એક.

૫૩૭.

સમ્યક્દર્શન થવાનો કાળ પાક્યો હોય ત્યારે સર્વથા ભિન્નમાં આવ્યા વિના રહેતો જ નથી. અનુભવ પહેલાં કથંચિત્ ભિન્ન-અભિન્ન હોઈ શકે નહીં. અનુભવ પહેલાં કથંચિત્ ભિન્ન-અભિન્નના પક્ષમાં રહેવાથી પણ અનુભવ થઇ શકે નહીં. સર્વથા ભિન્નના પક્ષમાં આવતાં અનુભવ થાય છે તેમ તેને ખબર પડી ગઈ.

૫૩૮.

વ્યવહારનય, જીવને કર્તા કહે છે તે ઉપદેશ જ ખોટો છે. વ્યવહારનય મિથ્યા ઉપદેશ દેનાર હોવાથી તેની ઉપર દ્રષ્ટિ રાખનાર મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. વ્યવહારના નિષેધ વિના નિશ્ચયનો નિર્ણય નહીં થાય. નિશ્ચય સમજાયા વિના વ્યવહાર નહીં સમજાય.

૫૩૯.

**પ્રશ્ન :** પરિણામથી 'સર્વથા' ભિન્નમાં જોખમ છે?
**ઉત્તર :** જરાય જોખમ નથી. આહાહા! કથંચિત્ માં હતો ઈ જોખમ હતું.

૫૪૦.

**પ્રશ્ન :** મુદ્દાની વાત. તને કથંચિત્ અભિન્નનું જ્ઞાન થયું?
**ઉત્તર :** સર્વથા ભિન્નના જોરે થશે. આત્માને સર્વથા અકર્તા માન્યા વિના દ્રષ્ટિ અંદરમાં આવી શકતી નથી. સર્વથા ભિન્ન કહેનારને જ દ્રષ્ટિનો વિષય હાથમાં આવે છે. કથંચિત્ ભિન્ન-અભિન્નના પડખામાં ઉભા રહેનારને દ્રષ્ટિનો વિષય હાથમાં આવતો નથી. શ્રધ્ધા અને જ્ઞાન બન્ને અપેક્ષાએ પર્યાય સર્વથા ભિન્ન છે. અભિન્નપણાની માન્યતા છોડાવવી છે. સૂક્ષ્મ વાત છે... ઘણી સૂક્ષ્મ વાત છે... ભિન્નના જોર વિના, અભિન્નનો વ્યવહાર ઉત્પન્ન જ થતો નથી. ભેદજ્ઞાનના મંત્રમાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાયેલા છે.

૫૪૧.

તારે વ્યવહાર જોઈએ છીએ ને તો સાંભળ! વ્યવહારથી આત્મા અનંતગુણોથી સહિત છે. પરંતુ પરિણામથી સહિત નથી અને તેમ માનવું તેનું નામ મિથ્યાત્વ છે.

૫૪૨.

તીખી વાત → અનંતગુણોથી સહિત છું તેવો વિચાર વ્યવહાર છે. પરંતુ જે પરિણામનો ધ્રુવદળમાં અભાવ છે...તે પરિણામનો વિચાર કરવો તે વ્યવહાર નથી...પરંતુ કેવળ અજ્ઞાન છે.

૫૪૩.

મારે આત્માની રુચિ કરવી છે તેનું નામ જ અરુચિ છે. કોઈ પણ પ્રકારના પરિણામની પકડ થઈ જાય તેનું નામ જ અરુચિ છે. આવા આત્માની રુચિ કરવી જોઈએ! એમ રુચિ ઉપર લક્ષ રાખવું તેનું નામ જ આત્માની અરુચિ છે.

૫૪૪.

કાંઈ કરવાના ભાવમાં મોત જેવો ડર લાગવો જોઈએ. કેમકે કરવાના વિચારથી પાપ લાગે છે. પરિણામને જાણું છું તો પણ મરે છે, તો પછી કરવામાં તો મોતનો બાપ થઈ ગયો. જેનો હું કર્તા નથી તેને જાણીને શું કરવું?

૫૪૫.

ધ્યેયને જોવું એનું નામ જ ધ્યાન છે. ધ્યાનને કરું, એનું નામ તો મિથ્યાત્વનું પાપ છે. દ્રષ્ટિના વિષયને આગળ કરવો, દ્રષ્ટિને આગળ ન કરવી. એમ જ લેવું કે 'પરિપૂર્ણ છું.' એમ ન લેવું કે પરિપૂર્ણનું ધ્યાન કરું છું.

૫૪૬.

માર્ગની શરૂઆત જ 'કંઈ નથી કરવું' ત્યાંથી થાય છે. તેમાં જ વૃદ્ધિ અને તેમાં જ પૂર્ણતા.

૫૪૭.

સ્વરૂપની અસાવધાનીનું નામ પ્રમાદ છે. સ્વરૂપ જ એવું છે કે જેમાં પ્રમાદનો અભાવ છે.

૫૪૮.

સર્વ જિનેન્દ્રોની દિવ્ય ધ્વનિનો સંક્ષેપ સાર અને જ્ઞાનીઓના સ્વસંવેદનનો સાર આટલો જ છે કે → 'આત્મા કેવળ જાણનાર છે.' જૈનદર્શનની શરૂઆત જ 'જ્ઞાતા' થી થાય છે, 'કર્તા' થી થતી જ નથી.

૫૪૯.

'આ ભગવાન આત્મા જ્ઞાતાદ્રવ્ય છે' તે બદામના મેસુબનું જમણ છે. 'હું જ્ઞાતા છું' તેમાં જ્ઞાતા થઇ ગયો.

૫૫૦.

જ્યારે અમે નિશ્ચયનયના બળવાળા જ્ઞાનથી જોઈએ છીએ ત્યારે વ્યવહારનય હતી નહતી થઈ જાય છે. ભેદને જોનારું જ્ઞાન હોવા છતાં પણ અમને નથી. સાધકને આવી મસ્તી ચઢી જાય છે, અને સાંભળનારને કામ થઈ જાય છે.

૫૫૧.

'પ્રથમથી જ શુધ્ધ્તા છે.' આહા! કેવું મીઠું મધુરુ અમૃત જેવું વચન છે. આટલામાં તો આખી પર્યાય દ્રષ્ટિ છૂટી જાય છે.

૫૫૨.

પહેલામાં પહેલો ધડાકો → પરિણામ માત્રથી અત્યંત ભિન્ન છું. દ્રષ્ટિ પ્રાપ્ત કરાવવા માટે પરિણામથી અત્યંત ભિન્ન છું; પછી કથંચિત્ ભિન્ન-અભિન્ન સહેજે આવી જાય છે. જ્ઞાયકમાં દ્રષ્ટિ લાગતાં જ જ્ઞાન પ્રગટ થશે, જે કથંચિત્ ભિન્ન-અભિન્નને જાણશે. એને જ્ઞાન ઉપર છોડી દે ને!

૫૫૩.

'કથંચિત્'ના નામે મિથ્યાત્વ દૃઢ થઈ જશે. 'સર્વથા ભિન્નમાં' મિથ્યાત્વ ગળવા મંડશે અને ગળશે તો ટળશે → આ એકદમ મુદ્દાની વાત છે.

૫૫૪.

આત્મા ત્રણેકાળ પરિણામથી સહિત જ હોય. આ કોણ બોલે છે? જ્ઞાન બોલે છે. આમાં રહસ્ય છે → મારો આત્મા દુઃખથી રહિત છે, તેમ શ્રદ્ધાન થયું તો તે જ સમયે અતીન્દ્રિય સુખથી સહિત આત્માનું જ્ઞાન થયું કે નહીં? તો હવે કહો કે-આત્મા એક સમય પણ પરિણામથી રહિત ક્યાં રહ્યો? આ રહિત પૂર્વક સહિતની રમત છે.

૫૫૫.

જે જેનું હોય તે તે જ હોય. આત્માનું જ્ઞાન હોવાથી, જ્ઞાન તે આત્મા જ છે.

૫૫૬.

ઉત્પાદ વ્યયથી રહિત ધ્રુવ આત્માને અને ઉત્પાદ વ્યયથી સહિત ધ્રુવ આત્માને; હું એક સમયમાં જાણું છું. આનું નામ 'ધ્યેયપૂર્વક જ્ઞેય.' 'ધ્યેય પૂર્વક જ્ઞેયની' સંધિ નથી આવડતી તેથી થોડા જીવો પામે છે.

૫૫૭.

નિર્વિકલ્પ નય અને નિર્વિકલ્પ પ્રમાણ એક સમયમાં અનુભવ જ્ઞાનમાં પ્રગટે છે. નય પૂર્વક જ સમ્યક્ પ્રમાણજ્ઞાન પ્રગટે છે.

૫૫૮.

પરિણામ મારા કર્યા વિના સ્વયમેવ થયા કરે છે અને પરિણામ મારા જાણ્યા વિના સ્વયં જણાયા કરે છે → આ પણ સવિકલ્પ દશાની વાત છે.

૫૫૯.

દ્રવ્યની ત્રિકાળ શુદ્ધતા પર કદી અવિશ્વાસ ન કરજે. અને ઉપયોગની અંતરમુખતા પર કદી શંકા ન કરજે. ચૈતન્ય અનુવિધાયી ઉપયોગ સદા અંતરમુખાકાર જ છે.

૫૬૦.

આત્મા કર્તા અને રાગાદિ મારું કર્મ તેવી કર્તાકર્મની ભ્રાંતિ અનાદિથી ચાલી આવી છે. આવી ભ્રાંતિનો નાશ કર્તાકર્મના સમ્યગ્જ્ઞાનથી જ થાય છે. કર્તાકર્મનું અજ્ઞાન, કર્તાકર્મના જ્ઞાન વડે જ જાય છે.

૫૬૧.

પ્રશ્નઃ જૈન દર્શનમાં 'સર્વથા' શબ્દ હોય? ઉત્તર: હા, એમાં જ સમ્યક્ એકાન્તની સિધ્ધિ થાય છે. કોહીનૂરનો હીરો → ભ્રાંતિનો નાશ સમ્યક્ એકાંત વડે જ થાય છે.

૫૬૨.

પ્રમાણજ્ઞાન કરાવવું હોય ત્યારે 'સર્વથા' લગાવે તો તે ઝેર છે. કેમકે સમ્યગ્જ્ઞાનમાં સ્યાદ્વાદનો જન્મ થયો હોવાથી 'કથંચિત્' એ શબ્દ અમૃત છે. અને નયમાં 'કથંચિત્' શબ્દનો પ્રયોગ કરે તો તે ઝેર છે. કેમકે નય સમ્યક્ એકાંત બોધક હોવાથી તેમાં 'સર્વથા' જ લાગે.

૫૬૩.

સપ્તભંગી બે પ્રકારે.
(૧) પ્રમાણ સપ્તભંગી (૨) નય સપ્તભંગી. પ્રમાણ સપ્તભંગી પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન પોતાના પદાર્થની સિધ્ધિ કરે છે. નય સપ્તભંગી અંદરમાં ને અંદરમાં પર્યાયથી, ભેદથી ભેદજ્ઞાન કરાવી, ઉપાદેય તત્ત્વની શ્રધ્ધા કરાવી અને પ્રયોજનની સિધ્ધિ કરાવે છે.

૫૬૪.

પર્યાયનો આરોપ જીવ ઉપર આપીને જીવ આવો છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. જીવ તો જેવો છે તેવો જ છે.

૫૬૫.

મોક્ષમાર્ગ સહજ સાધ્ય છે, યત્ન સાધ્ય નથી. યત્ન સાધ્ય માન્યો એ જ વિપરીતતા છે.

૫૬૬.

પરિણામથી રહિત હોવા છતાં પરિણામથી સહિત જુએ છે એ મોટું પાપ છે. તેને આત્મા ક્યારેય નહીં દેખાય. લાખ કરોડ ઉપાય કર → ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના ધર્મધ્યાન નહીં થાય. જ્ઞાન સાચું કરવા જાય છે; પણ દ્રષ્ટિ ખોટી થઈ જાય છે તે ખબર પડતી નથી. પર્યાયને જાણવું તે વ્યવહાર છે તો લાવને દ્રવ્યને જાણી લઉં!! પર્યાય જ્ઞેય નહીં બને; ત્યારે દ્રવ્ય ધ્યેય બની જશે.

૫૬૭.

જીવ, જીવને જાણે છે → એક લીટીનો વિચાર કરે તો કામ થાય તેવું છે. જીવદ્રવ્યનો વિચાર કરતાં કરતાં જીવતત્ત્વમાં ચાલ્યો જા!

૫૬૮.

આત્મામાં કર્તૃત્વ માત્રનો અભાવ છે. સ્વરૂપ જ પરિપૂર્ણ છે તો પછી તમારે શું કરવું છે? કરવાનો અવકાશ જ નથી. આત્મા અનાદિ અનંત પરિપૂર્ણ છે.

૫૬૯.

પ્રથમ નવતત્ત્વને જાણવા? કહે-ના. પ્રથમ આત્માને જાણવો. '□□□□□□ □□' પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો. આ ઉપદેશ નથી, આદેશ છે.

૫૭૦.

આત્મા તો આવો જ છે, પણ એવો આત્મા દ્રષ્ટિમાં તો આવવો જોઈએ ને! અરે..., અરે..., જ્ઞાનીના વચનનું વાચ્ય શું છે એના ઉપર લક્ષ દે તું! જેવી વાણી આવી રહી છે તેવું વાચ્ય જો! એનાથી જરા પણ હલવું નહીં. જેવું વાચ્ય છે એવી જ વાણી આવી રહી છે. તું કૃતકૃત્ય છો...તું પરિપૂર્ણ છો.

૫૭૧.

પર્યાય ઉપર ઉભો ન રહે! પર્યાયમાં લક્ષ ન દે! સ્વરૂપ ઉપર લક્ષ ગયું, એનું નામ જ દ્રષ્ટિ છે. તું દ્રષ્ટિ ઉપર દ્રષ્ટિ ન લગાવ!

૫૭૨.

જેનાં આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય તેને ભગવાન પરદ્રવ્ય કહે છે. જે પ્રગટ થાય છે તે પરદ્રવ્ય છે, જે પ્રગટ છે તે સ્વદ્રવ્ય છે. બહારનું પરદ્રવ્ય બિલકુલ ન લેવું. પરિણામને પરદ્રવ્ય કહ્યું. આ એકદમ શોર્ટકટ છે.

૫૭૩.

જીવથી, જીવનું ભેદજ્ઞાન. જ્ઞાનથી, જ્ઞાનનું ભેદજ્ઞાન. સ્વદ્રવ્યથી, પરદ્રવ્યનું ભેદજ્ઞાન.

૫૭૪.

પંચાધ્યાયકર્તાએ એક સૂક્ષ્મ વાત કરી કે-સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાંથી કોઈક જીવ વિશેષ ઉપયોગવાન થઈ મિથ્યાત્વ સંબંધે વિચારે છે. ગાથા ૧૦૨૮ માં આ વાત છે કે પુણ્ય-પાપની ચર્ચા તો બધા કરે, પણ...મિથ્યાત્વને બધા ભૂલી જાય છે, તેની ચર્ચા કરનારા વિરલા છે.

૫૭૫.

**પ્રશ્ન :** રુચિનું લક્ષણ શું?
**ઉત્તર :** અકર્તા જાણનાર...જાણનાર જ ભાસિત થાય, રંચ માત્ર પણ કર્તા ભાસિત ન થાય, તેનું નામ રુચિ છે. કંઈક કરવું એનું નામ જ અરુચિ છે.

૫૭૬.

જેમ જ્ઞાનમાં, શરીર નથી માટે જ્ઞાન શરીરને જાણતું નથી. તેમ જ્ઞાનમાં, રાગ નથી, માટે જ્ઞાન, રાગને જાણતું નથી.

૫૭૭.

ખરેખર પર્યાય, દ્રવ્યમાંથી આવતી પણ નથી અને દ્રવ્યમાં જતી પણ નથી. વ્યવહારનય સંયોગનું જ્ઞાન કરાવે છે અને નિશ્ચયનય સ્વભાવનું ભાન કરાવે છે.

૫૭૮.

આત્માને ઉર્ધ્વ રાખીને વાંચવું-સાંભળવું. અપેક્ષિત શાંતિ અને અપેક્ષિત ધીરજ પહેલેથી જ આવે છે.

૫૭૯.

પરને કરું છું, મારું છું, જીવાડું છું તે અધ્યવસાન છે. તેના બરોબર જ સમકક્ષી અધ્યવસાન છે → 'હું પરને જાણું છું.'

૫૮૦.

મોક્ષમાર્ગપ્રકાશક કર્તાએ દ્રવ્યલિંગીની સૂક્ષ્મ ભૂલ બતાવી. છ દ્રવ્યને જાણનારો તો હું નહીં, પણ છ દ્રવ્ય જેમાં જણાય છે તેવો જાણનારો છું. 'હું જ્ઞાયકને જાણું છું' તેમ ન આવ્યું.

૫૮૧.

જરા પણ દયા રાખ્યા વિના વ્યવહારનો પ્રલય કરી નાખજે. આચાર્યદેવના શબ્દો છે ને!! કેમકે વ્યવહારના આશ્રયે જીવ પડે છે, નિશ્ચયનયના આશ્રયે જીવ ચડે છે. નિર્દયપણે વ્યવહારનો નિષેધ આવ્યો, તો જા તને આત્મા પ્રાપ્ત થશે જ!

૫૮૨.

મુનિરાજની વાણીમાં અભેદ આત્મા આવે છે. પાત્ર જીવ અભેદ આત્માને સાંભળે છે, ધારે છે, અનુભવે છે. અભેદ પાક્ષિક સમાગમ હિતનું કારણ છે.

૫૮૩.

(૧) જીવ પોતાના પરિણામનો કર્તા નથી. (૨) જીવ પોતાના પરિણામનો ઉપચારથી કર્તા નથી. (૩) જીવ પોતાના પરિણામનો જ્ઞાતા નથી. (૪) જીવ પોતાના પરિણામનો ઉપચારથી જ્ઞાતા નથી. (૫) તે તો અભેદ ધ્રુવ સ્વરૂપ જાણનાર છે.

૫૮૪.

કળશટીકા ૨૫૨ શ્લોકમાં, સ્વચતુષ્ટયના (ચાર) બોલ છે તેના ત્રણ રહસ્યો છે. પર્યાયના જે (૧) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે તે નિષેધવા માટે છે. (૨) ગુણ-ગુણીના ભેદ પણ નિષેધવા માટે છે. (૩) અભેદ છે તે અનુભવવા માટે છે.

૫૮૫.

આત્મા સર્વથા ગુણોમાં રહે છે. કથંચિત્ આત્મા સંવર, નિર્જરાની પર્યાયમાં રહે છે તે જ્ઞેયપ્રધાન કથન છે.

૫૮૬.

જાણે તે આત્મા નથી, તે તો જ્ઞાનક્રિયા છે. જણાય તે આત્મા છે. પોતાને જાણનારું જ્ઞાન 'મારું' તો છે, પણ તે 'હું' નથી.

૫૮૭.

પ્રશ્નઃ આત્મામાં સ્યાદ્વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું કેમ આવતું નથી?

**ઉત્તર :** કેમકે સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો સર્વથા અભાવ છે. સ્વદ્રવ્યને પરદ્રવ્ય સ્પર્શતું નથી.

૫૮૮.

'કરવું' તે આત્માનો કે જ્ઞાન પર્યાયનો સ્વભાવ જ નથી. તેથી જ્ઞાનીના મુખમાંથી 'કરવાની' વાત તો આવશે જ નહીં. કર્તાબુધ્ધિ છોડાવવા, પરિણામનો જ્ઞાતા છે એમ કહેવું પડે છે. 'હું કર્તા છું' એ નિગોદના સંસ્કાર છે.

૫૮૯.

પર્યાયના ષટ્કારક પર્યાયથી નથી માનતો તેને સમ્યગ્દર્શન નહીં થાય. આ ભૂલ અસાધારણ છે.

૫૯૦.

વ્યવહારની વધુ વાત કરીશ તો ગુણસ્થાન ઉતરી જશે. અને તેમાં ને તેમાં રોકાતાં કદાચ મિથ્યાત્વ પણ દૃઢ થઈ જશે! આ જ્ઞાનીને ચેતવે છે. કેમકે વ્યવહારનો પક્ષ અનાદિ કાળનો છે અને ક્ષાયિક સમકિત તો છે નહીં.

૫૯૧.

અશુધ્ધ નિશ્ચયનયે રાગનો કર્તા કહ્યો, તેમાં અજ્ઞાનની સિધ્ધિ થાય છે. આત્મા પુણ્યનો અકર્તા છે, તેમાં શુધ્ધાત્માની પ્રાપ્તિ થાય છે.

૫૯૨.

કઈ રીતે વ્યવહારનો બચાવ કરીને સુબુધ્ધિ અને કુબુધ્ધિનો ભેદ જાણું? આ દ્રષ્ટિ જેને બેઠી તેને અલ્પકાળમાં સિધ્ધ થવાની તૈયારી છે. બીજી નયને તમે જોવા જશો તો આત્મા દ્રષ્ટિમાંથી છૂટી જશે. સુબુધ્ધિ અને કુબુધ્ધિ એ પરિણામનું વિશેષણ છે; એ આત્માનું વિશેષણ નથી.

૫૯૩.

મોક્ષની ભાવના કરશો તો પણ સંસાર વધી જશે. પ્રગટ છે તેની ભાવના હોય. જે પ્રગટ નથી તેની ભાવના ન હોય. મોક્ષને હું 'કથંચિત્' ભાવું છું તેમ પણ નથી.

૫૯૪.

જેવું સ્વરૂપ છે, તેવું વારંવાર ચિંતવન કરવાથી, જ્ઞાન કરવાથી, સ્વરૂપની દૃઢતા થાય છે. આ રીતે પુરુષાર્થની શરૂઆત થાય છે. વારંવાર આત્માનો વિચાર, ચિંતવન કરવાથી સ્વરૂપનો આછો ખ્યાલ આવે અને તેનાથી પરિણામ ભીના થાય છે. સ્વભાવને, સ્વભાવથી વિચારતાં સ્વભાવનો પક્ષ આવે છે.

૫૯૫.

રાગનો કર્તા પુદ્ગલ દ્રવ્ય હોવા છતાં વ્યવહારનય આત્માને કર્તા કહે છે. પર્યાયથી સહિત દ્રવ્યને જે જુએ છે તે પર્યાયનો કર્તા બની જાય છે. કર્તાપણું રાખીને, ઉપરથી નીચે પડે તોય સમકિત નહીં થાય.

૫૯૬.

પર્યાયમાં તો અશુદ્ધતા છે ને! તેમ તારા અજ્ઞાનમય ભાવને આગળ ન કર! રાગ જીવના પરિણામ છે, એમ માને છે તેને સમકિત નહીં થાય.

૫૯૭.

**પ્રમાણનો લોભ, નિશ્ચયાભાસનો ભય તેને દ્રષ્ટિનો વિષય સમજવા દેતો નથી. જો તમે નિશ્ચયાભાસનો ભય રાખશો તો નિશ્ચયના પક્ષમાં જ નહીં આવો!**

૫૯૮.

'સર્વથા જાણનાર છું;' ત્યારે કર્તાબુદ્ધિ છૂટે. પછી 'પરિણમે તે કર્તા' આ વાત સમજાય.

૫૯૯.

કથંચિત્ અકર્તા ને કથંચિત્ કર્તા એ વાત તેના ઘરે ગઈ. એ પ્રમાણની વાત છે. નિશ્ચયથી હું જ્ઞાતા છું...અકર્તા છું. 'હું તો જ્ઞાતા જ છું' જ્ઞાતા જ છું, તેથી કર્તા નથી...આ કાંઈ શીખવાની જરૂરત નથી.

૬૦૦.

સ્વરૂપ લક્ષમાં ન આવવાની મોટામાં મોટી ભૂલ વ્યવહારનો પક્ષ. **"અપરમભાવે સ્થિતને, નિષેધનો ઉપદેશ છે."**

૬૦૧.

"આવો છું ને આવો નથી" એ ધારણા સાચી છે. જ્યારે આત્માને મિથ્યાદ્રષ્ટિ માનનારની તો ધારણાયે ખોટી છે. વિકલ્પાત્મક ભૂમિકામાં પણ વ્યવહારનો જેને નિષેધ આવશે, તેનો અલ્પકાળમાં મોક્ષ થશે.

૬૦૨.

કર્તાબુધ્દ્ધિના નાશનો ઉપાય → 'હું તો જ્ઞાતા છું;' બીજું કાંઈ છું જ નહીં ને! આમાં મિથ્યાત્વ ગળે છે. કેમકે સ્વભાવના પક્ષમાં આવ્યો ને! મેં બહુ રિસર્ચ (શોધ) કરી છે, મને એક જ ભૂલ ભાસે છે → પોતાને કર્તા માને છે. જેને આત્મા પરિણામ સહિત ભાસે છે તેને કર્તાબુધ્દ્ધિ થાય છે. રહિતનું શ્રધ્દ્ધાન કરવાનું છે તે મુદ્દાની રકમ છે. પહેલેથી સહિત ને આગળ કરીશ તો અજ્ઞાન થશે. નજરના પુરુષાર્થથી ભગવાન આત્માના દર્શન થાય છે.

૬૦૩.

તુ બીજું કાંઈ ન કર, જ્ઞાયક હોવાથી હું જાણનાર છું. કર્તાબુધ્દ્ધિ તે અગૃહિત મિથ્યાત્વ છે. હું જાણનાર જ છું...એવા પુરુષાર્થથી, તમારા ઉપાદાનની તાકાતથી એક સમય એવો આવશે કે તને સ્વભાવનો પક્ષ આવી જશે.

૬૦૪.

તારે સીમંધર ભગવાન પાસે જવું છે તો આત્મા પાસે ક્યારે જઈશ!? તીર્થંકરની ગૌણતા કરવી પડે તો કરજે; પણ આત્માને ગૌણ ન કરીશ.

૬૦૫.

હું તો બધાને ભગવાન જોઉં છું. પર્યાયને જોવાવાળી ચક્ષુ નથી, તો પછી લોકાલોકને દેખનારી ચક્ષુ તો ક્યાંથી હોય?

૬૦૬.

પર્યાયને જાણવાનું સર્વથા બંધ કરે તો જ દ્રવ્ય જણાય. એક મ્યાનમાં બે તલવાર નહીં આવે. પરિણામને જાણવાનો અનંતાનુબંધી લોભ છોડી દે!!

૬૦૭.

પ્રમાણ એવો વ્યવહાર અને નિશ્ચયનો પક્ષ, શ્રદ્ધાના બળે તૂટી જાય છે. શ્રદ્ધા નિર્વિકલ્પ હોવાથી બળવાન છે. જ્યારે 'કથંચિત્'માં મોળપ આવી જાય છે. શ્રદ્ધા નિરપેક્ષ હોવાથી નિશ્ચય છે. જ્ઞાન સાપેક્ષ હોવાથી વ્યવહાર છે.

૬૦૮.

**મારામાં જ્ઞાનગુણ છે એવા વ્યવહારનો પ્રેમ, ચૈતન્ય સૂર્યને આચ્છાદિત કરે છે. માટે કહ્યું કે → આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી...એવો શુદ્ધ છે. સૂક્ષ્મ વાત → સમકિતનો વિષય ગુણને અડતો નથી.**

૬૦૯.

નિરાવલંબી તત્ત્વ → વ્યવહારનયે પણ પરનું અવલંબન લેતું નથી.

૬૧૦.

નયનો ધર્મ જાણવું છે. નયનો ધર્મ કરવું નથી. કેમકે જ્ઞાનના અંશને નય કહેવાય છે. નય છે એ પોતાના ધર્મને વિષય કરે, પરને વિષય ન કરે. આ વાત સાધારણ નથી.

૬૧૧.

ત્રિકાળ નિયમ છે કે → વ્યવહારનો નિષેધ આવ્યા વિના, કોઈ જીવ નિશ્ચયમાં પહોંચી શકતો જ નથી.

૬૧૨.

શ્રદ્ધાના વિષયના જોર વિના, 'કથંચિત્' રહિતનું ગમે તેટલું જોર કરે, વિકલ્પ ન તૂટે. કેમકે કથંચિત્ સહિત છું એ વાત તેને ડીપોઝીટ પડી છે. પર્યાય આત્મામાં થાય છે. ભલે નિશ્ચયથી નહીં પણ પ્રમાણથી તો આત્મામાં થાય છે ને! આમ કોઈને કોઈ રીતે મોહરાજા 'હા' પડાવે છે.

૬૧૩.

અગિયાર અંગના પાઠીની આ ભૂલ થઈ ગઈ. પર્યાયથી હું સહિત છું તો પર્યાયનો સ્વામી થઈ ગયો. રહિતનું શ્રદ્ધાન કરવું તે મુદ્દાની રકમ છે. પહેલેથી સહિતને આગળ કરીશ તો અજ્ઞાન થશે.

૬૧૪.

આ વાક્ય ઉપર વિચાર તો કર : કોઈ જ્ઞાની ન કહે, શાસ્ત્રમાં ક્યાંય નથી, એવી ઊંચી વાત પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે → પરને જાણનારી કોઇ નય જ નથી. પ્રયોજન → બહિર્મુખ ઉપયોગને અંદરમાં લાવવાનો.

૬૧૫.

નિશ્ચયનયના વિષયને છોડીને → વ્યવહારનયના વિષયને જાણવું એ અજ્ઞાન છે.

૬૧૬.

માત્ર એક સામાન્ય પડખું જ હોત તો બધા જીવો સમ્યગ્દર્શનને પામી જાત. પરંતુ કોઈક જ પામે છે તેનું કારણ કે તેને સંધિ કરતા આવડતી નથી. વિકલ્પમાં વિષયનો વિરોધ લાગે પણ અનુભવજ્ઞાન વિરોધને ટાળી ઘે છે.

૬૧૭.

નિશ્ચયનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના, સમકિત થવાનું નથી. વ્યવહારને ગૌણ કરીને નિશ્ચયથી આત્માનું સ્વરૂપ સમજવા જેવું છે.

૬૧૮.

જો સિદ્ધમાં મિથ્યાત્વ થાય તો મારામાં મિથ્યાત્વ થાય! આટલું બધું જોર આવે ત્યારે દ્રવ્યદ્રષ્ટિ થાય.

૬૧૯.

મહાસિધ્ધાંત → નિશ્ચય વિના વ્યવહાર ન હોય. (૧) સમકિત થાય ત્યારે અંદરમાં જ નિશ્ચય વ્યવહાર થાય છે. ધ્યેય તે નિશ્ચય અને સ્વજ્ઞેય તે વ્યવહાર. (૨) જ્ઞાન પ્રધાન અપેક્ષાએ સ્વજ્ઞેય પણ નિશ્ચય છે. (૩) નિરપેક્ષ તે નિશ્ચય અને સાપેક્ષ તે વ્યવહાર.

૬૨૦.

વ્યવહાર શ્રધ્ધાને સાધન માનતાં દ્રષ્ટિ ત્યાં અટકી જાય છે. પરંતુ વ્યવહાર સાધન તે સાધન જ નથી. ત્યારે ઉપયોગ અંદર આવે. એવો ઊંડાણથી નિષેધ આવે કે જાણે એકાન્ત ન થઈ ગયું હોય!

૬૨૧.

વ્યવહારના પક્ષવાળો પર્યાયના લક્ષે જ શાસ્ત્ર વાંચે છે. જ્યારે નિશ્ચયના પક્ષવાળો દ્રવ્યના લક્ષે જ શાસ્ત્ર વાંચે છે.

૬૨૨.

વ્યવહાર કરવા જેવો છે એ શલ્ય (અનાદિ) નિગોદનું છે. એનું વજન વ્યવહાર ઉપર છે એટલે નિશ્ચયની વાતમાં તેની ચાંચ ડૂબતી નથી. નિશ્ચયની વાતમાં તેને એકાન્ત જેવું લાગે છે.

૬૨૩.

જેના હાથમાંથી નિશ્ચય ગયો તે નિષેધ નહીં કરી શકે; તે વ્યવહારને અપનાવી લેશે. એક પૈસાભાર પણ નિશ્ચયનો પક્ષ આવશે, તે ૯૯ પૈસાને ખેંચી લાવશે. નિશ્ચયની વાત વખતે વ્યવહારની વાત યાદ કરે તે લાઈન ખોટી છે. તેને બદલે વ્યવહારની વાત વખતે નિશ્ચયની વાત યાદ કરે તે લાઈન સાચી છે.

૬૨૪.

રાગમાં નહીં, જ્ઞાનની પર્યાયમાં આત્મબુધ્ધિ કરે છે; એ પણ ભૂલ છે. ઓહોહોહો! ઘણું ભેદવિજ્ઞાન માગે છે.

૬૨૫.

વ્યવહારની અધિકતા આવી ગઈ હોય, શુધ્દ્નયનો પક્ષ આવતો ન હોય, તેવા જીવ માટે આ દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ છે.

૬૨૬.

જ્ઞાની વ્યવહાર શીખવાડતા નથી, પણ વ્યવહારનું જ્ઞાન કરાવે છે. આવું હોય છે એમ કહે છે. આ કરવા જેવું છે એમ ન કહે. અજ્ઞાનીને એમ લાગે છે કે જ્ઞાની વ્યવહાર શીખવાડે છે.

૬૨૭.

ઘણાં વર્ષો પહેલાં કહ્યું હતું કે → આ જગતમાં કોઈ નિમિત્ત નથી; કેમકે બધા જ ઉપાદાન છે. આજે જાહેર થાઓ કે → આ જગતમાં કોઈ જ્ઞેય નથી. જ્ઞાનનું જ્ઞેય એક જ છે, જ્ઞાન જેનાથી તાદાત્મ્ય થાય તે જ્ઞેય. આ તો જ્ઞેય ફેરવવાની વાત છે.

૬૨૮.

વ્યવહારનયનો વિષય પરદ્રવ્ય હોય, નિશ્ચયનયનો વિષય સ્વદ્રવ્ય હોય. વ્યવહાર ઊભો થશે તો નિશ્ચય ઢંકાઈ જશે. ભલે ને નિશ્ચયના પક્ષમાં આવ્યો; તેથી શું! તો પણ તેણે સંશોધન તો ચાલુ જ રાખવું જોઈએ. નિશ્ચયના પક્ષમાં વ્યવહારનય જન્મતી જ નથી. પક્ષ છૂટીને મધ્યસ્થ થતાં અનુભવ થાય છે.

૬૨૯.

જેને આત્મા જોઈએ છીએ, તેને પણ જ્યાં સુધી વિવક્ષાનું સંપૂર્ણજ્ઞાન ન થાય; ત્યાં સુધી તે પણ ક્યાંક ખેંચાતાણમાં ચાલ્યો જાય છે. ગોથું પણ ખાઈ જાય.

૬૩૦.

એક જ્ઞાયક શુધ્દ્ધાત્મા જ જોઈએ છીએ, સમક્તિ પણ જોઈતું નથી. પર્યાયનું જ્ઞાન હો..! પણ પર્યાયની ભાવના ન હો!

૬૩૧.

આત્માનો સ્વભાવ જ્ઞાન; અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું → આવા નિશ્ચયના વાક્ય ઉપર ધ્યાન ખેંચાતું નથી.

૬૩૨.

જ્યારે નિશ્ચયની વાત આવે ત્યારે, વ્યવહારે તો પરને જાણે છે કે નહીં? એ વાત આગળ ન કરવી. નહીં તો નિશ્ચયની વાત નહીં સમજાય. વ્યવહારે પરનું જાણવું સત્યાર્થ લાગશે ત્યાં સુધી પાછો નહીં ફરે. વ્યવહારનું નામ લઈને કપટ કરે છે. પરની અપેક્ષા આવે તે વ્યવહાર; તેમાં પરના આશ્રયની ક્યાં વાત છે?

૬૩૩.

શાસ્ત્રનું અવલંબન લેતા સમકિત થશે! એ બુદ્ધિ જ તારી ખોટી છે. વ્યવહાર શ્રદ્ધા તો કેળવ, પરને જાણતાં જ્ઞાને ન થાય અને સુખે ન થાય.

૬૩૪.

જો અંદર ટકાય તો અમારે ભેદને જાણવો પણ નથી. ભગવાને કષાયના દર્શન કરવાનું થોડું જ કહ્યું છે?

૬૩૫.

વ્યવહારનય પરનો કર્તા નથી એમ બતાવે છે. નિશ્ચયનય પરનો જ્ઞાતા નથી એમ બતાવે છે. લોકોને એકાન્ત નિશ્ચય...નિશ્ચય લાગે...પણ નિશ્ચય એ તો ભવ સાગરથી તરવાનો પંથ છે.

૬૩૬.

પર્યાયાર્થિક ચક્ષુ કથંચિત્ બંધ કરીને કે ગૌણ કરીને એમ કહ્યું નથી. 'સર્વથા બંધ કર' એમ કહ્યું છે. આ તો કોહીનૂરનો હીરો છે.

૬૩૭.

પહેલાં પર્યાયને જાણવી, ને પછી દ્રવ્યને જાણવું એ ક્રમભંગ છે, અપરાધ છે. ક્રમભંગ કરવો એ ગુન્હો છે. એ વાત ખ્યાલમાં આવે તો તે અનુક્રમમાં આવી જાય છે.

૬૩૮.

દ્રવ્યે શુધ્ધ છે, એમ વાત ચાલતી હોય ત્યારે દૂરભવી જીવનું લક્ષ પર્યાયમાં તો અશુધ્ધતા છે ને! ત્યાં ચાલ્યું જાય છે. નિશ્ચયનય વિના દ્રષ્ટિ નિર્મળ નહીં થાય. જ્યારે ઉપાદેય તત્ત્વની વાત આવે ત્યારે પર્યાયની વાત યાદ આવે તો; જ્ઞાની જે ઉપાદેય તત્ત્વ બતાવી રહ્યા છે તે લક્ષમાં નહીં આવે.

૬૩૯.

કર્તાબુધ્ધિ છે ત્યાં સુધી સવિકલ્પ વ્યવહારનયમાં પણ નથી આવ્યો. 'કરવું' એ તો સ્વભાવની પ્રાપ્તિમાં મોટું બાધક કારણ છે. 'હું કેવળમાત્ર જ્ઞાતા જ છું' આમાં સમકિત સન્મુખ થઈ ગયો. જ્ઞાતાને, કર્તા માનીને અજ્ઞાનના નાશ માટે અનંતા ઉપાય કરે! કાંઈ નહીં થાય.

૬૪૦.

વ્યવહારની વાત તો નિષેધવા માટે કહી છે. નિર્દય રીતે નિષેધ કરજે. આવો તીખો ભાવ અંદરથી આવે તો નિશ્ચયનો પક્ષ આવે...ને આવે. નિષેધમાં પાત્રતા, વિધિમાં અનુભવ. **પ્રશ્ન :** કથંચિત્ કર્તાનો ય નિષેધ? **ઉત્તર :** હા, નિષેધ. વ્યવહારમાં જા મા! જા...મા! નિશ્ચયમાં ટકી જા...ટકી જા...! સર્વથા અકર્તામાં રહે.

૬૪૧.

ભેદજ્ઞાનનો વિચાર એ સમ્યગ્દર્શનને અનુકૂળ વ્યવહાર છે. પરિણામ પ્રત્યે સ્વામિત્વ તોડવાનો પ્રયત્નશીલ જીવ તે સમકિતનો અધિકારી છે.

૬૪૨.

અધ્યાત્મ શાસ્ત્રમાં કહ્યું છે, એવા ભેદવિજ્ઞાન થવાના કારણભૂત જીવને તે જાણતા નથી.

૬૪૩.

પરજ્ઞેયનો પક્ષ હોવાથી ઉપયોગ અંદરમાં આવતો નથી. અંદરમાં જવા માટેની મોટામાં મોટી ખામી → વ્યવહારનો નિષેધ નથી આવતો.

૬૪૪.

સવિકલ્પમાં પણ એકલો ભગવાન આત્મા દેખાવો જોઈએ. એવી દશા પ્રગટ થાય તો અનુભવ પ્રગટ થાય. અનંતકાળમાં ન આવ્યો હોય તેવો દ્રવ્યનો પક્ષ કરો. 'કથંચિત્' માં રહીશ ત્યાં સુધી અપૂર્વ નિશ્ચયનયનો પક્ષ નહીં આવે.

૬૪૫.

અજ્ઞાનના નાશનો ઉપાય વિચારે છે ત્યારે તે વિવક્ષા બદલીને નિરપેક્ષ આત્માને જુએ છે. કોઈ વિરલ જીવ નિરપેક્ષ વાતને પકડીને પોતાનું કામ કરી લ્યે છે.

૬૪૬.

અજ્ઞાનીને માટે પર્યાયથી રહિતની શ્રધ્ધા તે વ્યવહાર શ્રધ્ધા છે. સહિતની શ્રધ્ધા તે અજ્ઞાન છે, વ્યવહાર નથી. વ્યવહારનો નિષેધ ન કરે તો આત્માનો નિષેધ થઈ જાય છે. શિષ્ય પાત્ર હોવાથી વ્યવહારનયે અનેક છે, એ વાતને યાદ કરતો નથી. એક માનીને અનેક માનવું તે વસ્તુનું સાધક છે.

૬૪૭.

વ્યવહારનયને ગૌણ કરીને નિશ્ચયનયથી વિચાર કરતો થઈ જાય, તો લાઈન હાથમાં આવી જાય. વ્યવહારથી આત્માનું અસલી સ્વરૂપ જાણી શકાતું નથી. તેનું લક્ષ કરતાં આત્મા તિરોભૂત થાય છે. નિશ્ચયની વાત અધૂરી લાગે છે તે વ્યવહારનો પક્ષ છે.

૬૪૮.

સાત વ્યસનથી અનંતગણું પાપ → આત્માને કર્તા માનવો. કરવાથી ઉપાડ થતો નથી, જેવો સ્વભાવ છે તેને લક્ષમાં લે. કર્તાબુધ્ધિ છોડાવવા ઊંચામાં ઊંચી વાત "થવા યોગ્ય થાય છે", હું જાણનાર છું.

૬૪૯.

માર્મિક વાત → રાગ ભિન્નપણે પણ ભાસવો ન જોઈએ. સૂક્ષ્મ વાત → રાગ લાંબો ટાઈમ જ્ઞાનનું જ્ઞેય થયું તો કર્તાનું કર્મ બની જાય છે.

૬૫૦.

ભેદજ્ઞાનનો વિચાર તે અનુકૂળ વ્યવહાર છે. પર્યાયને સુધારવી તે લાઈન જ ખોટી છે, એ પ્રતિકૂળ વ્યવહાર છે. વ્યવહારજ્ઞાન પણ કોનું નામ? આત્માને અનુમાનરૂપે જાણે તે. "ભેદબુધ્ધિ કરતાં જીવ વસ્તુ જીવને જાણે છે."

૬૫૧.

વ્યવહારનયનો વિષય (ગુણસ્થાન આદિ ભેદો વિકથા) તેને જાણવું એ ખોટો પૈસો છે. ત્રિકાળીને જાણવું (સુકથા) તેનો એક પૈસો પણ બસ છે.

૬૫૨.

જેમ સિધ્ધને 'કથંચિત્ શુધ્ધ' લાગુ પડતું નથી. કેમકે તેઓ સર્વથા શુધ્ધ છે; તેમ આત્માને કથંચિત્ શુધ્ધ લાગુ પડતું નથી → કેમકે તે સર્વથા શુધ્ધ છે. "આત્મા કથંચિત્ શુધ્ધ નથી. સર્વથા શુધ્ધ છે." અહીં પ્રમાણમાં તમને જવા દેવા નથી. નિશ્ચયમાં રોકી રાખવા છે. જો પ્રમાણમાં જશો તો તમારું વીર્ય હીણું થઈ જશે.

૬૫૩.

**કુંદપ્રભુનું ત્રીજું નામ (મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમ ગણધર પછી) યથાર્થ છે. તેમણે આવી તીખી વાત લખી નાખી → રાગ હેયપણે જણાશે ત્યાં સુધી આત્મા હાથમાં નહીં આવે. ગજબ લખી નાખ્યું.**

૬૫૪.

**પ્રશ્ન :** અનુભવ કેમ ન થયો? **ઉત્તર :** → નવતત્ત્વોથી રહિત ન જાણ્યું માટે. નવતત્ત્વ મારામાં નથી તેમ જાણે ત્યારે નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન થયું કહેવાય.

૬૫૫.

જેને આત્મા જોઈતો હોય તેણે સર્વ પ્રથમ કથંચિત્નો પ્રયોગ ન કરવો. સર્વથાનો પ્રયોગ કરવો.

૬૫૬.

શ્રધ્દ્ધામાં તો ભેદો હેય છે...પણ "જાણેલો પ્રયોજનવાન" એને પણ હવે કાઢી નાખ. કેમકે ભેદને જાણતાં જ્ઞાન દબાઈ જાય છે. કારણ કે ભેદ પરદ્રવ્ય છે. બહુ ઊંચી વાત છે → શ્રેણિ માટે જાણેલો પ્રયોજનવાન એ પણ હવે કાઢી નાખ તો મોક્ષ થઈ જશે.

૬૫૭.

'પૂજ્ય ગુરુદેવશ્રીએ નિર્વિકલ્પ ઉપયોગમાંથી બહાર આવીને કહેલી વાત છે: આત્માની વર્તમાન દશા, અભેદ આત્મામાં અભેદ થાય એટલે જ્ઞાન આત્માને જ જુએ છે.

૬૫૮.

જ્ઞાનપ્રધાન નિશ્ચયનયમાં બીજી નય આવે; પરંતુ અહીંયા તો શ્રધ્દ્ધાપોષક નિશ્ચયનય છે માટે તેમાં બીજી નય જ નથી.

૬૫૯.

પરમ પારિણામિકભાવ મારું લક્ષણ છે તેમાં વ્યવહારનો જન્મ થઈ ગયો. ઘણી ગહન વાત છે. વ્યવહારનો નાશ કરે તેનું નામ નિશ્ચયનય.

૬૬૦.

પર્યાય સાપેક્ષ દ્રવ્યનો વિચાર કરવાથી તારું મોત થશે. વિશેષનું જ્ઞાન કરવા જતાં તેમાં અહંબુધ્દ્ધિ થઈ જાય છે. આ માર્ગ કેવળ સ્વની અહમ્ બુધ્દ્ધિનો છે.

૬૬૧.

વ્યવહારનય છે એ રાહુના સ્થાને છે. વ્યવહારનો જન્મ થયો એટલે નિશ્ચયનયનું મૃત્યુ થયું. અર્થાત્ તે નય પ્રગટ જ થતો નથી.

૬૬૨.

શ્રુતભવન દીપક નયચક્ર પાના નં. ૩૧ માં આવે છે કે; આ જે નિશ્ચયનય છે તે દ્રષ્ટિ પ્રધાન નિશ્ચયનય છે. આ નિશ્ચયનય શ્રધ્દ્ધાપોષક છે, તેથી તેમાં સ્યાત્ લાગતું નથી. જ્ઞાન પ્રધાન નિશ્ચયનયમાં 'સ્યાત્' લાગશે, કેમકે સાથે વ્યવહારનું જ્ઞાન કરાવશે. આ તો કહે છે → અત્યારે તું ઈ આંખ બંધ કરી દે. વ્યવહારનયની આંખ અમારી પાસે નથી. એટલે એનો

વિષય પણ મને દેખાતો નથી. હજુ આ સવિકલ્પદશાની વાત છે. સવિકલ્પદશામાં પણ મને ભગવાન જ દેખાય છે.

૬૬૩.

એવી નિશ્ચયનય પ્રગટ થાય તો કાર્ય થાય. વસ્તુની શુદ્ધતા નાશ થતી નથી તિરોભૂત થાય છે. હવે આ નિશ્ચયનય છે તે વ્યવહારનો નાશ કરે છે એને અમે નિશ્ચયનય કહીએ છીએ. જો એ વ્યવહારનયનો જન્મ પમાડી દે તો તેને અમે નિશ્ચયનય કહેતા જ નથી.

૬૬૪.

વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે કે તિરોભૂત કરનાર છે? જરા સૂક્ષ્મ વાત છે → તિરોભૂત કરનાર છે. નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. વ્યવહાર, પરમાર્થને તો બતાવે છે, ને? (નયચક્રમાં) કહે છે → વ્યવહાર, પરમાર્થને તિરોભૂત કરે છે. ઊંચા પ્રકારના જીવો માટે છે. નીચલા સ્તરવાળાને ભેદરૂપ વ્યવહાર સમજવા માટે છે; એને તે પ્રયોજનરૂપ છે.

૬૬૫.

(૧) કર્તા કર્મનો સંબંધ બે દ્રવ્યો વચ્ચે ન હોય; તેમ કર્તા કર્મનો ભેદ એક દ્રવ્યમાં ન હોય. (૨) તેમ જ્ઞાતા જ્ઞેયનો સંબંધ બે દ્રવ્યો વચ્ચે ન હોય અને જ્ઞાતા જ્ઞેયનો ભેદ એક દ્રવ્યમાં ન હોય. તત્ સ્વરૂપમાં જ કર્તાકર્મપણું છે તેમ તત્ સ્વરૂપમાં જ જ્ઞાતા જ્ઞેયપણું છે. આ અભેદ જ્ઞેયનું સ્વરૂપ છે.

૬૬૬.

હું તો જ્ઞાતા જ છું અને જ્ઞાતા જ રહીશ. બધાં તાળાની ચાવી 'જ્ઞાયકનો અભ્યાસ કરવો' આ એક જ છે.

૬૬૭.

આત્માનું સ્મરણ કરતા પરદ્રવ્યનું વિસ્મરણ થઈ જાય છે. તો એણે પરનું સ્મરણ છોડ્યું એમ ઉપચારથી કહેવાય છે.

૬૬૮.

એક સ્વપર પ્રકાશક સ્વભાવમય. એક સ્વપરપ્રકાશક અજ્ઞાનમય. એક સ્વપરપ્રકાશક નિશ્ચયમય. એક સ્વપરપ્રકાશક વ્યવહારમય.

૬૬૯.

નિર્મળ દ્રષ્ટિ પ્રગટ થાય તે જ્ઞાયકને ગ્રહણ કરે છે; પરંતુ જ્ઞાયક નિર્મળ દ્રષ્ટિને ગ્રહણ કરતો નથી.

૬૭૦.

ભલે સાંખ્યમતી થઇ જાઓ; પણ નિર્દયતાથી દ્રવ્ય, પર્યાયના બે કટકા કરો. (સાંખ્યમતી થશો નહીં પરંતુ આત્માનુભવી થશો.)

૬૭૧.

આખી જિંદગી ધ્યેયના નિર્ણયમાં ચાલી જાય તો ભલે ચાલી જાય. મારે શુધ્ધાત્માને જ સમજવો છે તેમ વર્તુળ નાનું કરી નાખ. શુધ્ધાત્માના પક્ષ વિના નિર્ણય નહીં થાય; અને શુધ્ધાત્માના અપૂર્વ પક્ષ વિના સમકિત નહીં થાય. જેનો આશ્રય કરવો નથી તેનું ઓછું જાણવું થાય તો ક્ષમ્ય છે. પરંતુ જેનો આશ્રય કરવો છે એ સ્વરૂપને તો ખૂબ ઉલ્લાસ, પ્રેમ અને ઊંડાણથી સમજવું જોઈએ.

૬૭૨.

આત્મામાં જ્ઞેયપણું સ્થપાતાં આત્મા તને જણાશે, જણાશે ને જણાશે જ. જાણનારની જાણનાર પણે અભેદ અનુભૂતિ થઇ ત્યારે જાણનાર જણાય.

૬૭૩.

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન કેમ નથી? તેનું કારણ છે કે એક તો ઈન્દ્રિયજ્ઞાનમાં આત્માને જાણવાની શક્તિનો સર્વથા અભાવ છે અને બીજું તેમાં જ્ઞાનનું લક્ષણ ઘટતું નથી માટે.

૬૭૪.

(૧) માટી → ઘટ પર્યાયની કરનાર; (૨) અજ્ઞાની કુંભાર → ઘટનો કર્તા માનનાર; (૩) જ્ઞાની → ઘટ પર્યાય થઈ, તેમ જાણનાર.

૬૭૫.

અમિતગતિ આચાર્યદેવે યોગસાર પ્રાભૃતમાં કહ્યું. એક જ્ઞાનમાં ત્રણ ગુણ છે. (૧) પાચક = શ્રધ્ધા (૨) પ્રકાશક = જ્ઞાન (૩) દાહક = ચારિત્ર.
(૧) પ્રકાશક - પરિણામીદ્રવ્ય (૨) પ્રકાશ્ય - અપરિણામીદ્રવ્ય (૩) પ્રકાશ - જ્ઞાન પર્યાય (૪) આખું સ્વજ્ઞેય આવ્યું આમાં પરજ્ઞેય આવતું જ નથી.

૬૭૬.

પ્રતીતિ માટેનાં સર્વ વિચારોમાં 'હું જ્ઞાયક છું' તે મૂળભૂત પ્રકાર છે. 'જ્ઞાયક' શબ્દનો વિચાર કરવાથી આત્મા હાથમાં આવી જશે. એકને જાણવામાં પુરું વીર્ય લગાવી દેજે! ત્યારે તો એકનું અનુમાન થશે.

૬૭૭.

સમકિત થવામાં બે ભૂલ (૧) છે જ્ઞાતા અને માને છે કર્તા. (૨) છે જ્ઞાયકનો જ્ઞાતા અને માને છે પરનો જ્ઞાતા.

૬૭૮.

ટોચના બોર → જેમ સિધ્ધ ભગવાન દુઃખના ભોક્તા નથી તેમ સર્વ જીવો દુઃખના અભોક્તા છે. 'કથંચિત્' ભોક્તા હોય તો આંખ જ ફૂટી જાય.

૬૭૯.

(જ્ઞાનીને પણ) વ્યવહાર પ્રતિક્રમણમાં કર્તાબુધ્ધિ થઈ જવાનો સંભવ છે.

૬૮૦.

પર્યાયને આત્મા તરીકે ન જો. પર્યાય વ્યવહાર જીવ છે કે નહીં? એ હમણાં ભૂલી જા! એકવાર નિશ્ચય જીવને જોઈ લે! જેને આત્મા જ જોઈએ છીએ તે વ્યવહારને આગળ કરે જ નહીં.

૬૮૧.

જાણવામાં દ્રવ્ય, ગુણ, પર્યાય બધું જ સત્ દેખાય છે. જાણવાથી ખસ્યો, વ્યવહાર કર્તામાં આવ્યો ત્યાં સત્ નો નકાર આવી ગયો.

૬૮૨.

જીવ સામાન્ય સંબંધી અયથાર્થ શ્રધ્ધા તે જ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વની પરમાર્થ વ્યાખ્યા છે.

૬૮૩.

પર્યાયદ્રષ્ટિથી રાગનો કર્તા છે એ વાત સિધ્ધ કરવા જાય છે ત્યાં અજ્ઞાન દૃઢ થાય છે. તેથી દ્રવ્યદ્રષ્ટિથી શું સ્વરૂપ છે તે વાત કર. નિકટભવીપણું આવે ત્યારે તેનું ધ્યાન મૂળ તત્ત્વ પર ખેંચાય છે.

૬૮૪.

વ્યવહારથી પણ રાગનો કર્તા નથી. અહીં આત્મામાં ઘુસાડવાનું પ્રયોજન છે. જ્યાં વ્યવહારથી આત્માને રાગનો કર્તા કહ્યો હોય ત્યાં તો જ્ઞાન કરાવવા માટેની વાત છે. ઘણી જગ્યાએ એમ લખ્યું હોય કે-અજ્ઞાનભાવે આત્મા કર્તા છે, પણ ખરેખર આત્મા કર્તા નથી; અનાત્મા કર્તા છે.

૬૮૫.

નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે. પ્રલય એમ કરાવ્યો કે વસ્તુ સ્યાત્ શુધ્ધ નથી; સર્વથા શુધ્ધ છે. વ્યવહારનો પ્રલય કેમ થાય એ ઉપદેશ આપવા જેવો છે. અનુભવ પછી વ્યવહાર આવે, એ તો જાણેલો પ્રયોજનવાન છે.

૬૮૬.

સમ્યગ્દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્રના પરિણામને પરિણામ તરીકે જોશો તો એ પરમાર્થને પ્રસિધ્ધ નહીં કરે. એને જો પરિણામથી જોશો તો એ વ્યવહાર નિશ્ચયને તિરોભૂત કરશે.

૬૮૭.

(૧) પરિણામમાત્રથી ભિન્ન છું → તેથી તેનો કર્તા નથી. (૨) પરિણામ પરદ્રવ્ય હોવાથી → તેનો જ્ઞાતા નથી.

૬૮૮.

વાસ્તવમાં પ્રયોજનની સિદ્ધિપૂર્વક જ પદાર્થની સિદ્ધિ થાય છે. માટે કહ્યું છે કે પ્રમાણને ઓળંગીને જે નયમાં આવે તે જિનવચનમાં કુશળ છે. જે જ્ઞાન દ્રવ્યને ઉપાદેય પૂર્વક જાણે તે જ્ઞાન જ દ્રવ્ય પર્યાય સહિત પ્રમાણના વિષયને જાણે છે. પદાર્થનું પ્રમાણ જ્ઞાન સમ્યક્જ્ઞાનીને જ હોય છે.

૬૮૯.

પર્યાયના ષટ્કારકોના ભેદ કરવા તે વ્યવહાર છે. ષટ્કારકો અભેદ તે નિશ્ચય છે. (કર્તાકર્મનું અનન્યપણું છે)

૬૯૦.

હું પરને જાણતો નથી તેમાં જ્ઞાન પરથી વ્યાવૃત થઈ; જીવની દ્રષ્ટિ થઈ અને સંવર પ્રગટ થાય છે. (એ વિશેષ અપેક્ષાએ કથન છે) જ્ઞાન પરથી વ્યાવૃત સ્વરૂપ જ છે કેમકે જ્ઞાયક પરથી વ્યાવૃત સ્વરૂપ છે. (સામાન્ય અપેક્ષાએ કથન છે) જે જ્ઞાન પરને જાણે છે તે જ્ઞાન જ નથી પરંતુ એ ભાવેન્દ્રિય છે.

૬૯૧.

મિથ્યાત્વની અવસ્થા વખતે પણ સમ્યગ્દર્શનનું કારણ મોજુદ છે. જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય છે. તેવો વિશ્વાસ કરે તો જ્ઞાયક જણાય છે. જો ન જણાય તો તે જ્ઞાન અતીન્દ્રિય થતું નથી.

૬૯૨.

પર્યાય ઉપાદેય તો નથી પરંતુ હેય પણ નથી અને જ્ઞેય પણ નથી. પરને જાણવાનું બંધ થાય છે તો સ્વજ્ઞેયના દર્શન થાય છે. જ્યાં સુધી પર્યાય જ્ઞેયરૂપે જણાશે ત્યાં સુધી ચારિત્ર નહીં આવે, પરિણતિ રહેશે.

૬૯૩.

પરિણામથી સહિત હોવા છતાં, આ બધી પર્યાયોથી રહિત છે તેવા જીવતત્ત્વને સકલ અર્થની સિદ્ધિ માટે ભાવું છું. પર્યાયો મારાથી ભિન્ન છે, વિનાશીક છે. હું અનંતગુણથી અભિન્ન અને અવિનાશી છું.

૬૯૪.

સમયસાર ગાથા ૩૮-ભાવકભાવ અને જ્ઞેયભાવ બન્નેને મૂળથી ઉખેડી નાખ્યા. પછી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ; કર્તા-કર્મ સંબંધનો અભાવ થયો. હવે જ્ઞાતા-જ્ઞેયના વ્યવહારને ઓળંગી, ભેદ ઉપચારને ઓળંગીને અંદરમાં ચાલ્યો જાય છે.

૬૯૫.

સામાન્ય છે તેટલો જ આત્મા છે, વિશેષ છે તે આત્મા નથી. (સામાન્ય શુદ્ધમ્ વિશેષ અશુદ્ધમ્) પર્યાયના લક્ષે પરિણામ શુદ્ધ થતાં નથી.

૬૯૬.

(૧) એકના આશ્રયે એકનું જ જ્ઞાન થાય છે. → શુદ્ધનિશ્ચય. (૨) એકના આશ્રયે બે નું જ્ઞાન થાય છે → નિશ્ચય પ્રમાણ. (૩) એકના આશ્રયે અનેકનું જ્ઞાન થાય છે → વ્યવહાર પ્રમાણ

૬૯૭.

પરમ અધ્યાત્મ તરંગિણીમાં → જ્ઞાનની પર્યાયનું લક્ષણ બાંધ્યું... "પર લક્ષ અભાવાત્, ચંચલતા રહિતમ્; અચલમ્ જ્ઞાનમ્." આ તો કોઈ અપૂર્વ સૂત્ર છે.

૬૯૮.

જ્ઞાતા નિશ્ચયથી તો પરિણામ કરે નહીં, વ્યવહારથી પણ કરે નહીં. હવે ઉપચારથી, કર્તામાં અટકીશ તો સંભવ છે કે કર્તાબુદ્ધિ થઈ જશે. માટે જ્ઞાનીને ઉપચાર પણ ખટકે છે. જ્યાં સુધી કર્તાનો ઉપચાર અને જ્ઞાતાનો ઉપચાર લાગુ પડે છે ત્યાં સુધી મોક્ષ થતો નથી. ઉપચારથી કર્તાનો ઉપચાર ઓળંગી ગયો. ઉપચારથી જ્ઞાતાનો ઉપચાર ઓળંગી ગયો, તો શ્રેણિ આવી ગઈ. નિષેધથી ઉપડ્યો હતો તેથી નિષેધના સંસ્કાર હતા તો તેને મોટો લાભ થઈ ગયો. આત્માર્થી નિકટભવીને નિષેધનું જોર આવે છે.

૬૯૯.

“મારે પુરુષાર્થ કરવો છે”; તેમાં પુરુષાર્થ ટળી ગયો. (પુરુષાર્થમૂર્તિનું લક્ષ છૂટી ગયું... તો પુરુષાર્થ જ ન પ્રગટ્યો.) આત્માનું સ્વરૂપ દ્રવ્યથી જોવાની ટેવ પાડવી, પર્યાયથી જોવાની ટેવ છોડવી.

૭૦૦.

સ્વભાવની પ્રતિજ્ઞા છે કે હું દર્શન આપીશ તો સમ્યક્ એકાન્તમાં જ દર્શન આપીશ. જ્ઞાની સ્વભાવ દ્રષ્ટિથી વસ્તુને જુએ છે. અજ્ઞાની પર્યાય દ્રષ્ટિથી વસ્તુને જુએ છે.

૭૦૧.

નિશ્ચયનયના બે ભેદ માને તે સર્વજ્ઞની આજ્ઞાથી બહાર છે. નિરપેક્ષ નિશ્ચયનય એક જ છે. અમને ખબર છે. “□□□□□□□□ □□□ □□□□□□ □□□□□□□ □□□□□□□□□□□□□□□“ નિરપેક્ષનય મિથ્યા હોય છે અને સાપેક્ષનય સમ્યક્ અર્થાત્ સાર્થક હોય છે. અહીં તેનાથી આગળની વાત છે. જે નયથી અમારું કામ ન થાય તે ખરેખર સમ્યક્ નય નથી, તે કુનય છે.

૭૦૨.

જેમ રાગને કરવાની શક્તિ આત્મામાં નથી, તેમ પરને જાણવાની શક્તિ (ક્ષણિક) જ્ઞાન ઉપાદાનમાં નથી.

૭૦૩.

**પ્રશ્ન :** આત્મજ્ઞાન ઉદિત કેમ થતું નથી?
**ઉત્તર :** આખું જગત જ્ઞેયને જ્ઞાન માને છે માટે આત્મજ્ઞાન ઉદિત થતું નથી. પરને જાણવાનો અભિપ્રાય ચાલુ રાખે અને આત્મા જણાય જાય તેમ ત્રણકાળમાં બનવાનું નથી.

૭૦૪.

પ્રથમ ઉપયોગમાં આત્માનો પક્ષ આવે છે. બીજા ઉપયોગમાં આત્મા પક્ષાતિક્રાંત થઈ જાય છે. દ્રવ્યલિંગીએ ઘણું જાણ્યું; પણ ઉપયોગમાં ઉપયોગ છે તેમ ન જાણ્યું.

૭૦૫.

ઊંચી વાત →જો એક સમય પણ જ્ઞાન જ્ઞાયકથી છૂટું પડે તો જ્ઞાયકનું અસ્તિત્વ રહેતું નથી. જીવ એક સમય પણ જીવને જાણવાનું છોડે તો તે અજીવ થઈ જાય, જડ થઈ જાય.

૭૦૬.

જ્ઞાનનું લક્ષણ ઇન્દ્રિયજ્ઞાનમાં વ્યાપતું નથી માટે ઇન્દ્રિયજ્ઞાન જડ અને પૌદ્‍ગલિક છે.

૭૦૭.

નિશ્ચય, વ્યવહાર, પ્રમાણ તે બધું સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા પછી લાગુ પડે.

૭૦૮.

રહસ્યમયી વાત → જ્ઞાનનું જ્ઞાનત્વ એ...શું? જ્ઞાનનું અજ્ઞાનત્વ એ...શું?

૭૦૯.

લક્ષનાં સ્વભાવમાં સ્વપ્રકાશકતા છે જ, પરંતુ જ્ઞાનત્વમાં અંદર સ્વપરપ્રકાશકમયી અભેદ સ્વજ્ઞેય જણાય છે તે પણ સ્વપ્રકાશક જ છે. સ્વપ્રકાશકતા બે પ્રકારે છે. (૧) નિર્વિકલ્પ નિરાકાર (૨) સવિકલ્પ સાકાર, સમય એક.

૭૧૦.

હું અકર્તા છું તેવું શ્રધ્ધાનું બળ એવું ને એવું રાખીને; હવે જે અકર્તા સંબંધના રાગવાળો પક્ષ હતો તે ક્રમે નાશ પામતો વિલય પામે છે અને જ્ઞાન મધ્યસ્થ થઈને અનુભવ થઈ જાય છે. (તે સમ્યક્ પ્રકારે કર્તા થયો.)

૭૧૧.

આત્મા સુખનો સાગર છે, તેમાં દુઃખ નથી કે જેથી તે દુઃખ ટાળીને સુખ ઈચ્છે. દુઃખ તો ઉદયાધીન દ્રષ્ટિને કારણે થાય છે. પર્યાયમાં દુઃખ છે, પણ મારામાં નથી; તેમ ત્યાંથી જરાક ખસી જા ને!!

૭૧૨.

દુઃખ છે એ આત્મસન્મુખ થવામાં બાધક નથી; પરંતુ મને દુઃખ છે તે બુધ્ધિ બાધક છે. તું જ્ઞાનમય છે, ને દુઃખમય થયો નથી. તેથી વિચાર બદલાવ કે → ‘હું જ્ઞાનમય અને સુખમય

છું’ આ મોક્ષના કારણનું સેવન છે. તેનાથી અલ્પ કાળમાં મોક્ષ થશે. ‘હું જ્ઞાનમય છું’ તેવા પક્ષમાં આવીને આગળ વધે છે તો ‘હું જ્ઞાનમય છું’ તેવો અનુભવ થાય છે. ‘જ્ઞાનમય’ કહેતા ધ્યેય પૂર્વક જ્ઞેય.

૭૧૩.

સમયસારમાં ‘જ્ઞાન તે આત્મા’ તે વાક્ય વ્યવહારનું પ્રતિપાદક છે. જ્યારે નયચક્રમાં એમ લખ્યું છે કે ‘જ્ઞાયક તે જ આત્મા’ તે નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. પહેલાંમાં નિશ્ચયનો ભેદ ઊભો થાય છે. જ્યારે બીજામાં નિશ્ચય પોતે અભેદભાવે છે.

૭૧૪.

દ્રષ્ટિનો વિષય હજુ બરોબર બેઠો ન હોય અને જ્ઞાનનો વિષય લઈ લ્યે તો તેને દ્રષ્ટિનો વિષય બેસતો જ નથી. જેનાં લક્ષે અતીન્દ્રિયજ્ઞાન થાય તે જ જ્ઞાનનો વિષય હોય. જેના લક્ષે રાગ થાય તે જ્ઞાનનો વિષય ન હોય.

૭૧૫.

અકર્તાને કર્તા માન્યો, તે એટલી મોટી ભૂલ છે કે તેનાથી રખડે છે. આ ભવમાં નક્કી કરી લેવા જેવું છે કે -‘હું અકર્તા છું ને કર્તા નથી.’ આત્મા અકર્તા છે એવું બેસે તો અલ્પકાળમાં મુક્તિ થઈ જાય. અજ્ઞાનનું મૂળ કર્તાપણું છે. આત્મા અકર્તા છે એ વાત ઉપર અનંતકાળથી જીવનું ધ્યાન જ ખેંચાણું નથી. અકર્તાપણે આત્માને સ્વીકારે તો જ્ઞાતા થઈ જાય. મુદ્દાની વાત પર ધ્યાન કેન્દ્રિત કરવા જેવું છે. પરિણામનો કર્તા નથી અને પરનો જ્ઞાતા નથી એવો સ્વભાવ લક્ષમાં આવે તો કામ થાય એમ છે.

૭૧૬.

કુંદકુંદ ભગવાને બંધ અધિકારમાં ગજબ કરી છે. ‘ધર્મ દ્રવ્ય જણાય છે એ અધ્યવસાન છે.’ ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર પછી આચાર્ય કુંદકુંદદેવનું નામ ત્રીજા (તૃતિય) સ્થાને આવ્યું તે યથાર્થ છે.

૭૧૭.

હું અકર્તા જ છું, જ્ઞાતા જ છું; એમ વારંવાર વિચારતા કર્તાબુદ્ધિ ગળે છે. કર્તાબુદ્ધિ ગળે છે ત્યાં લક્ષ ન હોવું જોઈએ. ગળે છે તે મારા જ્ઞાનનું જ્ઞેય ન હો!! મારા જ્ઞાનનું જ્ઞેય એક જ્ઞાયક જ હો!

૭૧૮.

ઉત્પાદ સત્ છે, તેને કરે કોણ? એ જૈનદર્શનનો મહાસિધ્ધાંત છે. પ્રકાશક તે તો જાણનાર છે, તેને કર્તા માનવો એ મોટી ભૂલ છે.

૭૧૯.

ધર્મ દ્રવ્ય → જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે જો એમ લઈશ તો તારી દ્રષ્ટિ જ્ઞાન ઉપર ચાલી જશે.

૭૨૦.

રહિતનાં શ્રધ્ધાનપૂર્વક સહિતનું જ્ઞાન થાય એ નિશ્ચય-વ્યવહારની સંધિ છે. પરિણામથી રહિત છું એમ માને ત્યારે સમ્યક્દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્રથી કથંચિત્ સહિત છું એમ જણાય છે. રહિત અને સહિતની રમત છે તે રમી જાણે તેનું કામ થઈ જાય એવું છે.

૭૨૧.

પોતે મનુષ્ય હોવા છતાં પોતાને પાડો માને તે ૧૦૦% ખોટી વાત છે. તેમ જીવ શુધ્ધ જ છે; તેને દેહી તથા રાગી માનવો ૧૦૦% ખોટી વાત છે. આત્માને અશુધ્ધ માનવો તે મનુષ્યને ગધેડો માનવા જેવું છે.

૭૨૨.

પર્યાય દ્રષ્ટિ છે ત્યાં સુધી પર્યાયમાં રાગ છે એમ જણાય છે. દ્રવ્યદ્રષ્ટિ થાય ત્યારે પર્યાયમાં જ્ઞાન થાય છે એમ અનુભવાય છે. બાકી રહી ગયેલો રાગ જ્ઞાનનું કેવળ જ્ઞેય થઈ જાય છે.

૭૨૩.

પહેલાં નિશ્ચય સારી રીતે બેસી જવો જોઈએ. નિશ્ચય સારી રીતે બેઠા વિના વ્યવહાર યથાર્થ સમજાતો નથી. જે વ્યવહારનો નિષેધ ન કરી શકે તે આત્માને પામી જ ન શકે. નિશ્ચયનય વડે જ્યાં સુધી વ્યવહારનો નિષેધ ન આવે ત્યાં સુધી સ્વભાવનો નિર્ણય નહીં થઈ શકે. નિશ્ચય અજ્ઞાન નાશક જ્યારે વ્યવહાર અજ્ઞાન પોષક.

૭૨૪.

અનાદિથી તે નિશ્ચયની વાત સમજ્યો જ નથી. આત્મામાં રાગ થાય છે એ દરેકને અનુભવથી સિદ્ધ થયેલી વાત છે. અનાદિથી એ વાત પરિચિત છે. આત્મામાં રાગ થતો જ નથી તે વાત સમજવા જેવી છે.

૭૨૫.

આત્મદર્શન માટે પહેલાં શ્રદ્ધાને કેળવવી જોઈએ, પછી આત્મ સન્મુખ ઉપયોગ કામ કરે છે. એ ઉપયોગને ઈન્દ્રિયજ્ઞાન કે કષાયની મંદતાની અપેક્ષા નથી.

૭૨૬.

જેમાં કષાય જણાય તે જ્ઞાનની પર્યાયને જોવું તો બંધ કર, પણ જે જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધો જણાય છે, તે જ્ઞાનની પર્યાયને પણ જોવાનું છોડી દે! પરજ્ઞેયને જાણવું તે પાપ છે, અધર્મ છે, સ્વજ્ઞેયને જાણવું તે ધર્મ છે.

૭૨૭.

જેવું સામાન્ય તેવું જ વિશેષ હોય. સામાન્યથી વિશેષ જ્યારે વિરુદ્ધ જાય ત્યારે ઊંડો વિચાર માગે છે કે આ વિશેષ કોનું છે? દ્રવ્યને જાણનારું જ્ઞાન દ્રવ્યની જાતનું હોવું જોઈએ. સામાન્યથી જે પરિણામની જાત જુદી પડે તે સામાન્યનું વિશેષ નથી.

૭૨૮.

લાંબુ કરીશ તો લપસી જઈશ. ટૂંકું કરીશ તો ટકી જઈશ. તેથી વિચારનું વર્તુળ ટૂંકું કરી દે! તારા દ્રવ્ય, પર્યાય સિવાયના બીજા વિચાર છોડી દે. સ્વભાવથી વિચારતો નહીં થાય ત્યાં સુધી સ્વભાવની પ્રાપ્તિ નહીં થાય.

૭૨૯.

આત્મા અનાદિ એકરૂપ છે. તેના બે રૂપ, ત્રણરૂપ થાય તો હું તેને બીજી નયથી જોઉં ને! પણ જે સદા એકરૂપ હોય છે તેને બીજી નયથી કેવી રીતે જોઉં?

૭૩૦.

મારું લક્ષ શુધ્ધાત્મા ઉપર પડ્યું છે ત્યાંથી ખસતું નથી. તેથી કથંચિત્ અશુધ્ધ મને દેખાતું નથી. તમે પણ આવા આત્માના દર્શન કરો તો સમકિત થશે. પહેલેથી બે પડખાંનું જ્ઞાન કરવામાં પણ દ્રવ્ય સ્વભાવનું અવલંબન લ્યો તો બન્ને પડખાંનું યથાર્થ જ્ઞાન થશે. આત્માને અધિક રાખો તો બધાં પડખાં સમજાઈ જશે. પહેલાં એમ જ લેવું કે-હું તો પૂર્ણ છું, પરિપૂર્ણ છું, નિરાવલંબ છું, નિરાવરણ છું.

૭૩૧.

જ્ઞાયક તો બધાના હાથમાં આવી ગયો. હવે એ વાતનો જવાબ આપ કે–કામ કેમ થતું નથી? વ્યવહારનો નિષેધ કરવાનું વીર્ય ઉપડતું નથી માટે.

૭૩૨.

**પ્રશ્ન :** શુધ્ધનયના વિષયનો વિચાર તેના વિશેષણોથી કરીએ છીએ, તેનું ધ્યાન કરીએ છીએ, છતાં કાર્યની સિધ્ધિ કેમ થતી નથી?

**ઉત્તર :** એક તો શુધ્ધાત્માના નિર્ણય વિના ધ્યાન કાર્યકારી થતું નથી. બીજું શુધ્ધાત્માનો વિચાર કરે છે પણ વ્યવહારનો પક્ષ રાખીને કરે છે; તેથી વ્યવહારના પક્ષમાં મિથ્યાત્વ પોષાય છે. અપૂર્વ વીર્ય ઉપડવું જોઈએ તે ઉપડતું નથી.

૭૩૩.

વ્યવહારના પક્ષના અનેક પ્રકાર છે. (૧) દ્રવ્ય-પર્યાયના પ્રદેશ જુદા હોવા છતાં વ્યવહાર તેને અભિન્ન કહે છે. આ વ્યવહારનો જેને નિષેધ નથી આવતો તે વ્યવહારના પક્ષવાળો જીવ છે; તેમાં પક્ષાતિક્રાંત થવાનો અવકાશ નથી. દ્રવ્ય, પર્યાયના પ્રદેશભેદની વાત દ્રષ્ટિનો વિષય મેળવવા માટે અપૂર્વ છે.

૭૩૪.

હું અકર્તા છું એમ અજ્ઞાની વિચારે તો એ માયાચારી થઈ? એ માયાચારી નથી, સાચો વિચાર છે. સાચો વિચાર કરવાથી જ દ્રવ્યના પંથે આગળ વધાશે. દ્રવ્યને 'હું પણે' દેખતો એમ કહે છે કે હું અકર્તા છું. પર્યાયને જોઈને નથી કહેતો.

૭૩૫.

સ્વભાવ નિષ્ક્રિય હોવાથી તેમાં સ્વપરપ્રકાશકપણું નથી. પરંતુ પર્યાયમાં નિશ્ચયથી સ્વપરપ્રકાશકપણું જ છે.

૭૩૬.

જ્ઞાનમયી થઈને, જ્ઞાનરૂપે પરિણમીને; જ્ઞાનમય આત્મા ત્રિકાળ જ્ઞેય થઇ ગયો.

૭૩૭.

સમકિત શા માટે થતું નથી? વિશેષને જાણવાનો રસ છે માટે. સામાન્યને જાણવાની અંદરથી ઉત્કંઠા થવી જોઈએ તેવી થતી નથી; માટે તેનો નિર્ણય કરીને અનુભવ કરવો.

૭૩૮.

પ્રાથમિક ભૂમિકામાં ભેદજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. મોહના નાશનો ઉપાય ભેદજ્ઞાન છે. સમયે સમયે નિરંતર અપ્રતિહતભાવે ભેદજ્ઞાનનો મંત્ર ભાવવા જેવો છે. જો સંસારમાંથી છૂટવું હોય તો ચોવીસ કલાક ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ રાખવો.

૭૩૯.

દ્રષ્ટિના વિષયમાં આવતાં જ્ઞાન સમ્યક્ થાય છે. રહિતના બળે સહિતનું જ્ઞાન થાય છે. સહિતથી ઉપડે તો તે અજ્ઞાન છે, વ્યવહાર નથી.

૭૪૦.

કર્તાપણા કરતાં ભયંકર ભૂલ છે → પર જણાય છે ને 'પરને જાણું છું' એ વાત પર ચોકડો નહીં મારે, ત્યાં સુધી અનુભવ નહીં થાય. હું જ્ઞાતા અને છ દ્રવ્ય મારું જ્ઞેય તે ભ્રાંતિ છે.

૭૪૧.

સત્ય અંદરથી મળશે. ગુરુદેવ પાસેથી નહીં મળે. એકલા હાથે કામ કરવાનું છે. સ્વતંત્ર મંથન જોઈએ. કરણ ગુણ અંદર આત્મામાં છે, બહારના સાધન નકામા છે.

૭૪૨.

વિકારનો હેતુ અજીવ છે તેમ સમજાવવું નથી; પણ... હું તેનો હેતુ નથી તે સમજાવવું છે.

૭૪૩.

'થવા યોગ્ય થાય છે' એમ જેને જણાય તે જ્ઞાની છે. આ પરિણામ મેં કર્યાં, એમ જેને જણાય તે અજ્ઞાની છે. અકર્તાપણું તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે.

૭૪૪.

અકર્તા જ છું; પછી કર્તા પણ છું તેમ આવે તો બરોબર છે. પરંતુ અકર્તા પણ છું અને કર્તા પણ છું તે બરાબર નથી.

૭૪૫.

પર્યાય પરની સાથે સંબંધ કરે છે ત્યારે દ્રવ્યસામાન્ય પરની સાથેના સંબંધ વિનાનું છે. પર્યાયમાં બંધ રહે છે, ત્યારે ભગવાન આત્મા તો મુક્ત જ છે.

૭૪૬.

નિજ પરમાત્માને ભૂલીને બીજાની અધિકતા લાગે તો ખોટું થઈ જાય છે. સર્વોપરિતત્ત્વ તો નિજ પરમાત્મા છે. તેનાથી કોઈ મહાન નથી. સાદિ અનંત કાળ આનંદનો દાતાર તો પોતાનો પરમાત્મા છે. આવી રીતે સ્વભાવની અધિકતાનો વિચાર કરીને, પરની અધિકતાનો નિષેધ કરવો.

૭૪૭.

પ્રથમ શું કરવું? જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય કરવો. આત્મપ્રાપ્તિ માટેનો આ વ્યવહાર છે. 'કેવળમાત્ર જ્ઞાતા જ છું' આવો નિશ્ચય કરે તો સમ્યક્ સન્મુખ થઈ જાય છે.

૭૪૮.

જણાય છે સો ટકા જ્ઞાન અને માને છે કે સો ટકા જણાય છે જ્ઞેય તેથી પર જણાતું નથી એ → મોહના નાશનો ઉપાય છે. મને રાગ થાય છે તે તો ભ્રમ છે. મને તો જ્ઞાન થઈ રહ્યું છે અને તેમાં જ્ઞાયક જણાય છે તે તો હકીકત છે.

૭૪૯.

આત્માને પ્રસિદ્ધ કરે તે જ્ઞાનની મર્યાદા છે. દેવ, ગુરુ, શાસ્ત્રને પ્રસિદ્ધ કરે તો જ્ઞાન મર્યાદા બહાર ચાલ્યું ગયું.

૭૫૦.

જેમ મનુષ્ય હોવા છતાં પોતાને પાડો માને છે, તેમ પોતે શુદ્ધાત્મા હોવા છતાં પોતાને આસ્રવી માને છે. તું ભાવકર્મથી ભિન્ન છો...ત્યાંથી તો શરૂઆત થાય છે.

૭૫૧.

અનિત્યની દૃષ્ટિ કરવાથી નિત્યનું અજ્ઞાન રહી જાય છે, તેથી અનિત્યનું પણ અજ્ઞાન રહે છે. જ્યારે નિત્યના આશ્રયે અનિત્યનું જ્ઞાન સહજ થઈ જાય છે.

૭૫૨.

આ જગતમાં ખરેખર કોઈ નિમિત્ત છે જ નહીં. બધું જ્ઞેય છે. વીતરાગ સર્વજ્ઞ થાય ત્યારે આખું જગત જ્ઞેય તરીકે જણાય છે. નિમિત્ત કોઈ દેખાતું જ નથી. છે તો બધું જ્ઞેય જ, પરંતુ મૂર્ખ અજ્ઞાની નિમિત્ત બનાવે છે.

૭૫૩.

જ્ઞાનના જ્ઞેયમાંથી સાત તત્ત્વ નીકળી જતા નથી, પણ...શ્રદ્ધાના વિષયમાં સાત તત્ત્વો આવતા જ નથી. આત્માની નજર થઈ ત્યાં નવ તત્ત્વો દેખાતા નથી, તેથી તે અવસ્તુ છે. આહાહાહા! પચાવવી કઠણ પડે તેવી વાત છે.

૭૫૪.

એક સમય પણ આત્મા પર્યાયથી રહિત રહેતો નથી. મિથ્યાત્વથી ભેદજ્ઞાન થયું તો અનુભવ થયો. તો નિર્મળ પર્યાયથી સહિત થઈ ગયો. પર્યાયથી રહિત ક્યાં રહ્યો? આ જ્ઞાન પ્રધાન વાત છે.

૭૫૫.

પદ્રવ્યના કારકો તેના દ્રવ્યમાં છે, માટે તેનો હું કર્તા નથી. તેવી રીતે પર્યાયના ષટ્કારક પર્યાયમાં છે તેથી હું પર્યાયનો કર્તા નથી. આત્મા અકારક અને અવેદક છે. જો કર્તા હોય તો સંવર નિર્જરાને જ શા માટે કરે? મોક્ષને જ સીધો કરે ને!

૭૫૬.

ધ્યેયની ભૂલથી ધ્યાનની ભૂલ, લક્ષની ભૂલથી લક્ષણની ભૂલ, જ્ઞેયની ભૂલથી જ્ઞાનની ભૂલ માટે ધ્યેયની ભૂલ રાખીને ધ્યાનની ભૂલ કાઢી શકાતી નથી. રાગનો કર્તા થાય કે રાગનો અકર્તા થાય તેવો આત્મા ધ્યેય નથી.

૭૫૭.

જૈનદર્શનની મૂળ વાત ધ્યેય તથા જ્ઞેયનો વિચાર કરવો. ધ્યેયનો પણ પક્ષ નહીં તથા જ્ઞેયનો પણ પક્ષ નહીં, ત્યારે અનુભવ થાય. દ્રષ્ટિ તથા જ્ઞાનની સંધિ તે અપૂર્વ સંધિ અસાધારણ ચીજ છે. સંધિ ન થાય ત્યાં સુધી દ્રવ્ય પ્રત્યે રાગ અને પર્યાય પ્રત્યે દ્વેષ રહે છે તેથી જ્ઞાન મધ્યસ્થ થતું નથી. ઘણો ગંભીર વિષય છે. મંથન ઘણું માગે છે.

૭૫૮.

કોઈ જીવ દ્રષ્ટિના વિષયના એકાંત પક્ષમાં ચડી જાય તો તેને જ્ઞાનનો દ્રોહ થાય છે. તેથી તેને અનુભવ થતો નથી. આ સાધારણ વાત નથી.

૭૫૯.

સૂક્ષ્મ વાત → પર્યાયનો સ્વભાવ પણ વિભાવરૂપે રહેવાનો નથી. પર્યાયમાં પણ પરમાત્મા થઈ જવાનો મારો ધર્મ છે. પાણી ગરમ કેટલો વખત રહે? એમ સંસાર કેટલો વખત રહે? સંસારનો કાળ ઘણો અલ્પ છે, તેનાં કરતાં મોક્ષનો કાળ અનંતગણો છે.

૭૬૦.

દ્રવ્ય દૃષ્ટિની વાતો અલૌકિક અને અપૂર્વ છે. સર્વજ્ઞ ભગવાન કહે છે કે સુખ-દુઃખ તારામાં થતાં નથી, તે તારાથી બહાર થાય છે. લૌકિક વાતો, વ્યવહારની વાતો કે અશુદ્ધનયની વાતો સાથે શુદ્ધનયની વાતોને મેળ નહીં ખાય. નિગોદમાં પણ અત્યારે આત્મા દુઃખી નથી. તેનો આત્મા અત્યારે પણ સુખ સાગરથી ભરેલો છે. વસ્તુમાં દુઃખ નથી, તેથી અંતર્મુખ થતાં સુખનો જ અનુભવ આવે છે.

૭૬૧.

આ જીવનમાં શુધ્ધાત્માનું સ્વરૂપ સમજવું છે, એવી રુચિ કરવી અને રુચિ વધારવી તો જ તત્ત્વ પચશે. આત્મા ઉપર પ્રેમ રાખવો. તેની જ અધિકતા રાખવી. જરૂર માર્ગ અંદરથી મળશે.

૭૬૨.

હું જ્ઞાનમય છું તથા દુઃખમય તો પુદ્ગલ છે. આ પરમાત્મા થવાની વાત છે. દુઃખ તો જ્ઞેય છે, પરંતુ જ્ઞેય જ્ઞાયકના ભેદજ્ઞાનથી શૂન્ય હોવાથી પોતાને દુઃખી માને છે.

૭૬૩.

આત્મા મિથ્યાત્વથી સદા રહિત છે. રહિતનું જ્ઞાન તથા શ્રધ્ધાન્ તે કોઈ અદ્ભૂત અનેરી ચીજ છે. આત્મા રાગથી સર્વથા રહિત છે. વસ્તુ તો ત્રિકાળ શુધ્ધ છે.

૭૬૪.

પર્યાયમાં રાગ છે તે કોઈ શીખવાડવાની વાત નથી. રાગથી ભિન્ન ભગવાન આત્મા છે તે શીખવાડવાની વાત છે.

૭૬૫.

આત્મા શુધ્ધ છે તેના ઉપર વજન છે. શુધ્ધ થશે તે જાણવાની ચીજ છે. 'છે' તે લક્ષ કરવા યોગ્ય ચીજ છે. પર્યાયની વાતો બધા કરે છે...દ્રવ્યની વાતો કરનારા કોઈક અનુભવી વિરલા જ હોય છે. સામાન્ય પડખાંની વાત જેને અલ્પકાળમાં રુચિ જાય તેને અલ્પ કાળમાં સમ્યગ્દર્શન થઈ જાય. શ્રધ્ધા બહુ બળવાન છે; કારણ કે તેમાં કથંચિત્ નથી.

૭૬૬.

નવતત્ત્વો તો અભૂતાર્થનયનો વિષય છે. પણ નવતત્ત્વો મારામાં નથી એવું જ્ઞાન તેનું નામ નવતત્ત્વોને ભૂતાર્થનયથી જાણ્યા એમ કહેવું છે. નવતત્ત્વ અનુભવથી અસિધ્ધ થાય છે. અનુભવમાં નવ છે જ નહીં, દેખાતાં નથી તેથી સિધ્ધ થતાં નથી.

૭૬૭.

'હું કર્તા છું' તેમ લ્યો તો તમારી નજર કર્મ ઉપર જ જવાની. 'હું અકર્તા છું' એમ લેશો તો તમારી નજર દ્રવ્ય ઉપર જવાની. કામ નથી થતું તેનું કારણ ક્યાંય ને ક્યાંય કર્તાબુદ્ધિ પોષાય છે. છેલ્લે શાસ્ત્રોના નામે પણ કર્તાબુદ્ધિ પોષાય છે.

૭૬૮.

પરિણામ માત્રથી રહિત છું તે વાત બેસે તેને પરિણામ સુધારવાનો અભિપ્રાય ન રહે. આ વાતનો હકાર અંદરથી આવવો જોઈએ. સ્ફુરણા થવી જોઈએ...કે-'જ્ઞાતા છું ને કર્તા નથી' વારંવાર પ્રયોગ કરતાં ઊંડા સંસ્કાર પડે છે.

૭૬૯.

જે યાદ આવે તે જણાશે. ચૈતન્યને વારંવાર યાદ કરો તો ચૈતન્ય જણાશે. ભેદજ્ઞાનના વિચારમાં જો અભેદનું જોર આવી જાય તો સમ્યગ્દર્શન થઈ જાય છે.

૭૭૦.

અકર્તાનું લક્ષ છૂટે નહીં અને કર્તાકર્મનો ભેદ દેખાય નહીં, ત્યારે અનુભવ થાય. 'કર્તા, કર્મ, ક્રિયા ભેદ નહીં ભાસતુ હૈ, અકર્તૃત્વ શક્તિ અખંડ રીતિ ધરી હૈ.'

૭૭૧.

દુઃખ પુદ્ગલમાં થાય છે ત્યાં એમ માને છે કે – 'હું દુઃખી', તો તે અજ્ઞાની થઈ જાય છે. જ્યારે એમ ખ્યાલમાં આવે છે કે – રાગ તો જ્ઞેય છે અને હું તો જ્ઞાન છું જ્ઞાતા છું ત્યારે ઉપયોગ અંતર્મુખ થતો જાય છે.

૭૭૨.

'થવા યોગ્ય થાય છે' તેમાં વિકારનો કાળ પણ ફરતો નથી...અને અનુભાગ પણ ફરતો નથી. હું તેને કરું છું તેમ માનનાર મિથ્યાદ્રષ્ટિ થાય છે. થાય તેને કરે કોણ? ન થાય તેને કરે કોણ? ટળે તેને ટાળે કોણ? વ્યવહારનયથી કર્તા કહેવાય છે, પણ નિશ્ચયનયની મુખ્યતાથી કર્તા નથી. સમકિત પ્રગટાવવા માટે આ વાત કરી છે.

૭૭૩.

પહેલાં નિશ્ચયની વાત બહુ સારી રીતે સમજવી જોઈએ. આખું વીર્ય પહેલાં જ્ઞાયક સ્વભાવને સમજવામાં લગાડવું જોઈએ. ધ્યાન એક જગ્યાએ કેન્દ્રિત થશે તો પછી જ્ઞાન બેને જાણશે.

૭૭૪.

આખો દરિયો ડહોળીને જાવું છે કિનારે; તેવી રીતે બધું જાણીને પહોંચવું છે 'હું જ્ઞાયક છું' ત્યાં જ પહોંચવાનું છે, તો પહેલેથી એ કરે તો એમાં વાંધો શું! કથનો તો અનેક નયના આવે...પણ શુધ્ધનયનો વિષય શું છે; ત્યાં ધ્યાન કેન્દ્રિત કર્યા વિના દ્રવ્ય દ્રષ્ટિ થઈ શકતી નથી. અધ્યાત્મ શાસ્ત્રમાં કઈ અપેક્ષાએ વાત છે અને શું પ્રયોજન છે એ વાત બરાબર સમજે તો બધુ યથાર્થ સમજાય. આત્માનું લક્ષ રાખીને અભ્યાસ કરવા માંડે તો નવી લબ્ધિ પ્રગટે છે...અને ધીમે ધીમે એવો ઉઘાડ થાય છે કે અધ્યાત્મ શાસ્ત્રો અને તેમાં રહેલાં ભાવોને સમજવાનો ઉઘાડ વધી જાય.

૭૭૫.

શ્રીસમયસારમાં કહ્યું કે 'પરિણમે માટે કર્તા' એ વાતને ગૌણ કરીને; અહીં પરિણામનો આત્મા અકર્તા છે તે વાત મુખ્ય છે. કારણ કે તેનો સ્વામી નથી. કર્તાબુધ્ધિ છોડાવવી છે. કર્તા જુદી વાત છે અને કર્તાબુધ્ધિ તે જુદી વાત છે.

૭૭૬.

સમાજ ધક્કો મારશે, કુટુંબ ધક્કો મારશે, દેહ પણ ધક્કો મારશે. ભગવાન આત્મા કદી ધક્કો નહીં મારે.

૭૭૭.

નિશ્ચયનયના પક્ષમાં આવીને આત્માના સ્વભાવનું અવલોકન તો કરો! દ્રષ્ટિ ફેરવીને આત્માને જોવાનો છે. સ્વભાવની વાત સાંભળતાં તને નવું બળ તથા શક્તિ આવશે. શાસ્ત્રમાં નિશ્ચયનયનાં કથનો ક્યાંક-ક્યાંક છે. તો પણ જેની દ્રષ્ટિ તે તરફ ખેંચાણી તેનો અલ્પકાળમાં મોક્ષ થઈ જશે.

૭૭૮.

એક શુધ્ધાત્મામાં ધ્યાન કેન્દ્રિત કરવા જેવું છે. ભેદમાં ધ્યાન કેન્દ્રિત કરીશ તો પંડિત તો થઈશ, પણ જ્ઞાની નહીં થા. અભેદને છોડી, ભેદને જાણવા રોકાય ત્યાં ભેદનું જ્ઞાન નહીં, પણ ભેદરૂપ હું છું તેવું અજ્ઞાન થઈ જાય છે.

૭૭૯.

જેમ સંગેમરમરના ઘરમાં બાવળના કાંટા ઉગે અને વાગે તેવો અવકાશ જ નથી. તેમ ભગવાન આત્મામાં ભાવકર્મના કાંટા ઉગવાનો અવકાશ જ નથી.

૭૮૦.

સમયસારના અજીવ અધિકારમાં તીખામાં તીખી વાત છે. તીખાશ વિના પર્યાયદ્રષ્ટિ નહીં છૂટે. શુધ્ધભાવ અધિકાર કરતાં પણ સમયસારનો અજીવ અધિકાર ઊંચો છે...કેમકે તેણે નાસ્તિમાં જ જીવનું સ્વરૂપ માની લીધું છે.

૭૮૧.

દેશનાલબ્ધિ સાંભળવામાં પણ આત્માને ઉર્ધ્વ રાખીને જે સાંભળે છે તેને શુધ્ધાત્માનો પક્ષ આવીને પક્ષાતિક્રાંત થઈ જાય છે.

૭૮૨.

આત્મા જ્ઞાતા અને છ દ્રવ્યો જ્ઞેય તે ભ્રાંતિ છે, અધ્યવસાન છે. કોના જેવું અધ્યવસાન? 'હું પરને જીવાડું' તેના જેવું અધ્યવસાન.

૭૮૩.

નિરંતર ઊંડો વિચાર માગે છે. વિચારવામાં સ્વાધીનતા છે, વાંચવામાં, સાંભળવામાં પરાધીનતા છે. ગંભીર થઈને, સાવધાન થઈને, આત્માર્થી થઈને અનુભવનો પ્રયત્ન કરવો. સર્વથા પરાધીનતા સારી નથી. થોડી સ્વાધીનતા તો જોઈએ.

૭૮૪.

સઘળુંય સુકૃત તે ભોગીઓના ભોગનું મૂળ છે. યોગી તેને ભોગવતા નથી, કેમકે તેઓ તેને ઉત્પન્ન કરતા નથી.

૭૮૫.

ધ્યેયને નક્કી કરવાની લાઇન પર જવું. જે ધ્યેયને નક્કી કરે તેનું નામ ધ્યાન. જેનું ધ્યાન નિશ્ચય તરફ ખેંચાય તેનો અલ્પ કાળમાં મોક્ષ થઈ જશે.

૭૮૬.

ઈન્દ્રિયજ્ઞાન ઉપર બ્રેક આ રીતે મારવી કે → હું પરને જાણતો જ નથી, જાણનારો જ જણાય છે. પરને જાણનારો માને ત્યાં સુધી ધ્યેય ખોટું છે. પરના જાણવાના બહાના નીચે પણ અજ્ઞાન પોષાય છે. સ્વ તથા પરનો જાણનારો એમ લેશો તો પણ ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થશે.

૭૮૭.

અનુભવ હો કે ન હો! હું તો નિરપેક્ષ પૂર્ણાનંદનો નાથ છું. અનુભવની મને અપેક્ષા નથી. સંક્ષેપ રુચિવાળો જીવ પરમ શુધ્ધ દ્રવ્યાર્થિકનયનો અભિલાષી હોય છે.

૭૮૮.

ઉકેલ અંતરમાંથી આવે છે. 'આત્મા જ જોઈએ' તેવી લગની લાગે તેને ઉકેલ આવે છે. જેને શુધ્ધ પર્યાય જોઈએ તેને સંસાર મળે છે. નિર્વિકલ્પ થવું છે કે નિર્વિકલ્પ છું? નિર્વિકલ્પ છું તેવી ભાવના જાગે તો નિર્વિકલ્પતા આવે ને આવે. નિર્વિકલ્પ થવું છે તેમાં પર્યાયબુધ્ધિ છે- કર્તાબુધ્ધિ છે.

૭૮૯.

ક્ષાયિક સમકિત પણ આત્મામાં નથી. આગળની ૫૦ થી ૫૫ ગાથામાં તેને પુદ્‌ગલ કહેશે. અધ્યાત્મની વાત ઘણી તીખી છે, છતાં પણ મીઠી છે. કાચો પારો છે. જો હજમ થઈ જાય તો કાયા કંચનની થઈ જાય.

૭૯૦.

નિર્મળ પર્યાયનો પણ ઉપચારે કર્તા નથી; એવો અકર્તાનો પક્ષ આવીને → અકર્તાને શ્રધ્ધામાં દૃઢ કરી લીધો પણ પરિણમ્યો નહીં, તેથી તેને પરિણામનું જ્ઞાન ન થયું.

૭૯૧.

શુધ્દ્ધાત્મા જ એક છે, તેમાં બે પણું નથી તો તેને પ્રસિધ્ધ કરનાર નય એક જ હોય ને! અત્યારે અમારું લક્ષ પ્રમાણના દ્રવ્ય ઉપર નથી, પણ દ્રષ્ટિના વિષય ઉપર છે. તેનામાં તો બેપણું છે નહીં તેથી તેને પ્રસિધ્ધ કરનારી નય પણ એક જ છે.

૭૯૨.

મોટામાં મોટી ભૂલ કર્તાપણું છે. એક સમયની પર્યાયનું કર્તાપણું ભાસે તે → લોકાલોકનો કર્તા થઈ ગયો. છ દ્રવ્યનાં દ્રવ્ય-ગુણ-પર્યાય સત્ છે. સત્ હોય તેનો કરનાર કોઈ સંજોગોમાં બીજો બની શકતો નથી. કર્તાપણાનું શલ્ય સંસારનું બીજ છે.

૭૯૩.

જ્ઞાનનો સ્વભાવ જાણવું તેમાં કરવું ક્યાંય ન આવ્યું....ઓ...હો...હો...હો...! જાણવામાં સુખ છે, કરવામાં દુઃખ છે. કર્તાનો અભિપ્રાય તે અગૃહિત મિથ્યાત્વ છે. પરને જાણવાનો અભિપ્રાય તે અવ્યક્ત મિથ્યાત્વ છે.

૭૯૪.

અનાદિથી જ્ઞાતા હોવા છતાં કર્તા માને છે. અગૃહિત મિથ્યાત્વ છે તે કોઈના ઉપદેશથી થયું નથી, માટે તે છૂટવું મુશ્કેલ છે. છતાં સ્વાનુભવથી છૂટે છે. જો કોઈના કહેવાથી થયું હોય તો કોઈના કહેવાથી નીકળી જાય. સાંભળે છે કે 'જ્ઞાતા છું', છતાં સમયે-સમયે માન્યતામાં 'કર્તા છું' એમ જ રહે છે.

૭૯૫.

કુંભાર તો ઘટનો કર્તા નથી, ત્યાં સુધી આવ્યો પણ માટી ઘટની કર્તા નથી ત્યાં સુધી ન આવ્યો. જો માટી કર્તા હોય તો માટી તો એકરૂપ છે, તો પર્યાય પણ એકરૂપ થવી જોઈએ. પણ પર્યાય અનેકરૂપ થતી જોઈને, માટી પર્યાયની કર્તા નથી એમ સિધ્ધ થાય છે. ત્રિકાળી દ્રવ્ય, ગુણ પણ નિર્મળ પરિણામના કર્તા નથી. છએ દ્રવ્યો નિષ્ક્રિય છે અને તેની પર્યાય સક્રિય છે. આવા વચનો ગોતે તો મળે.

૭૯૬.

આત્માથી આત્માનું જ્ઞાન થતું નથી. આત્મા એકરૂપ છે, છતાં જ્ઞાનમાં તો ફેરફાર થાય છે, માટે આત્મા અકર્તા છે. આત્મા જ્ઞાન પરિણામનો કર્તા છે, તે વ્યવહાર જૂઠો છે. જ્ઞાનની પર્યાયનો પણ અકર્તા છું ત્યારે જ્ઞાયક જણાય. શુધ્ધનયથી જોતાં આત્મા પરિણામનો કર્તા નથી.

૭૯૭.

પર જણાય છે એમ સાચું ભાસે અને જ્ઞાન આત્મસન્મુખ થઈ જાય એમ બને નહીં. સમયસાર ૧૧ ગાથામાંથી આ બધા તાર નીકળે છે → વ્યવહાર સધળોય અભૂતાર્થ છે.

૭૯૮.

રાગનો હું કર્તા છું, તેવી બુધ્ધિ હશે તેને સમયસારનો મર્મ ખ્યાલમાં નહીં આવે. આત્મામાં રાગ તો પ્રવેશી શકતો જ નથી. પરંતુ ઉપયોગમાં પણ રાગ પ્રવેશી શકતો નથી. ઉપયોગમાં રાગ પ્રતિભાસતાં 'હું રાગી' તો અજ્ઞાની થઈ જાય છે. રાગના પ્રતિભાસના કાળે 'હું જ્ઞાનમય' તો જ્ઞાની થઈ જાય છે.

૭૯૯.

અભેદનો આશ્રય આવતાં, અભેદમાં ભેદ દેખાતા નથી. એટલે ભેદાશ્રિત વિકલ્પ જૂઠા છે. વસ્તુ સ્વભાવમાં ભેદ નથી માટે વસ્તુના અનુભવમાં ભેદ નથી.

૮૦૦.

શુધ્ધાત્મા જેવો છે, તેવી જ રીતે પ્રતીતિ થાય છે. આ રીતે જ વસ્તુ સ્વરૂપને સાધવામાં આવે છે. પ્રતીતિ ઉપર વજન છે. અનુભવનો વિષય સમજવામાં અને 'એવો જ હું છું' એમ દૃઢ કરવામાં જેનું વજન જાય છે તેને અનુભવ થશે જ.

૮૦૧.

સમયસારમાં બે વિભાગ જ છે. (૧) જાણવું. (૨) કરવું. કરવું તે અજ્ઞાન છે એમ ભાસે તો કર્તાબુધ્ધિ છૂટી જશે. 'આત્મામાં જાણવું જ છે, કરવું નથી.' અનાદિના અગૃહિત મિથ્યાત્વને ટાળવાનો આ મંત્ર છે.

૮૦૨.

કષાયનો ઉભરો સમાવવાનો આ ઉપાય છે કે → જ્ઞાનમાં આત્મા જ જણાય છે, ખરેખર પર જણાતું નથી. દ્રવ્ય-પર્યાયની વચ્ચે અત્યંત ભિન્નતા છે. એ બે વચ્ચે અત્યંત અભાવની મેરૂ પર્વત જેવી દિવાલ છે.

૮૦૩.

અનુમાનથી જ્ઞાન જ્ઞાનને જાણે, તેમાં કષાયની મંદતા થાય. અર્થાત્ મિથ્યાત્વની મંદતા થાય છે. જ્ઞાન જ્ઞાનને પ્રત્યક્ષ જાણે તેમાં કષાયનો અભાવ થાય છે. કષાયનો અભાવ આત્માની ઓથે જ થાય છે. જ્યારે શુભભાવરૂપ કષાયની મંદતામાં પરંપરાએ ભવ મળે.

૮૦૪.

ભેદથી ડરમાં! ભેદ તો વિલય પામી જશે. આત્મા જણાય છે એમ ઘુંટાય છે ને! આ વાત સાંભળ્યા પછી આ વાત ઉપર વજન આપવું જોઈએ કે → જાણનારો જણાય છે. 'હું જ્ઞાયક છું' એને નિર્ણય થયો. પછી આ પ્રેકટીકલની વાત છે કે -'જાણનારો જણાય છે.' પરોક્ષ કે પ્રત્યક્ષ બેયમાં આત્મા જ જણાય છે. અલબત્ત એક ઈન્દ્રિયજ્ઞાન છે, બીજું અતીન્દ્રિયજ્ઞાન છે.

૮૦૫.

કર્તાબુધ્ધિ છે ત્યાં સુધી અઘરું લાગે છે. આ વાત ધારી રાખવા માટે નથી, પ્રયોગ માટે છે. જડ જણાય છે તે અનુમાન ખોટું છે. જાણનાર જણાય છે તે અનુમાન સાચું છે.

૮૦૬.

જેમ આંખને હાથ રૂપે, પગ રૂપે માનવું તે ભૂલ છે. તેવી જ રીતે જ્ઞાતાને કર્તા માનવો તે ભૂલ છે.

૮૦૭.

મને જ્ઞાન જ જણાય છે તો જ્ઞાન જ ઉઘડી જશે; કેવળજ્ઞાનનો ભડકો થશે. અને એમ માને કે જ્ઞાન નથી જણાતું, જ્ઞેય જણાય છે; તો તેનું જ્ઞાન બિડાઈ જશે.

૮૦૮.

પરિણામથી દ્રવ્યનું ભિન્નપણું સમજાવ્યું છે તેથી સાધક જીવી શકે છે. બાકી આસ્રવો વિષ્ટા જેવા છે, તેમાં ચોવીસ કલાક કેવી રીતે કાઢી શકે?

૮૦૯.

સ્વભાવ, વિભાવ અને નિમિત્ત તે ત્રણેય જુદાં છે. સ્વભાવમાં વિભાવ નથી અને વિભાવમાં નિમિત્ત નથી.

૮૧૦.

મારે શુદ્ધ થવું નથી, 'હું તો ત્રિકાળ શુદ્ધ છું' તેમ ઊંડાણમાંથી ભાવ આવતાં...તેને અંદરમાંથી પોકાર આવે છે કે હવે મને ભવ કે ભવના ભાવ નથી.

૮૧૧.

નિશ્ચયનયના પક્ષમાં આવ્યા પછી એ પક્ષ છૂટીને અનુભવ કેમ થાય તેની વાત કરે છે. વ્યવહારનો પક્ષ છોડાવ્યો છે પણ વ્યવહારનું જ્ઞાન છોડાવ્યું નથી. જો એ જ્ઞાનને છોડે તો ભૂલ થાય છે. પક્ષમાં રાગ થાય છે, મધ્યસ્થતામાં વીતરાગતા થાય છે.

૮૧૨.

સમયસાર નિયમસારની વાત અલૌકિક છે. 'મોક્ષની પર્યાયથી અત્યંત ભિન્ન છે', માટે આત્મા શુદ્ધ છે.

૮૧૩.

આ અજીવ છે તેવો વિકલ્પ ઊઠે તે અજીવ છે. આ અજીવ છે તેમ તેને જાણતાં જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થાય છે. માટે તેને જાણવાનું બંધ કરી દે!

૮૧૪.

ભૂલ શોધવાને બદલે, ત્રિકાળી સ્વભાવને ઓળખે તો ભૂલ નીકળી જાય. સ્વભાવને ઓળખવાનું કામ બુદ્ધિપૂર્વક થઈ શકે છે. જ્યારે ભૂલ તો બુદ્ધિમાં પકડાય કે ન પણ પકડાય!

૮૧૫.

ધર્મના પરિણામથી ધર્મી ભિન્ન છે. એ ભિન્નનું અવલંબન લેતાં, ભિન્ન-અભિન્નનું જ્ઞાન થાય છે. રાગમાં કથંચિત્ ભિન્ન-અભિન્ન નહોતું લીધું, કેમકે તે સર્વથા ભિન્ન છે. સંવરમાં કથંચિત્ ભિન્ન-અભિન્ન લીધું.

૮૧૬.

પહેલાં આત્માને અકર્તા કહ્યો, પછી કહ્યું કે અકર્તા પણ નથી, જે છે તે છે.

૮૧૭.

જે બંધ, મોક્ષના પરિણામથી રહિત છે તે કર્તા કે ભોક્તા બની શકતો જ નથી. બંધ, મોક્ષના પરિણામનો કર્તા કહેવું તે વ્યવહાર છે. જે કર્તા હોય તે નિયમથી ભોક્તા હોય. આત્મા કર્તા હોય તો ભોક્તા થાય, પણ કર્તા જ નથી તો ભોક્તા કેમ થાય?

૮૧૮.

ત્રિકાળી દ્રવ્ય કર્તા-ભોક્તા નથી માટે નિષ્ક્રિય છે. ક્ષણિક આત્મા ભોક્તા છે. પર્યાય ધર્મથી કર્તા-ભોક્તા છે. દ્રવ્યદ્રષ્ટિથી કર્તા-ભોક્તા નથી. વેદ-વેદકપણું, કર્તા-ભોક્તાપણું તે પર્યાયમાં છે.

૮૧૯.

પર્યાય પરિણત જીવ પણ જ્ઞાતા છે. દ્રવ્ય સ્વભાવે તો જ્ઞાતા છે; પરંતુ પર્યાય સ્વભાવે, વિશેષ અપેક્ષાએ જ્ઞાતા છે.

૮૨૦.

અકારક અવેદક જ્યારે તેના શ્રધ્ધા, જ્ઞાનમાં આવ્યો ત્યારે તે જ્ઞાની કહેવાણો. તે કર્મોદયને નિર્જરાને તેમજ મોક્ષને જાણે. પરિણામનો કર્તા નહીં, કારણ નહીં તથા અનુમોદક નથી.

૮૨૧.

જાણનારને જાણનારપણે જાણીને, જાણનારપણે પરિણમે છે; તે પુણ્યને જાણવારૂપે પરિણમે છે. જાણનાર જાણનારને જાણતાં એમ જાણે છે કે 'પુણ્ય થવા યોગ્ય થાય છે.' થવાયોગ્ય અને 'કરનાર' આમાં માલ ભર્યો છે.

૮૨૨.

ન થવા યોગ્ય થતું નથી, અને હું કર્તા એમ પણ નથી. પુરુષાર્થ તો સમ્યક્ એકાન્તનો છે. કર્તાબુધ્ધિ થાય નહીં અને જણાયા વગર રહે નહીં. જાણનારને જાણનારપણે જાણ્યો; તે હવે પુણ્યનો 'હું કરનાર' તેમ જાણતો જ નથી.

૮૨૩.

વ્યવહારના પક્ષ ટૂંકમાં ત્રણ પ્રકારે છે. (૧) આત્માનો સ્વભાવ જ્ઞાતા છે તેને બદલે કર્તા માને છે તે ૧૦૦% વિપરીતતા છે. (૨) જ્ઞાનનો સ્વભાવ જ્ઞાયકને જાણવાનો છે તેને બદલે પરનો જ્ઞાતા માને છે તે ૧૦૦% વિપરીતતા છે. (૩) વ્યવહારનો પક્ષ સમકિતમાં બાધક છે. જ્યારે વ્યવહાર ચારિત્રમાં બાધક છે.

૮૨૪.

શ્રધ્ધામાં કથંચિત્ નથી. કાં તો તે આત્માને કર્તાપણે માને અને કાં તો તે અકર્તાપણે માને. નિશ્ચયની વાતમાં કથંચિત્ લગાડે છે તો રાહુ આડો આવે છે. તેથી આત્મદર્શન થતા નથી. જેનો મોક્ષ નિકટ છે, તેનું ધ્યાન નિશ્ચય ઉપર ખેંચાશે.

૮૨૫.

'હું જ્ઞાતા છું'; તેમાં પરનો જ્ઞાતા છે તેમ ન આવ્યું...પરંતુ પોતાના જ્ઞાયકમાં અહંપણું આવ્યું કે 'હું જ્ઞાતા છું.' જાણવાનો સ્વભાવ આદિ, મધ્ય, અંતમાં છે. તેથી જાણવાનું રહી ગયું અને કર્તાપણું નીકળી ગયું. 'જાણવા માત્રમાં' જ્ઞાનનું કર્તૃત્વ નથી.

૮૨૬.

વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં આવ્યા વિના જ્ઞાન ઠરે નહીં. તે જ્ઞાન સ્વરૂપમાં ઠર્યા વિના વિકલ્પ તૂટે નહીં...એટલે કે ચિત્તનો નિરોધ થાય નહીં. વસ્તુ સ્વરૂપ જેમ છે તેમ જાણીને જ્ઞાન તેમાં એકાગ્ર થાય; ત્યાં રાગ કે વિકલ્પ કોઈની ઉત્પત્તિ થતી જ નથી.

૮૨૭.

સમયની ભૂલ છે, બે સમયની ભૂલ ન હોય. ભૂલનો કોઈ ગોડાઉન નથી. એક સમયની ભૂલ છે, એક સમયમાં ભાંગી શકાય છે, તેથી ડરવાની કાંઈ જરૂર નથી.

૮૨૮.

કર્તાપણાનો જે તારો અભિપ્રાય છે તે અર્થક્રિયા શૂન્ય છે, માટે રાગની કે વીતરાગતાની પર્યાયનો કર્તા થવું અશક્ય છે. શુદ્ધ પર્યાયનો આત્મા કર્તા નથી, તે અકર્તાની ચરમ સીમા છે પરાકાષ્ઠા છે.

૮૨૯.

જેને જાણતાં આનંદ આવે તે સ્વભાવ કહેવાય. જ્ઞાની થયા પછી પરને જાણે તે વ્યવહાર કહેવાય. પણ અજ્ઞાનીને તો વ્યવહારનો પક્ષ છે. કરવાની ભૂલ તો નીકળી પણ આ જાણવાની ભૂલ નીકળવી મહા મુશ્કેલ છે.

૮૩૦.

ઈન્દ્રિયજ્ઞાન વડે પરને જાણવાનો આત્માનો સ્વભાવ નથી. સ્વ કે પરને જાણવું હોય તો અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણ. ઈન્દ્રિયજ્ઞાનથી જિનેન્દ્ર ભગવાનના દર્શન થતાં નથી અને જિનેન્દ્ર ભગવાનના આશ્રયે અતીન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

૮૩૧.

તેમનો પ્રશ્ન છે કે રાગને જાણવું તો ખરૂં ને? રાગને જાણવા રોકાશો તો આત્માને ક્યારે જાણશો! અનુભવમાંથી બહાર આવતાં રાગના પ્રતિબિંબને જાણે છે, રાગને એટલે બિંબને નહીં.

૮૩૨.

આત્મા નિરંતર સુલભ છે, સુખે કરીને પ્રાપ્ત થાય. એટલું સુલભ સમકિત નથી, જેટલો સુલભ આત્મા છે. મોક્ષ દુર્લભ છે. મુક્ત સ્વભાવ સુલભ છે. સંસાર દુર્લભ અને આત્મા સુલભ છે. મોક્ષનો પિતા મારી પાસે છે. પર્યાયના ભરોસે રહીને સોથાં નીકળી ગયા. અજ્ઞાની પાસે આત્મા તો છે, તેથી જણાય પણ છે. જ્યારે સમકિત તો નથી... તેથી જણાતું પણ નથી. એક સમય એવો નથી કે આત્મા દુર્લભ છે. સમકિત કરવું તે આત્માધીન નથી. 'હું આત્મા છું' તેનું નામ સમકિત છે અને તે આત્માધીન છે.

૮૩૩.

પોતાને જે માર્ગે સુખ મળ્યું તે ઉપદેશ બીજાને આપે છે. જે (પાંચ મહાવ્રત આદિ) પોતે કરતા નથી તે ઉપદેશ બીજાને પણ આપતા નથી.

૮૩૪.

આત્માને પ્રાપ્ત કરવાની જરૂર નથી; કારણ કે એ પ્રાપ્ત જ છે. જે પ્રાપ્ત છે તેની ભાવના ભાવતો નથી અને જે તેની પાસે નથી તેની ભાવના ભાવે છે.

૮૩૫.

પ્રત્યેક સમયે આત્મા ઉર્ધ્વ રહે છે. જેમ જ્ઞાન પ્રત્યેક સમયે ઉર્ધ્વપણે જણાય છે. અહીં કહ્યું કે પ્રત્યેક સમયે, પ્રત્યેક ક્રિયામાં અમને આત્મા ઉર્ધ્વ રહે છે. એમ આ માર્ગ એકલતાનો છે.

૮૩૬.

રાગ જણાતાં → રાગ મારો; એ જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. પરના સંબંધવાળા જ્ઞાનને એ જ્ઞાન માને છે. ખરેખર જ્ઞાને પરનો સંબંધ કર્યો જ નથી...એમ જ્ઞાની જાણે છે.

૮૩૭.

સ્વને ચૂકીને પરને જાણે છે એટલે પરને પોતાનું માને છે. સ્વને જાણતાં, પર જણાય જાય તો કોઈ વાંધો નથી, તો એ વ્યવહાર છે. અજ્ઞાનીને માટે જ્ઞાયકનો જ્ઞાતા તે વ્યવહાર છે, પરનો જ્ઞાતા એ વ્યવહાર નથી, અજ્ઞાન છે.

૮૩૮.

રાગ ભિન્ન છે, જ્ઞાન ભિન્ન છે. પર્યાય તરફથી લ્યો તો પણ જે જ્ઞાન રાગથી ભિન્ન પડ્યું તે જ્ઞાન આત્માથી અભિન્ન થઈ ગયું.

૮૩૯.

થવા યોગ્ય પરિણામ થાય છે', અજ્ઞાની કહે 'હું કરૂં છું.' ચક્ષુ શું કરે? કેવળ દૂર રહીને દેખે. ભગવાન આત્મા શુધ્ધ પર્યાયનો દાતા નથી દ્રષ્ટા છે.

૮૪૦.

જાણનારને જાણે ત્યારે પર્યાયો થાય, થશે તેને જાણે; કેમકે તેણે પ્રત્યાખ્યાન કરી લીધા છે કે 'હું કેવળજ્ઞાનને નહીં કરૂં.'

૮૪૧.

પર્યાયો તેના સ્વ અવસરે થશે એમ જાણીને...મુનિરાજ સ્વભાવમાં ડૂબકી મારે છે. જેનો હું કર્તા નથી તેની સામે જોવાનું શું કામ! જેની સામે જોતાં જ્ઞાન કે સુખ ન થાય તેની સામે જોઈને શું કરવું?

૮૪૨.

બે નયનું સ્વરૂપ સમજીને અંદરથી વ્યવહારનો નિષેધ આવે પછી જ્ઞાન મધ્યસ્થ થાય...ત્યારે અનુભવ થાય. ઘણાં બધા વ્યવહારને ઓળંગે, નિષેધે ત્યારે નિશ્ચય સુધી પહોંચાય. માર્ગ આવો જ છે.

૮૪૩.

નિશ્ચયનયનો વિષય પૂજ્ય છે તેથી નિશ્ચયનય પણ પૂજ્ય છે તેમ કહ્યું.

૮૪૪.

ભેદજ્ઞાનનો અભ્યાસ કરવા જેવો છે. હું પુણ્ય-પાપથી જુદો છું. આત્માનું અનુભવન ન થાય ત્યાં સુધી આત્માનો પરોક્ષ અનુભવ કરવા જેવો છે.

૮૪૫.

ઈન્દ્રિયજ્ઞાન ઘોર અંધકારમય છે. તેમાં એકત્વ રહે ત્યાં સુધી આત્માના દર્શન ન થાય.

૮૪૬.

કોને કહેવું ધ્યાન! કોને કહેવું ધ્યેય! કોને કહેવું ધ્યાતા! ધ્યેયને લક્ષે અભેદ સ્થિતિ ઉત્પન્ન થાય છે.

૮૪૭.

કામ કરવું બળથી અઘરું છે, કળથી સહેલું છે. બળમાં કર્તાબુદ્ધિ થાય છે. કળમાં જ્ઞાતાબુદ્ધિ થાય છે.

૮૪૮.

પર વિષયને જાણવાની અભિલાષા તે રાગ છે. જ્ઞેય તો બદલ્યું નહીં. જ્ઞાયકનો જ જ્ઞાતા છું તેમાં જ્ઞેય ફરી ગયું. અનાદિ મિથ્યાદ્રષ્ટિ માટે આ એક જ ઉપાય છે. આત્માનુભવ માટે આ ગારૂડી મંત્ર છે. અનુભવ પછી પણ પરના પ્રતિબિંબને જાણે છે. ઈનડાયરેક્ટ પરને જાણે છે. સ્વપર પ્રકાશકપણું અભેદપણે છે.

૮૪૯.

વર્તમાનમાં હું સર્વજ્ઞ, નિરાવરણ પૂર્ણ પરિપૂર્ણ છું...એમ પહેલાં વ્યવહાર શ્રદ્ધામાં તો આવવું જોઈએ ને! લગની લાગે, પાછળ પડે, તો મળે એવું છે. એનું વીર્ય વારંવાર આત્મા તરફ જવું જોઈએ.

૮૫૦.

નિગોદનો જીવ જડ કર્મમાં જોડાતો નથી. જીવ દ્રવ્ય એક સમય માટે પણ કર્મનું અવલંબન લ્યે તો સૌ સમય થઈ જાય.

૮૫૧.

આત્માને કાન તો નથી પણ ભાવેન્દ્રિય પણ નથી. ચિત્તની પ્રસન્નતાથી એકવાર પણ સામાન્ય તત્ત્વની વાત સાંભળે તો 'ભાવિ નિર્વાણ ભાજનમ્.'

૮૫૨.

અરે! વિશેષને તો પુદ્ગલના પરિણામમાં નાખ્યું-અજીવમાં નાખ્યું. પર્યાયમાત્રને ગૌણ કરી સામાન્યને જો એટલો જ આત્મા છે.

૮૫૩.

દ્રવ્યલિંગીને પુણ્યનું કર્તૃત્વ, ભોક્તૃત્વ રહી જાય છે; તેનાથી દ્રવ્ય સ્વભાવ તદ્દન ભિન્ન છે એવું જોર અંદરથી આવવું જોઈએ તે આવતું નથી. કથંચિત્ ભિન્નનું જોર આવે પણ સર્વથા ભિન્નનું જોર આવતું નથી, તેથી કથંચિત્ માં રહી ગયો.

૮૫૪.

સિધ્ધને અનંત સુખ પ્રગટ્યું, તેનાથી અનંતગણું સુખ દ્રવ્યમાં છે.

૮૫૫.

અંદર ડૂબકી મારતાં પહેલાં શ્રધ્ધામાં એમ આવે છે કે હું ભૂત, ભાવિ, વર્તમાનમાં દુઃખી થયો નથી, છું નહીં અને થઈશ નહીં. દુઃખની પર્યાય, દ્રવ્યને દુઃખમયી ન કરી શકે. અને સુખમય દ્રવ્ય, પર્યાયને સુખી ન કરી શકે.

૮૫૬.

શુધ્ધાત્માનું અવલંબન લઈને પર્યાયને જુએ છે તો પર્યાયમાં પણ સુખ જ દેખાય છે. અનુભવ કાળે દુઃખ હતું કે ન હતું તે કોણ જાણે?

૮૫૭.

પૂજ્ય ગુરુદેવશ્રીએ બોણી આપી કે-સૌને જ્ઞાન જ જણાય છે. ભેદથી જ્ઞાન જણાય છે, અભેદથી તો જ્ઞાયક જણાય છે. જ્ઞાનને અંતરમાં વાળવાનો આ એકમાત્ર ઉપાય છે.

૮૫૮.

નવતત્ત્વથી અત્યંત ભિન્ન તે શ્રધ્ધાનો વિષય છે. જ્ઞાનની પર્યાય શુધ્ધાત્માને વિષય કરે છે...પણ તે સવિકલ્પ હોવાથી ભેદાભેદ અને ભેદને પણ વિષય કરે છે.

૮૫૯.

કર્તૃત્વ અને મમત્વને અવિનાભાવ સંબંધ છે. ભેદજ્ઞાન થયા પહેલાં જો ક્રિયામાં ચડી જાય તો તેને કર્તૃત્વ થયા વિના ન રહે.

૮૬૦.

જે પર્યાયને હેય કરું છું તે પર્યાય અનુભવના કાળે આત્મા થઈ જશે એમ તેને જ્ઞાનમાં ખ્યાલ આવવો જોઈએ. જે પર્યાયને પરદ્રવ્ય કહ્યું તે પર્યાય આત્મા થઈ ગઈ. મારા આત્માને જે પ્રસિધ્ધ કરે તે કથંચિત્ મારું છે.

૮૬૧.

આકુળતા થાય તેવું કાર્ય ન કરવું. પર્યાય સામુ જોઈને 'થવા યોગ્ય થાય છે' એમ નહીં. 'થવા યોગ્ય થાય છે' તે જ્ઞાયક ઉપર લક્ષ રાખીને કહે છે.

૮૬૨.

રાગ થાય તે કાળે તેને ભોગવે છે. વિભાવમાં પણ એક જ સમયે વેધ-વેદક છે. શાસ્ત્રમાં આવે કે- વેધ-વેદક વિભાવ ભાવમાં સમય ભેદ છે તે વ્યવહારથી છે.

૮૬૩.

ઈન્દ્રિયજ્ઞાનને આત્મ સન્મુખ થઈને જીતવું પડશે. ઈન્દ્રિયજ્ઞાનમાંથી મમતા છૂટે તો, ઈન્દ્રિયજ્ઞાનના વિષયમાંથી મમતા છૂટે જ.

૮૬૪.

પાણીનો પર્યાય-સ્વભાવ પણ શીતળ થવાનો છે. તેમ પર્યાયમાં પણ મોક્ષ થવાનો સ્વભાવ છે. મિથ્યાત્વ, વિભાવ અનાદિનો ભલે હો! તેને ટાળવાના સ્વભાવવાળો છે. સંયોગ તો મોક્ષને કહેવાય મિથ્યાત્વને નહીં; કેમકે મિથ્યાત્વ વિભાવ છે.

૮૬૫.

જ્ઞાન (પર) જ્ઞેયનું થાય છે કે આત્માનું થાય છે? આ ટૂંકો માર્ગ છે. કોને જાણતાં ધર્મ થાય અને કોને જાણતાં અધર્મ થાય, એ અહીં બતાવે છે.

૮૬૬.

પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા અનુપમ હતી. અમે કોઈને સંસારી જોતા નથી. કેમકે સંસાર દ્રવ્યમાં નથી તો પછી પરિણામમાં પણ રહેશે નહીં.

૮૬૭.

પર્યાય સાપેક્ષ દ્રવ્ય તે મારું; એમ શ્રધ્ધા કરીશ તો મિથ્યાત્વ દૃઢ થશે. અનન્યને જાણીને પછી અન્ય છે એમ જાણી દ્રવ્યદ્રષ્ટિ કરી લેવી. પછી પર્યાયથી સહિતનું જ્ઞાન સાચું થાય.

૮૬૮.

પરદ્રવ્યથી જુદા પાડવા એમ કહ્યું કે - વ્યવહારનયે પર્યાય આત્માની છે. કથંચિત્ આત્મા તેનો કર્તા-ભોક્તા છે. હવે પર્યાયદ્રષ્ટિ છોડાવવા તો નિશ્ચયનયમાં આવે છે...તો એમ જાણે છે કે એ પરિણામ પુદ્ગલ દ્રવ્યના છે. અરે! પુદ્ગલ દ્રવ્યના પરિણામ તો પુદ્ગલમય જ હોય.

૮૬૯.

રાગ પર્યાયમાં થશે ત્યારે પણ કર્તા નહીં થા; કારણ કે રાગ ઉપર દ્રષ્ટિ નથી. ભૂતકાળમાં પણ મેં રાગ કર્યો નથી. ભાવિકાળે પણ રાગને કરીશ નહીં ભેદજ્ઞાનના મંત્રથી આત્માની ઉપલબ્ધિ થાય છે.

૮૭૦.

**પ્રશ્ન :** (આત્મા) સમકિતનો કર્તા છે ને? **ઉત્તર :** હું કર્તા છું ત્યાં સુધી સમકિત નહીં થાય. અકર્તા આવ્યું શું ને અનુભવ થયો શું! સમ્યગ્દર્શન કેમ થાય? તે બધા પૂછે છે; પણ આત્મા કર્તા છે કે અકર્તા? તેમ પૂછનારા કોઈક જ નીકળે છે.

૮૭૧.

સવિકલ્પ દશામાં હું નિર્વિકલ્પ છું, એવા વિકલ્પનો નિષેધ વર્તે છે. નિર્વિકલ્પ દશાનો આદર વર્તે છે. આ વિધિ-નિષેધ છૂટતાં અનુભવ થાય છે.

૮૭૨.

પ્રશ્નઃ પ્રયોજન કેટલાં? ઉત્તરઃ બે. (૧) પ્રગટ કરવાનું પ્રયોજન. (૨) આશ્રય કરવાનું પ્રયોજન.

૮૭૩.

મિથ્યાત્વ છે ત્યારે મિથ્યાત્વનો અકર્તા છે. પછી શુદ્ધ પર્યાયનો પણ અકર્તા છે. 'તદ્રૂપો ન ભવતિ.' જેને અકર્તા આત્મા દ્રષ્ટિમાં આવ્યો તેનું કામ થઈ જાય છે.

૮૭૪.

આત્માને જાણનારું જ્ઞાન પ્રગટ કરું એમ પણ નહીં; કેમકે જ્ઞાન તો આત્માને જાણી જ રહ્યું છે. જે એમ માને છે કે આત્મજ્ઞાન ભવિષ્યમાં થશે, તે એમ માને છે કે સાકરમાં મીઠાશ ભવિષ્યમાં પ્રગટશે! એવી વાત છે! સાકરમાં મીઠાસ તન્મય છે, સૂર્યમાં પ્રકાશ તન્મય છે મારું જ્ઞાન મારાથી તન્મય છે.

૮૭૫.

બધી મજા સ્વપ્રકાશકમાં છે. પરને જાણવાનો નિષેધ કરે તો ઇન્દ્રિયજ્ઞાન જીતાય.

૮૭૬.

પર્યાયનું કર્તૃત્વ ભાસે તો લક્ષ ત્યાં જ રહે...અને તે જ્ઞેય ભાસે તો પણ લક્ષ ત્યાં જ રહે. હું તો જ્ઞાન સ્વરૂપ છું. 'થવા યોગ્ય થાય' એમ પણ હું જાણતો નથી → આ અપૂર્વ અને અલૌકિક મંત્ર છે.

૮૭૭.

ઇન્દ્રિયજ્ઞાન ભિન્ન સાધન છે માટે તેના વડે પરને પણ જાણતો જ નથી અલિંગગ્રહણના પહેલા બે બોલ એવા છે કે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ થઈ જાય.

૮૭૮.

દ્રવ્યદ્રષ્ટિ કરે કે ન કરે; એ તો પ્રથમથી જ અકર્તા છે. હું જાણનાર છું; કરનાર નથી આ સમકિત થવાનો સહેલો ઉપાય છે.

૮૭૯.

વ્યવહારનયે આત્મા કર્તા છે, પણ નિશ્ચયનયે શું છે? તેની તો જિજ્ઞાસા કર!! વ્યવહારને નિષેધે ત્યારે વ્યવહારને જાણ્યો કહેવાય. એકલું જાણવું એમ નહીં. પણ વ્યવહાર જે કહે છે તેવો હું નથી એમ જાણ્યું ત્યારે વ્યવહાર જાણ્યો કહેવાય.

૮૮૦.

'જાણવામાં' કર્તૃત્વ બુધ્દ્ધિ નથી, સહજ છે, કેમકે તે સ્વભાવ છે. બધા પરમાગમનો સાર જાણવાના ભાવને વળગી રહો તો બધા કાર્ય સહજમાં સિધ્દ્ધ થઈ જશે. કર્તાપણાની વિપરીતતા છોડી, જાણનારમાં આવ; પછી 'જાણનારો તે હું' એમાં આવતાં પૂર્ણાહૂતિ થઈ. કાંઈ પણ કરવાનો ભાવ ઊઠે તેમાં અજ્ઞાન થઈ જાય છે. જાણવાનો ભાવ ભાસે તેમાં જ્ઞાન થઈ જાય છે.

૮૮૧.

શુદ્ધાત્માનો બોધ જે દુષ્કાળરૂપે હતો તે જેમણે આપ્યો તેમનો અનંતાનંત ઉપકાર છે.

૮૮૨.

પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે તેમાં પણ સૂર્યના દર્શન થતાં નથી. તેમ હું આત્માને જાણનારો છું તેવો ભેદ પણ કાઢી નાખ. 'જાણનાર તે જ હું.'

૮૮૩.

દ્રષ્ટિના વિષય પૂર્વક કથંચિત્ આવે. બાકી અજ્ઞાની તો પરિણામથી સહિત સર્વથા જ માને છે. એ તો ભાષામાં કથંચિત્ કહે છે.

૮૮૪.

પ્રમાણના બે ભેદ છે. (૧) આગમ પ્રમાણમાં જીવદ્રવ્ય કારણ, રાગની પર્યાય કાર્ય. (૨) અધ્યાત્મ પ્રમાણ. અધ્યાત્મ પ્રમાણમાં કારણ તેવું કાર્ય. શુદ્ધ પર્યાય પ્રગટે તે કાર્ય.

૮૮૫.

સંતો કહે છે આહાર, પાણીને અમે જાણતાં નથી. અમે તો અમારાં જ્ઞાનને જાણીએ છીએ. એમાં આહાર, પાણી પ્રતિબિંબરૂપે જણાય છે. 'દર્પણ મેં આયે હુયે પ્રતિબિંબ કે સમાન ઉનકો જાનતે હૈં.'

૮૮૬.

**પ્રશ્ન :** વ્યવહારદ્રષ્ટિ તે મિથ્યાદ્રષ્ટિ તેનો અર્થ શું?
**ઉત્તર :** એકલા વ્યવહારનો પક્ષ છે તેને નિશ્ચયપૂર્વક વ્યવહારનું જ્ઞાન નથી, તે વ્યવહારદ્રષ્ટિ છે. વ્યવહારદ્રષ્ટિ એટલે પર્યાયદ્રષ્ટિ એટલે મિથ્યાદ્રષ્ટિ. તે વ્યવહારનયના વિષયને જ આત્મા માની લ્યે છે. નિશ્ચયનયનો વિષય આત્મા તેને દ્રષ્ટિમાંથી છોડી દ્યે છે.

૮૮૭.

(જ્ઞાની કહે છે) અમે ઘરની બહાર છીએ ત્યાં સુધી સંભળાવો...ખૂબ જ સંભળાવો. સાંભળી લેશું. કેમકે અમારી મજબૂરી છે. પણ જ્યારે અમે ઘરમાં ચાલ્યા જઇશું ત્યારે કોણ સંભળાવશે!

૮૮૮.

જો મલિનતાને પાણીથી અભેદ વિચારવામાં આવે તો કોઈને સ્વચ્છ પાણીની પ્રાપ્તિ જ ન થાય. તેમ રાગાદિ, જીવની જાત નથી. તે જીવના સંગે થતાં જ નથી. તે જેના સંગે થાય છે તેના પરિણામ છે. કપડાંને રંગનો સંગ થયો જ નથી, પરંતુ કપડાંની અવસ્થાને રંગનો સંગ થયો છે. સંયોગ દ્રષ્ટિથી જોઈને કપડાંને રાતું કહેવામાં આવે છે પરંતુ લાલાશ કપડાંના સ્વભાવ સાથે મળતી આવતી નથી...પણ રંગ સાથે મળતી આવે છે. એક સમય માટે પણ આત્મા અજ્ઞાની બની ગયો હોય તો ક્યારેય અજ્ઞાન ટળી શકે નહીં. પાણી ગરમ છે ત્યારે કથંચિત્ પાણી શીતળ છે. ઉષ્ણતા કથંચિત્ અગ્નિની પર્યાય છે. ઠંડા પાણીની પ્રાપ્તિ જેનું પ્રયોજન છે તેણે કઈ વાતને આગળ કરવી. શીતળતા પાણીની છે, અગ્નિની નથી. ઉષ્ણતા અગ્નિની છે પાણીની નથી.

૮૮૯.

નિશ્ચયના પક્ષવાળો જ વ્યવહારનો નિષેધ કરી શકે છે. તેને વારંવાર નિષેધ આવે છે કે-આ મારો સ્વભાવ નથી. પરોક્ષ જ્ઞાનમાં પણ આત્માનો અનુભવ થવો જોઈએ ને! તેમાં જ્ઞાયકની ધારા ચાલે છે. પહેલાં ઘૂંટણ આવે છે કે- હું અકર્તા છું, જ્ઞાતા છું, શુધ્ધ છું, પરિપૂર્ણ છું, જ્ઞાયક છું, અબધ્ધ છું, મુક્ત છું. ત્રિકાળી સ્વભાવ વારંવાર ઘૂંટણમાં આવે છે. એનું કારણ એ છે કે તેને અનુભવ થવામાં લાંબો કાળ નથી. આ વાત ધારણા જ્ઞાનથી આગળની છે. તેને સહેજ સ્ફૂરણા આવે છે; ગુરુદેવે કહ્યું માટે 'શુધ્ધ છું' તેમ નહીં. તે અંદર ઉતરી ગયો છે. આ તો સહજ સ્થિતિ છે.

૮૯૦.

(૧) અકર્તા ઉપર દ્રષ્ટિ પડતાં અકર્તા થઈ જાય છે. જેવું દ્રવ્ય કારણ તેવાં કાર્યરૂપ પર્યાય થઈ જાય છે. રાગનું અકર્તાપણું થવાનું આ મૂળિયું છે કે 'હું અકર્તા છું.'
(૨) સર્વે જીવો દુઃખના અભોક્તા છે. આ વાત બેસે તેને ભવ ન રહે. કેમકે તે આત્માને સામાન્ય પડખેથી જોવા માંડ્યો.

૮૯૧.

હું પરને જાણતો નથી તેમાં બે વાત સિધ્ધ થઈ → અજ્ઞાનનો નિષેધ કરાવ્યો અને પ્રતિભાસનું લક્ષ છોડાવ્યું.

૮૯૨.

**પ્રશ્ન :** નિર્ણય કોનું નામ છે?
**ઉત્તર :** જેના વિશે ફરી ફરી વિચારવું ન પડે તેનું નામ નિર્ણય છે.

૮૯૩.

સેટિકાની ગાથામાં ન્યાય આપ્યો જ્ઞાન પરને જાણે તો આત્માનો નાશ થાય. જ્ઞાનમાં પર જણાય તો જ્ઞાનનો નાશ થાય. જ્ઞાનક્રિયા પણ પરને જાણવાની ક્રિયાથી રહિત છે. અપરિણામીને જાણવાની ક્રિયાથી સહિત છે. જેવી રીતે અપરિણામી પર્યાયને કરતો નથી તેવી રીતે પરિણામી પરને જાણતો નથી.

૮૯૪.

અપરિણામીમાં અપરિણામીની પ્રસિદ્ધિ નથી, પરંતુ પરિણામીમાં અપરિણામીની પ્રસિદ્ધિ છે. જાણવાવાળો પરિણામી અને જણાય પણ પરિણામી-કર્તાકર્મનું અનન્યપણું.

૮૯૫.

**પ્રશ્ન :** મુખ્યતા તો ધ્યેયની જ હોય ને?
**ઉત્તર :** મુખ્યતા તો ધ્યેયની જ હોય તેમાં ધ્યેયનો પક્ષ થતો હતો. અનુભવમાં મુખ્ય, ગૌણ કાંઈ જ નથી, જેમ છે તેમ જણાય છે. ધ્યેયનો પક્ષ છૂટી જાય છે અને ધ્યેયની પુષ્ટિ થઈ જાય છે. જ્ઞેયનો દ્વેષ છૂટી જાય છે અને જ્ઞેયનું સહજ જ્ઞાન થઈ જાય છે.

૮૯૬.

પરિણામના ભેદો ઉપાદેયપણે તો જણાતાં નથી; પરંતુ મારાપણે પણ જણાતાં નથી; હેયપણે કે જ્ઞેયપણે જણાતાં નથી ત્યારે અભેદના દર્શન થાય છે.

૮૯૭.

અજ્ઞાનીનું સ્વપરપ્રકાશક → પર પ્રકાશક જ છે.

જ્ઞાનીનું સ્વપરપ્રકાશક → સ્વ પ્રકાશક જ છે.

૮૯૮.

(૧) ઉપયોગ લક્ષણ નવું પ્રગટ થતું નથી, તેનું ભાન નવું થાય છે.
(૨) ઉપયોગનો ક્યારેય નાશ થયો નથી; જ્ઞાન તો થઈ જ રહ્યું છે, તેથી જ્ઞાનમાં જ્ઞાન જણાય છે.

૮૯૯.

વ્યવહારે નિઃશંક એટલે નિર્ણયમાં નિઃશંક થા. નિશ્ચયે નિઃશંક એટલે અનુભવથી નિઃશંક થા.

૯૦૦.

બીજાના લાભમાં વાણી નિમિત્ત થાય, પણ જ્ઞાની નિમિત્ત થતા નથી.

૯૦૧.

દીવાની પ્રકાશ ક્રિયા તે સ્વભાવભૂત છે. તેમ આત્માની જ્ઞાન ક્રિયા સ્વભાવભૂત છે.

૯૦૨.

દ્રવ્યમાંથી દ્રવ્યની પર્યાય આવે છે.. તેનો અર્થ કે પર્યાય દ્રવ્યને જ જાણે છે.. તેમાં દ્રવ્યનું જ્ઞાન આવી જાય છે.

૯૦૩.

ધ્યાનમાં જ્ઞાન તો આવી જાય છે પરંતુ જ્ઞાનમાં ધ્યાન નથી આવતું...આ વાત ઘણી ગહન છે.

૯૦૪.

સમ્યગ્દર્શનનું પ્રતીતિ લક્ષણ તે આગમ અપેક્ષાએ છે. સમ્યગ્દર્શનનું આનંદ લક્ષણ તે વેદન પ્રત્યક્ષ છે.

૯૦૫.

(૧) પોતાનું અસ્તિત્વ તે જ પોતાનું જ્ઞેય છે – પ્રમેય છે. પોતાના અસ્તિત્વથી બહાર પોતાનું પ્રમેય નથી. બીજાને પ્રમેય બનાવે તો પોતાનું અસ્તિત્વ ભાસતું નથી. (૨) ભેદકારક પણ પોતાના અસ્તિત્વમાં નથી, તેથી તે જ્ઞેય નથી. અભેદકારક અસ્તિત્વમાં છે તેથી પ્રમેય છે.

(૩) જેની પોતાનામાં નાસ્તિ છે તે જાણવામાં આવતું નથી. જ્ઞાનમાં જ્ઞેયનું અસ્તિત્વ નથી તેથી જ્ઞેય જણાતાં નથી.

૯૦૬.

પરજ્ઞેય જાણવા લાયક નથી, આત્મા જાણવા લાયક છે. પરજ્ઞેય જાણવામાં આવતા પણ નથી; આત્મા જ જાણવામાં આવી રહ્યો છે. પરજ્ઞેયને જાણવાની જરૂરત પણ નથી, આત્માને જાણવાની જરૂર છે.

૯૦૭.

આત્મા જ આત્માનો ગુરુ છે. પોતે જ ગુરુ છે અને પોતે જ શિષ્ય છે. ગુરુ, શિષ્ય વચ્ચે કોઈ ભેદ નથી. જે મને નિત્ય આનંદિત કરે, સુખી કરે તે જ મારો ગુરુ છે. જે દુઃખી કરે, જેનાં નિમિત્તે રાગ થાય તે મારો ગુરુ નથી.

૯૦૮.

(શ્રીમદ્જી પત્રાંક નં. ૫૦૬) કથન શૈલી બે પ્રકારની છે. (૧) ઉપદેશ બોધ (૨) સિધ્ધાંત બોધ. સિધ્ધાંત શાશ્વત છે તેથી ચોથો કાળ હોય કે પંચમ કાળ...તેમાં કોઈ બદલાવ થતો નથી. ઉપદેશ બોધ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બદલતાં નિયમ બદલી દે છે. ઉપદેશ બોધથી → કષાયની મંદતા થાય છે. સિધ્ધાંત બોધથી → કષાયનો અભાવ થાય છે.

૯૦૯.

ભક્ત તેમજ ભગવાનની અનુભૂતિ એક જેવી જ હોય છે. અનુભૂતિમાં કોઈ જ અંતર નથી. અંતર દેખાય તો ભક્ત નથી.

૯૧૦.

કર્તા → પર્યાયથી સહિત. જ્ઞાતા → પર્યાયથી રહિત. સહિત રહિતને ભાવે છે. સહિત સહિતને ભાવે અને જાણે તો મિથ્યા છે.

૯૧૧.

રાગ મિશ્રિત જ્ઞાન એટલે અજ્ઞાન. પર સાપેક્ષ જ્ઞાનમાં રાગ મારો તેવો અનુભવ થાય છે. પરંતુ રાગથી નિરપેક્ષ જ્ઞાન થાય છે એવું અનુભવમાં આવે તો જ્ઞાનમાં જ્ઞાયક જ

જાણવામાં આવે. સાપેક્ષ સંબંધ દૂર થતાં નિરપેક્ષ સંબંધ ખડો થાય છે... જેમાં વીતરાગભાવ પ્રગટ થાય છે.

૯૧૨.

આત્મા એટલો તૃપ્ત છે, સમૃધ્ધ છે–સંપન્ન છે કે અનંતકાળ સુધી બધી પર્યાયો તૃપ્ત જ રહેશે.

૯૧૩.

અનુભવ પહેલાં સવિકલ્પ નિશ્ચયનય દ્વારા નિર્ણય થયો. અનુભવ પહેલાં નિર્ણયમાં ભૂલ ગઈ. હવે બીજા પાઠમાં પર્યાયનું લક્ષ રહેશે તો નિર્ણય નહીં થાય. કેમકે ભેદ પરથી લક્ષ છૂટીને ઉપયોગ એકલો અભેદમાં જોડાય છે.

૯૧૪.

પર પદાર્થો પોતાના નિરપેક્ષ જ્ઞાનમાં...ઈચ્છા વિના, પ્રયત્ન વિના, વિકલ્પ વિના, ઈન્દ્રિયજ્ઞાન વિના, પરના આલંબન વિના જણાય જશે. કેવી રીતના જણાશે? 'દર્પણ મેં આયે હુએ પ્રતિબિંબ કે સમાન.' કેમકે પ્રતિબિંબને બિંબની અપેક્ષા હોતી નથી.

૯૧૫.

(સમયસાર ગાથા-૨) હે ભવ્ય! જે જીવ, દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત છે તેને સ્વસમય જાણો. તે નિશ્ચય જ્ઞાનપ્રધાન દ્રષ્ટિનો વિષય છે. અને જે જીવ પુદ્ગલકર્મોના પ્રદેશોમાં સ્થિત છે તેને પરસમય વ્યવહાર જીવ જાણો.

૯૧૬.

ઈન્દ્રિયજ્ઞાન તેનાં સ્વભાવને છોડતું નથી તેથી તે પરને જાણે છે અને તેમાં મમત્વ કરે છે. અતીન્દ્રિયજ્ઞાન તેના સ્વભાવને છોડતું નથી તેથી તે આત્માને જાણે છે અને તેમાં મમત્વ કરે છે.

૯૧૭.

ભક્ત સિધ્ધને જુએ છે, એટલે કે જે શુધ્ધ થયા છે તેને જુએ છે. પરંતુ સિધ્ધ ભગવાન તો જે શુધ્ધ થયો નથી તેવા સ્વયંસિધ્ધ સ્વરૂપ શુધ્ધાત્માને જ જુએ છે.

૯૧૮.

ઉપયોગ પર તરફ મૂકીશ તો પણ જ્ઞાન જ જણાશે. નજર નાખે ત્યાં જ્ઞાન જણાય છે. હર સમયે જ્ઞાન જ ઉર્ધ્વ રહે છે. 'મારું તો જ્ઞાન છે' તેમ દિવસમાં ૨૦-૨૫ વખત વિચારવું.

૯૧૯.

ઈન્દ્રિયજ્ઞાન વડે પરને જાણવાનો સ્વભાવ હોય તો સિધ્ધ ભગવાનને પણ ઈન્દ્રિયજ્ઞાન હોવું જોઈએ. હવે ઈન્દ્રિયજ્ઞાનમાં પણ કેવળ રાગ જ નથી જણાતો, તેમાં પણ જ્ઞાયક જણાય રહ્યો છે...તેમ માને તો નિર્ણય થાય.

૯૨૦.

**ઈન્દ્રિયજ્ઞાન મૂર્તિક છે તેથી સંસારની સિધ્ધિ થાય છે. અતીન્દ્રિયજ્ઞાન અમૂર્તિક છે તેથી મોક્ષની સિધ્ધિ થાય છે. સાધકને બન્ને જ્ઞાન હોવાથી ભેદજ્ઞાન વર્તે છે. ભેદજ્ઞાન બે પ્રગટ પર્યાય વચ્ચેનું છે. એક સમયનો સંસાર અને એક સમયનો મોક્ષ.**

૯૨૧.

બધું જ્ઞાન ઉપર છોડી ધો! તે રાગને જાણી લેશે! જ્ઞાનમાં જાણનાર જણાય રહ્યો છે તેથી ભેદ પડે છે...પછી તે ભેદ રહેતો નથી. કેમકે જ્ઞાયકનું જ્ઞાન હોવાથી જ્ઞાન જ્ઞાયકને જ જાણશે.

૯૨૨.

પ્રથમથી જ જ્ઞાનમાં જ્ઞાયક તન્મય છે. પરંતુ તેવું શ્રધ્ધાન નથી. અને રાગનો પ્રતિભાસ થતાં...ત્યાં લક્ષ જતાં હું રાગી. જ્ઞાનમાં જ્ઞાયક તન્મયપણે જણાતો હોવા છતાં તેનો નિષેધ કરી દીધો...તેથી જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. જ્ઞાન એક સમયે એકમાં (માન્યતાગત્) તન્મય થાય છે.

૯૨૩.

(૧) રાગને કરનાર બીજો એટલે દ્રવ્યકર્મ. (૨) રાગને જાણનાર બીજો એટલે ઈન્દ્રિયજ્ઞાન. (૩) જ્ઞાન તે બન્નેથી વ્યાવૃત થયું કે મને તો જાણનાર જ જણાય રહ્યો છે.

૯૨૪.

નિર્ણયમાં બુધ્ધિપૂર્વક વિચારની ખબર પડે છે જ્યારે કરણલબ્ધિમાં બુધ્ધિપૂર્વક વિચાર નથી. અબુધ્ધિપૂર્વક હોય.

૯૨૫.

વિકલ્પના બે અર્થ (૧) ખંડ ખંડ જ્ઞાન (૨) રાગ. હવે મનનો વિષય વિકલ્પ છે. ભાવ મનનો વિષય કથંચિત્ રૂપી અને કથંચિત્ અરૂપી પણ છે. ધર્માસ્તિકાય આદિ અરૂપી હોવા છતાં તે મનના વિષયમાં જાય છે. વિકલ્પ મનનો ધર્મ હોવાથી તે જ્ઞાનનો ધર્મ નથી.

૯૨૬.

વિકલ્પાત્મક નય → ઈન્દ્રિયજન્ય છે.
નિર્વિકલ્પાત્મક નય → અતીન્દ્રિયજન્ય છે.

૯૨૭.

પ્રવચનસાર ગાથા ૫૩ માં ઈન્દ્રિયજ્ઞાનને મૂર્તિક કહ્યું છે. (૧) મૂર્તિક પદાર્થોનું જ્ઞાન મૂર્તિક જ હોય છે. (૨) અમૂર્તિક પદાર્થોનું જ્ઞાન અમૂર્તિક જ હોય છે.

૯૨૮.

ઈન્દ્રિયજ્ઞાન કેમ ભિન્ન છે? કેમકે તે ખંડજ્ઞાન છે, પરોક્ષ છે, સાપેક્ષ છે અને નાશવાન છે. તે એકાંત પરને પ્રસિધ્ધ કરે છે, તેમાં આત્મા પ્રસિધ્ધ થતો નથી, માટે સર્વથા ભિન્ન છે.

૯૨૯.

જિનાગમમાં નવતત્ત્વોને બે રીતે કહેવામાં આવ્યા છે.
(૧) નવતત્ત્વોને વ્યવહારનયથી અર્થાત્ અભૂતાર્થનયથી કહ્યાં છે.
(૨) નવતત્ત્વોને ભૂતાર્થનયથી જાણવાનું કહ્યું છે.

૯૩૦.

સ્વભાવમાં ભવનો અને ભવના ભાવનો અભાવ છે...તેને જોતાં પરિણામમાં ભવનો અને ભવના ભાવનો અભાવ થઈ ગયો. જીવને જ્ઞાનમાં મુક્તિના ભણકારા વાગે છે. મારી અલ્પકાળમાં મુક્તિ થશે જ તેમ નિઃશંકતા વર્તે છે.

૯૩૧.

'કરના ગયા, હોના ગયા ઔર 'હું રહે ગયા' આ વાતનો એક બહેને બહુ પ્રમોદ કરેલો. કરવું ગયું (કર્તાપણું ગયું) થવું ગયું અને 'છું' રહી ગયું. આ તો મહાન સૂત્ર બની ગયું.

૯૩૨.

જેમ પરસ્પર બે વિરોધી શક્તિઓનું પ્રકાશવું તેનું નામ અનેકાન્ત છે. તેમ આત્મા જ્ઞાતા છે અને કર્તા નથી તેનું નામ અનેકાન્ત છે. જેમાં વિધિ-નિષેધ આવે તેને સમ્યક્ અનેકાન્ત કહેવાય છે.

૯૩૩.

અજ્ઞાનીને એમ લાગે છે કે → જ્ઞાન વધે છે. જ્ઞાની કહે છે → જ્ઞેય વધે છે. જ્ઞાનનો જન્મ જ થયો નથી કે થતો નથી મોહરાજાએ ઉઘાડનું નામ 'જ્ઞાન' રાખ્યું છે. પરંતુ તે જ્ઞેય છે, અને એ જ્ઞેયથી જ્ઞાન સર્વથા જુદું છે. 'ઈન્દ્રિયજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન વધતાં શું વધ્યું તે તો કહો.'

૯૩૪.

છ દ્રવ્યો પરિણામથી સહિત છે. જીવ દ્રવ્ય પરિણામથી સહિત છે. દરેક પદાર્થ બે પડખાંવાળું છે. કોઈ દ્રવ્ય એકાન્ત ફૂટસ્થ નથી. કમલિની પત્ર બે પડખાંવાળું છે. આ રીતે પ્રમાણમાં આવ્યો પણ પરિણામમાત્રથી રહિત જીવતત્ત્વ છે ત્યાં સુધી ન પહોંચ્યો. માટે જીવતત્ત્વના યથાર્થ શ્રદ્ધાન વિના જીવદ્રવ્યનું જ્ઞાન પણ યથાર્થ થતું નથી.

૯૩૫.

સ્વપરનું કરવું તે → વ્યક્ત મિથ્યાત્વ.
સ્વપરનું જાણવું તે → અવ્યક્ત મિથ્યાત્વ. (કેમકે સ્વ તો ભાષામાં છે, શ્રદ્ધામાં નથી.)

૯૩૬.

દેશનાલબ્ધિ ગ્રહણ કરવાની શક્તિ રાગાંશમાં નથી, તે શક્તિ જ્ઞાનાંશમાં છે. કેમકે જ્ઞાનાંશમાં જાણવા-દેખવાની ક્રિયા થઈ રહી છે આ બન્ને અંશ પ્રગટ છે. વર્તમાન ઉપયોગ છે તેને ઉપયોગમાં સ્થાપે છે. સાંભળતાં...સાંભળતાં પણ માનસિક જ્ઞાનમાં આત્માની

સ્થાપના થાય છે. અપૂર્વ નિર્ણય થતાં...મન પાવે વિશ્રામ. શુદ્ધાત્માનો પ્રબળ તાપ ભાવમન જીરવી શકતું નથી...તેથી અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે.

૯૩૭.

જ્ઞાતાપણું કહો કે સાક્ષીભાવ કહો; એવો જ્ઞાતા સ્વભાવી આત્મા હોવા છતાં સહજ ઉદાસીન અવસ્થાને છોડીને, રાગને પોતાનું માનીને...રાગનો કર્તા થાય છે ત્યારે પર્યાયમાં મિથ્યાત્વ થાય છે.

૯૩૮.

પરિણામની અનેકતા પરિણામમાં રહી અને મારી એકતા તો મારામાં જ રહી. 'હું એક છું, અનેકરૂપ થયો જ નથી, થઈશ જ નહીં. પર્યાયમાંથી મારાપણું છૂટતાં જ, દ્રવ્યમાં મારાપણું થશે જ.

૯૩૯.

સમયસાર ૧૭, ૧૮ ગાથામાં જીવમાત્રની સ્થિતિનું વર્ણન કર્યું છે. (૧) શું જણાય છે? ભગવાન આત્મા જણાય છે. (૨) કોને જણાય છે? સર્વને જણાય છે. (૩) ક્યારે જણાય છે? અત્યારે જણાય છે. સદાકાળ જણાય છે, સ્વયમેવ જણાય છે.

૯૪૦.

સ્વનો જાણનાર છે માટે જ્ઞાયક છે? ના. પરનો જાણનાર છે માટે જ્ઞાયક છે? ના. એ તો સ્વભાવથી જ નિરપેક્ષ જ્ઞાયક છે. સ્વતઃસિદ્ધ અનાદિ અનંત જ્ઞાયક છે. જ્ઞાયક કેવળ નામ નિક્ષેપે જ નથી..પરંતુ ભાવ નિક્ષેપે પણ જ્ઞાયક જ છે. જ્ઞાયક અર્થાત્ જાણનાર...જાણનાર કેવળ જાણનાર. જ્ઞાનગુણથી ભરેલો પરમાત્મા તેને જ્ઞાયક કહે છે.

૯૪૧.

(૧) જ્ઞાનની વિસ્મૃતિ તેનું નામ સંસાર છે. (૨) જ્ઞાનની જાગૃતિ તેનું નામ મોક્ષ છે. નિરંતર જ્ઞાનની જાગૃતતા રહેતી હોવાથી અજ્ઞાન થતું જ નથી.

૯૪૨.

અધર્મ કરવાની મનાઈ; પણ ધર્મ કરવાની મનાઈ!? આ શું રહસ્ય છે! કરવા જઈશ તો ધર્મ ઉત્પન્ન નહીં થાય. ‘હું તો જ્ઞાતા છું, જ્ઞાયક છું’ તેમ ધર્મીને જાણતાં, ધર્મ પ્રગટ થાય છે. ધર્મને નથી કરતો તેથી આત્મા ધર્મી છે. ધર્મને કરે તો આત્મા ધર્મી જ ન રહે.

૯૪૩.

શ્રી ગુરુ રસ્તો બતાવે...ચાલવું તો પોતાને છે. ગુરુ સાથે ન આવે. માર્ગ મળે પછી તેણે પ્રયોગ કરવો જોઈએ.

૯૪૪.

રુચિ, અરુચિનો આત્મામાં ત્રિકાળ અભાવ છે. આવા સ્વભાવ તરફ લક્ષ ન જાય તો શું કામનું? ફરી ફરી વાત યાદ કરાવવી પડે તો અપાત્રતા સમજવી.

૯૪૫.

જીવને પરિણામ જ નથી તો તેનો વિસ્તાર ક્યાંથી હોય? જીવને જ્ઞાનગુણ પણ નથી. જીવ અભેદ છે. વ્યવહારથી સમજાવવા માટે ઈશારા છે. કોઈને કોઈ પડખાંથી સામાન્ય સમજાવવું છે. ઈરાદો તો એક જ છે.

૯૪૬.

જે આત્માથી ભિન્ન છે, તેનો ત્યાગ કરનાર આત્મા નથી. જે આત્મામાં નથી, તેનો ત્યાગ કરનાર પણ આત્મા નથી. ગ્રહણ સાપેક્ષ ત્યાગ તે ત્યાગ છે. ગ્રહણ નિરપેક્ષ ત્યાગ તે ત્યાગ જ નથી.

૯૪૭.

સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું કે → ‘હું જ્ઞાતા અને તું પણ જ્ઞાતા.’

૯૪૮.

દ્રવ્ય એક છે, કેમકે તેમાં અનેકપણું નથી. દ્રવ્ય એકરૂપ છે, કેમકે તે પરિવર્તન પામતું નથી. પરિણામને એક સરખા રાખવાનો પ્રયત્ન શા માટે કરો છો? જે એક સરખું-એકરૂપ તત્ત્વછે...તેને જો ને!! જીવ ક્યારેય બદલતો નથી. જીવનો તો એક પરમ પારિણામિકભાવ છે જે ક્યારેય બદલતો નથી.

૯૪૯.

પરિણામને જાણે છે તે → વ્યવહારબોધ છે. પરિણામ જણાય જાય છે તે → સિધ્ધાંત બોધ છે.

૯૫૦.

આત્માર્થી કહેતાં જ ધનાર્થી નહીં, માનાર્થી નહીં, મતાર્થી નહીં, મોક્ષાર્થી. મોક્ષાર્થી છે તે છદ્રવ્યનું, નવતત્ત્વનું સ્વરૂપ પૂછતો જ નથી. 'હું કોણ છું' તેટલું જ તે પૂછે છે.

૯૫૧.

તેણે બે ચીજ જ શીખી છે બંધ, મોક્ષ. બંધ, મોક્ષથી રહિત વસ્તુ છે તે તેણે શીખી જ નથી.

૯૫૨.

(શ્લોક નં-૩૭) "ભિન્ના ભાવાનો દ્રષ્ટાઃ સ્યુ" ભિન્નતાનું ગુપ્ત રહસ્ય બહાર આવ્યું છે. "ભિન્ના ભાવાનો દ્રષ્ટાઃ સ્યુ" દેખાતું જ નથી તેનું નામ ભિન્નતા છે. તેથી આત્મદર્શન છે તે જ ભેદજ્ઞાન છે.

૯૫૩.

જ્ઞાન તો અભેદ આત્માને લક્ષ કરીને આત્માને જાણે....તેથી જ્ઞાન અભેદગ્રાહી જ હોય છે. અને તે જ જ્ઞાનમાં અનંત શક્તિઓ, અનંત ધર્મો, અનંત પર્યાય, અક્રમે જાણવામાં આવી જાય તેને જ્ઞાન કહે છે. પરંતુ નયજ્ઞાન આવું નથી. તે દોષ રૂપ કેમ છે? નયજ્ઞાન ભેદનું લક્ષ કરે છે. તેમજ ભેદોને ક્રમથી જાણે છે એ દોષ છે.

૯૫૪.

અંદરમાં પોતા પાસે ઉપયોગ વેદી છે. આ ભગવાનના પણ દર્શન કરી લે!

૯૫૫.

(પ્રમાણની બહાર) પરનો તો કર્તા છે જ નહીં, અજ્ઞાનમાં પણ (પરનો કર્તા) છે નહીં; તો પછી હું એ શા માટે માનું કે 'હું કર્તા છું?' જ્ઞાનના પ્રકાશમાં એમ જાણવામાં આવ્યું કે 'હું

જ્ઞાતા છું', કર્તા નથી. પરની પર્યાયનો કર્તા પરદ્રવ્ય જ છે. આ વાતનો પ્રયોગ કરવો. પરનો કર્તા પર છે, હું કર્તા નથી.

૯૫૬.

જેમ અજ્ઞાનમાં; પરને કરતો નથી, તે સંબંધીના રાગને કરે છે. તેમ અજ્ઞાનમાં પરને જાણતો નથી, પરના પ્રતિભાસને જાણે છે. અજ્ઞાનમાં જ્ઞેયાકાર જ્ઞાનનું લક્ષ કરે છે.

૯૫૭.

જીવ અને સિદ્ધમાં કાંઇ પણ ભેદ ન માન. 'દ્રવ્યદ્રષ્ટિથી ભેદ નથી' એમ નથી કહ્યું, સ્વભાવથી કોઈ ભેદ નથી. એમ કહ્યું.

૯૫૮.

ઉપદેશ એટલે! ઉપ અર્થાત્ સમીપ, દેશ અર્થાત્ ચૈતન્ય સ્વદેશ, જે ચૈતન્ય સ્વરૂપમાં લઇ જાય તે ઉપદેશ છે.

૯૫૯.

કાં તો રાગને જીવનો સ્વભાવ માનીને અથવા જીવનો વિભાવ માનીને રાગમાં એકતા કરે છે. માર્મિક વાત → રાગ ભિન્નપણે પણ ભાસવો ન જોઈએ.

૯૬૦.

હે ભવ્ય! તું તને રસ રહિત, (જડ રહિત) ચૈતન્ય જાણ! આચાર્યદેવે આદેશ આપ્યો. બસ! આટલામાં તો બધું જ કામ થઇ જાય. જીભની સામે જોવાથી હું તેનો સ્વામી નથી; એમ નહીં આવે. 'હું જીભ રહિત છું' એમ પોતાને જોવાથી; જીભનું સ્વામીત્વ સહજમાં જ છૂટશે.

૯૬૧.

હે ભવ્ય તું એમ જાણ કે → જૈનદર્શનમાં જાણવાની વાત કહી છે, કરવાની તો વાત છે જ નહીં.

૯૬૨.

જેમ કોઈ જીવતો હોય તેને મરેલો કહે તો પાપ લાગે છે. તેમ જીવત્વ શક્તિથી જીવતા જીવને મરેલો માનવો તે અધ્યવસાનનું મોટું પાપ છે. જીવતાને જોવો તે ધર્મ છે.

૯૬૩.

ક્ષયોપશમિક ભાવનો અભાવ છે, એવો જ પરમ પારિણામિકભાવનો સ્વભાવ છે. અહીંયા અંદરમાં પરમ પારિણામિકભાવ પર નજર રાખીને જો! ક્ષાયોપશમિક ભાવ ઉપર નજર રાખીને નહીં જોવું.

૯૬૪.

પદાર્થના કારણે કે પદાર્થને જોઈને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થતું જ નથી. જ્ઞાનની પર્યાય સ્વજ્ઞેયના આલંબન પૂર્વક પરિણમે છે તેમાં સમસ્ત જ્ઞેયોનો પ્રતિભાસ હોવાથી... તે જ્ઞેયાકાર જ્ઞાનનું જ્ઞાન સહજમાં થઈ જાય છે.

૯૬૫.

શરીર અને આત્મા બે વસ્તુ છે. તેને જાણનારું જ્ઞાન પણ ભિન્ન-ભિન્ન છે. ત્યારે તેણે બન્નેનું ન્યારાપણું જાણ્યું કહેવાય.

૯૬૬.

**પ્રશ્ન :** પરથી એકતા છૂટવાનો ઉપાય શું છે?
**ઉત્તર :** હું પરને જાણતો જ નથી...તે રામબાણ ઉપાય છે. પરનું સ્વરૂપ કેવું છે? તે બહાના નીચે પણ પરને ન જાણવું. જ્ઞાનમાં આત્મા જણાય છે એમેય નથી. જ્ઞાન પોતે જ આત્મા છે.

૯૬૭.

સૌને જ્ઞાન જણાય છે. કેવું જ્ઞાન જણાય છે ઈ ન પૂછો તો સારૂં.

૯૬૮.

જેણે આત્મા પ્રાપ્ત કર્યો તેણે જગતમાં પ્રાપ્ત કરવા યોગ્ય બધું જ પ્રાપ્ત કરી લીધું.

૯૬૯.

જ્ઞાનની પહોંચ શુદ્ધાત્મા સુધી જ છે. જ્ઞાન...કષાય સુધી પહોંચતું જ નથી.

૯૭૦.

જેને નિરપેક્ષ સ્વભાવ ગમતો નથી, તે એમ કહે છે કે વ્યવહારે તો ધ્યાન આત્મામાં થાય છે ને! જે અપેક્ષાએ વાત છે, તેનું જ્ઞાન કરી, આગળ વધીને સામાન્ય સુધી ચાલ્યા જવું. દ્રવ્યને જુએ તે જ્ઞાન સાચું.

૯૭૧.

દિવસમાં દસ વાર બોલો → હું પરમાત્મા છું. અને મને પરમાત્મા જ જાણવામાં આવે છે.

૯૭૨.

જેમ ઈન્દ્રિયજ્ઞાન હોવા છતાં સામાન્ય ઉપયોગની શ્રધ્ધા થઈ શકે છે, તેમ બધ્ધ વખતે અબધ્ધ આત્માની શ્રધ્ધા થઈ શકે છે. પોતાને બંધાયેલો માનીને, અબધ્ધ થવાના ગમે તેટલા ઉપાય કરે! એ બધા ખોટા ઉપાય છે.

૯૭૩.

આત્મામાં આત્માનો અભ્યાસ કરો. પ્રેક્ટિસ કરો કે હું ચૈતન્ય શક્તિમયી જ છું. 'રામ રસ ગાઢ કરે, યહી પાઠ પઢે હૈં.' હું ચૈતન્યમયી છું, એમ લેવાથી રામરસ આતમરામરસ ગાઢો થાય છે.

૯૭૪.

જડ જાણતું નથી તેમ જણાતું પણ નથી તેમ તું જાણજે! જડ જણાતું નથી ત્યારે ઈ જડ (આત્માથી) જુદું સિધ્ધ થાય છે. ચેતનાર એમ ચેતે છે કે-હું ચેતનાર છું. તે જડને ચેતી શકતો જ નથી.

૯૭૫.

અમે ચૈતન્ય શક્તિને જાણી લીધી! જાણવાવાળો એમ નથી જાણતો કે મેં જાણી લીધું છે. તે તો એમ જાણે છે કે - 'હું ચૈતન્ય શક્તિમાત્ર છું.'

૯૭૬.

આ એક જ શાસ્ત્ર એવુ છે કે જેમાં અજીવ અધિકારમાં, જીવના પરિણામને અજીવ કહ્યાં છે. બીજા શાસ્ત્રોમાં તો પાંચ દ્રવ્યને અજીવ તરીકે કહ્યાં છે. 'આ અ જીવ છે' એમ કહીને, અજીવમાંથી જીવપણાની માન્યતા છોડાવવી છે.

૯૭૭.

ગ્રંથાધિરાજ સમયસારની સૌથી મોટી વિશેષતા ૫૦ થી ૫૫ ગાથાઓમાં છે. જેમ નિયમસારમાં પાંચ રતન છે, તેમ આ રતન છે. જીવને નિર્દોષ સિધ્ધ કરવો તે જ ભગવાનની વાણીનો સાર છે.

૯૭૮.

જેમ પુદ્ગલ સ્વભાવથી જ જ્ઞાનરૂપે પરિણમતું નથી. તેમ જીવ સ્વભાવથી જ ક્રોધાદિરૂપે પરિણમતો નથી.

૯૭૯.

ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનવું બસ, એ ભૂલ હતી. એને તો છોડવાનું છે. કેમકે એ આત્માને જાણવાનું સાધન જ નથી. સંતોએ આ વાત આપીને બહુ ઉપકાર કર્યો છે.

૯૮૦.

સ્વભાવથી દેખતાં નય દૂર થઈ ગઈ. નયથી દેખે છે તો સ્વભાવ દૂર થઈ ગયો. માટે સ્વભાવથી દેખવું તે જ એક માત્ર નયાતીત થવાનો ઉપાય છે. નવ તત્ત્વની સિધ્ધિ કરવા માટે 'નય' છે. સ્વભાવની સિધ્ધિ કરવા માટે 'નય' નથી. વસ્તુને સ્વભાવથી સમજતાં વિકલ્પ છૂટી જાય છે. નયથી સમજતાં વિકલ્પ રહી જાય છે.

૯૮૧.

નાસ્તિનો વિચાર કર્યા વિના મિથ્યાત્વનો અભાવ થતો જ નથી. અને અસ્તિને લક્ષમાં લીધા વિના સમ્યગ્દર્શન થતું નથી.

૯૮૨.

(૧) વ્યવહારનું અવલંબન લેનાર → પ્રસિધ્ધ મિથ્યાદ્રષ્ટિ છે.

(૨) નિશ્ચયનયનું અવલંબન લેનાર → અપ્રસિધ્ધ મિથ્યાદ્રષ્ટિ છે.

૯૮૩.

અશુભ અને શુભની જેમ, વ્યવહાર કે નિશ્ચયનો વિકલ્પ વિષકુંભ છે. જ્ઞાની જેને ઉલ્ટી કરી વમી નાખે છે તેને અજ્ઞાની ચાટે છે.

૯૮૪.

સમયસાર ૧૩ ગાથામાં લાલબત્તી ધરી. એક એક અધિકાર ઉપર સોનેરી અક્ષરથી લખજે 'ભૂતાર્થનયથી' નવતત્ત્વને જાણવા.

૯૮૫.

'હું કરનાર નથી' ત્યારે તેને ભવનો અંત આવે છે. એક કહે કે હું જાણું, બીજો કહે કે હું કરું, તું પરિણામને જોશ, અમે દ્રવ્યને જોઈએ છીએ, જોવા જોવામાં મોટો ફેર. આ જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનો તફાવત છે.

૯૮૬.

પરિણામમાં મમત્વનો ત્યાગ તે વૈરાગ્ય. આત્માનું જ્ઞાન તે જ્ઞાન. સાધકને આ રીતે જ્ઞાન વૈરાગ્યની સંધિ હોય છે.

૯૮૭.

જ્ઞાનીને → પાપ, પુણ્ય, ધર્મના ભેદ, તે ત્રણેનો (દ્રષ્ટિમાં) ત્યાગ હોય છે. જે આવે ને જાય તે મારી ચીજ જ નથી. હું તો છું...છું અને છું.

૯૮૮.

પરિણામમાત્રથી આત્મા જુદો છે એ વાત અધ્યાત્મ શાસ્ત્રમાં ફરી ફરી આવે છે. તેથી 'સર્વથા' રહિતથી ઉપડવું. સામાન્ય તત્ત્વ પર નજર આવતાં જ સામાન્ય વિશેષની એકતા થઇ ગઇ.

૯૮૯.

'હું જ્ઞાતા છું, કર્તા નથી.' આ ભગવાન થવાની માળા છે. 'હું જ્ઞાતા છું, તેમાં સ્વ તરફનું પ્રયાણ થાય છે. પંચપરમેષ્ઠીના સ્મરણમાં પર તરફનું લક્ષ છે. તેથી જ કહે છે 'પર દવ્વાદો દુગ્ગઇ સદવ્વાદો સુગ્ગઈ.'

૯૯૦.

પૂજ્ય ગુરુદેવ કહે છે → 'પરિણામનો મારામાં અભાવ છે.' 'અભાવ થશે' એમ નહીં. પરિણામમાં થવું, થાય તેને થવા દે ને! એનાથી ભિન્ન આત્માને જાણી લે ને!!

૯૯૧.

પર્યાયમાં રાગ થાય છે; પણ દ્રવ્યમાં થાય છે કે નહીં? એ તો જો! રાગને પર્યાયમાં જોઈને તેને દ્રવ્યમાં સ્થાપે છે તે ભૂલ છે. પર્યાયમાં મમતા છે, પણ દ્રવ્યમાં નથી; ત્યાં સુધી તારી દ્રષ્ટિ પહોંચતી જ નથી. જીવ અને રાગ વચ્ચે મેરુ જેવી અત્યંત અભાવની દીવાલ છે. એકમાં બીજાનો અભાવ છે, એવા અસ્તિ-નાસ્તિ અનેકાન્તથી અનુભવ થાય છે.

૯૯૨.

વ્યવહારના સદ્ભાવમાં મોક્ષ રોકાય છે. જ્ઞાતાનો વ્યવહાર એને ખટકે છે. પર્યાયને જાણવાનો સ્વભાવ નથી. હું તો ચૈતન્યના વિલાસ સ્વરૂપ એક આત્માને જ ભાવું છું. કથંચિત્ આત્માનું બહુમાન અને કથંચિત્ પરિણામનું બહુમાન → એમ નથી.

૯૯૩.

ખરેખર જે દોષ કરનાર હતો તે હું નહોતો, મારી માન્યતા મિથ્યા હતી. એમાં પૂર્વના દોષની નિવૃત્તિ થઇ જાય છે.

૯૯૪.

જ્ઞાતાની વ્યાખ્યા → જ્ઞાયકને અભેદ થઈને જાણે. તેમાં એને એમ લાગે કે-પરને પણ જાણતો હશે ને? પણ એમ નથી.

૯૯૫.

પં. રાજમલજી કહે છે → નિર્મળ પર્યાયનો ઉપચારમાત્રથી કર્તા છે, જ્યારે ભાવિ તીર્થંકર નિયમસારમાં ફરમાવે છે કે નિર્મળ પર્યાયનો ઉપચારથી પણ કર્તા નથી. ભેદ પડે તો

કર્તાપણાનો ઉપચાર આવે, જ્યારે અભેદમાં કર્તાપણાનો ઉપચાર છૂટી જાય છે. ભેદ મારા જ્ઞાનમાં જ્ઞેય પણ થતા નથી તો તેમનો કર્તા તો ક્યાંથી થાઉં?

૯૯૬.

યથાખ્યાત ચારિત્ર થાઓ, ન થાઓ; એની અમોને દરકાર નથી. અમે તો ત્રિકાળ યથાખ્યાત ચારિત્ર સ્વરૂપ જ છીએ. આ મસ્તીમાં લખાણું છે.

૯૯૭.

અજ્ઞાની કહે છે મારામાં મમતા છે. જ્ઞાની પૂછે છે, તું કોણ છો? તારે તો બસ આટલું ટૂંકું જ વચન બેસાડવાનું છે કે 'મારામાં મમતા નથી.'

૯૯૮.

પરને જાણવું ભયંકર દોષ છે. બેનને ચોંટ લાગી.. રડવા લાગ્યા. જેને ચોંટ લાગશે, તેનુ કામ થશે. આ સાધારણ પાપ નથી; મોટું પાપ છે. અનુપયોગ પર તરફ જાય છે, ઉપયોગ આત્મા તરફ રહી જાય છે.

૯૯૯.

વિસ્તાર કરે છે → તે વ્યવહારનય છે.
વિસ્તારને ટૂંકાવે છે → તે નિશ્ચયનય છે.

૧૦૦૦.

ભવ્ય જીવને શુધ્ધાત્માની વાત સાંભળતા અંદર ચોંટ લાગે છે...કે - હું તો શુધ્ધાત્મા જ છું. 'આત્મા' યાદ આવે તેનો દિ' વળતો છે.

૧૦૦૧.

પરનાં પરિણામને કરવાની શક્તિ તો નથી, પણ ખરેખર શુધ્ધાત્મામાં પરને જાણવાની શક્તિ પણ નથી, એકદમ ઊંડાણની વાત છે.

૧૦૦૨.

પૂર્વોક્ત ચાર ભાવો આવરણ સંયુક્ત હોવાથી મુક્તિના કારણ નથી. એનું લક્ષ કરવા યોગ્ય નથી. ઘણો ઊંચો પારો છે.

૧૦૦૩.

જેને માથે ગુરુ છે અને તે ભેદજ્ઞાનનો મંત્ર જપતો હોય, ત્યાં મોહનું કાંઈ ચાલતું જ નથી.

૧૦૦૪.

કુંદ પ્રભુની વાણી → તું શુદ્ધ છો, અશુદ્ધ થયો જ નથી. પારકા ક્ષેત્રમાં આગ લાગે, તેમાં તને શું?

૧૦૦૫.

પરિણામની સામે જોવાનું બંધ કરી દે! પરિણામને જોતાં 'હું કર્તા છું' એમ ભાસે છે. જૈનદર્શનમાં પરિણામનું કરવું નથી. તેમ પરિણામનું છોડવું પણ નથી. પરિણામ મારામાં નથી, એટલું જોઈ લે ને!

૧૦૦૬.

આત્મા કર્તા અને પરિણામ કર્મ. વ્યવહારનય અભૂતાર્થ કથન કરે છે તેથી તેને છોડજે. તેનાથી ચેતજે! કર્તાને જાણે, કાર્યને જાણે, પરજ્ઞેયને જાણે, તેમાં જ્ઞાતા ન થાય. જ્ઞાયકને જાણે તો જ્ઞાતા થાય.

૧૦૦૭.

નયાર્થ કાઢવા માટે આ વાક્ય વ્યવહારનયનું છે કે નિશ્ચયનયનું; એમ વારંવાર આત્માને પૂછવું જોઈએ. અનુભવ ન થતો હોય તો ઊંડાણથી તપાસવું જોઈએ કે મને ક્યાંક વ્યવહારનો પક્ષ રહી જાય છે.

૧૦૦૮.

જે સમયે આંખ પરને જાણે છે, તે સમયે હું આત્માને જાણું છું; એમ લેતાં અનુભવ થઈ જશે.

૧૦૦૯.

દેખે પણ કરે નહીં → એવી નિષેધ બુદ્ધિ આવે ત્યારે કેવળ દેખવાનો સ્વભાવ ખ્યાલમાં આવી જશે.

૧૦૧૦.

સમર્થ આચાર્ય સિવાય વાણીમાં ન આવી શકે તેવી આ વાત છે; રાગાદિ તારું જ્ઞેય નથી, જ્ઞાયક તારું જ્ઞેય છે.

૧૦૧૧.

'જ્ઞાનની પર્યાય કર્મ'; એવા ભેદમાં આવ્યો તો ત્યાં રાગની ઉત્પત્તિ દેખાય છે, ત્યારે રાગ જ્ઞેય છે એમ ઉપચાર કરવામાં આવે છે.

૧૦૧૨.

**ત્રણ માર્મિક પ્રશ્નો.**
**પ્રશ્ન-૧ : રાગ આત્માનું કર્મ જ ન હોય તો સંસાર સિદ્ધ નહીં થાય?**
**ઉત્તર : જ્ઞાતાનું કોઈ કર્મ હોય જ નહીં જ્ઞાતાનું તો જ્ઞેય જ હોય.**
**પ્રશ્ન-૨ : વ્યવહારે તો રાગ જ્ઞેય છે કે નહીં?**
**ઉત્તર : નિશ્ચય, વ્યવહાર અંદરમાં હોય, બહારમાં ન હોય.**
**પ્રશ્ન-૩ : જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે - એમ લેવા છતાં અનુભવ કેમ થતો નથી?**
**ઉત્તર : જાણનાર અને જણાય છે તે અભેદભાવે છે, ભેદરૂપ નથી; એમ લઈ લે!**

૧૦૧૩.

ધ્યેયને જાણે, અભેદજ્ઞેયને જાણે → એક નંબરનો વ્યાપાર. પર્યાયના ભેદને જાણે નંબર બેનો વ્યાપાર. ધ્રુવને જાણે છે, મોક્ષની પર્યાયને અભેદપણે પરિણમીને જાણે છે. મોક્ષને જાણે છે તે ભેદનું કથન છે. ભેદ કરીને જાણે તો રાગ થઈ જાય.

૧૦૧૪.

ધ્રુવમાં, ઉત્પાદ-વ્યય થવો અશક્ય છે. ઉત્પાદ-વ્યય થતો નથી માટે તો ધ્રુવ છે.

૧૦૧૫.

અરે! આત્મા છે તો જ્ઞાન છે! એમેય નથી; તો પછી નિર્જરા છે તો જ્ઞાન છે, એમ તો ક્યાંથી હોય? અતિ સૂક્ષ્મ રહસ્ય → દ્રવ્ય, ગુણ છે તો તેનું અહીં જ્ઞાન થયું તેવી સાપેક્ષતા જ્ઞાનને હોતી નથી.

૧૦૧૬.

ઝીણી વાત છે → આનંદને ઉપચારથી ભોગવે છે એમ કહેવાય. પણ સ્વભાવથી જોઈએ તો પારિણામિકભાવ આનંદરૂપે થતો નથી. માટે આનંદને ભોગવતો નથી. 'કેવળ જાણે છે.' હું આનંદ સ્વરૂપ છું. મને આનંદ ભોગવવાની જરૂરત પણ નથી.

૧૦૧૭.

પ્રશ્નઃ પર્યાયને હેયરૂપે તો જાણવી ને?
**ઉત્તર :** નહીં, જાણવાનું જ બંધ કરી દે!

૧૦૧૮.

તું આત્માને પરિણામથી સર્વથા સહિત માને છે. જ્યારે અમે 'કથંચિત્' સહિત કહીએ છીએ. અમારું 'કથંચિત્' સહિત ક્યારે આવે? કે 'સર્વથા રહિત' માં આવે ત્યારે આવે.

૧૦૧૯.

જ્ઞાનમાં લોકાલોકનો પ્રતિભાસ હોવાથી એમ કહેવાય છે કે-જ્ઞાન લોકાલોકને જાણે છે. પણ જ્ઞાન લોકાલોકથી તન્મય નથી તેથી તેને જાણતું નથી.

૧૦૨૦.

**પ્રશ્ન : દ્રવ્ય, પર્યાયની જુદાઈ; બે દ્રવ્યોની જુદાઈ જેવી તો નથી ને?**
**ઉત્તર : બે દ્રવ્યોથી પણ વધારે છે. કેમકે 'સર્વથા ભિન્ન' છે.**

૧૦૨૧.

ઈન્દ્રિયજ્ઞાનથી આત્મા જણાતો નથી, આત્મજ્ઞાનથી જણાય છે. આના ઉપર સૂક્ષ્મ વિચાર કરવાથી 'આત્મલાભ' થાય એમ છે.

૧૦૨૨.

હજુ તો પરમાં જ્ઞાતા-જ્ઞેય સ્થાપે છે. હું જ્ઞાતા અને હું જ્ઞેય એવા વ્યવહારમાં પણ આવતો નથી; તો નિશ્ચયમાં તો ક્યાંથી આવે?

૧૦૨૩.

અનુભવ કરવો હોય તો, 'સર્વથા' માં આવી જા! અનુભવ પછી કથંચિત્ આવી જાય છે. સાધના માટે, સાચો ખોટો બન્ને વ્યવહાર સમકક્ષી છે. કથંચિત્ માં મરી ગયો. પ્રમાણમાં આવી ગયો અને સ્વભાવથી ખસી ગયો.

૧૦૨૪.

'જ્ઞાનમાત્ર ભાવ' સ્વયં જ જ્ઞાન છે. તે કોઇ નયથી જ્ઞાતા નથી. કોઈની અપેક્ષા વિના, સ્વભાવથી જ જ્ઞાનમાત્ર છે.

૧૦૨૫.

નિશ્ચય ક્ષમાપના → → મારા જ્ઞાનમાં, મારો આત્મા જણાતો હોવા છતાં હું...દર્શન કરતો નથી; એ મારો અપરાધ છે. આજે પ્રતિજ્ઞા કરું છું કે મને જાણનારો જણાય રહ્યો છે તેનો વિશ્વાસ કરું છું તેના જ દર્શન કરીશ.

૧૦૨૬.

'હું જાણનાર છું' તે મૂળ પાયાની વાત છે. એ ખ્યાલમાં આવે તો બાકીના બધા રસ્તા મળે એવું છે.

૧૦૨૭.

જેને જેનું લક્ષ હોય તેને એ જ જણાય. જેને જેનું લક્ષ ન હોય, એ જણાવા છતાં, જણાય જ નહીં. અતીન્દ્રિયજ્ઞાન સ્વને જ જાણે અને ઇન્દ્રિયજ્ઞાન પરને જ જાણે. જો છદ્મસ્થને બન્ને ઉપર લક્ષ હોય તો નિશ્ચય વ્યવહાર રહેતા નથી.

૧૦૨૮.

ઈન્દ્રિયજ્ઞાને પરને જાણેલું અને વિશેષે તેને જાણવાનું બંધ કર્યું. આત્માએ તો પરને જાણ્યું જ નહોતું.

૧૦૨૯.

જેમ સૂર્યમાં અંધકાર થતો નથી; તેમ આત્મામાં રાગ થતો નથી. જેમ પ્રકાશમાં અંધકાર દેખાતો નથી; તેમ જ્ઞાનમાં રાગ દેખાતો નથી.

૧૦૩૦.

'અનંત પરિભ્રમણનું કારણ એ ઈન્દ્રિયજ્ઞાન છે. એને જ્ઞાન માનવું એમાં અનંતા દુઃખનો દરિયો છે. ભાવેન્દ્રિય ઘોર અંધકાર છે, ઘોર સંસાર છે. 'ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી.' આની ધૂન લાગવી જોઈએ. જ્ઞાન તેને કહેવાય જેમાં આત્મા જણાય. હાલતાં-ચાલતાં ઈન્દ્રિયજ્ઞાનથી મારો આત્મા ભિન્ન છે, એવો વિચાર કરવાનો હવે કાળ પાક્યો છે.

૧૦૩૧.

નવતત્ત્વને વ્યવહારનયે જાણતાં મિથ્યાત્વનો દોષ લાગે છે. આનાથી આ થાય અને એનાથી આ થાય; તે સત્ નું ખૂન કરે છે. હવે એ સાપેક્ષતા છોડી દે. પરિણામ સત્ છે અને અસત્ નથી આવું અનેકાન્ત છે.

૧૦૩૨.

જેમ આત્મા નિરપેક્ષ છે, તેમ પર્યાય પણ નિરપેક્ષ જ છે. 'સર્વથા' નિરપેક્ષ છે. 'નિરપેક્ષ' પરમ હિતનું કારણ છે. અમે તો દ્રવ્ય, ગુણ પર્યાયે નિરપેક્ષ છીએ. ધ્યેય પણ નિરપેક્ષ; જ્ઞેય પણ નિરપેક્ષ. નિરપેક્ષને જોતાં સાપેક્ષ દ્રષ્ટિ (મિથ્યાત્વ)નો વ્યય થઈ જાય છે.

૧૦૩૩.

આત્મા અકર્તા છે એટલે તેણે અશુદ્ધતા કરી જ નથી; માટે તેને શુદ્ધતા કરવી જ નથી. અકર્તા અંદરથી બેઠું ને! તો જા! તારી મુક્તિ થઈ જશે!

૧૦૩૪.

હું પરને જાણું છું → આ સંસારનું મૂળિયું છે. કષાયનું મૂળ ઈન્દ્રિયજ્ઞાન છે. તેથી તેને જીતવાની વાત છે. (અજ્ઞાન ઉપર એકવાર એવો પ્રહાર કર કે હું પરને જાણતો નથી.)

૧૦૩૫.

એ જ શુદ્ધનયે એમ જાણ્યું કે → થવા યોગ્ય થાય છે.
એ જ શુદ્ધનયે એમ જાણ્યું કે → જાણનારો જ જણાય છે.

૧૦૩૬.

આસ્રવ દુઃખરૂપ છે આમ તો અનંતવાર જાણ્યું. પણ એ દુઃખનો કર્તા કોણ? કારણ કોણ? નિમિત્ત કોણ? એ ન જાણ્યું.

૧૦૩૭.

'થવા યોગ્ય થાય છે', આમાં આત્માને નવતત્ત્વોથી જુદો તારવવાની વિધિ બતાવી. પર્યાયને 'થવા યોગ્ય' માનો ત્યારે એનાથી જીવને જુદો તારી લેવાય.

૧૦૩૮.

જો પર જ્ઞેયનું જ્ઞાન થાય તો જ્ઞાયકનું જ્ઞાન તિરોભૂત થઈ જાય છે. અંતરની વાતો અપૂર્વ છે. આટલું દાંડી પીટીને કહીએ છીએ છતાં તારો વિકલ્પ પણ સવળો થતો નથી!

૧૦૩૯.

પ્રશ્નઃ વ્યવહારે રાગનો જ્ઞાતા છે; એટલે શું? ઉત્તરઃ રાગને જાણે છે ઈન્દ્રિયજ્ઞાન અને કહ્યું કે- જ્ઞાની તેને જાણે છે તેથી એ વ્યવહાર છે.

૧૦૪૦.

રાગને જાણનારું જ્ઞાન ક્ષણભર બંધ થઈ જાય છે. કેવી રીતે? અંદરથી પ્રબળ નિષેધ આવતાં કે 'હું પરને જાણતો જ નથી', જાણનારને જ જાણું છું. હું જાણનાર જ છું.

૧૦૪૧.

આ રીતે વ્યવહારના પક્ષે ચડીને મરી ગયો પણ અનુભવ ન થયો. નિશ્ચયના પક્ષમાં આવતાં થોડા કાળમાં અનુભવ થાય છે. વ્યવહારનો પક્ષ → પર્યાય દ્વારા આત્માને લક્ષમાં લેવો તે. દુઃખના નાશનો ઉપાય → પર્યાયને ન જો ને!

૧૦૪૨.

માર્મિક વાત → જો આત્માથી પરિણામ થતાં હોય તો અનેકરૂપે પરિણામ કેમ થાય?

૧૦૪૩.

'પરિણામ થવા યોગ્ય થાય છે', એમ જાણવું એ જ્ઞાનનો સ્વભાવ નથી. કેમકે પરિણામ શ્રદ્ધાનો વિષય નથી. 'થવા યોગ્ય થાય છે' એમ જેને ખ્યાલમાં આવ્યું તો લક્ષ અકર્તા જ્ઞાયક ઉપર જતાં તેની ઉત્તર પર્યાયમાં સમકિત થાય, થાય અને થાય જ છે.

૧૦૪૪.

દ્રવ્ય, પર્યાય વચ્ચેનું ઉત્કૃષ્ટ ભેદજ્ઞાન થતાં, અભિન્ન થઇ જશે! તે પહેલાં ભિન્નતાનું અપૂર્વ બળ આવવું જોઇએ.

૧૦૪૫.

નવ તત્ત્વના વિશેષ લક્ષણ (ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક) નવતત્ત્વના વિશેષ લક્ષણ તેને જાણવાથી એમ ખ્યાલ આવશે કે તે હેય છે. તો પણ તે હેય નહીં થાય. તે 'થવા યોગ્ય થાય છે' અને જાણનારો જણાય છે. એમ જાણતાં તે આપોઆપ હેય થઇ જશે.

૧૦૪૬.

પરિણામ મારું જ્ઞેય, એ જ્ઞાતાદ્રષ્ટાની બુધ્ધિ ખોટી બુધ્ધિ છે. જો એ જ્ઞેય હોય તો તેમાં અનુભવ થવો જોઇએ. સાચા વિચારમાં પણ અનુભવ થતો નથી; તો ખોટા વિચારની શું વાત કરીએ?

૧૦૪૭.

પરમાં મમતા કેવી રીતે થાય છે? આ બધું મારું જ્ઞેય છે... તેમ માનવાથી. જ્યારે તે હતું ભાવેન્દ્રિયનું જ્ઞેય અને માન્યું મારું જ્ઞેય, આથી પરમાં મમતા થાય છે.

૧૦૪૮.

સ્વભાવનાં સ્મરણમાં → વિભાવ ગળે. સ્વભાવનાં અનુભવમાં → વિભાવ ટળે. આ એક જ ઉપાય છે, બીજો કોઇ ઉપાય છે જ નહીં. સ્વભાવ સુધી દ્રષ્ટિ ભલે ન પહોંચે; પણ તેનું સ્મરણ કરવાની ક્યાં મનાઈ છે!

૧૦૪૯.

દ્રવ્યને જ વિકારી માને; તેનાથી મોટો પાપી જગતમાં કોઈ નથી. કેમકે તેણે પરમાત્માને વિકારી માન્યો. આત્મા રાગને કરે છે, અરેરે! શું કહીએ પ્રભુ! એને જીભ નહીં મળે.

૧૦૫૦.

જ્ઞાની કહે 'તું જ્ઞાતા જ છો.' કથંચિત્ જ્ઞાતા, કથંચિત્ કર્તા; એવી આશા જ્ઞાની પાસે રાખીશ નહીં. એક 'જ્ઞાતા' નો મંત્ર એવો છે કે એને જીવનદાન આપશે. તેથી 'જ્ઞાતા'ના પક્ષમાં આવવાની બહુ જરૂર છે. જ્ઞાતાના વિચારમાં આવેને તો પણ જ્ઞાન ઉઘડે. 'હું જ્ઞાતા છું' એ તો વિકલ્પ છે? ના, "હું જ્ઞાતા છું" એ તો એ વિકલ્પ ટાળવાની વિધિ છે, સાંભળ તો ખરો!

૧૦૫૧.

ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, ત્યારે ભગવાન આત્મા પરને જાણતો નથી અને જાણનાર જણાય છે એવા જ્ઞાનથી છૂટ્યો નથી. એવી અપૂર્વ વાતો સમયસાર ગ્રંથાધિરાજમાં છે.

૧૦૫૨.

તેણે પરમાર્થની વાત સાંભળી નથી અને વ્યવહાર સાચો લાગ્યો છે. તેનું ફળ ચારગતિના અનંત દુ: ખ છે. જ્યારે નિશ્ચય સાચો લાગશે ત્યારે અનુભવ થશે.

૧૦૫૩.

આત્માને જાણ્યા વિના, જ્ઞાનને જાણ્યા વિના, જ્ઞેયોને જાણવાનો વ્યવહાર ઉત્પન્ન ન થાય. જ્ઞાન જ્ઞાનને જાણે..., પછી જ્ઞેયને જાણે એવો વ્યવહાર આવે. નહીંતર અજ્ઞાન હોય. એ શું કહ્યું? (સમજાણું!)

૧૦૫૪.

આત્માને જાણવાનું સાધન પણ આત્મા પાસે છે → એમ જાણતાં તેને હિંમત આવી ગઈ. હવે એટલો વિચાર કર કે-મારી પાસે જ્ઞાન છે અને તેમાં આત્મા જ જાણવામાં આવી રહ્યો છે.

૧૦૫૫.

**પ્રશ્ન :** જ્યારે સૂક્ષ્મ ઉપયોગ થાય છે ત્યારે શું થાય છે?

**ઉત્તર :** એકલો આત્મા જણાય છે, બીજું કાંઈ જણાતું નથી.

૧૦૫૬.

દુઃખનું અસ્તિત્વ કે દુઃખનો પ્રતિભાસ તે દુઃખનું કારણ નથી. પરંતુ દુઃખનું લક્ષ કરે છે તે દુઃખનું કારણ છે. પર્યાયમાં દુઃખ છે એમ વિચારવાથી દુઃખ ન ટળે. પર્યાયમાં દુઃખ છે, મારામાં નથી → એવું ભેદજ્ઞાન કરવું જોઈએ. મને દુઃખનું જ્ઞાન થાય છે એવા વિચારમાં દુઃખ હળવું થઈ જશે.

૧૦૫૭.

પરને જાણવાથી, પરથી જુદો આત્મા જાણવામાં આવતો નથી. આ સૂત્ર છે. થાય છે એકતા અને તેને ઉપજે છે ભ્રમ કે અમે તો ભેદજ્ઞાન કરી રહ્યા છીએ. ખરો આત્માર્થી ન હોય અને કેવળ શાસ્ત્ર પાઠી થઈ ગયો હોય તેને આ વાત ક્યારેય બેસે જ નહીં કે 'આત્મા પરને જાણતો જ નથી.'

૧૦૫૮.

નિગોદમાં દુઃખને ભોગવતો નથી, મોક્ષમાં સુખને ભોગવતો નથી. આ સ્વભાવની પરાકાષ્ઠા છે. નયની અપેક્ષા અત્યારે ગૌણ છે.

૧૦૫૯.

ઈન્દ્રિયજ્ઞાન કથંચિત્ તો જ્ઞાનની પર્યાય છે ને? એમ કરી કરીને તેમાં એકત્વ કર્યા કરે છે. તમે ઈન્દ્રિયજ્ઞાનમાં એકત્વ કરવાનું છોડી દો...તો તે ઈન્દ્રિયજ્ઞાન પરથી એકત્વ કરવાનું છોડી દેશે. હજાર નેત્ર ખોલીને વાંચજો એવી Most Important વાત છે. એ રાગાદિ વિભાવભાવોથી એકત્વ કરનારું તો ઈન્દ્રિયજ્ઞાન છે. એનાથી ભેદજ્ઞાનની વાત તો શાસ્ત્રમાં ક્યાંક ક્યાંક છે.

૧૦૬૦.

**પ્રશ્ન :** વ્યવહારથી તો પરને જાણે છે ને?

**ઉત્તર :** અરે, પરનું જાણવું સ્વભાવમાં જ નથી. રાગ જ્ઞાનમાં પ્રવેશતો જ નથી, તો તેને જ્ઞાન જાણે ક્યાંથી? બીજું → જ્ઞાનનું લક્ષ રાગ ઉપર નથી, તો જાણે ક્યાંથી? ભિન્નપણે પણ રાગ, આત્માના જ્ઞાનનું જ્ઞેય નથી પરંતુ ઇન્દ્રિયજ્ઞાનનું જ્ઞેય છે.

૧૦૬૧.

જ્ઞાનીના જ્ઞાનનું એ તીર્થંકરદેવ જ્ઞેય થાય, તેમ ત્રણ કાળમાં પણ બનવાનું નથી.

૧૦૬૨.

ધર્મીને જાણે તો ધર્મ થાય. કર્મને જાણે ત્યાં સુધી ધર્મ ન થાય. હળવેથી કહીએ તો અધર્મ થાય. પુણ્યના ભાવ, ધર્મી અને ધર્મ તે બન્નેથી વિરુદ્ધ ભાવ છે.

૧૦૬૩.

આત્માને જાણતાં જે જાણવામાં આવે છે, તે જ આત્માનું સ્વરૂપ છે. આત્માને જાણતાં જે જાણવામાં જ નથી આવતું તે આત્માનું સ્વરૂપ જ નથી.

૧૦૬૪.

ભેદના લક્ષે તો અપરિણામી જ્ઞેય ન જણાય; પણ પરિણામીનાં લક્ષે પણ અપરિણામી જ્ઞેય ન જણાય.

૧૦૬૫.

**અતીન્દ્રિયજ્ઞાન → જાણનારો જણાય છે.**
**સમ્યક્ ઇન્દ્રિયજ્ઞાન → પરિણામ થવા યોગ્ય થાય છે.**

૧૦૬૬.

આત્માને, પરિણામથી સહિત માનતાં → અનંત દોષો પ્રગટે છે. આત્માને, પરિણામથી રહિત માનતાં → અનંત ગુણો પ્રગટે છે.

૧૦૬૭.

આ ગુપ્ત વાત છે → જ્ઞાનીનો જન્મ જ શક્તિરૂપ મોક્ષને બતાવવા માટે થાય છે. હે ભગવાન! મારો ક્યારે મોક્ષ થશે? હે ભવ્ય! તું અત્યારે મોક્ષસ્વરૂપ જ છો. 'તું' અને 'અત્યારે' આ બે વાતમાં તને અચરજ થાય છે!

૧૦૬૮.

ઈન્દ્રિયજ્ઞાનને જીતવાની કળા → હું પરને જણતો જ નથી, જાણનાર જણાય છે. જાણતો નથી તો કર્તાપણું તો જીતાઈ જ જાય છે!!

૧૦૬૯.

સમર્થ આચાર્યદેવે લખ્યું → 'વ્યવહારનયનો પ્રલય થાય ત્યારે', એટલે કે અજ્ઞાનનો પ્રલય થાય ત્યારે શુદ્ધ નિશ્ચયનય પ્રકાશમાન થાય છે.

૧૦૭૦.

વ્યવહારનય, આત્મા રાગી છે એમ કીધાં કરે છે; ત્યારે પણ આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપને છોડતો નથી. રાગ ધર્મીનું ધર્મ તો નથી; પરંતુ ધર્મીનું કર્મ પણ નથી.

૧૦૭૧.

અત્યંત નિઃશંક, નિઃશલ્ય થઈને જે પોતાને એકાન્ત પરમાત્મ સ્વરૂપ અનુભવે છે તે દિગમ્બર જૈન છે.

૧૦૭૨.

જે પોતાને કર્તા માને, તેને ભોક્તા થવું જ પડે. રાગનો કર્તા માનનારને, તેનું ફળ દુઃખ ભોગવવું જ પડે. તો પછી ભોક્તાનો મોક્ષ ક્યાંથી થાય!!

૧૦૭૩.

સ્વરૂપને સમજ્યા વિના, વ્યવહાર પણ જૂઠો લાગતો નથી. પરિણામમાં ગમે તે પ્રકારના ભાવો આવે...તેને જોઈને, પોતાને તે રૂપે માનવો નહીં. વ્યવહારનય પરની, ભેદની પ્રસિદ્ધિ કરે છે, માટે તો તે અપ્રયોજનભૂત છે.

૧૦૭૪.

'હું ભવ્ય છું'. કેવા કેવા બહાને! કઈ કઈ રીતે, તેની પર્યાયબુદ્ધિ પુષ્ટ થઈ જાય છે...એની એને ખબર પડતી નથી.

૧૦૭૫.

'પરદ્રવ્યને', પરિણામ કહેવા તે વ્યવહાર છે. પરદ્રવ્યને પરિણામ માનવા તે અજ્ઞાન છે.

૧૦૭૬.

આત્મા જાણવામાં નથી આવતો એમ માનનાર નાસ્તિક છે. 'મને' આત્મા જણાતો નથી. 'મને' એટલે કોને? નિર્ણય તો કર!

૧૦૭૭.

જેમ પ્રકાશ સો ટકા ટ્યુબમાંથી જ આવે છે, તેમ સો ટકા પ્રકાશમાં એકલી ટ્યુબ જ જણાય છે. 'પ્રકાશ' છે તે 'પ્રકાશ' નામને શા માટે પામે છે? તે પ્રકાશકથી 'કથંચિત્' અભિન્ન છે...નહીં તો તે પ્રકાશ નામ જ ન પામત.

૧૦૭૮.

અજ્ઞાનમાં જેવું લાગે છે તેનો નિષેધ કરો અને જે વસ્તુ સ્થિતિ છે તેને આગળ કરો. અસત્યના નિષેધ વિના સાચી વાતનો આવિર્ભાવ નહીં થાય. ખોટાનો નિષેધ કર, તો સત્ય આપોઆપ પ્રગટશે- અવતરશે.

૧૦૭૯.

'સંસારીઓને શુદ્ધનયથી દસ પ્રાણનો અભાવ હોવાથી' આ વાક્યને આ રીતે વાંચવું - 'સંસારીઓને શુદ્ધનયથી સર્વથા જ દસ પ્રાણનો અભાવ હોવાથી.'

૧૦૮૦.

એમ કોણ જાણે કે → ધ્યાન વિનશ્વર છે. કાયમ રહેનારો એમ જાણે છે કે ધ્યાન વિનશ્વર છે. યોગી જ જાણી શકે કે ધ્યાન વિનશ્વર છે. ધ્યાનાવલિ મારામાં છે જ નહીં તો પછી હું કેવી રીતે જાણું કે ધ્યાન કેમ કરવું? અને કોનું કરવું?

૧૦૮૧.

પર જણાય છે તેને મિથ્યાત્વ કેમ કહ્યું છે? સ્વભાવને જાણવાનું છોડી દીધું કેમકે જ્ઞાનમાં તો આત્મા જણાઈ રહ્યો છે. સ્વભાવમાં સમ્યક્ એકાન્ત હોય અથવા અસ્તિ નાસ્તિ અનેકાંત હોય છે. હું તો જાણનાર છું. જ્ઞાન આત્માને જ જાણી રહ્યું છે. ઓહો! મને તો આ વાતની ખબર જ નહોતી. પર જણાય છે એમાંથી કેટલા દોષ ઉત્પન્ન થશે તેની કોઈ લિમિટ જ નથી.

૧૦૮૨.

અનંતકાળથી ચાલી આવતી વિપરીત માન્યતાનો સર્વથા નિષેધ કરવો એ બહાદુર-વીર્યવાનનું કાર્ય છે.

૧૦૮૩.

પુત્રને જાણતાં, 'હું પણું' પિતામાં આવ્યું. તેમ મારું લક્ષણ ત્રિકાળી જ્ઞાન, તેમાં 'હું પણું જ્ઞાયકમાં' થાય છે. 'માત્ર જાણવું' એ લક્ષણ લેતા માત્ર અને માત્ર જાણનાર જ જણાય છે.

૧૦૮૪.

(૧) કાળલબ્ધિ વગર ન થાય એટલે કે કાળલબ્ધિના સ્વીકાર વિના ન થાય. (૨) જે કાળે થવાનું હશે ત્યારે થશે તેથી પરિણામને ફેરવવાનો અભિપ્રાય મિથ્યાત્વ છે. (૩) કાળલબ્ધિનું સ્વરૂપ સમજતાં કાળલબ્ધિનું પણ લક્ષ છૂટી જાય છે. આ પ્રમાણે કાળલબ્ધિમાં ઘણો માલ ભર્યો છે.

૧૦૮૫.

ચાર દીવાલની વચ્ચે બેસનાર જેમ ચાર દીવાલથી જુદો છે, તેમ ચાર ભાવથી આત્મા જુદો છે.

૧૦૮૬.

કર્તાબુધ્ધિ છોડાવવા; કર્તાપણાના ઉપચારનો નિષેધ કરીએ છીએ, કેમકે ઉપચાર મિથ્યા છે. પર્યાયરૂપે આત્મા થયો જ નથી. દ્રવ્યને કારણ પરમાત્મા કહેવાય, પણ તે કારણ છે નહીં. છે તો અકારણ પરમાત્મા. કારણ પરમાત્માની હયાતિ છે માટે નિર્મળ પર્યાય થઈ છે એમ નથી.

૧૦૮૭.

અરે! સંતો પણ વ્યવહારનો નિષેધ કરે છે. કેમકે વ્યવહારથી મિથ્યાત્વ પુષ્ટ થાય છે. આ મુનિરાજના પેટની-અંતરની વાતો છે. ઉપચાર કર્તાનો પણ નિષેધ!

૧૦૮૮.

આચાર્યદેવ કહે છે – મારી બીજી વાત તું માન કે ન માન; એક વાત જરૂર માનજે! ૨૪ કલાક નિષેધ કર કે 'હું પરને જાણતો નથી', 'અદયં' શબ્દ પડ્યો છે. કેમકે નિષેધમાં વિધિ પ્રગટ થઈ જાય છે. પછી સ્વપ્નમાં પણ તમને એમ નહીં આવે કે 'હું પરને જાણું છું.' એનો ન્યાય → દર્પણમાં અગ્નિ નથી; નથી તો જણાય ક્યાંથી? તેમ જ્ઞાનમાં, પર નથી, નથી તો જણાય ક્યાંથી?

૧૦૮૯.

પર્યાયનો કર્તા પર્યાય છે → એ વાત ઘણી અગત્યની છે. એ વિના અકર્તા હાથમાં નહીં આવે. સ્વભાવથી જ બે સત્ જુદા છે માટે તો તેમાં પ્રયોજન સિધ્ધ થાય છે.

૧૦૯૦.

નિર્મળ પર્યાય મારા લક્ષે થાય છે એમ પણ નથી → આ નિરપેક્ષતાની પરાકાષ્ઠા. હું, આત્મજ્ઞાનથી પણ નિરપેક્ષ છું.

૧૦૯૧.

'ભેદવિજ્ઞાન' શબ્દ Important છે. નવ તત્ત્વની સિધ્ધિ કરે છે અને નવતત્ત્વથી ભિન્ન, જીવતત્ત્વનું લક્ષ કરાવે છે. આત્મા, અનાત્માને જુદા જાણી લે તે જ્ઞાન સાચું. બેયની ભેળસેળ કરે તે જ્ઞાન ખોટું.

૧૦૯૨.

જાણવો જોઈએ આત્માને, જાણે છે પરને; એ ઉપયોગનો દુરૂપયોગ થઈ ગયો. ઉપયોગનો દુરૂપયોગ તેનું નામ ઈન્દ્રિયજ્ઞાન.

૧૦૯૩.

દિવ્ય ધ્વનિમાં આવેલી વાત છે → કર્તાબુધ્ધિ, જ્ઞાતાબુધ્ધિ અનંત દુઃખનું કારણ છે. આ સનાતન સિધ્ધાંતનો સાર છે → 'હું જાણનાર છું, કરનાર નથી.'

૧૦૯૪.

જ્ઞાતાની વ્યાખ્યા → જ્ઞાયકને અનાદિ અનંત જાણે → તેને જ ખરેખર જ્ઞાતા કહેવાય. 'જ્ઞાતાપણું' તે આત્માનો મૂળ સ્વભાવ છે.

૧૦૯૫.

આત્મામાં જ્ઞાન છે, સુખ છે. તેને જાણતાં જાણનારને જ્ઞાન પણ છે અને સુખ પણ છે.
"□□□ □□□□□□□□□ □□□□□□□□□□□□□ □□□□□□□ □ □□□□□□□□□□□□□ □□□□□ □□□□□□□□□□□□□□□□□□ ⍰" એક શ્લોક બસ છે.

૧૦૯૬.

વ્યવહાર સત્સંગ તો અનંતવાર કર્યો, સત્સંગનો ભાવ આવે એ ઠીક છે, પણ એમાં કાર્યસિધ્ધિ નથી. કાર્યસિધ્ધિ તો સ્વને જોવામાં છે. સત્ ને જોવામાં છે.

૧૦૯૭.

શાસ્ત્રની ભાષા → અજ્ઞાની રાગનો કર્તા છે. આત્માની ભાષા → રાગનો કર્તા માનવાથી અજ્ઞાની બને છે. અજ્ઞાની રાગને કરે અને ભોગવે છે → એમ નથી. હું રાગને કરું છું એમ કહે, માને, તે અજ્ઞાની બની જાય છે.

૧૦૯૮.

જ્ઞાતાને કર્તા માને છે, એટલે સમકિત થતું નથી. પરિણામને કરતોય નથી ને જાણતોય નથી, આ મેં હેમરીંગ કર્યું. દરિયો ડહોળવાનો નથી, બહુ ટૂંકું છે. કર્તા છું કે અકર્તા? પરનો જ્ઞાતા છું કે સ્વનો? આ વાતનો બરોબર નિર્ણય કરવાનો છે.

૧૦૯૯.

પરિણામને પરદ્રવ્ય કહ્યાં હોય, એવી ગાથા ઓછી છે. પરિણામ મારા નથી, તો પરદ્રવ્ય મારા ક્યાંથી થાય? અહીંથી એટલે મૂળમાંથી ઉપાડ કર્યો છે.

૧૧૦૦.

સ્વભાવથી જ જ્ઞાન, સ્વને જાણે છે. નિશ્ચયથી સ્વને જાણે છે તેમ લેતા, વ્યવહારથી પરને જાણે છે એવા પ્રમાણમાં આવી ગયો; તો નિર્ણય ન થયો.

૧૧૦૧.

મલિનતાના સદ્‌ભાવમાં પણ પાણી બેહદ શુદ્ધ છે. સ્વજાતિના પરિણામ ત્રિકાળી પાણીની અંદર ઘૂસી શકતા નથી, તો વિજાતિના પરિણામ તો ક્યાંથી પ્રવેશે?

૧૧૦૨.

જે સ્વભાવથી શુદ્ધ છે, તે નિશ્ચયનયથી શુદ્ધ છે...એમ નથી. કેમકે સ્વભાવ પરમ નિરપેક્ષ છે. નિશ્ચયનય સાપેક્ષ છે. સાપેક્ષમાં વિકલ્પ ઉઠશે. તેથી નયના વિકલ્પને વળગવા જેવું નથી.

૧૧૦૩.

પ્રત્યેક જીવે, પહેલાં નિર્ણય કરવો જોઈએ કે-હું જ્ઞાન સ્વભાવી આત્મા છું. તેમાં તે રાગથી જુદો પડી ગયો. પછી જ્ઞાન વડે આત્માને જાણવો.

૧૧૦૪.

પરિણામમાં શું થાય છે? તે જુઓ જ નહીં. 'હું કોણ છું' તેને દેખો! તેને જાણે તો પર્યાય સ્વયં સૂલટી જશે.

૧૧૦૫.

મિથ્યાત્વ છે તે, દ્રવ્ય સુધી, શુદ્ધોપયોગ સુધી કે સામાન્ય ઉપયોગ સુધી પહોંચતું જ નથી.

૧૧૦૬.

પર્યાયનું ગ્રહણ કે ત્યાગ પર્યાય કરે છે, દ્રવ્ય નહીં, તે ખ્યાલ રાખવો. તે વાત મર્મની છે. ભગવાન આત્માને આરોપ ન ધો. આત્માને તો સુરક્ષિત રાખો.

૧૧૦૭.

જે તારામાં નથી તેની ચિંતા ન કર! પરિણામ અનિત્ય સ્વભાવે છે, તેથી તેની ચિંતા ન કર! કેમકે પરિણામને વારંવાર જોવાથી, મિથ્યાત્વ દૃઢ થઈ જાય છે. પરિણામને ગૌણ કરી, ચિંતા છોડી, જ્ઞેય બનાવવાનું છોડીને, હું તો કૃતકૃત્ય છું...તેમ લેતાં મિથ્યાત્વ ગળે છે, અને શુધ્ધાત્માનો અનુભવ કરતાં એ ટળી જાય છે.

૧૧૦૮.

આસ્રવ તે અજ્ઞાનીની ભૂમિકાના પરિણામ છે, સાધકની ભૂમિકામાં આસ્રવ નથી. આ દ્રવ્યદ્રષ્ટિની મુખ્યતાથી વાત છે.

૧૧૦૯.

આત્માને 'કર્તા' જુએ છે, તેને પર્યાય કર્મપણે દેખાય. અકર્તાને કર્મ ન હોય. એ મારું જ્ઞેય પણ નથી. કારણ કે → ભેદને જાણતાં, અભેદ જાણવામાં આવતો નથી. અભેદને જાણતાં ભેદ જણાતા નથી, માટે તે જ્ઞેય પણ નથી.

૧૧૧૦.

આત્મા એવો છે કે જેનું લક્ષ કરે તો એ જણાય.
પરદ્રવ્ય એવા છે કે જેનું લક્ષ ન કરે તો પણ જણાય.

૧૧૧૧.

નિર્જરાને જાણે છે એનું નામ જ્ઞાતા નથી. એ તો વ્યવહારે કહ્યું. જાણે છે જાણનારને, અને કહેવું કે નિર્જરાને જાણે છે; એટલે કે એમ છે નહીં.

૧૧૧૨.

ભોગવાતો આનંદ જણાય, પણ હું એને ભોગવું છું એમ નથી. અરે! એનું લક્ષ કરીને એને જાણતો પણ નથી. આનંદની સામે જોતો નથી, તો પછી એને ભોગવે છે, એ વાત ક્યાં રહી?

૧૧૧૩.

"સર્વ વિશુધ્ધ = પૂર્ણ શુધ્ધ, નિત્ય શુધ્ધ, અત્યંત શુધ્ધ, શુધ્ધ અને શુધ્ધ." પરનો ને પરિણામનો અકર્તા એકલો શુધ્ધતાનો જ પિંડ છે. જે સર્વ રીતે અને સર્વાંગથી શુધ્ધ જ છે. એકલું શુધ્ધ ન કહેતાં સર્વ વિશુધ્ધ કહ્યું.

૧૧૧૪.

જેણે 'આત્મા સાંભળ્યો' તેણે શું સાંભળવાનું બાકી રહ્યું? જેણે એક આત્મા જાણ્યો' તેને શું જાણવાનું બાકી રહ્યું? સમસ્ત ભૂમિકામાં રહેલા સાધકને એક આત્મા જ ઉપાસવા યોગ્ય છે. પ્રયોજન વિનાના આત્માને જાણતાં, પ્રયોજનની સિદ્ધિ થાય છે.

૧૧૧૫.

અજ્ઞાની કહે → અમે ઘણું ઘણું સાંભળ્યું છે. જ્ઞાની કહે પોતાને સાંભળવાવાળો માનવો તે જ ભ્રમણા છે. આત્માર્થી જીવને એમ થાય કે-ઘણું સાંભળ્યું; હવે તો પ્રયોગનો કાળ આવ્યો છે. તેને સાંભળવાનો રસ મંદ પડી જાય છે.

૧૧૧૬.

આત્માર્થી સાવધાન હોય છે, શેમાં? ભેદજ્ઞાનમાં.

૧૧૧૭.

ઉપાદેય તત્ત્વમાં 'કથંચિત્' લગાવે છે એ અપાત્રતાની પરાકાષ્ઠા છે. સર્વને, સર્વત્ર, સર્વદા, સર્વથા, એક શુદ્ધાત્મા જ પરમ ઉપાદેય છે.

૧૧૧૮.

પરને નિમિત્ત બનાવીશ તો રાગ થશે. પરને જ્ઞેય બનાવીશ તો ઈન્દ્રિયજ્ઞાન થશે.

૧૧૧૯.

આત્મા, નિશ્ચયથી મુક્ત અને વ્યવહારે બંધાયેલો; એનાથી જુદા પ્રકારના આત્માની વાત ચાલે છે → આ આત્મા સ્વભાવથી જ મુક્ત છે.

૧૧૨૦.

ધર્મીના અંતરની ખુમારી તો જુઓ. 'આ જગતમાં હું એક જ છું.' જાણનાર જ મને જણાય છે.

૧૧૨૧.

હું જ્ઞાતા અને લોકાલોક જ્ઞેય → એવું કહ્યું કોણે? આ વિપરીતતા કોણે ચલાવી? બે જ્ઞેય શા માટે કહ્યાં? ભેદજ્ઞાન માટે. એક ને જાણે, બીજાને જાણવાનું બંધ કરે.

૧૧૨૨.

પર જ્ઞેય → એ તો ભ્રાંતિ છે. અંદરનો ભેદ તે વ્યવહાર છે. આ રીતે જ્ઞેયમાં અનંતકાળથી ભૂલ્યો છે, માટે આત્મજ્ઞાન ઉદિત થતું નથી. પર જ્ઞેય અને હું જ્ઞાયક એ સંબંધ હોવો તો દૂર રહો! ત્રણ (જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય) આ ત્રણ ભેદરૂપ પણ હું નહીં.

૧૧૨૩.

આ સૂત્ર છે. સ્વપરપ્રકાશક પણ સ્વપ્રકાશક જ છે. લક્ષ તો સ્વ ઉપર જ છે. અથવા જ્ઞાન પર્યાય જ જણાય છે.

૧૧૨૪.

આ મંત્ર છે → પ્રથમ તો પોતાની પર્યાયમાં જ્ઞાન જ થાય છે, અને તે જ્ઞાન જ્ઞાયકનું જ હોય છે. આત્માનું જ્ઞાન હોવાથી તેને આત્માનું જ્ઞાન થઈ રહ્યું છે. પરનો પ્રતિભાસ થાય છે...પણ જાણવામાં આવતું નથી. આ મંત્રનું રહસ્ય ઓળખી લે તેને આત્મજ્ઞાન થઈ જાય છે.

૧૧૨૫.

ચાર ભાવથી રહિત આત્મા → એ સાપેક્ષથી કહ્યું. અનાદિ અનંત આત્મા → એ નિરપેક્ષથી કહ્યું.

૧૧૨૬.

પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં; પોતે જ જ્ઞાતા, પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય છે. એમ અનુભવાય છે. આમાં આખું રહસ્ય ભરી દીધું છે. ધ્યેયને 'હું પણે' અનુભવનાર જ્ઞેયને 'હું પણા' વગર અનુભવે છે. હું જ્ઞાતા અને રાગ જ્ઞેય → એવું તો છે જ નહીં. હું જ્ઞાતા, હું જ્ઞેય, એવું છે, છતાં નથી; એમાં અનુભવ થાય છે.

૧૧૨૭.

પોતાને સંસારી માનીને, સંસારથી રહિત થવાના અનંત ઉપાય કરો, સફળ નહીં થાઓ. તો ઉપાય શું છે? હું તો સંસારથી રહિત છું. જે સંસારથી ઉદાસ છે, તેનો સંસાર ઉદાસ છે.

૧૧૨૮.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાતું નથી → આ મર્મની, અતિ મર્મની વાત છે. જ્ઞાનની પર્યાયના ભેદને જાણતો નથી, 'હું જાણનાર છું' એમ જણાય છે.

૧૧૨૯.

સર્વ દુઃખોનું મૂળ → જ્ઞેય જ્ઞાયક સંબંધની અણસમજણ. જ્યાં સુધી પર સાથે કોઈપણ પ્રકારે, કોઈપણ સંબંધ ભાસે, ત્યાં સુધી તે જિનવાણીનું રહસ્ય પામ્યો જ નથી અને પામશે જ નહીં.

૧૧૩૦.

જેને કારણ મળે તેને કાર્ય સિધ્ધ થાય જ. રુચિ એક આત્માની રાખવી. મોક્ષની સાથે તો સંયોગ સંબંધ છે.

૧૧૩૧.

પર, ભિન્નપણે તો જાણવામાં આવે છે ને? ભિન્નનું જાણવું જ થતું નથી, એમ લઈ લે ને! જે જાણવામાં આવે છે તે વસ્તુ છે. જે જાણવામાં જ નથી આવતું તે અવસ્તુ છે, જા!

૧૧૩૨.

દ્રષ્ટિ → દર્પણ ઉપર અને જ્ઞાન → દર્પણની પર્યાયનું જ. જેમ દ્રષ્ટિ ફરતી નથી, તેમ જ્ઞાન પણ ફરતું નથી.

૧૧૩૩.

વ્રતાદિનો અભ્યાસ એ તો મિથ્યાત્વનો અભ્યાસ છે. જૈનદર્શનમાં કંઈ જ કરવાનું નથી, માત્ર ભેદજ્ઞાન જ કરવાનું છે.

૧૧૩૪.

જ્ઞાતાનો પક્ષ ઊંડાણથી આવી જાય તો થોડા જ કાળમાં અંતર્મુખ થઈ જાય છે.

૧૧૩૫.

૨૭૧ શ્લોકનો ટૂંકો સાર → તારા આત્માને જાણવાનું છોડીને, તું પરને જાણવામાં અટકી ગયો. સર્વજ્ઞ ભગવાન કહે છે → લોકાલોક જાણવામાં આવે એવી તારી પર્યાય નથી. તારી જ્ઞાન પર્યાયને તું જાણ એવું તારું સ્વરૂપ છે.

૧૧૩૬.

ધ્યેય તો સ્વપ્રકાશક જ છે, પરંતુ જ્ઞેય પણ સ્વપ્રકાશક જ છે. કેમકે પોતાને જાણતાં પોતે જ જણાય છે, કેમકે જ્ઞાનધર્મ, જ્ઞેયધર્મ મારામાં જ છે. તેથી બીજા સાથે મારે જાણવાપણાનોય સંબંધ નથી. કર્તા, કર્મ આદિ કારકોથી રહિત. રાગના કારકથી તો રહિત છે જ, પણ આત્મા કર્તા, જ્ઞાન કર્મ, એવા ભેદકારકથી પણ રહિત છે.

૧૧૩૭.

શરીરથી સર્વથા ભિન્ન છે માટે તેને જોવાનું સર્વથા બંધ કરો; તો શરીરથી સર્વથા જુદો આત્મા તમને સર્વથા જોવામાં આવશે. સર્વથા જુદું છે તેથી તેને જોવાનું સર્વથા બંધ થાય છે. માર્મિક વાત છે.

૧૧૩૮.

ભેદજ્ઞાનના મંત્રનો વિચાર કરતો હોય, તેને જ સાવધાન મરણ થાય, બીજાને નહીં.

૧૧૩૯.

પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞાતા, પોતે જ જ્ઞેય આ ચમત્કાર છે. આનાથી બહાર જવાની સખત મનાઈ છે. એ ચમત્કાર પ્રગટે ક્યારે? પોતાના દ્રવ્ય ઉપર દ્રષ્ટિ આપતાં જ આ ચમત્કાર પ્રગટે.

૧૧૪૦.

જો રાગ જ્ઞેય હોય તો આત્મા જડ થઈ જાય. લોકમાં પાંચ દ્રવ્ય થઈ જાય, છ દ્રવ્ય રહે જ નહીં. રાગને ન કરે અને ન જાણે → તેમાં જ્ઞાયક પણ રહે છે, અને જ્ઞાયકનો અનુભવ પણ રહે છે.

૧૧૪૧.

અમૃત સમુદ્ર → બધું અભેદ એક છે. બધું એક આત્મા જ છે. આનું વાચ્ય અનુભવ ગમ્ય છે. આ વચનની પરાકાષ્ઠા છે. આના પછી વાણી હોતી નથી.

૧૧૪૨.

એક જ્ઞેયત્વ ધર્મ બહારમાં સ્થાપ્યો; તો પોતાનું જ્ઞેયત્વ ઉડાડ્યું; તો આખો ધર્મી ઉડાડી દીધો. આ પર્યુષણ પર્વમાં, મારું જ્ઞેયત્વ આત્મામાં જ છે એમ સ્થાપી દે! ભગવાન આત્માના દર્શનમાત્રથી, અનંતકાળના પાપનો નાશ થઈ જાય છે.

૧૧૪૩.

જે પ્રમેય લાગશે, તેમાં જ પોતાનું અસ્તિત્વ ભાસશે. જ્ઞાનમાં જ્ઞેયત્વ છે એ વાત કોઈ જાણતું જ નથી. મારું જ્ઞાન મને નિરંતર જાણી જ રહ્યું છે → આ વાત સાંભળીને ઘણી અપૂર્વતા લાગી હતી.

૧૧૪૪.

કોઈ જાણતું જ નથી કે 'ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી'. એમાં કોઈ પ્રયોજનની સિધ્ધ જ થતી નથી. ઇન્દ્રિયજ્ઞાન અને મોહ અવિનાભાવી છે. ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી. એટલે કે અજ્ઞાન છે. તેનું અજ્ઞાન નામ સાર્થક છે. જો તેને સ્વજ્ઞેય માનશે તો અજ્ઞાન ઉત્પન્ન થશે.

૧૧૪૫.

સ્વદ્રવ્ય, પરદ્રવ્યની સંક્ષિપ્ત સારરૂપ વ્યાખ્યા. જેના લક્ષે આનંદનો અનુભવ થાય તે સ્વદ્રવ્ય અને જેનાં લક્ષે આનંદનો અનુભવ ન થાય પરંતુ વિકલ્પ થાય તે પરદ્રવ્ય. આનંદ ઉપર લક્ષ જતાં → આનંદની ઓટ. આનંદમૂર્તિ ઉપર લક્ષ જતાં → આનંદની ભરતી. તેથી અનુભવથી સિધ્ધ થયું કે → પર્યાયમાત્ર પરદ્રવ્ય છે.

૧૧૪૬.

દ્રવ્ય બિલકુલ અપરિણામી → પરમ સત્ય. દ્રવ્ય જ પરિણમે છે → કથંચિત્ સત્ય. બન્ને વાત એક સમયમાં 'હા' → પરમ સત્ય. પછી કથંચિત્ સત્ય, પરમ સત્ય- એવું કાંઈ નહીં.

૧૧૪૭.

જેમ ગુણ ભેદ વિના આત્મા સમજાવી શકાતો નથી; તેનાથી અનંતગણું જરૂરી છે ગુણભેદનો નિષેધ, તે વિના અભેદની દ્રષ્ટિ થઇ શકતી નથી. બહારની વાત છોડો! આત્મામાં જે ગુણ છે, તેનું લક્ષ કરે તો પણ ધર્મ થતો નથી.

૧૧૪૮.

આ વૃક્ષ દેખાય છે, એ ભ્રાંતિ કેમ છે? જ્ઞાનમાં તો એ છે નહીં. ઉંઘમાં એમ ભાસ્યું કે ઘર સળગ્યું... તેમ પર જણાય છે તે આભાસ માત્ર છે.

૧૧૪૯.

ઈન્દ્રિયજ્ઞાનને આચાર્ય ભગવાન દેશ નિકાલની સજા ફરમાવે છે. એ ઘરનો ચોર છે. ઈન્દ્રિયજ્ઞાનથી બહુ છેતરાય છે. ઈન્દ્રિયજ્ઞાન અજ્ઞાન છે, જ્ઞાન જ નથી.

૧૧૫૦.

એકલા ધ્યેયમાં જૈનદર્શન પ્રગટ થતું નથી, એ તો એકાન્ત છે. જ્યારે અનુભવથી સમ્યક્ અનેકાન્ત પ્રગટે ત્યારે તે સમ્યક્ એકાન્ત નામ પામ્યું.

૧૧૫૧.

પરની સામે જોવાથી પર સાથે મારે કાંઈ સંબંધ નથી, એમ નહીં દેખાય. પરને જાણવાનું બંધ કરવાથી, પરથી ભિન્ન આત્મા જાણવામાં આવશે.

૧૧૫૨.

આત્મા અકર્તા છે → જૈનદર્શનની પરાકાષ્ઠા. તે જ જાણવામાં આવી રહ્યો છે → તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. (વિધિ સંબંધી) સરળતાની પરાકાષ્ઠા ૧૭-૧૮ ગાથા સમયસારમાં બતાવી છે.

૧૧૫૩.

**પ્રશ્ન :** પર્યાય અપેક્ષાથી તો કંઈક કરવું છે ને!
**ઉત્તર :** પર્યાયમાં પણ તને એમ ભાસવું જોઈએ કે → મારે કાંઈ કરવું નથી. તમારાં જ્ઞાન, શ્રધ્ધાન માંથી સાવ કાઢી નાખો કે 'મારે કાંઈક કરવું છે'!

૧૧૫૪.

પરિણામ માત્રથી રહિત આત્મા જેને દ્રષ્ટિમાં આવે તે સર્વજ્ઞનો અનુયાયી છે.

૧૧૫૫.

**પ્રશ્ન :** કામ કેમ થતું નથી?
**ઉત્તર :** પર્યાયની રાહ કેમ દેખો છો? પર્યાય મારા ભરોસે છે. હું તેના ભરોસે નથી.

૧૧૫૬.

દુઃખનું જણાવું તો જ્ઞાનને જાહેર કરે છે. આત્મા દુઃખી થઈ ગયો કે જ્ઞાન દુઃખને જાણે છે; એમ જાહેર કરતું જ નથી. પર સંબંધીનું જ્ઞાન કહેવાય પરંતુ એ પર સંબંધીનું જ્ઞાન ક્યાં છે? એ તો આત્મા સંબંધીનું જ જ્ઞાન છે.

૧૧૫૭.

સ્વચ્છતાને નથી સમજતો તેને ઝલક દેખાય છે એમ સમજાવવામાં આવે છે. પદાર્થની ઝલક = દર્પણની અવસ્થા.

૧૧૫૮.

**પ્રશ્ન :** તમો પરજ્ઞેયને ઉડાડો છો?
**ઉત્તર :** અમે તો જ્યાં છે ત્યાં, જેમ છે તેમ; સ્થાપીએ છીએ. ઉલટો તું ઉડાડે છે; અને આળ અમને આપે છે!?

૧૧૫૯.

જેણે દર્પણને જાણ્યો તે જ જાણી શકે છે કે પ્રતિબિંબ દર્પણની જ અવસ્થા છે. જેણે પર જ્ઞેયને, જ્ઞેયના પ્રતિભાસને જાણવાનું બંધ કર્યું તે એમ જાણી શકે કે આ જ્ઞાનની જ અવસ્થા છે.

૧૧૬૦.

છ દ્રવ્ય જ્ઞેય છે. પણ તારું જ્ઞેય થોડું જ છે? જ્ઞેયને જ્ઞાન સાપેક્ષ જુએ છે, જ્ઞાનને જ્ઞેય સાપેક્ષ જુએ છે → આ બહુ મોટી ભ્રાંતિ છે.

૧૧૬૧.

ભાવ મન આત્માની હદ લેવા જાય છે તો એનામાં આત્મા સમાતો નથી, કેમકે આત્મા તો જ્ઞાનમાં આવી જાય છે.

૧૧૬૨.

શીલવાન સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાયક સિવાય બીજું કોઈ જ્ઞેય ભાસતું નથી. શીલવાન જ્ઞાન → આ મારું જ્ઞેય નથી, તો તેને જાણવાનું બંધ કરી દ્યે છે. તેના પરથી લક્ષ હટાવી લે! જેમ સતી સ્ત્રીનો પતિ એક જ છે, તેમ જ્ઞાનનું જ્ઞેય પણ એક જ છે.

૧૧૬૩.

સામાન્ય છું અને સામાન્યને જ જાણું છું → તે રાગ છે. વિશેષ નથી અને વિશેષને જાણતો ય નથી → તે દ્વેષ છે. વિધિ-નિષેધથી નિર્ણય થાય છે, અનુભવ નહીં. આ માર્ગ રાગ-દ્વેષનો નથી.

૧૧૬૪.

એકને જાણો, બીજાને જાણવું બંધ કરો; ત્યારે તો બે જ્ઞેયની સિદ્ધિ થશે. પછી જ્ઞાયક જ જ્ઞેય છે → તેમાં સાધ્યની સિદ્ધિ થશે.

૧૧૬૫.

સચોટ તર્ક → 'સહિત નહીં માનો તો રહિતનો ઉપાય કેવી રીતે કરશો?' સહિત તો અનાદિથી માની જ રહ્યો છે, તો પછી આજ દિવસ સુધી ઉપાય તો થયો જ નહીં.

૧૧૬૬.

જ્ઞેયાકાર જ્ઞાન, જ્ઞેયની પર્યાય નથી; જ્ઞાનની પર્યાય છે. માટે તે જ્ઞેયાકાર નથી પણ જ્ઞાનાકાર જ છે. તેથી જ્ઞેયને કે જ્ઞેયાકાર જ્ઞાનને જાણતો નથી, તે તો જ્ઞાનાકારને જ જાણે છે... જ્ઞાન જ્ઞેયાકાર છે જ નહીં. જ્ઞેયોના પ્રતિભાસને ગૌણ કરી તેનું લક્ષ છોડી દે!

૧૧૬૭.

કરતો નથી, એનો નિષેધ કરવા (પરને) જાણે છે-એમ હળવેથી કહ્યું, તો પરને જાણવામાં ચોંટી ગયો. ધીમા અવાજે કહીએ છીએ. જો તાણીને કહેશું તો તેને ગ્રહણ કરી લેશે કે

ભેદનો જાણનાર તો છે ને?! જ્ઞાનીની ભાષા ભેદથી કહેવાની હો! પરંતુ ભાવ તો અભેદના જ પ્રવર્તતા હોય છે.

૧૧૬૮.

(પર) જ્ઞેયને આત્મા તરીકે માને તો તે કર્મ બની જાય. જ્ઞેયને જ્ઞેય તરીકે માને તો (પોતે) જ્ઞાયક બની જાય છે. રાગ કર્મ → આત્મા કર્તા દેખાશે. રાગ જ્ઞેય → આત્મા જ્ઞાયક દેખાશે.

૧૧૬૯.

**પ્રશ્ન :** દ્રવ્ય-પર્યાયના કટકા કેમ કરો છો?
**ઉત્તર :** હેય, ઉપાદેય કરવા માટે.
**પ્રશ્ન :** ધ્રુવ ઉપાદેય તત્ત્વ કાઢવા માટે "ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તમ્" તે સૂત્રમાંથી સત્ ને તોડવું જરૂરી છે?
**ઉત્તર :** હા, બહુ જરૂરી છે. નિર્દયરૂપથી તોડવું.

૧૧૭૦.

કંઈ કરવાથી, કંઈ જાણવાથી શુધ્ધ પર્યાય નહીં થાય. જાણનાર જાણવાથી શુધ્ધ પર્યાય, એ કર્યા વિના જ થશે. તારું કામ કંઈ નથી. તારું કામ તને જાણવાનું છે, એ કરી લે ને!

૧૧૭૧.

શુભાશુભભાવમાં ભાગલા પાડ્યા શું? અને શુભ ઉપાદેય થયું શું!! શુભભાવ કરવો તે પ્રાથમિક ભૂમિકા છે? કે નિગોદનો પંથ છે તે ઊંડાણમાંથી વિચારવું!

૧૧૭૨.

જાણે છે કરતો નથી → ભેદજ્ઞાન થયું. જાણે પણ અને કરે પણ → એકત્વ થયું. પરિણામને કરે એ વ્યવહાર પણ ક્યાં છે? પરિણામને જાણે તે વ્યવહાર છે. આહાહાહાહા! સ્વભાવ હંમેશા 'સર્વથા' હોય. દેખે, અને કરે પણ; એમ ન હોય.

૧૧૭૩.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવનું જ્ઞાન કરવાથી સમકિત થતું નથી. પરંતુ સમકિતનાં કાળમાં ઉત્પાદ, વ્યય, ધવનું જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન :** તીવ્ર મોહમાં આત્મા યાદ આવતો ય નથી!?
**ઉત્તર :** આત્માને યાદ કરે તેને તીવ્ર મોહ રહેતો જ નથી!

૧૧૭૪.

ધ્યેય પૂર્વક જ્ઞેય થાય જ છે. એકલા ધ્યેયથી કામ નહીં થાય. એકલા જ્ઞેયથી પણ કામ નહીં થાય. દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય એક સાથે આવે ત્યારે અનુભવ થાય છે. ક્રમ પડે તો પક્ષ થાય છે.

૧૧૭૫.

જ્ઞાની તો ઘણું કહી ગયા, પણ તેને ભેદજ્ઞાન કરતા આવડતું નથી. કથન બે પ્રકારના આવશે, પરંતુ તેમાંથી નિશ્ચય કાઢવો તે પોતાનું કામ છે. 'કેવળ' અને 'જ' શબ્દો વડે, સમ્યક્ એકાન્ત કર્યું.

૧૧૭૬.

અજ્ઞાનીને જ્ઞાન કેમ નૈમિત્તિક લાગે છે? કારણ કે તેનું લક્ષ નિમિત્ત ઉપર છે માટે.

૧૧૭૭.

લક્ષ જ્ઞાયક ઉપર છે, તેથી કહેવાય છે કે → જ્ઞાન આત્માથી થાય છે; પણ તેમ ક્યારેય નહીં માનવુ. જ્ઞાન સ્વયંકૃત છે. સત્ અને અહેતુક છે. 'સ્વયં' પર વજન છે. જ્ઞાન પરકૃત નથી તે તો ઠીક છે, પણ જ્ઞાન જ્ઞાયકકૃત પણ નથી. પહેલાં પરમ સત્ય સમજી લે!

૧૧૭૮.

(સ્વાનુભવના કાળે) પર્યાય હોવા છતાં પર્યાય નથી રહેતી. અભેદ હોવા છતાં, અભેદ હોતી નથી. આ રહસ્ય છે. 'અચલં જ્ઞાનં' જ્ઞાન પર્યાય હલનચલનવાળી નથી. ચંચળતા રહિત નિસ્તરંગ સ્થિર થઇ ગઇ. આત્મા જ થઇ ગઇ. આત્મા માં ગુડપ થઇ ગઇ.

૧૧૭૯.

પરજ્ઞેય કહે છે મારું લક્ષ કર → એવું જિનવાણીમાં લખ્યું જ નથી. મારું લક્ષ છોડી દે! એવું લખ્યું છે. તને વાંચતા આવડતું નથી.

૧૧૮૦.

'હી' શબ્દ મિથ્યા એકાંતનું દ્યોતક બિલકુલ નથી. સમ્યક્ એકાન્તથી ડરીશ તો અનેકાન્ત કેવી રીતે પ્રગટશે? શાસ્ત્રમાં 'અત્યંત ભિન્ન' 'અસમર્થ' – બે શબ્દો ઘણાં જ અગત્યના છે.

૧૧૮૧.

**પ્રશ્ન :** પરને જાણું છું તે ગૌણ કરવું? **ઉત્તર :** નહીં તેનો નિષેધ કરવો.

૧૧૮૨.

વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે, એ વાત જ્ઞેયની છે; ધ્યેયની વાત નથી, તું મોટી ભૂલમાં ઉભો છે.

૧૧૮૩.

મૂળ ભાવ → અકર્તાથી શરૂઆત થાય અને અકર્તામાં જ પૂર્ણતા થાય. કર્તાથી શરૂઆત ક્યારેય થતી નથી. એને હોંશ આવી જાય કે પાપ વખતે મારો આત્મા તેનો કર્તા નહોતો, એમ શ્રી ગુરુ કહે છે.

૧૧૮૪.

પરનો તો જ્ઞાતા નહીં પરંતુ સ્વપરનો જ્ઞાતા છું → એ ઘણી સૂક્ષ્મ ભૂલ છે. સ્વપર જણાય છે → એ પ્રમાણના પક્ષવાળાને અનુભવ થતો નથી. જ્ઞાનની પર્યાય જણાય છે, જ્ઞાયક જણાય છે; એમ નિશ્ચયમાં આવતાં અનુભવ થાય છે.

૧૧૮૫.

સ્વ-પર બન્નેનું જાણવું તેવો સ્વપરપ્રકાશકનો અર્થ જ નથી. પરંતુ સ્વ-પર જેમાં પ્રતિભાસે છે, તેવી જ્ઞાનની પર્યાય જણાય છે. સ્વપરપ્રકાશકનો અર્થ તો આમ છે.

૧૧૮૬.

ધ્યેયમાં બેસતાં ધ્યાન થઈ જતું હતું. એના લક્ષ વગર જણાય જાય છે. ધ્યાનને જાણતાં નહોતા. કર્તાબુધ્ધિવાળાને કરવાની વાત ગમે. તેને કદી ધ્યાન પ્રગટ થશે નહીં. ધ્યાનના

બહાના નીચે પણ તેને પર્યાયમાં બેસવું છે. મારે ધ્યાન કરવું છે. તો તને તેં પરમાત્મા તરીકે સ્વીકાર્યો જ નથી.

૧૧૮૭.

હે ભગવાન! હવે તો પ્રસન્ન થઈજા! □□□□□□–□□□□□□...તારે કાંઈ કરવાનું રહ્યું નહીં અને તારે કાંઈ જાણવાનું પણ રહ્યું નહીં. આત્માનું જ્ઞાન થઈ રહ્યું છે, આત્મા જણાય રહ્યો છે; એમ જોઈ લે! તને એમ જ જણાશે.

૧૧૮૮.

મારું જ્ઞાન મને જાણવાનું છોડીને પરને જાણવા જાય તો આત્મા જ્ઞાન વિનાનો થાય, જ્ઞાન આત્મા વિનાનું થાય, તો બન્ને જડ થઈ જાય.

૧૧૮૯.

જ્ઞાન સ્વપ્રકાશક છે આમાં અધૂરાશ નથી; પૂરી વાત છે. સ્વભાવ પૂર્ણ જ હોય, સહજ જ હોય. સ્વપ્રકાશક સ્વભાવ છે અને તેનો કદી અભાવ થતો નથી.

૧૧૯૦.

**પ્રશ્ન :** મુખ્યતા તો ધ્યેયની જ હોય ને?
**ઉત્તર :** મુખ્યતા, ગૌણતા ઈ...વળી શું? જેમ છે તેમ બધું જણાય છે. અનુભવગમ્ય વાત વચનથી કહી. 'ધ્યેયની મુખ્યતા' એમાં ધ્યેયના રાગને પુષ્ટ કરતો હતો. જેમ છે તેમ જણાય છે. ધ્યેયનો રાગ છૂટી અને ધ્યેયનું ધ્યાન થયું; જ્ઞેયનો દ્વેષ છૂટી, જ્ઞેયનું જ્ઞાન થયું.

૧૧૯૧.

અજ્ઞાન તો અજ્ઞાન લાગે છે, પણ વ્યવહાર સાચો લાગે છે એ મહા મોટું અજ્ઞાન છે.

૧૧૯૨.

નિર્વિકલ્પ ધ્યાનમાં શરીર તો શું? પરિણામ ભેદ દેખાતો નથી. અભેદને જાણે છે અને અભેદ (પરિણામી) જણાય છે. '□□□□ □ □□□□□□□□□' હું અનુભવું છું તેવો પણ વિકલ્પ હોતો નથી. 'હું તો દ્રવ્ય છું' એકાંતે એમ જ ભાવના હોય.

૧૧૯૩.

દ્રવ્ય, ગુણ, પર્યાયનું અભેદપણું થાય ત્યારે મોહનો નાશ થાય. તેમાં દ્રષ્ટિ તો ત્રિકાળી પર જ હોય છે.

૧૧૯૪.

પ્રમાણથી જુઓ તો નિશ્ચયનય સાપેક્ષ છે. નિશ્ચયનયથી આ નિશ્ચયનય નિરપેક્ષ છે. આગળનું સ્ટેજ → નિશ્ચયનય અને વ્યવહારનય પરસ્પર સાપેક્ષ છે એમ નહીં. વ્યવહારનો નિષેધ એ જ નિશ્ચયની સાપેક્ષતા થઈ.

૧૧૯૫.

મૂળ મુદ્દાની આ વાત છે. નિશ્ચયનય એવી વસ્તુ છે કે જેમાં તમને પર્યાય છે કે નહીં, યાદ ન આવવું જોઈએ. જે આત્મામાં નથી તેને તમે 'નથી, નથી' એમ શા માટે યાદ કરો છો? તમે પર્યાયને યાદ કરો, તો દ્રવ્ય ગયું હાથમાંથી, તમારે દ્રવ્યને જોવું હોય તો પર્યાયની આંખ સર્વથા બંધ કરી દો!

૧૧૯૬.

'નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે' → તેમાં ભેદને ઓળંગીને અભેદમાં જવું એમ નહીં. જ્ઞાન તે આત્મા તેવો ભેદ આવતો જ નથી, સીધો અભેદ જ આવે છે. વ્યવહારથી સમજાવે છે કે 'જ્ઞાન તે આત્મા', તો વ્યવહારમાં જ જીવો અટકી જાય છે. જ્યારે અહીંયા તો અટકવાનો કોઈ ચાન્સ જ નથી.

૧૧૯૭.

નિશ્ચય વ્યવહારનો પ્રલય કરે છે. 'પ્રલય' કરે છે, ગૌણ કરવું એમ ન કહ્યું. આત્મામાં સ્યાદ્વાદ છે જ નહીં. સ્યાદ્વાદ આત્મામાં છે એમ જો તમે લ્યો તો તમે જ્ઞાનપ્રધાન વ્યવહારમાં આવી ગયા.

૧૧૯૮.

ઉત્પાદ-વ્યયથી રહિત છું એમ સવિકલ્પમાં આવે છે એ વ્યવહાર શ્રદ્ધા છે. ઉત્પાદ વ્યયથી સહિતની શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે જ નહીં. એ તો અજ્ઞાન છે. આત્મા, પર્યાયથી રહિત છે એ વાત તેણે રુચિપૂર્વક સાંભળી નથી. એટલે તેની વ્યવહાર શ્રદ્ધા ખોટી છે.

૧૧૯૯.

સમવસરણમાં આ વાત કહેવાય છે 'સામાન્યને અવલોકતો, વિશેષને નહીં અવલોકતો.' કથંચિત્ પર્યાય છે, કથંચિત્ નથી... એ યાદ આવતું નથી. ધારા જે ઉપડી તે સામાન્યને જ જુએ છે. ત્યારે જ્ઞાનનું પડખું યાદ જ આવતું નથી.

૧૨૦૦.

પહેલાં દ્રવ્યને જાણ, પછી પર્યાયને જાણ! આમ તો પછી પર્યાય જણાઈ જ જશે. તીર્થંકરદેવનું ફરમાન લઈને દૈવીદૂત અહીં પધાર્યા.

૧૨૦૧.

**કથંચિત્ ભિન્નથી શરૂઆત કરવી યથાર્થ નથી, પહેલાં સર્વથા ભિન્નથી ઉપાડ થાય. જ્યાં 'સર્વથા' ભિન્ન લીધું ત્યાં તો દ્રષ્ટિ દ્રવ્ય ઉપર આવી ગઈ.**

૧૨૦૨.

ક્ષણમાત્ર એટલો વખત પણ તને આત્માને જોવા માટે નથી મળતો? પ્રથમ આત્માને જો! પ્રથમ આત્માને જાણ! નહીંતર ભવ હારી જઈશ.

૧૨૦૩.

દિવ્ય ધ્વનિના લક્ષે માઠી ગતિ થશે. તેથી દિવ્યધ્વનિનું પણ લક્ષ છોડી દે! ઉપકારી ગુરુને જાણનારું જ્ઞાન, એ જ્ઞેય છે. એનાથી ભગવાન આત્માને જાણનારું જ્ઞાન જુદું છે. ઝીણી વાત છે.

૧૨૦૪.

ઝીણી વાત છે વ્યવહાર મોહરાજાનો સેનાપતિ છે. મોહ કહે છે ઈન્દ્રિયજ્ઞાનને તું જ્ઞાન કહેજે, જ્ઞેય કહેતો નહીં. આજે જાહેર થાઓ કે ઈન્દ્રિયજ્ઞાનનું નામ જ્ઞેય છે.

૧૨૦૫.

કોહીનૂરનો હીરો → જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ તેના અવલંબનના બળ વડે આ વિધિ બતાવી.

૧૨૦૬.

દ્રવ્ય સત્ છે, પર્યાય સત્ છે. આહાહા! શું પર્યાય મને પ્રસિધ્ધ કરે તો હું છું, એમ નથી. દિગમ્બર મુનિને જંગલમાં કેવી મસ્તી ચડી જતી હશે! ફૂલને કોઈ સુંઘે અથવા ન સુંઘે, એની સુગંધ તો પોતાથી છે.

૧૨૦૭.

જ્ઞાની કેવા હોય છે? જેમ આત્મા અકર્તા થાય છે, તેવા જ્ઞાની હોય છે.

૧૨૦૭.

સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિનું વિધાન સમ્યક્ એકાન્તમાં આવીને જ્ઞાન અનેકાન્ત પ્રત્યે મધ્યસ્થ થાય છે, એટલે અનંતાનુબંધી રાગ-દ્રેષનો નાશ થાય છે. આત્માનુભવ સમ્યક્ એકાન્ત પૂર્વક અનેકાન્તમાં જ થાય છે. જે ભાવ સમ્યક્ એકાન્તની પુષ્ટિ કરે તેનું નામ અસ્તિનાસ્તિ અનેકાન્ત.

૧૨૦૮.

અશુધ્ધ નિશ્ચયનયથી (એકદેશ કે સર્વદેશ શુધ્ધનયથી નહીં) બંધ, મોક્ષને કરે છે. શુધ્ધ નિશ્ચયનયથી તો બંધ, મોક્ષને કરતો જ નથી. કથંચિત્ કરે અને કથંચિત્ ન કરે એ પણ કાઢી નાખ્યું.

૧૨૦૯.

મારા જ્ઞાનમાં, જ્ઞાયક તન્મયપણે નિરંતર જણાય રહ્યો છે, માટે મારું નામ જ્ઞાતા છે ત્યાં તો સાક્ષાત જ્ઞાતા થઈ જાય છે.

૧૨૧૦.

જ્ઞાનને જ્ઞાયકનો આશ્રય છે; જ્ઞાયકને જાણે છે એમ નથી. જ્ઞાન નિર્વિષય છે- જ્ઞાન સત્ અહેતુક છે. આત્માનું અવલંબન લે ત્યારે જ્ઞાન થાય એ વ્યવહારથી છે. જ્ઞાન એની જન્મક્ષણે પ્રગટ થાય છે.

૧૨૧૧.

દુ:ખને સર્વથા ભિન્ન કહેશો તો અજ્ઞાન સિધ્ધ નહીં થાય! આ તેની આડોડાઈ છે. આત્માને ઉપચારથી અજ્ઞાનમય કહ્યો છે; અનુપચારે તો જ્ઞાનમય રહ્યો છે.

૧૨૧૨.

પરનો જ્ઞાતા એ વ્યવહાર તો છે ને! એમ ઘૂંટીશ તો પાછી જ્ઞાતાબુધ્ધિ થઈ જવાનો સંભવ છે. છ મહિના ઉપર, પરને જાણવામાં રોકાઈશ તો પાછો મિથ્યાદ્રષ્ટિ થઈ જઈશ.

૧૨૧૩.

આત્માથી વિમુખ થયેલાં પરિણામ તે જ્ઞાન છે જ નહીં, તે તો જ્ઞેય છે. (જ્ઞાન, આત્માથી વિમુખ થાય જ નહીં)

૧૨૧૪.

જ્ઞાનની ઉત્પત્તિ માટે કોઈના સંગની અપેક્ષા નથી; કેમકે આત્મા અસંગ સ્વભાવી નિસંગી સ્વભાવી છે.

૧૨૧૫.

ઈન્દ્રિયજ્ઞાન જડ અને અચેતન છે. કેમકે તેમાં આત્મા જણાતો નથી માટે અચેતન છે. ઈન્દ્રિયજ્ઞાનમાં જ્ઞાતાપણું ન હોય. કર્તાબુધ્ધિ હોય. ઘણી સૂક્ષ્મ વાત છે.

૧૨૧૬.

આત્માનું સ્વરૂપ તમે કહેશો પણ તેના લક્ષણ વિના, હું તેને જાણી નહીં શકું!

૧૨૧૭.

જ્ઞાનના ઉઘાડ તરફ જોઈશ તો આત્મામાં તેનો અભાવ છે તેમ નહીં દેખાય. સ્વભાવને જોઈશ તો મારામાં તેનો અભાવ છે તેમ દેખાશે.

૧૨૧૮.

ભિન્ન રસ, ભિન્ન સાધન વડે ન જણાય. અભિન્ન સાધન વડે અભિન્ન આત્માનું જ્ઞાન થાય તો રસનું (ભિન્નનું) જ્ઞાન મફતમાં થઈ જાય.

૧૨૧૯.

સામાન્ય અપેક્ષાએ જ્ઞાતા છે. વિશેષ અપેક્ષાએ જ્ઞાતા જ છે. સામાન્યથી વિરુદ્ધ વિશેષને માને તે સ્પષ્ટ, અત્યંત સ્પષ્ટ મિથ્યાદ્રષ્ટિ છે. જે એમ સ્વીકારે કે વિશેષ અપેક્ષાએ જ્ઞાતા જ છે તે સામાન્યમાં આવી જાય. કેમકે સામાન્ય વિશેષમાં ભેદ નથી. અહીં જ્ઞેયના પડખાંની વાત છે.

૧૨૨૦.

**પ્રશ્ન :** જ્ઞાયક અનુભવાય છે? તન્મય હોય તો અનુભવાય ને?
**ઉત્તર :** પરિણામી અને પરિણામ જુદા ન હોય.

૧૨૨૧.

અજ્ઞાની કહે → શુભ કરો. જ્ઞાની કહે → શુભને જોવાનું બંધ કરો. શુભને ધર્મનું કારણ માનનારો દિવાળુ કાઢશે.

૧૨૨૨.

વાણી નિમિત્તની પ્રધાનતાથી છે. જ્યારે જ્ઞાન ઉપાદાનની પ્રધાનતાથી થાય છે. ઉપાદાનની પ્રધાનતાથી જ્ઞાનનું જ્ઞાન થાય છે, રાગનું જ્ઞાન થતું નથી. રાગ એમાં નિમિત્ત પણ નથી. કામ થઈ જાય એવું છે.

૧૨૨૩.

'યોગ્યતા' આત્માનું કેવળ જ્ઞાતાપણું દર્શાવે છે. કર્તાબુદ્ધિ તો નહીં, પણ કથંચિત્ કર્તાને પણ નિષેધે છે.

૧૨૨૪.

નૈમિત્તિકને ગૌણ કરો તો જ્ઞાન...જ્ઞાન..જ્ઞાન જ છે. જ્ઞાનને નિરપેક્ષ જોઈ લ્યો તો જ્ઞાયક ઉપર ચાલ્યા જશો. વિવક્ષાનો અભાવ નહીં કરો ત્યાં સુધી 'ઉપયોગ લક્ષણ' ખ્યાલમાં નહીં આવે.

૧૨૨૫.

સમયસારજી શાસ્ત્રની ૩૧ ગાથા વિષયને જીતવાની છે. અને ૭૩ ગાથા કષાયને જીતવાની છે. કષાયને તો જીતી શકાય પરંતુ વિષયને જીતવો બહુ મુશ્કેલ છે.

૧૨૨૬.

પરિણામમાં રાગ થાય છે એ વાતને ભૂલી જા! રાગ પ્રગટ થાય છે એ ભૂલી જા! જ્ઞાનમાં દુઃખ જણાય છે એ પણ ભૂલી જા! જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એમ લે ને!

૧૨૨૭.

સ્વભાવમાં એટલે પર્યાયની યોગ્યતામાં બિલકુલ પરની સહાયતા ન હોય. પાણીને ઠંડુ કરવા ફ્રિજમાં મૂકવું ન પડે. જ્ઞાતાના પક્ષમાં આવેલો 'યોગ્યતા' પર વજન આપી શકે છે.

૧૨૨૮.

વસ્તુને સર્વથા નિત્યાનિત્ય માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. આત્મામાં પરિણામ થાય છે તેમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

૧૨૨૯.

પ્રમાણજ્ઞાન નિયમથી શુધ્ધનય સાપેક્ષ હોવું જોઈએ તો તે સમ્યક્ પ્રમાણજ્ઞાન છે, નહીંતર પ્રમાણાભાસ છે.

૧૨૩૦.

**પ્રશ્ન :** સમ્યગ્જ્ઞાન પરાશ્રિત છે કે સ્વાશ્રિત?
**ઉત્તર :** સ્વાશ્રિત છે તેમ કહેતાં વ્યવહાર થયો. પરિણામનો નિશ્ચય ન રહ્યો. મહાસિધ્ધાંત → 'સત્' પોતાથી જ હોય.

૧૨૩૧.

પરનું જેવું સ્વરૂપ છે તેવુ જાણવું તેનું નામ સમ્યગ્જ્ઞાન નથી. આત્માનું સ્વરૂપ જેવું છે તેવું જાણવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. દ્રવ્યલિંગી મુનિ આમાં ભૂલ્યો છે. અસાધારણ વાત છે. ભૂલ જેવી લાગે નહીં એવી આ ભૂલ છે. પરના યથાર્થ સ્વરૂપને જાણતાં સમ્યગ્જ્ઞાન થતું નથી. આત્માને જાણતાં સ્વ-પરનું યથાર્થ સ્વરૂપ સહજ જણાય છે. આ તો અત્યંત ગંભીર અને માર્મિક વાત છે.

૧૨૩૨.

સાતમી નરક કરતાં, નિગોદના પરિણામ તો ફટ કરી લ્યે કે → હું પરને જાણું છું.

૧૨૩૩.

બાજી તારા હાથમાં છે, હું પરિણામનો નિમિત્ત પણ નહીં, એમ ત્યાંથી ખસી જા! હું નિમિત્ત નહીં ત્યાં તો અજ્ઞાન ટળી જાય છે. પરનો જાણનાર પણ નહીં તો નિમિત્તકર્તા તો ક્યાંથી હોઉં?

૧૨૩૪.

નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી. નહીં તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે. એટલે કે નિત્ય અજ્ઞાન રહ્યા જ કરે.

૧૨૩૫.

સવિકલ્પમાં → રાગ નથી પણે જણાતો હતો,
નિર્વિકલ્પમાં → રાગ નથી પણે જણાતો નથી.

૧૨૩૬.

સ્વરૂપે સત્તા, પરરૂપે અસત્તા, એ બન્ને વડે એક સત્તાનો નિશ્ચય થાય છે. આ મહાસિદ્ધાંત છે. આ અસ્તિ નાસ્તિ અનેકાન્ત એવું છે કે સમ્યગ્દર્શન ન હોય તેને થઇ જાય, હોય તેને જાય નહીં, અને ચારિત્રને લાવે તેવું ભેદજ્ઞાન પરક આ અનેકાન્ત છે.

૧૨૩૭.

રાગને જીવપણે જાણે, તે જીવને જીવપણે ન જાણે. જીવને જીવપણે જાણ્યો ત્યારે રાગ અજીવ છે એમ રાગની સન્મુખ થયા વિના, રાગને જાણે છે.

૧૨૩૮.

આત્માને કર્તાપણે માન્યો, એ સાત વ્યસન કરતાં અનંતગણું મોટું પાપ છે. આ આત્મા ઉપરનો બળાત્કાર છે. આખા મિથ્યાત્વનું મૂળિયું કર્તાબુધ્ધિ છે.

૧૨૩૯.

વર્ણાદિનું વ્યવહારથી પણ જીવની સાથે તાદાત્મ્ય દેખાશે, તો નિશ્ચયથી પુદ્ગલની સાથે તાદાત્મ્ય નહીં દેખાય. તો જીવનું પરમ પારિણામિકભાવ સાથે તાદાત્મ્ય છે એ પણ નહીં દેખાય. જેને વ્યવહારનો નિષેધ કરતાં આવડી જશે તેનું કામ થઈ જશે.

૧૨૪૦.

પર્યાયનું અકર્તાપણું જ્યાં સુધી લક્ષમાં નહીં આવે, ત્યાં સુધી સમકિત નહીં થાય.

૧૨૪૧.

જીવતત્ત્વ પરિણામથી રહિત છે એમ જેને ન બેસે તેને પરિણામ સુધારવાનો અભિપ્રાય રહ્યા જ કરે. રહ્યા જ કરે. પરિણામને કરવાની ભાવનામાં તેને દ્રવ્ય કે પર્યાય કાંઈ જણાતું નથી.

૧૨૪૨.

પહેલેથી નિષેધથી ઉપડ્યો છે, પછી પણ નિષેધથી શ્રેણિમાં આવે છે. તો નિષેધથી લાભ થયો ને?

૧૨૪૩.

આત્મામાં એટલો આનંદ છે કે તે ફાટે તો ત્રણલોક તણાઈ જાય.

૧૨૪૪.

ખાસ પ્રકારનું પરમાત્મ તત્ત્વ હું છું. રાગની મધ્યમાં તે પોતાની શુધ્ધતાને છોડતો નથી → આ તો પરમ ચમત્કાર છે. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી, એ જ એક અદ્ભુત આશ્ચર્ય છે.

૧૨૪૫.

પરિણામ મેરા ધ્યાન કરે તો કરો! મૈં કિસકા ધ્યાન કરું? ધ્યાનની પણ કેટલી ઉપેક્ષા છે તે જુઓ તો ખરા!

૧૨૪૬.

પર્યાય, શ્રદ્ધાનો વિષય તો નથી જ; પરંતુ અનુભવ પહેલાં જ્ઞાનનો વિષય પણ નથી. માટે પ્રથમ પરિણામ જાણવા લાયક નથી. પરંતુ જાણવાનું બંધ કરવા લાયક છે. કેમકે અનુભવ પહેલાં પર્યાય જણાય છે તે અજ્ઞાન છે.

૧૨૪૭.

(નિયમસાર ૩૮મી ગાથામાં લીધું) પહેલો હેય શબ્દ છે, બીજો ઉપાદેય શબ્દ છે. ક્રમમાં પણ રહસ્ય છે. વ્યવહારના નિષેધપૂર્વક નિશ્ચય થાય છે.

૧૨૪૮.

મૂડી નથી, તો વ્યાજ ક્યાંથી આવે? સંવર, નિર્જરા તો વ્યાજ છે, મૂડી નથી. મોક્ષતત્ત્વ નાશવાન છે. શુદ્ધાત્માની મૂડી ઉપાદેય છે. વ્યાજ એટલે મોક્ષ (આશ્રય માટે) ઉપાદેય નથી.

૧૨૪૯.

જાણવાનો અને જણાવવાનો આત્માનો જ સ્વભાવ છે, સ્વભાવનો કોઈ દિ' અભાવ થાય નહીં. કાળ પાક્યો હોય તેને સ્વરૂપની વાત સાંભળવા મળે જ મળે.

૧૨૫૦.

(૧) આત્મામાં કર્તૃત્વ નથી. (૨) આત્માના દેખનારને કર્તૃત્વ દેખાતું નથી. (૩) આત્મામાં લીન રહેનારને કાંઈ કર્તૃત્વ રહેતું નથી.

૧૨૫૧.

**પ્રશ્ન :** સમકિત છે તે દ્રવ્ય છે કે પર્યાય? **ઉત્તર :** ધ્યાનથી સાંભળજે... તે આત્મા છે. (અલિંગગ્રહણ બોલ ૨૦)

૧૨૫૨.

અનંતકાળથી નુકસાનીનો જ ધંધો કર્યો છે. પરંતુ ખુશીની વાત એ છે કે નુકસાન બિલકુલ થયું જ નથી. મૂડી સલામત પડી છે.

૧૨૫૩.

અપરિણામી આત્મા, પરિણામી આત્મા કે (શુદ્ધજ્ઞાન પરિણત જીવ) જ્ઞાનની પર્યાય ત્રણેય જ્ઞાતા જ છે; કર્તા નથી.

૧૨૫૪.

પરમાત્મા થવાની તૈયારીવાળા ધર્માત્મા કહે છે કે → જીવ બે પ્રકારનો નથી. જેમ મોક્ષમાર્ગ એક પ્રકારનો છે, તેમ જીવ પણ એક પ્રકારનો છે. જીવને બે પ્રકારવાળો માનવો તે તેને ગાળ આપવા બરાબર છે, અરે! ગાળ જ છે.

૧૨૫૫.

નિર્વિકલ્પમાં તો પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરી પણ સવિકલ્પમાંય બંધ કરી છે. ભાવિ તીર્થંકર કહે છે → અમારી પાસે વ્યવહારરૂપ જ્ઞાન છે જ નહીં, તેથી અમને કોઇ સંસારી અને કોઇ સિદ્ધ તેમ દેખાતા જ નથી ને! પરિણામને જાણવાની કેટલી ઉપેક્ષા!

૧૨૫૬.

ગુણોને આધાર-આધેય સંબંધનો વ્યવહાર દ્રવ્ય સાથે છે, પર્યાય સાથે નથી. આધાર-આધેયના વ્યવહારથી પાર અનુભૂતિ છે.

૧૨૫૭.

અનુભૂતિ કરવી છે, તેવી ચિંતામાં ને ચિંતામાં 'જે સહજ પ્રાપ્ત છે' તેના તરફ તારી દ્રષ્ટિ જતી નથી.

૧૨૫૮.

સમ્યગ્જ્ઞાનીને આત્મા જણાય છે, એમ નહીં. મને આત્મા જણાય છે એમ માને તો પોતે સમ્યગ્જ્ઞાની થઇ જાય છે.

૧૨૫૯.

જેમ પાંચ પરમેષ્ઠિ છે, એમ આ પાંચ ગાથા છે. (નિયમસાર-૭૭ થી ૮૧ સુધીની પાંચ ગાથાનું) રહસ્ય સમજશે તે પંચ પરમેષ્ઠિમાં સમાઈ જશે.

૧૨૬૦.

આત્મા ધ્રુવત્વને છોડે નહીં; પર્યાય પરિણમન સ્વભાવને છોડે નહીં; આવો ચમત્કાર છે.

૧૨૬૧.

દાંડી પીટીને કહું છું → હું ભૂતકાળમાં નારકી ન હતો.

૧૨૬૨.

આત્માનું લક્ષ થાય ત્યારે ઉપચારથી કર્તા કહેવાય; પણ એ ઉપચાર કર્તામાં અટકીશ, તો સંભવ છે, કર્તાબુધ્ધિ રહી જશે.

૧૨૬૩.

અકર્તાની પરિપક્વ સ્થિતિ આવતાં સમકિત સન્મુખ થઈ જાય છે. ભેદજ્ઞાનની શક્તિ વિકાસ પામે ત્યારે અભેદ લક્ષમાં આવી જાય છે.

૧૨૬૪.

દ્રવ્ય તે નિશ્ચય અને દ્રવ્યને જાણવું તે વ્યવહાર. જો દ્રવ્યને જાણવું તે નિશ્ચય લેશો તો પરને જાણવું તે વ્યવહાર થઈ જશે. આમાં હેતુ → તમને પ્રમાણથી બહાર જવા દેવા નથી.

૧૨૬૫.

પહેલાં તો કોઈનું સાંભળો નહીં. કુંદપ્રભુ, અમૃતપ્રભુ, પદ્મપ્રભમલધારિદેવ, કહાનગુરુ કહે છે → 'પર્યાય અત્યંત ભિન્ન છે'...તે વાતને લક્ષમાં લે!

૧૨૬૬.

જ્ઞેયની, જ્ઞેય તરીકે અસ્તિ, જ્ઞાન તરીકે સદાકાલ નાસ્તિ એવી જ કોઈ જ્ઞાનની અસ્તિ, તેવા જ્ઞાનની મસ્તી, તેનું નામ અનુભવ.

૧૨૬૭.

અરેરે! વિકલ્પ હો કે નિર્વિકલ્પ હો! એ બન્ને પરિણામના ધર્મો છે. મારામાં કંઈ જ થતું નથી → આ ભેદજ્ઞાનની પરાકાષ્ઠા છે. અભેદ વિજ્ઞાનઘનની પરાકાષ્ઠા છે.

૧૨૬૮.

આત્મા ઉપચારથી નિર્મળ પર્યાયનો કર્તા છે એ વાત સાધકને ખટકે છે. નિયમસાર પરમાર્થ પ્રતિક્રમણમાં કહ્યું કે → આત્મા ઉપચારથી પણ નિર્મળ પરિણામનો કર્તા નથી. એવું અકર્તાપણું-જ્ઞાયકપણું મારામાં છે. એ રહસ્ય અહીં ખોલે છે. ત્યારે સાધક ફરીથી ઉપચારને ઓળંગીને અનુપચારમાં ચાલ્યા જાય છે. અરે! જુઓ તો શ્રેણિ આવી જાય એવી વાત છે.

૧૨૬૯.

જે જ્ઞાનનો નિશ્ચય છે તે → દ્રષ્ટિનો વ્યવહાર છે. આત્મા નિષ્ક્રિય જાણનાર જ્ઞાયક છે તે નિશ્ચય છે. આત્મા જાણનારપણે પરિણમ્યો છે તે વ્યવહાર છે. આ જ્ઞાનપ્રધાન નિશ્ચય, દ્રષ્ટિ પ્રધાન નિશ્ચયની અપેક્ષાએ વ્યવહારમાં જાય છે.

૧૨૭૦.

શ્રદ્ધેય તત્ત્વ નિષ્ક્રિય હોવાથી તે તેનો પરિચય આપતું નથી...પરંતુ તેનો પરિચય આપનાર બીજું એક પડખું છે. તે પણ (વસ્તુગત) ભિન્નતા રાખીને દ્રવ્યમાં પૂર્ણનો અનુભવ કરે છે. શ્રદ્ધામાં મુખ્ય, ગૌણ કાંઈ હોતું નથી. જ્ઞાનમાં મુખ્ય, ગૌણ હોય છે.

૧૨૭૧.

**પ્રશ્ન :** જ્ઞાન સ્વભાવી આત્મા છે તે અત્યારે ઈન્દ્રિયના અવલંબનથી જાણે છે કે ઈન્દ્રિયના આલંબન વગર જાણે છે?
ઉત્તરઃ (૧) જો જ્ઞાન ઈન્દ્રિયથી જાણતું હોય તો તે વખતે સામાન્યજ્ઞાન છે તેના વિશેષનું શું કાર્ય? (૨) જો વર્તમાન જ્ઞાન, ઈન્દ્રિયથી જાણે તો સામાન્ય જ્ઞાન સ્વભાવના વિશેષનો અભાવ થાય. (૩) આત્માનું જ્ઞાન ઈન્દ્રિયથી જાણતું નથી પણ સામાન્યજ્ઞાનના વિશેષથી જણાય છે. (૪) ઈન્દ્રિયથી, આત્મા જ્ઞાનનું કાર્ય કરતો જ નથી. જ્ઞાન પોતાથી જ જાણવાનું વિશેષરૂપ કાર્ય કરે છે. (૫) આત્માનો જે વિશેષરૂપ સ્વભાવ છે તે જ જાણવાનું કામ કરે છે.

૧૨૭૨.

રંગમાં → વર્ણ,
રાગમાં → બધા જ રાગાદિ પરિણામ,
ભેદમાં → વીતરાગી પર્યાયો તેમજ ગુણભેદ.

૧૨૭૩.

શ્રધ્ધાની પર્યાયમાં બે વિષય હોતા નથી. જ્ઞાનમાં હેય ઉપાદેયના વિભાગ છે. એક પડખું હેય, બીજું પડખું ઉપાદેય છે.

૧૨૭૪.

કેવળ વર્તમાન પર્યાય જેટલો જ સંસાર છે. તેથી મારામાં સંસાર નથી; તેમ જાણીને પ્રમુદિત થા! હવે પ્રસન્ન થા!

૧૨૭૫.

શ્રધ્ધાનો વિષય એક (પરમાત્મા) હોય તો સમ્યગ્દર્શન છે, અને શ્રધ્ધાનો વિષય બે હોય તો મિથ્યાદર્શન છે. સમ્યગ્દર્શને જેટલા આત્મામાં અહમ્ કર્યું, જાણ્યું; તેટલો જ આત્મા છે; બાકીનો અનાત્મા છે.

૧૨૭૬.

મારી દ્રષ્ટિમાં કેવળ હું જ છું. મારી દ્રષ્ટિમાં વિશ્વનો અત્યંત અભાવ છે. શ્રધ્ધાનાં વિષયમાં સંસારની સત્તા નથી; જો હોય તો શ્રધ્ધા તેમાં પણ મમત્વ કરે.

૧૨૭૭.

(૧) સત્તામાં કર્મ પડ્યા છે તે પ્યોર જડ છે. (૨) પુદ્ગલ જડકર્મનો ઉદય આવે છે તે પ્યોર જડ છે. (૩) જડકર્મના લક્ષે થતો રાગ તે પ્યોર જડ છે. (૪) અને તેના કારણે થતાં નવા કર્મબંધ તે પ્યોર જડ છે. આ ચારેય ભાવો અત્યંત અચેતન અને પ્યોર જડ છે.

૧૨૭૮.

અંતર સન્મુખના પરિણામમાં આત્મા ઉપાદેય થાય ત્યારે સમ્યગ્દર્શનના પરિણામ અનુપાદેય છે. અને ત્યારે મિથ્યાત્વના પરિણામ ઉત્પન્ન જ નહીં થતાં હોવાથી... તે જ્ઞાનનું જ્ઞેય પણ નથી. જેનું અસ્તિત્વ હોય તે જ્ઞાનનું જ્ઞેય થાય. તેથી મિથ્યાત્વ, રાગાદિ પરિણામ

અવસ્તુ છે. જેનો અભાવ છે તે જ્ઞેય કેમ થાય? જ્ઞાનના જ્ઞેયપણે પણ રાગને રાખવા જેવો નથી. આ વસ્તુની સ્થિતિ છે.

૧૨૭૯.

'અનેકાન્ત = ન એકાન્તઃ' અનેકાન્તના બહાના નીચે રોકાય જાય છે. અનેકાન્તમાં આવતાં પંડિત થાય પણ, તેમાંથી જો સમ્યક્ એકાન્ત કાઢે તો જ્ઞાની થાય.

૧૨૮૦.

અજબ ગજબની વાતો છે. અજબ કરે તો ન્યાલ થઈ જાય. આ જીવનમાં એક જ લક્ષ રાખવું કે-મારે શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવું છે.

૧૨૮૧.

નિશ્ચયનો વિષય એક છે. વ્યવહારનાં વિષય અનેક છે.
નિશ્ચયનો વિષય સ્થિર છે. વ્યવહારનો વિષય અસ્થિર છે.

૧૨૮૨.

પર્યાય ન અડવા બરાબર દ્રવ્યને અડી જાય છે. અડે છે અને નથી અડતી એ બન્ને એક સમયે આવે ત્યારે અનુભવ થાય છે.

૧૨૮૩.

ભેદને જાણતાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી; તેથી તે જ્ઞાનનો વિષય નથી. અભેદને જાણતાં જ્ઞાન પણ છે અને સુખ પણ છે તેથી અભેદ તે જ્ઞાનનો વિષય છે.

૧૨૮૪.

શ્રી નિયમસારજી શાસ્ત્ર ગાથા ૩ માં આવે છે કે નિઃશેષપણે અંતર્મુખ એટલે કે પર્યાયને જોવાની આંખ સર્વથા બંધ કરીને → આ કોહીનૂરનો હીરો છે.

૧૨૮૫.

પરિણામથી સર્વથા ભિન્ન દ્રવ્ય ત્યાંથી ઉપડે ત્યારે કથંચિત્ ભિન્ન-અભિન્નનું જ્ઞાન થાય છે. પ્રમાણના લપસણા ઢગલા ઉપર ઉભો રહેશે તો અનુભવ નહીં થાય.

૧૨૮૬.

સમયસારજી શાસ્ત્રનો અજીવ અધિકાર બહુ ઊંચો છે. તેમાં દ્રષ્ટિના વિષયની તીખાશ છે. પર્યાયની એકતા છોડાવવા ગુણસ્થાન આદિને પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં. કુંદકુંદાચાર્યની આવી મધુરી વાત વાંચી અને અમને ઘણીવાર તેઓશ્રીને ભેટી પડવાનું મન થાય છે.

૧૨૮૭.

શ્રદ્ધાપોષક જ્ઞાન → ગાથાએ ગાથાએ, જગ્યાએ જગ્યાએ અભેદને જ શોધે છે. 'અકર્તા છો' એમ જ્યાં વાંચે ત્યાં તેનું ધ્યાન ખેંચાય, અંદરથી ઉછાળો આવે. જ્ઞાન પર્યાયનો કર્તા છો એમ વાંચે ત્યાં તેનું ધ્યાન ન ખેંચાય; અંદરથી ઉછાળો ન આવે.

૧૨૮૮.

વ્યવહારના પક્ષના બે પ્રકાર : - (૧) વિશેષનો પક્ષ (૨) સામાન્ય વિશેષ સ્વરૂપનો પક્ષ. વ્યવહાર અને પ્રમાણનું જ્ઞાન થયું જુદી વાત છે પણ તેવી જ શ્રદ્ધા પોષાય કે-આવું મારું સ્વરૂપ છે તો તે ભેદપોષક વિચાર હોવાથી; તે શ્રદ્ધા ઘાતક ભાવ છે.

૧૨૮૯.

પરમ પારિણામિકભાવ સાથે આત્માને તાદાત્મ્ય (સંબંધ) છે. ક્ષાયિકભાવ સાથે આત્માને સંયોગ સંબંધ છે.

૧૨૯૦.

પ્રવચનસાર ગાથા ૧૧૪ માં સામાન્યને જાણવાનો પહેલો નંબર, વિશેષને જાણવાનો બીજો નંબર, સામાન્ય વિશષને જાણવાનો ત્રીજો નંબર એમ લીધું. ત્રીજા નંબરમાં પણ પ્રમાણ જ લીધું, પર નહીં. હું પણ શ્રેણિ માંડવા માટે ત્રીજા નંબરથી આગળ જઈશ નહીં.

૧૨૯૧.

અનુભવ પહેલાં કારણ-કાર્યની શૃંખલા અનુકૂળ તથા અનુરૂપ થઈ જાય છે. તેને એવો ખ્યાલ આવવા લાગે છે કે-માર્ગ આમ જ હોય!! અનાદિથી નહીં આવેલો ખ્યાલ આવવા માંડે છે.

૧૨૯૨.

અમે તો અમારી શાંતિ માટે પગલું ભરીએ છીએ. બીજાનું કાંઈ જોતા જ નથી. બીજાનું ગમે તે થાઓ!

૧૨૯૩.

ઈન્દ્રિયજ્ઞાન કર્મજન્ય છે, આત્મજન્ય નથી માટે સ્વભાવનો અંશ નથી. પંચાધ્યાયકારની દ્રષ્ટિ બહુ તીખી છે. તેમણે કહ્યું કે-ઈન્દ્રિયજ્ઞાનને સ્વભાવનો અંશ માનતા તેમાં આત્મબુદ્ધિ થઈ જાય છે, સ્વભાવનું કાર્ય મનાય જાય તો ઈન્દ્રિયજ્ઞાનથી વિભક્તતા ન થાય.

૧૨૯૪.

ચાંદખેડી દર્શન કરવા ગયા ત્યારે મારાથી બોલાઈ ગયું કે-'પાપ થઈ ગયું.' ભગવાનના પ્રતિમાજી ઘણાં જ મનોહરી...દ્રષ્ટિ ત્યાં પ્રતિમાજી પર થંભી ગઈ. પરને જાણવું તે ભાવબંધનું પાપ છે. પાપ લાગશે તો ત્યાંથી પાછો ફરશે. નિશ્ચયની વાત ઝીલવી એ સાધારણ નથી.

૧૨૯૫.

દ્રવ્ય અને પર્યાયનું અતન્મયપણું કાયમ રહેતું...તન્મયપણું તે તે કાળે થાય છે. દ્રવ્યાર્થિકનયે તન્મય હોત તો પરિણામ પલટત જ નહીં. દ્રવ્યાર્થિકનયે તન્મય હોત તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થઈ જાત. પર્યાયાર્થિકનયે તન્મય ન હોત તો બંધ-મોક્ષની સિદ્ધિ ન થાત. અતન્મયપણું કાયમ રાખીને તન્મય થયો ન થયો ત્યાં તો પર્યાય પલટી જાય છે.

૧૨૯૬.

પર્યાય દ્રવ્યથી અનન્ય છે તે ભલે સર્વજ્ઞે કહેલો વ્યવહાર છે તો પણ નિશ્ચયની હદે પહોંચતા તે વ્યવહાર જૂઠો છે. પર્યાયથી અન્ય છે તેટલો જ ભૂતાર્થ-સત્યાર્થ આત્મા છે.

૧૨૯૭.

પ્રવચનસાર ૧૧૪ ગાથામાં પોતાના ભેદને જાણવાનો સર્વથા નિષેધ કર્યો. ઘણી તીખાશ છે. (પ્રવચનસાર ૧૧૪) ઘણો માલ ભર્યો છે. જેને આ ગાથાના ન્યાયથી સમ્યગ્દર્શન થશે તેને શ્રેણિ જલ્દી આવશે. એટલો આ ગાથાનો, બીજી ગાથાથી ફેર છે.

૧૨૯૮.

હવે કેટલા કાળ સુધી અનુમાન જ્ઞાનથી આત્માને જોવો છે. હવે સીધો આત્માને જાણ! અનુમાન જ્ઞાનમાં પણ ભેદને જાણવાના ચક્ષુ તો બંધ જ કર.

૧૨૯૯.

પચાસ ટકા પર્યાયની આંખ અને પચાસ ટકા દ્રવ્યની આંખ ઉઘાડવી એમ ન લખતાં, સો ટકાની વાત લખી. કેમકે પર્યાયની આંખ ખુલ્લી રહે તો દ્રવ્યની આંખ ઉઘડે જ નહીં. આખોય સંસારને ઉથલાવવો છે તો આખોય ઉપયોગ પલટાયા વિના એમ ન થાય. તેથી 'સર્વથા બંધ કર' એ શબ્દ બરાબર છે.

૧૩૦૦.

જ્ઞેય જણાય છે એવો સ્વીકાર દુર્બુધ્દ્ધિ છે. તને એમ કેમ નથી ભાસતું કે મને જાણનારો જણાય છે. આંધળો છે? દેખતો નથી. જોનારને જોતો નથી. જ્ઞેયને જાણવું અને જ્ઞાનને કે જ્ઞાનીને ન જાણવું એ એક આશ્ચર્યની વાત છે.

૧૩૦૧.

સ્વપરપ્રકાશક સ્વભાવ છે એમ કહ્યું ત્યાં જ્ઞાનનું સામર્થ્ય સિધ્દ્ધ કર્યું છે. સ્વપરપ્રકાશકને આગળ કરતાં અનુભવ થાય છે એમ નથી કહ્યું.

૧૩૦૨.

વ્યવહારને સાધન કહ્યું છે તે ભૂતનૈગમનયે કહ્યું છે. આમાં વ્યવહારના પક્ષપાતીની હાર થઈ ગઈ. વ્યવહારને જ્યાં સાધન કહ્યું હોય ત્યાં સર્વત્ર એમ સમજવું કે ભૂતનૈગમનયે એમ કહ્યું છે.

૧૩૦૩.

કોલસો છે તે અરીસાની કાળાશને પ્રસિધ્દ્ધ કરતો નથી પણ અરીસાની સ્વચ્છતાને પ્રસિધ્દ્ધ કરે છે. તેમ ક્રોધાદિ જ્ઞાનની સ્વચ્છતાને પ્રસિધ્દ્ધ કરે છે, જ્ઞાન મલિન થયું છે તેમ પ્રસિધ્દ્ધ કરતો નથી.

૧૩૦૪.

કાળપ તો કોલસામાં જ છે; કેમકે કાળપ કોલસાનો ધર્મ છે. તેથી કાળપને કોલસા સાથે જ તાદાત્મ્ય સંબંધ છે. અરીસામાં કાળપ નથી. ભૂતકાળમાં, વર્તમાનકાળે કે ભાવિકાળે અરીસો કાળો થયો જ નથી, છે નહીં અને ક્યારેય થશે નહીં. અરીસો સદાકાળ સ્વચ્છ જ છે. તેવી રીતે અજ્ઞાનદશામાં બંધાયેલ કર્મોનો ઉદય આવતાં તે જ્ઞાનપદમાં જણાય છે, છતાં રાગ જ્ઞાનમાં આવતો નથી. જ્ઞાન રાગમય થતું નથી. જ્ઞાનની સામે જોતાં જ્ઞાન જ્ઞાનરૂપે જ જણાય છે...પરંતુ જ્ઞાન જ્ઞાનને જોવાનું છોડીને રાગને જુએ છે તે અજ્ઞાન છે.

૧૩૦૫.

રાગને પુદ્ગલમાં સ્થાપવાનો જ્ઞાનીનો ઈરાદો નથી. પરંતુ જીવમાંથી ઉથાપવો છે. એટલે થોડો ટાઈમ..છે ત્યાં સુધી તેને પુદ્ગલનો કહે છે.

૧૩૦૬.

(૧) અજ્ઞાન સિધ્ધ કરવા માટે રાગ કથંચિત્ જીવમાં થાય છે.
(૨) ભેદજ્ઞાનના વિચાર માટે રાગ કથંચિત્ પુદ્ગલમાં થાય છે.
(૩) ભેદજ્ઞાન અર્થાત્ અભેદજ્ઞાન પ્રગટ કરવા માટે રાગ અવસ્તુ છે.

પહેલું કથન વ્યવહારનું છે. બીજું કથન નિશ્ચયનું છે અને ત્રીજું કથન પરમ શુધ્ધ નિશ્ચયનયનું છે. જ્યાં આત્મા આત્મામાં લીન થાય છે ત્યાં નિમિત્ત નું લક્ષ રહેતું નથી તેથી નૈમિત્તિકભાવ પ્રગટ જ થતો નથી. તેથી તે ભાવ જીવના છે કે પુદ્ગલના છે તેવો પ્રશ્ન જ રહેતો નથી...તેથી રાગ અવસ્તુ છે.

૧૩૦૭.

૨૭૧ શ્લોકની વાત જ શું કહેવી? ગજબની વાત અને ગજબનો ભાવ છે. તેમાં જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયના ભેદને વચનભેદ કહીને કેટલું ઊંડાણનું તળિયું બતાવે છે.

૧૩૦૮.

જ્ઞાનીના વ્યવહારના વચન પકડીને અજ્ઞાની અજ્ઞાન પોષે છે. ગજબ છે ને? જ્ઞાનીના વચન અજ્ઞાનમાં ક્યારેય પોષક થાય? ન જ થાય.

૧૩૦૯.

નિયમસાર-પરમાર્થ પ્રતિક્રમણ અધિકારમાં અનુમોદનાનો બોલ ગજબનો છે. કરું નહીં, કરાવું નહીં; પણ અનુમોદના એટલે આમ હોય તો ઠીક, કેવળજ્ઞાન હોય તો ઠીક, કર્મ જાય તો ઠીક; આવી સૂક્ષ્મ પર્યાય બુદ્ધિનો નિષેધ કરાવ્યો છે. એક કાર્યના બે કર્તા ન હોય. પુદ્ગલકર્મને શુધ્ધ પર્યાયનો કર્તા કહીને...હું તેનો કર્તા નથી તેમ સિધ્ધ કર્યું છે.

૧૩૧૦.

જ્ઞાન ભેદને ગ્રહતું નથી અને અભેદને છોડતું નથી. એવી એક અપૂર્વ સ્થિતિ આવે ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં આનંદનો અનુભવ થાય. રાગને છોડતો નથી, રાગને જ્ઞાનમાં જ્ઞેય બનાવવાનું છોડી દઉં એમ પણ વસ્તુ સ્થિતિમાં નથી. એ તો સમજાવવા માટે છે. રાગાદિનો દ્રષ્ટિમાંથી ત્યાગ કર અને જ્ઞાયકને ગ્રહણ કર એમ ગ્રહણ પૂર્વક ત્યાગની વિધિ સમજાવવા માટે છે. કોણ કોને છોડે અને કોણ કોને ગ્રહે? આ જ્ઞાયકને હું ગ્રહું ત્યાં તો ભેદ ઉત્પન્ન થઈ જાય છે. બે આત્મા નથી...જેથી કયો આત્મા કયા આત્માને ગ્રહે? રાગને જાણવામાંથી છોડું છું, હવે ભગવાન આત્માને અનુભવવા માટે ગ્રહુ છું એમ ગ્રહણ અને ત્યાગથી ભગવાન આત્મા શૂન્ય છે. જેવો છે તેવો છે. આ તો ત્યાગોપાદાનની શૂન્યત્વની પરાકાષ્ઠા છે. આત્માને ગ્રહવું એ પણ આત્માનો સ્વભાવ નથી. ત્યાગ પણ નથી અને ગ્રહવું પણ નથી, કેમકે અપોહક સ્વરૂપ છે.

૧૩૧૧.

નિયમસાર ગાથા ૧૪માં ક્યું તે બરાબર જ છે. "□□□ □□□□□□□□□ □□□□□□□□ □□□□□□□□□ □□□□□□□□" જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય. કારણ પરમાત્મા તેની સામે કાર્ય પરમાત્મા. સ્વભાવ પર્યાયના બે ભેદ કર્યા. સ્વભાવ અનંત ચતુષ્ટય સાથે તન્મયપણે પારિણામિકભાવની પરિણતિ. અગુરુલઘુગુણની પર્યાયને સ્વભાવ પર્યાય કહેવાય. પ્રદેશત્વગુણની વ્યંજન પર્યાય, બાકીના ગુણોની અર્થ પર્યાય. પંડિતજીએ ફૂટનોટમાં જે લીધું તે બરાબર છે. હવે પરમ પારિણામિકભાવ અભેદ થઈને અભેદપણે રહેલો છે. ગુણીમાં જે પરમ પારિણામિક ભાવ તન્મય છે તે જ ગુણમાં તન્મય છે. હવે ગુણમાં પરમ પારિણામિકભાવ તન્મય છે તેવો ભેદ કર્યો તો એ કારણશુધ્ધપર્યાય છે. તેથી કારણશુધ્ધપર્યાયનું જ્ઞાન કરી તેને સંકેલીને અંદરમાં ચાલ્યું જવું. આત્માનો વ્યવહાર આત્મામાં હોવા છતાં તેને ઓળંગી જા! તેને સંકેલીને અભેદમાં આવી જા! કેમકે ભેદના લક્ષે ભેદનો નિષેધ ક્યારેય થતો નથી, પરંતુ અભેદના લક્ષે ભેદનો નિષેધ

થાય છે. તેથી ભેદને આગળ કરવા જેવો નથી. ભેદનું સ્વરૂપ સમજીને અભેદને આગળ કરતાં; ભેદો ક્યાંય ચાલ્યા જતા નથી પણ તેનું લક્ષ છૂટે છે. અને છૂટે જ છે.

૧૩૧૨.

'નિશ્ચયથી પરને હું જાણું છું' એવી જેની વ્યવહાર શ્રધ્ધા છે તે નામ નિક્ષેપે પણ જૈન નથી. નિશ્ચયથી પરને જાણતો નથી એવી વ્યવહાર શ્રધ્ધા જેને થઈ તે નામ નિક્ષેપે જૈન છે.

૧૩૧૩.

એકલી નિશ્ચયની વાત 'જ્ઞાન જ જણાય છે' એટલું કહે ત્યાં સુધી અજ્ઞાનીને ચેન નથી પડતું. જ્ઞેયો પણ જણાય છે એમ કહે ત્યારે તેને ચેન થાય છે. આ વ્યવહારનો પક્ષ છે.

૧૩૧૪.

'સર્વથા શુધ્ધ છું' તેમ ત્રિકાળી દ્રવ્ય ઉપર નજર રાખીને કહે છે... માટે તેને એકાન્તનો દોષ લાગતો નથી. ત્રિકાળી દ્રવ્ય તો સર્વથા શુધ્ધ છે તેમાં સમ્યક્ એકાન્ત થયું. કથંચિત્ શુધ્ધ કથંચિત્ અશુધ્ધ એ તો પ્રમાણના દ્રવ્યની વાત થઈ.

૧૩૧૫.

પંચાધ્યાયીમાં રાગને મૂર્તિક કહ્યો છે. ઈન્દ્રિયજ્ઞાનનો વિષય મૂર્તિક જ છે. રાગને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે માટે રાગ મૂર્તિક છે, આ ન્યાય કહ્યો. આ તો અધ્યાત્મની પરાકાષ્ઠા છે.

૧૩૧૬.

સવિકલ્પ નિશ્ચયનયના પક્ષમાં આવે તેને વિશેષનો પ્રબળ નિષેધ આવે છે. વ્યવહારનયનો વિષય મારામાં છે જ નહીં ને! વ્યવહારનયનો વિષય મારામાં નથી તેથી વ્યવહારનય પણ મારી પાસે નથી. બીજાને તો ઘડીભર એમ લાગી જાય કે આ શું કહે છે!? નિશ્ચયનયની વાત હજમ કરવી મુશ્કેલ છે. લોકોને એકાન્ત છે...એકાન્ત છે એમ જ લાગે...પણ વસ્તુ આવી છે. શું કરીએ? વસ્તુ બે રૂપે હોય તો તેને પ્રસિધ્ધ કરવા બે નય હોય! કેમકે વિષય છે તો વિષયી પણ છે. (પરંત) વસ્તુ એકરૂપ હોય તો નય પણ એક જ હોય ને? જેને હજમ થઈ ગયુ તેનું કામ થઈ ગયું. તેનો સંસાર ગયો. જેણે હજમ કર્યું તે તો સત્ પાત્ર જીવ ટૂંકમાં “ભાવિ નિર્વાણ ભાજનમ્” છે.

૧૩૧૭.

જ્ઞાની થયા પછી શું હોય એ વાત તો જાણવાની છે. અજ્ઞાનીએ જ્ઞાની કેમ થવું? આ વાત ઉપાદેયની છે. ખાસ સમજવા જેવી આ વાત છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીમાં અજ્ઞાની જ્ઞાની કેમ થાય એ વાતની મુખ્યતા જ આવતી હતી. સમ્યગ્દર્શનને બાધક થાય એ બધોય અભિપ્રાય છોડવા જેવો છે. બધોય વ્યવહાર નિષેધવા જેવો છે. વ્યવહારના નિષેધ વિના નિશ્ચય પ્રગટ નહીં થાય. વ્યવહાર મારતો નથી પણ વ્યવહારનો પક્ષ જીવને મારી નાખે છે.

૧૩૧૮.

બંધ અધિકાર ગાથા ૨૭૦ માં કહ્યું કે 'પરને હું જાણું છું' એ અધ્યવસાન છે. પ્રવચનસાર ગાથા ૨૩૯ માં એનાથી પણ સૂક્ષ્મ વાત લીધી છે. 'છ દ્રવ્યો જે જ્ઞાનની પર્યાયમાં જણાય છે તે પર્યાયનો જાણનારો હું છું' આ પણ ભૂલ છે. આમાં સમ્યગ્જ્ઞાન નહીં થાય કેવી ગંભીર વાત! જ્ઞેયના સંબંધવાળા જ્ઞાનને અનુભવે છે, સ્વભાવિક જ્ઞાનને અવલંબતો નથી. 'પર જ્ઞેયનો જાણનારો તે હું', તેમાં સ્વનો જાણનારો તે હું ચૂકાય ગયું. બંધ અધિકારમાં 'પરનો જાણનારો તે હું' તે ભૂલને તો ઓળંગી ગયો પરંતુ પરસંબંધી જ્ઞાન પર્યાયને જાણનારો હું ત્યાં અટક્યો. પરને જાણવાનું ભલે બંધ કર્યું પણ પર્યાયાર્થિકનયની આંખ તેણે ઉઘાડી રાખી.

૧૩૧૯.

સમયસાર અજીવ અધિકારમાં એમ બતાવવું છે કે-અજીવને જીવ માનવો એ મિથ્યાત્વ છે. તું જેને જીવ માને છે તે અજીવ છે. ઉત્તરોત્તર સૂક્ષ્મ ગાથાઓ છે. અજીવ અધિકાર સમયસારમાં ઊંચામાં ઊંચો અધિકાર છે. વર્ણાદિક સર્વથા પુદ્ગલના પરિણામ છે અને જીવ સર્વથા પરિણામથી રહિત છે. બધાય પરિણામને પુદ્ગલનાં કહ્યાં, તેમાંથી એમ નીકળ્યું કે - 'જીવને પરિણામ જ ન હોય' (નિયમસાર) શુદ્ધભાવ અધિકારમાં તો પરિણામ આત્મામાં નથી એમ કહ્યું. તેમાં કોઈ એવું કાઢી શકે કે-આત્મામાં કથંચિત્ નથી. જ્યારે અજીવ અધિકારમાં જે કહ્યું તેમાં તો કથંચિત્ લગાડી જ ન શકાય. પુદ્ગલ દ્રવ્યના પરિણામને કથંચિત્ કેમ કહેવાય? આવી રીતે જ નિર્વિકલ્પતા થાય. આમાં દ્રષ્ટિનો વિષય આવ્યો. દ્રષ્ટિના વિષયમાં કથંચિત્ લાગુ પડતું જ નથી. કારણ કે દ્રષ્ટિ નિર્વિકલ્પ છે. સર્વથા નિર્વિકલ્પ છે.

૧૩૨૦.

પ્રવચનસાર ગાથા ૨૩૯ માં 'પરને જાણવાવાળો હું છું' એમ માને છે તો પણ તેમાં જ્ઞેય પર વજન નથી આપતો. જ્યારે બંધ અધિકારમાં તો જ્ઞેય ઉપર વજન આપે છે. તેથી તે પ્રમાણની બહાર છે. જ્યારે પેલો પ્રમાણની બહાર નથી જતો. 'હું જાણવાવાળો છું' એટલું તો એણે માન્યું. પણ કોનો જાણવાવાળો એમાં તેણે ભૂલ ખાધી? પરને જાણવાવાળો...એમાં આવ્યો; તેમાં તેને જરાક મોહજાળ બાકી છે એમ કહ્યું. આ જીવને જરાક દેશના મળી જાય કે 'પરને જાણવાવાળો તું નથી' 'જ્ઞાયકને જાણવાવાળો તું છો' આમાં પર્યાયના નિશ્ચયની વાત આવી. પછી 'હું જ્ઞાયક છું' તેમાં દ્રવ્યના નિશ્ચયની વાત આવી તો તેમાં તેનું કામ થઇ જાય. ઈનડાયરેક્ટ પરને જાણતાં પણ-પર સન્મુખતા જ રહી.

૧૩૨૧.

અમારા સ્નેહી પંડિતે અમને કહ્યું કે તમે નિશ્ચયની સાથે થોડી વ્યવહારની વાત પણ કરો. પણ મને આ ન ગમ્યું. પછી મેં એમાંથી વચ્ચેનો માર્ગ કાઢ્યો કે-પુણ્ય પાપના પરિણામથી મારો આત્મા જુદો છે તેમ ભેદજ્ઞાનનો વિચાર કરવો તે વ્યવહાર છે. કષાયથી મારો આત્મા જુદો છે એમ વારંવાર વિચાર કરતાં અનુભવ થાય છે.

૧૩૨૨.

રાગ મારો તે મિથ્યાત્વ છે. રાગને જાણું છું તે મિથ્યાત્વ છે. રાગ જેની સત્તામાં જણાય તે હું-એ મિથ્યાત્વ છે. આમાં ડાયરેક્ટપણે રાગને જાણવાનું છોડ્યું પણ ઈનડાયરેક્ટ નજર રાગ ઉપર જ છે.

૧૩૨૩.

આત્મદર્શન થયા પછી રાગ એવો લુખ્ખો હોય છે કે એ રાગ તમને ચોંટે નહીં... અને એ રાગથી કર્મ ચોંટે નહીં; કર્મ નિર્જરી જાય છે.

૧૩૨૪.

દ્રવ્ય-પર્યાયના ભેદ દેખાય જ નહીં તો શ્રેણિ ચડી જાય. (જ્ઞાનની અપેક્ષાએ) દ્રવ્ય- પર્યાય અભેદ છે એમ કહેનાર પ્રખર જ્ઞાની છે. હવે કોઈ અજ્ઞાની આને દ્રષ્ટિનો વિષય બનાવે તો તેને મિથ્યાત્વનો દોષ લાગે છે.

૧૩૨૫.

પરિણામને જાણવાનો નિષેધ નથી. ઉપાદેયપણે જાણવાનો નિષેધ છે. ઉપાદેયપણે પર્યાય જણાતી નથી એટલે એ આંખ બંધ જ છે. ઉપાદેયપણે દ્રવ્ય જણાય છે માટે એ એક જ આંખ ખુલ્લી છે.

૧૩૨૬.

દ્રષ્ટિના વિષયમાં પર્યાયને ગૌણ કરવી એમ છે જ નહીં. દ્રષ્ટિના વિષયમાં પર્યાય છે જ નહીં; પછી તેને ગૌણ કરવાની વાત જ ક્યાં રહે છે.

૧૩૨૭.

ગમે ત્યાં જુઓ અનુભવની આવી જ વિધિ મળશે. પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...અંદરના ભેદને ઓળંગી (કર્તા-કર્મ આદિ) ભેદોની જે ભ્રાંતિ છે તેનો નાશ થતાં અનુભવ થાય છે.

૧૩૨૮.

હૈદ્રાબાદમાં પૂજ્ય ગુરુદેવે ફરમાવેલું કે-રાગનું જાણવું અજ્ઞાન છે. પરિણામને કરવાનો લોભ અને જાણવાનો લોભ બન્ને અનંતાનુબંધી કષાય છે. જેમ કષાયને જીતવા જેવું છે તેમ ઈન્દ્રિયજ્ઞાનને પણ જીતવા જેવું છે. વિષય અને કષાય બન્ને એકી સાથે જાય છે... મરે છે.

૧૩૨૯.

દ્રવ્યનો મહિમા કરે ત્યાં સુધી શુધ્ધ પર્યાય જીવે છે. શુધ્ધ પર્યાયનો મહિમા કરે (દ્રવ્યને દ્રષ્ટિમાંથી છોડી ધે) તો શુધ્ધ પર્યાય મરી જાય છે. જેનાથી પ્રેમ હોય તેની શ્રધ્ધા પણ ધારાવાહી હોય છે.

૧૩૩૦.

સ્પેશ્યલ કર્તાકર્મ અધિકાર સમયસારમાં જ છે. કર્તાકર્મનું રહસ્ય સમજ્યા વિના કર્તાબુધ્ધિ ગળતી નથી. તો ટળે તો ક્યાંથી? શરૂઆતવાળા જીવોને પહેલાં કર્તાકર્મ અધિકાર વાંચવાની મારી ખાસ ભલામણ છે.

૧૩૩૧.

આત્મા કેવળજ્ઞાનમાત્ર સ્વભાવવાળો હોવાથી અને પરિણામથી રહિત હોવાથી તે જાણનાર જ છે. તેથી કરવું, ભોગવવું આત્માના સ્વભાવમાં જ નથી... એવો અકારક-

અવેદક જ્ઞાયકભાવ તે દ્રવ્યનો નિશ્ચય છે. અને તે જ્ઞાયક આત્માને જાણવા માટે જ્ઞાનની પર્યાયમાં જે સ્વપરપ્રકાશકપણું છે તેમાંથી પરને જાણવાનો નિષેધ કરી, એકલા સ્વપ્રકાશકજ્ઞાન વડે...જાણનારો જ જણાય છે, ખરેખર પર જણાતું નથી આ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. બે નિશ્ચય મળે ત્યારે સ્વાનુભવ થાય છે.

૧૩૩૨.

જેમ ધ્યેયમાં થવું નથી તેમ અનાદિ અનંત જ્ઞેયમાં પણ થવું નથી. અભેદ જ્ઞેય અનાદિ અનંત છે તે નિશ્ચય છે. અભેદ થાય છે તે વ્યવહાર છે. અભેદ જ્ઞેય અનાદિ અનંત છે એમ કહીને પરાકાષ્ઠા કહી દીધી. કહેવા જેટલું બધું કહી દીધું. થોડું કહ્યું ઘણું કરીને જાણજો.

૧૩૩૩.

અભેદ છે, તો અભેદ કરવું છે ક્યાં? અભેદ છે, ત્યાં તો બધું અભેદ થઈ જાય છે. 'અભેદ છું' એમ જ્ઞાનમાં આવે, એની જ પર્યાય અભેદ થશે. અભેદ થાય છે, પણ અભેદ છું. એના ઉપર વજન જોઈએ. સમજાવવા માટે ધ્યેય જ્ઞેયના ભેદ છે, અનુભવ માટે નથી. જ્ઞેયમાં ભેદ પડે તો સમ્યગ્જ્ઞાન ન થાય. અનુભવમાં ધ્યેય જ્ઞેયનો ભેદ દેખાતો નથી, તો ૧૪ ગુણસ્થાન તો ક્યાંથી દેખાય? એને તો પુદ્ગલના પરિણામ કહ્યાં છે.

૧૩૩૪.

જાણનારો જણાય છે → એમાં બે પ્રકારના વ્યવહારનો નિષેધ સહજ આવી જાય છે. જાણનાર જણાય છે → એક વાક્યમાં બધો સાર છે. લાંબુ કરશો તો લપશી જશો. ભેદ, પ્રભેદને જાણવાની જિજ્ઞાસા રાખવા જેવી નથી. આ તો મહામંત્ર છે.

૧૩૩૫.

'(જાણનાર) નથી જણાતો' આનો જ પ્રવાહ રહેશે તો અનુભવ નહીં થાય. 'જાણનાર જણાય છે' → પ્રવાહ ફેરવી નાખ તો અનુભવ થશે.

૧૩૩૬.

સર્વાંશે પરાધીનતા સારી નથી. અંદર ચિંતવન, મનન કરીને બેસાડવાનો પ્રયત્ન કરવો. ખરેખર જેટલા પામ્યા છે, એટલા સ્વાધીનતાથી જ પામ્યા છે. પરાધીનતામાં સૂક્ષ્મ

નિમિત્તાધીન દ્રષ્ટિ થઈ જાય છે. એકલી સ્વાધીનતાનો આ માર્ગ છે. તેથી આચાર્યદેવે ફરમાવ્યું છે.

“□□□□□□□□□□□□□□ □□□□□□□□ □□□□□□□ □□ □□□
□□□□ □
□□□□□□□□□□□□□□ □□□□□□ □□□□□□ □□ □□□ □□□□ ⍰”

૧૩૩૭.

જાણનારો જણાય છે → એમાં બધું સમાઈ ગયું. એનાથી વધુ જાણવાની ઈચ્છા ન કર.

૧૩૩૮.

સ્વ દયા પાળવી હોય તો → જ્ઞાનમાં આત્મા જણાય છે એવા ભેદને કાઢી નાખ. જ્ઞાન આત્માને જાણે છે → તેમાં પણ સમકિત નહીં થાય. કારણ કે એ બેપણે નથી, અભેદ જ્ઞેય છે. આત્મામાં જ્ઞાન છે → તો આત્માનો સ્વાદ ચાલ્યો જાય છે. આત્મામાં જ્ઞાન નથી → ભેદને ઓળંગવાની આ વિધિ છે. જ્ઞાયક છે તે જ્ઞાન પર્યાયથી સર્વથા ભિન્ન છે. અને જ્ઞાન છે તે જ્ઞાયકથી કથંચિત્ અભિન્ન છે. શ્રદ્ધા પરિણામને અભાવરૂપ સ્વીકારે છે, ત્યારે જ્ઞાન તેને ગૌણ કરીને જાણે છે. વિરોધ જેવું લાગે પણ અવિરોધ છે. વિરોધ છે જ નહીં.

૧૩૩૯.

ઉપયોગ લક્ષણ તે દિવ્યજ્ઞાન છે, કેમકે તે પરાવલંબી નથી. પરમ સ્વાધીન છે. વિવક્ષાનો અભાવ નહીં કરો ત્યાં સુધી ‘ઉપયોગ લક્ષણ’ ખ્યાલમાં નહીં આવે.

૧૩૪૦.

સમકિત થયા પછી પણ પડી જાય છે; કેમકે નિશ્ચય જ્ઞેય કરતાં વ્યવહાર જ્ઞેયનો અહોભાવ વધુ આવી જાય છે. ઝીણી વાત → વ્યવહારની વાતથી સમકિતથી ભ્રષ્ટ થઈ જવાય છે.

૧૩૪૧.

દેવ-ગુરુ-શાસ્ત્ર તો જ્ઞેય નથી, એ વાત તો જવા દે! આ તો પ્રમાણમાં રહેલું (ગુણસ્થાનાદિ તે) સૂક્ષ્મ અજીવ છે એને તું જ્ઞેય માનવા મંડ્યો; એ પણ ભૂલ છે.

૧૩૪૨.

સમ્યગ્દર્શનનો કાળ પાકે છે ત્યારે છેલ્લે નિશ્ચયનયનો વિકલ્પ એને રહી જાય છે; એનું નામ જ્ઞાન નથી, અજ્ઞાન છે. કેમકે નય છે એ મનનો ધર્મ છે, જ્ઞાનનો ધર્મ નથી. નયના સહારા વિના દ્રવ્ય ઉપર સીધી ત્રાટક મારી દે... તો નયનો વિકલ્પ છૂટીને અનુભવ થાય નયાતીત અવસ્થા થાય. આત્મા, સમસ્ત નયરાશિનો અવિષય છે. નય છે તે માનસિક રોગ છે. જ્યારે નય અસ્ત પામે ત્યારે સ્વાભાવિક જ્ઞાન ઉદિત થાય છે.

૧૩૪૩.

સંસાર, મોક્ષની સિધ્ધિ કરતાં પણ સમકિત નહીં થાય. કેમકે સાપેક્ષમાં આવ્યો તો સમકિત ક્યાંથી થાય!? જેમાં સંસાર, મોક્ષ નથી તેવા નિરપેક્ષને જો, તો મોક્ષ થઈ જશે. જ્યાં સંસાર છૂટવાનો કાળ આવ્યો ત્યાં સાપેક્ષમાં અટકી ગયો.

૧૩૪૪.

વ્યવહારનય તો સ્વભાવનો ઈશારો નથી કરતો; ઉલ્ટુ ભેદને બતાવે છે. જ્યારે નિશ્ચયનય તો સ્વભાવનો માત્ર ઈશારો કરે છે, એવી નિશ્ચયનયથી પણ અનુભવ થતો નથી. નિશ્ચયનય હરિજન છે. તે અંદર સુધી ન આવે. જેમ પટાવાળો ચક્રવર્તી સુધી ન આવે તેમ.

૧૩૪૫.

કટકા કેમ કરો છો? તું દ્રવ્ય-પર્યાયને અભિન્ન માનીને બેઠો છે માટે.

૧૩૪૬.

માર્મિક વાત: નિશ્ચયનય શુધ્ધ જ્ઞાન પણ નથી અને શુધ્ધ જ્ઞેય પણ નથી. (પંચાધ્યાયી ભાગ-૧, ગાથા-૫૦૬)

૧૩૪૭.

આટલું વિચાર → જ્ઞેય ભલે ઝળકે, પણ એ જ્ઞાનનો સંબંધ જ્ઞેય સાથે છે કે આત્મા સાથે?

૧૩૪૮.

જ્ઞાનનો સ્વભાવ પરનું લક્ષ કરવાનો નથી. તેમ સ્વનું અવલંબન છોડવાનો પણ નથી..સ્વનું અવલંબન હોવા છતાં અર્થાત્ સ્વ જણાવા છતાં, પર જણાય છે, એમ માનીને રખડે છે.

૧૩૪૯.

પર સાથે કર્તાકર્મની વાત તો છે જ નહીં. જ્ઞાતા જ્ઞેયના વ્યવહારને પણ હમણાં સમાપ્ત કરવો છે.

૧૩૫૦.

ઘણી ઊંચી વાત → જ્ઞેય પ્રતિભાસે છે ત્યારે જ્ઞાનને જ્ઞેયનું અવલંબન નથી. જો જ્ઞેયનું અવલંબન હોય તો જ્ઞાન જડ થઈ જાત; અજ્ઞાન નહીં.

૧૩૫૧.

દ્રષ્ટિના વિષયને જ્ઞાનમાં કેમ લેવો તે વાત છટ્ઠી ગાથાના બીજા પારામાં બતાવે છે. જ્ઞેયનો સંબંધ બતાવીને, પછી સંબંધ તોડાવીને, જ્ઞાયકનો અનુભવ કેમ થાય, એ બતાવે છે.

૧૩૫૨.

'જ્ઞાયક' એ મહાવિદેહનો શબ્દ છે. બાર અંગને ટૂંકાવો તો 'જ્ઞાયક' છે.

૧૩૫૩.

નિશ્ચયથી હું આવો છું → તું ત્યાં નો ત્યાં છો. નિશ્ચયનો પક્ષ અનંતાનુબંધી કષાય છે. પ્રશ્નઃ હાય! હાય! નિશ્ચયનો વિકલ્પેય ઝેર? **ઉત્તર :** એ તો વિકલ્પ છે, એમા ક્યાં જ્ઞાયક આવ્યો?! **પ્રશ્ન :** નિશ્ચયનયાવલંબી પણ મિથ્યાદ્રષ્ટિ કેમ? **ઉત્તર :** કારણ કે એ પણ વિકલ્પમાં જ અટક્યો છે. વિકલ્પ સાથેની કર્તાકર્મની પ્રવૃત્તિ એવી ને એવી રહી.

૧૩૫૪.

નિશ્ચયનયે ન જાણે અર્થાત નિશ્ચયનયના વિકલ્પ દ્વારા આત્માને ન જાણે. જો નિશ્ચયનય વિના આત્માને ન જાણે તો એકેન્દ્રિયમાં પણ સ્વપરની જ્ઞપ્તિ તો કહી છે; તો એ સૂત્ર ખોટું પડે. અર્થાત્ આત્માને નિશ્ચયનય વિનાનો જાણ! જો નય સાધન હોય તો નયમાં અનુભૂતિ થવી જોઈએ. માટે નય છે તે કચરો છે. નયના કચરામાં આત્મારૂપી હીરો ખોવાય ગયો.

૧૩૫૫.

કારણ શુદ્ધ પર્યાયમાં ઉત્પાદવ્યય નથી. તે પોતે ધ્રુવપણે છે. તે દ્રષ્ટિના વિષયમાં આવે છે. દેવલાલીથી બહાર પડેલા ગુરુદેવશ્રીના નિયમસાર ઉપરના છેલ્લા પ્રવચનો (પ્રવચનરત્ન ચિંતામણી) તેનો સ્વાધ્યાય કરવાથી કારણશુદ્ધપર્યાયનું સ્વરૂપ ખ્યાલમાં આવી જશે.

૧૩૫૬.

જો નિશ્ચયનયથી અકર્તા કહેશો તો દોષ આવશે. કેવળીને કે એકન્દ્રિય જીવને નય નથી...તો તેનો આત્મા કર્તા બની જશે! સ્વભાવની વ્યાખ્યા શું? જેને પરની, કે નયની અપેક્ષા ન હોય તેને સ્વભાવ કહેવાય.

૧૩૫૭.

અનુભવ તો સહેલામાં સહેલો છે. તે આત્માનો સ્વભાવ છે કેમકે પ્રકાશ શક્તિ છે તેથી આત્મા પરોક્ષ રહે નહીં...એવો આત્માનો મૂળ સ્વભાવ છે.

૧૩૫૮.

કાળ પાકે ત્યારે એને ખબર પડે કે-પ્રમાણમાં વિધિ, નિષેધ તો આવ્યા નહીં. તો પ્રયોજનની સિદ્ધિ ન થાય. નિશ્ચયનયે બે કામ કર્યા. (૧) વ્યવહારનો પક્ષ છોડાવ્યો...અને (૨) આત્માનો અનુભવ ન કરાવ્યો. "જેઉ જહાં સાધક હૈ, તેઉ તહાં બાધક હૈ." માટે આત્મા, સમસ્ત નયરાશિનો અવિષય છે...અર્થાત્ જ્ઞાનનો વિષય છે.

૧૩૫૯.

બે અંશ પ્રગટ થાય છે માટે તો સંસાર છે, તો પણ બીજા અંશનો અભાવ થયો નથી માટે તો મોક્ષમાર્ગ મળી જાય છે.

૧૩૬૦.

જ્ઞાન ને જ્ઞાયક છે તો અભેદ, પણ તેને અભેદનો વિશ્વાસ નથી. અહીં માન્યતામાં ભેદ પાડે છે માટે ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય છે. એટલે ભેદનો અનુભવ રહી ગયો.

૧૩૬૧.

ભેદમાં, પરનું અવલંબન છોડવાની તાકાત જ નથી. અભેદમાં પરનું અવલંબન લેવાની તાકાત જ નથી. તેથી અભેદ થયા વિના, પરથી ભિન્નતા થતી નથી.

૧૩૬૨.

એક આત્મા જ છે-એમાં જ અનુભવનો વિષય છે અને એમાં જ અનુભવ છે. દ્રષ્ટિમાં પણ આખો આવે છે અને જ્ઞાનમાં પણ આખો આવે છે. એટલે આખો તો આખો છે. તેમાં ધ્યેય જ્ઞેય સમાય જાય છે. આ વાત સમજશો તો અનુભવ થશે.

૧૩૬૩.

આ હું પોતે જ જાણનાર છું જે અપરિણામે છે ને. એને પોતાને એમ લાગે છે કે-પાતે પરિણામી હોય! પરંતુ સ્વાનુભવદશામાં આ અપરિણામી, પરિણામી એવા કોઈ નામ રહેતાં નથી. બધા નામ ધોવાઈ જાય છે. આ હું પોતે જ જાણનાર છું → આનું વાચ્ય તો વિકલ્પાતીત છે.

૧૩૬૪.

**પ્રશ્ન :** અમારે અહં શેમાં કરવું?
**ઉત્તર :** તમે અહમ્ કરનાર છો જ નહીં. અહમ્ નું વાચ્ય હું પોતે જાણનાર જ છું. આટલું કહી શકાય છે, પછીનું બધું અંદર સમજી શકાય છે.

૧૩૬૫.

અપરિણામી, પરિણામી તેને ક્રમથી જોશો તો વિકલ્પ થાય, જ્ઞાન અક્રમિક થાય છે. કેમકે વસ્તુ અક્રમિક છે. વિકલ્પથી જોશો તો વિરોધ લાગશે, જ્ઞાનથી જોતાં અવિરોધ લાગશે.

૧૩૬૬.

જ્ઞેય અનાદિ અનંત છે, એ પણ ખૂબ સમજવા જેવું છે. તે વાત સમયસાર ૧૭-૧૮ ગાથામાં કહી છે. આવું અનાદિ અનંત જ્ઞેય છે તેમ ખ્યાલમાં આવતાં સાદિ અનંત જ્ઞેય થઈ જાય છે. જ્ઞેયનું અભેદપણું ખ્યાલમાં આવતાં દ્રષ્ટિ અને જ્ઞાનનું લક્ષ ભગવાન આત્મા છું તેમ ત્યાં એકાગ્ર થઈ જાય છે. અને અભેદ થઈ જાય છે.

૧૩૬૭.

જીવ, પુદ્ગલના બંધ પર્યાયરૂપ દ્રષ્ટિથી જોવામાં આવે તો નવ તત્ત્વ દેખાય છે. જીવને જોતાં બંધ, મોક્ષ દેખાતાં જ નથી. કેમકે ધ્યેયમાં તો હતા જ નહીં અને જ્ઞેય થયું તેમાં પણ નથી.

૧૩૬૮.

શ્રધ્ધાના વિષયમાં ગુણભેદ કરે તો, મિથ્યાત્વનો દોષ આવે છે. તેમ જ્ઞેયમાં ભેદ કરો તો, જ્ઞાનનો દોષ આવે છે. અભેદ છે, તેમાં અભેદ કરવું ક્યાં છે? આંતરિક દ્રષ્ટિવાળા ને તો, જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક છે. અભેદ થાય છે, પણ પરિણામી પર વજન ન જોઈએ.

૧૩૬૯.

કેવો છે સૂર્ય? પ્રકાશથી સર્વથા ભિન્ન છે, પણ પ્રકાશ છે તે સૂર્યથી કથંચિત્ અભિન્ન છે.

૧૩૭૦.

જ્ઞાયક અભેદ છે એ નિશ્ચય કોઈ અપૂર્વ છે. અભેદ થાય છે એ નિશ્ચય પણ કોઈ અપૂર્વ છે. બન્ને અભેદમાં વિકલ્પની ઉત્પત્તિની ગુંજાઈશ જ ન રહે.

૧૩૭૧.

સર્વોત્કૃષ્ટ વસ્તુ બહાર આવી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞાયક તો એક જ છે. (૧) ધ્યેયરૂપ જ્ઞાયક → પરિણામ માત્રથી સર્વથા ભિન્ન છે. અને અનંતગુણમયી છે. (૨) જ્ઞેયરૂપ જ્ઞાયક → તે જ્ઞાયકને જ જાણવારૂપે પરિણમે છે. બન્ને અભેદ છે. એ બન્ને અભેદને જુદાં-જુદાં સારી રીતે સમજવા જોઈએ. પછી કહે છે બે ને સમજી ને એક જ્ઞાયકને જ અનુભવો. અભેદ જ્ઞેય કહીને પરાકાષ્ઠા કહી દીધી. કહેવા જેવું બધું જ કહી દીધું.

૧૩૭૨.

બહારથી તત્ત્વ મેળવવાના ભાવમાં ખેદ થવો જોઈએ. ઈન્દ્રિયજ્ઞાન રોકાતું નથી તેનું કારણ આ છે → નિમિત્ત પાસેથી મેળવવાની ભાવના. ઉપાદાન તરફ વળે, તો ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર રોકાય જાય.

૧૩૭૩.

સાંભળજો જરા! અનાદિ અનંત જ્ઞેયમાં રાગ નથી. જરા ધ્યાનથી સાંભળજો! આ જ્ઞેયમાં નવતત્ત્વો નથી. આ ટોપમોસ્ટ વાત છે. ઊંચામાં ઊંચી વાત છે.

૧૩૭૪.

ધર્માસ્તિકાયને જાણે છે તે → જ્ઞાનની ભૂલ છે.
ધર્માસ્તિકાય જણાય છે તે → જ્ઞેયની ભૂલ છે.

૧૩૭૫.

જેને આત્માના દર્શનની અભિલાષા થઈ હોય તેણે એવું શ્રધ્ધાન પ્રગટાવવું જોઈએ કે મને જ્ઞાયક જ જણાય છે. પર પદાર્થ મને જણાતા જ નથી. પરને જાણવું એ વ્યવહાર છે. એ વ્યવહારનો નિષેધ આવવો જોઈએ. વ્યવહારનયના વિષયનો નિષેધ કરવો એ બહુ બળવાન જીવનું કામ છે.

૧૩૭૬.

એમ કહેવું પડે છે કે-વિશેષને ગૌણ કરો! બાકી વિશેષને જોવાનું બંધ કરી દે! પુરુષાર્થનો ઘાત થાય ત્યારે વિશેષને જોવાનાં ચક્ષુ ખુલે છે.

૧૩૭૭.

અનુભવનો વિષય સમજવા જેવો છે. બીજું જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું! અને જ્ઞાનની પર્યાયનો વ્યવહાર શું એ સમજવા જેવું છે.

૧૩૭૮.

પર જ્ઞેયને જાણતાં જ્ઞાન અને જ્ઞેયનો ભેદ દેખાય છે. મારા જ્ઞાનમાં મારો શુધ્ધાત્મા જણાય છે એ ભેદ પણ બાધક છે તો પર જણાય છે એ તો ક્યાંય ગયું! હું જ્ઞાન અને હું જ્ઞેય તે આંગણામાં આવી ગયો, એ ભેદને ઓળંગતા અનુભવ થાય છે. પરને જાણવાની પ્રવૃત્તિ તે સ્વચ્છંદતા છે તેમ ઈષ્ટોપદેશ ગાથા ૨૧ માં છે.

૧૩૭૯.

રાગનું કારણ જીવ એક સમય પણ બને તો એક સમય તે સૌ સમય થઈ જાય. કારણ તેને કહીએ જેનાં સદ્ભાવમાં કાર્ય થાય જ. દુઃખના કારણપણે આત્માને શ્રધ્ધામાં લીધો છે તે મિથ્યાત્વ છે. સુખરૂપ આત્મા દુઃખનું કારણ ક્યાંથી થાય? પ્રકાશ અંધકારનું કારણ ક્યાંથી થાય? અમૃત ઝેરનું કારણ ક્યાંથી થાય?

૧૩૮૦.

આનંદનો અનુભવ આવે પછી જ્ઞાન પોતાનું જ્ઞેય બદલાવતું જ નથી. જે ઉપયોગ ફરે છે તે ઉપયોગ જ્ઞાનીનો નથી. જ્ઞાનીનું જ્ઞાન ફરતું જ નથી, તે અફર હોય છે.

૧૩૮૧.

જ્ઞાનની પર્યાયનો જ્ઞાયકને અભેદપણે જાણવાનો સ્વભાવ છે. આ વાત બેસશે તો કાંઠે આવી ગયો સમજવું. અનુભવ પછી ભેદને જાણવું એ પણ વિભાવ છે. અભેદને જાણવાનો જ જ્ઞાનનો સ્વભાવ છે. અત્યારથી નક્કી કરો કે સમકિત થયા પછી પણ મારે અભેદને જ જાણવું છે; ભેદને જાણવું જ નથી.

૧૩૮૨.

નય જ્ઞાન ક્રમે થાય છે, પ્રમાણજ્ઞાન અક્રમે થાય છે. નય જ્ઞાનમાં હેય-ઉપાદેય હોય છે. કારણ કે તેમાં ક્રમ પડે છે. પ્રમાણમાં ક્રમ પડતો નથી તેથી તેમાં હેય-ઉપાદેય હોતું નથી.

૧૩૮૩.

જેમ જેમ માર્ગનું રહસ્ય ખ્યાલમાં આવતું જાય તેમ તેમ એકલો મોજ માણે. તેને કોઈ કંપનીની જરૂર ન પડે.

૧૩૮૪.

નિશ્ચયથી કથંચિત્ પર્યાય જણાય છે તથા વ્યવહારથી કથંચિત્ પર જણાય છે એવા પ્રમાણને ગૌણ કરીને નિશ્ચયમાં લાવ્યા કે તારી જ્ઞાન પર્યાય જ જણાય છે. હવે અંદરમાં આવવું સહેલું છે.

૧૩૮૫.

સ્વપરપ્રકાશક પણ કથંચિત્ (નિશ્ચય અને વ્યવહાર) છે. એ તો કોહીનૂરનો હીરો છે. (નિયમસાર ૧૫૯ ગાથા)

૧૩૮૬.

પર્યાયને જોવાનું બંધ કરી દે! આત્માને સ્પર્શી જાય એવી વાત છે. દ્રવ્ય-પર્યાય બન્નેને જો એમ પ્રથમ ન કહ્યું. અંદરના નિશ્ચય પરપ્રકાશકને છોડીને એકલા સ્વ ને જો!! પહેલાં

સમ્યગ્દર્શન ઉત્પન્ન થવામાં નયપૂર્વક પ્રમાણ છે. પછી ટકવામાં પ્રમાણની કે નયની કોઈ અપેક્ષા નથી.

૧૩૮૭.

નિર્વિકલ્પ અનુભવમાં તો ભેદ કે પર જણાતા નથી. સવિકલ્પમાં ભેદ જણાય પણ રુચિ નથી. ભેદજ્ઞાનની વીણા વાગે છે. રુચિના કાન ખુલ્લા હશે તેને સંભળાશે.

૧૩૮૮.

ન જાણવાનું જાણવા માંડ્યો (વિશેષ, પર પદાર્થ) અને સામાન્ય જાણવાનો રહી ગયો. માટે અનાદિ મિથ્યાદ્રષ્ટિએ વિચારવું જોઈએ કે હું પરને જાણું છું, સ્વ પરને જાણું છું કે સ્વને જ જાણું છું → આ ત્રણમાંથી કઈ વાતને આગળ કરવાથી અનુભવ થાય તે ખાસ વિચારવું.

૧૩૮૯.

અનુભવ પહેલાં સવિકલ્પ દશામાં પ્રથમ પ્રમાણ અને પછી નય હોય છે, કેમકે ત્યાં પરથી જુદું પડવું છે. નિર્વિકલ્પ થવા માટે પહેલાં નય પછી પ્રમાણ હોય છે; કેમકે ત્યાં વ્યવહારનો નિષેધ કરવો છે.

૧૩૯૦.

(૧) પર જણાય છે → પરાશ્રિત વ્યવહાર. તેમાં ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય છે.
(૨) જ્ઞાનથી આત્માને જાણું છું એ ભેદાશ્રિત વ્યવહાર છે.
(૩) હું જ્ઞાયક છું → તેમાં જ્ઞાન પર્યાયનો નિર્વિકલ્પ નિશ્ચય પ્રગટ થયો.

૧૩૯૧.

હમણાં થોડા વિશેષોને જાણી લઉં પછી સામાન્યને જાણીશ! આવા અભિપ્રાયમાં જ્ઞાન ઉઘડતું નથી. જ્ઞેય (ઈન્દ્રિયજ્ઞાન) ઉઘડે છે અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાન ઉઘડે છે. જ્ઞાન તો બિડાતું જાય છે.

૧૩૯૨.

અંતર મંથન કરે તો શુદ્ધનયનો પક્ષ આવે. અનુક્રમમાં આવ્યો નથી માટે શુદ્ધનયનો પક્ષ આવ્યો નથી. અનુક્રમમાં આવશે ત્યારે તેને આત્માને જાણવાનો પ્રેમ જાગશે...અને

વ્યવહારના નિષેધનું બળ આવશે. 'હું' પરિણામને જાણતો નથી તેનું નામ વ્યવહારનો નિષેધ.

૧૩૯૩.

નિમિત્ત નથી જણાતું તેમાં નૈમિત્તિક પર્યાય નથી જણાતી એ પણ આવી ગયું. સીધું જાણનારો જણાય છે એમ આવ્યું. નિમિત્ત નહીં, નૈમિત્તિક પર્યાય જણાય છે એમ વચ્ચે એક સ્ટેજ આપે તદ્દન સ્થૂળતામાં પડેલાને ટપ્પુ આપવું પડે છે. બાકી નિમિત્ત નથી જણાતું એમ કહેતાં જાણનાર જ જણાય છે એમ સીધું આવી જાય છે.

૧૩૯૪.

થાય તેને કરવું એ તો તદ્દન અજ્ઞાન છે. થાય તેને જાણવું એવો અભિપ્રાય રાખ્યા કરીશ તોય આકુળતા રહ્યા કરશે. હવે શું થશે...હવે શું થશે...તેવી આકુળતા રહ્યા કરશે; 'છે' એમાં નિરાકુળતા થશે. કારણ કે સામાન્ય દ્રવ્ય એકરૂપ છે તેમાં નવું નવું થવાપણું નથી તેથી નવું શું થશે એવી આકુળતા નથી તેથી નિરાકુળતા થશે.

૧૩૯૫.

દ્રવ્યને જોયા પછી પર્યાયને જોવાની છૂટ આપી, પરને જોવાની નહીં. કારણ કે પરમાંથી પાછું ફરવું મુશ્કેલ પડશે. નિર્વિકલ્પતા મોડી આવશે...પરંતુ પર્યાયને જાણવામાંથી તરત દ્રવ્ય તરફ ચાલ્યો જશે. સામાન્ય વિશેષને જોવાની લક્ષ્મણ રેખાથી બહાર ન જઈશ.

૧૩૯૬.

સામાન્યને જોવાની રુચિ તો કર; જોતાં ભલે વાર લાગે. મારે મારા સામાન્યને જોવો છે એવી તીવ્ર રુચિ તો લાવ!

૧૩૯૭.

પ્રથમ આત્માને જાણવો. પહેલાં ભેદ-પ્રભેદથી આત્માને સમજ તેમાં એટલું લક્ષ રાખજે કે પ્રથમ જાણવાનું છે તે સામાન્યને હું પાછળ રાખું છું અને પછી કરવાનું છે તેને હું પહેલાં કરું છું; આવું લક્ષ રાખીશ તો આત્મદર્શન થશે.

૧૩૯૮.

પરનું કરવું તે વિભાવ છે તેમ તો આખું જગત સ્વીકારે. પરને જાણવું એ પણ વિભાવ છે એમ તો કોઈક વિરલા જ સ્વીકારે.

૧૩૯૯.

અજ્ઞાનીને પણ ઉપયોગમાં જ્ઞાયક તો વગર ઉપયોગ મૂક્યે જણાયા જ કરે છે. પરને જાણવા ઉપયોગ મૂકવો પડે છે. ઉપયોગ ફરે છતાં વિષય ફરતો જ નથી. જ્ઞાયક જણાયા જ કરે છે.

૧૪૦૦.

પરને જાણવાની તો મહેનત કરવી પડે છે. કેમકે તે વિભાવ છે. જ્ઞાયક તો વગર મહેનતે જણાયા કરે છે; તે 'હું' એમ આવી જાય તો અનુભવ થઈ જાય. રાગ વિભાવ હોવાથી તે બળાત્કારે પેદા થાય છે. તેમ ઈન્દ્રિયજ્ઞાન પેદા કરવા બળાત્કાર કરવો પડે છે.

૧૪૦૧.

હે કેવળી ભગવાન! પરને જાણવાનો તારે પ્રયત્ન નથી કરવો પડતો તેમ હું પણ વગર પ્રયત્ન જાણું. પ્રયત્ન કરીને જાણવાનો મારો સ્વભાવ નથી. અભિલાષા પૂર્વકનું જાણવું તે વિષય છે. ચોવીસે કલાક કેવળી આત્માને જાણી જ રહ્યા છે. તું પરને જાણવા ઉપયોગ ધુમાવતો નથી તો હું શા માટે પરને જાણવા ઉપયોગ ધુમાવું? હું તો મારા આત્માને સાદિ અનંતકાળ જાણ્યા કરું. ઈચ્છા થાય ત્યારે જ ઉપયોગ ઘૂમે છે. પરને જાણવાનો સ્વભાવ નહીં હોવાથી ઉપયોગ ત્યાં ટકતો નથી. પરને જાણવાની ઈચ્છા કરવી પડે તેથી તે સ્વભાવ નથી.

૧૪૦૨.

જ્યારે સામાન્ય જીવ તત્ત્વને ઉપાદેય સિધ્ધ કરવું હોય ત્યારે શુધ્ધ પર્યાય પણ પુદ્ગલના પરિણામ છે. મમતા છોડવા આમ કહ્યું છે. ક્ષાયિકભાવમાં મીઠાશ રહી જતી હતી કે મને કેવળજ્ઞાન થાય તો ઠીક એ છોડાવવા પુદ્ગલના પરિણામ કહ્યાં.

૧૪૦૩.

સવિકલ્પ નય એ નિર્વિકલ્પનયનું ખરેખર કારણ નથી. કેમકે એ મિથ્યાત્વના પરિણામ સહિતનો વિકલ્પ હતો...ત્યાં સુધી હાથમાં કાંઈ નથી આવ્યું. તે હોય ખરું અને પછી તેનો

અભાવ થઈને થાય ખરું...પરંતુ તેને આગળ કરવા જેવું નથી. જો તેને આગળ કરે તો વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ રહી જશે.

૧૪૦૪.

પરને જાણતો નથી એમ પણ કહેવું પડે છે. જ્ઞાની વિના, પરને જાણવાનો નિષેધ કોઈ કરાવી શકે જ નહીં. બીજાની તાકાત નથી. પુણ્યથી ધર્મ ન થાય એમ તો કોઈ અજ્ઞાની કહે! પણ પુણ્યને જાણવાનું બંધ કર એ આકરી વાત છે.

૧૪૦૫.

(આત્મા) રાગાદિ વિકારનો કથંચિત્ કર્તા છે તેવું સ્વરૂપમાં નથી. સર્વથા અકર્તા છે. અત્યાર સુધી કોઈ આત્માએ રાગને કર્યો નથી. જો કુંભાર ઘડાનો કર્તા હોય તો આત્મા રાગને કરે! અપૂર્વ વાત છે. રાગાદિ વિકારને નિશ્ચય પરમાત્મા નિશ્ચયનયે કરતો નથી અને વ્યવહારનયે પણ કરતો નથી. એનું જો કર્તાપણું રાખવું હોય તો સ્વાશ્રિત નિશ્ચયનયે જ્ઞાનને એ કરે છે. સ્વભાવ દ્રષ્ટિથી એટલે કે નિશ્ચય દ્રષ્ટિથી જોતાં જ્ઞાનને પણ વ્યવહારનયે કરે છે. સૂક્ષ્મ દ્રષ્ટિથી જોતાં તે ઉપચારથી પણ જ્ઞાનનો કર્તા નથી. આ એકદમ સૂક્ષ્મ વાત છે. આત્મા વ્યવહારથી જ્ઞાનનો કર્તા છે એટલું કહેવામાં પણ દ્રષ્ટિના વિષયમાં મચક આવી જાય છે. માટે દ્રષ્ટિના વિષયનું જ્ઞાન કરવા ઉપચારથી પણ કર્તા નથી એમ કહેવાય છે.

૧૪૦૬.

૨૭૧ શ્લોક કળશટીકામાં છે. સ્વસંવેદન (વેદ્ય-વેદક) બસ તને તારું અભેદભાવ વેદન. જ્ઞાનનો વિષય જ આટલો (સ્વ) છે. આ જ એનું કાર્ય છે. આના ઉપર ઊંડાણથી વિચાર કરજો...તમારું કામ થઈ જશે! ધ્યેય અને જ્ઞેયની વાત જેમ મૂળ છે તેમ આ વાત પણ મૂળ છે. સ્વસંવેદન એટલે સમ્યક્ પ્રકારે સ્વનું સંવેદન વેદન તે સમ્યગ્જ્ઞાન છે. સ્વસંવેદન= સ્વપ્રકાશક. જ્ઞાનનું આ જ યથાર્થ સ્વરૂપ છે. અને આ યથાર્થતાની પરાકાષ્ઠા છે.

૧૪૦૭.

'માત્ર જાણવું' અભેદપણે તે નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન છે. જ્ઞેયને, ભેદને જાણવું તે સવિકલ્પ સમ્યગ્જ્ઞાન છે. આ વાત ઘણી જ મહત્ત્વની છે.

૧૪૦૮.

સમયસારજી શાસ્ત્ર ૬, ૧૧, ૧૪, ૧૭-૧૮, ૧૪૪, ૧૮૬ અને પ્રવચનસારની ૧૧૪ ગાથા બધામાંથી આ વાત જ નીકળે છે કે 'પ્રથમ આત્માને જાણ!' આ બધી ગાથાઓ અત્યંત માર્મિક ગાથાઓ છે.

૧૪૦૯.

અકર્તા છું અને જ્ઞાયકનો જ્ઞાતા છું. આ વાત ઊંચામાં ઊંચી અને પરમ સત્યની છે. આમાં ઊંડા ઉતરવા જેવું છે. જીવનમાં આટલી વાત મંથન પૂર્વક બેસે તો ન્યાલ થઈ જાય. આમાં ઘણો માલ ભર્યો છે. કર્તાપણું જીતાય તો ઘણો નજીક આવી ગયો છે. જ્ઞાતાપણામાં આવી જશે અને જ્ઞાયકનો જ્ઞાતા બનશે આટલું સારભૂત છે. આમાં તો બાર અંગનો સાર છે.

૧૪૧૦.

જેને સ્વપ્રકાશક બેસશે, તેમાં જેને પ્રમોદ રહેશે તે નિશ્ચયમાં આવી ગયો. તે નિકટભવી છે એમ મને લાગે છે.

૧૪૧૧.

અનેકાન્ત પાછળ આખું જગત મરી જાય છે. એ અનેકાન્ત નય અને પ્રમાણથી સાધી શકાય છે. 'અનેકાન્તોડપિ અનેકાન્તઃ પ્રમાણ નય સાધનમ્' સમ્યક્ એકાન્તનો સમૂહ તેનું નામ અનેકાન્ત છે. સમ્યક્ એકાન્તને છોડીશ તો અનેકાન્ત થશે ક્યાંથી? નિશ્ચયની વાત માનતાં એકાન્ત થઈ જશે તો! એમાં જીવો ફસાઈ જાય છે.

૧૪૧૨.

જેમ ભીંત ભિન્ન છે તેમ રાગ ભિન્ન છે. આવું જ્યાં સુધી ભેદજ્ઞાનનું બળ ન આવે ત્યાં સુધી અભેદ દ્રષ્ટિમાં આવતું નથી.

૧૪૧૩.

રાગને લક્ષણ માનતો હોય તેને કહ્યું કે જ્ઞાનની પર્યાય તે લક્ષણ છે. જ્ઞાનની પર્યાયને જ લક્ષણ માનતો હોય તેને કહ્યું કે જ્ઞાનગુણ લક્ષણ છે. ગુણને જ લક્ષણ માનતો હોય તેને કહ્યું કે લક્ષણ અને લક્ષ્યમાં ભેદ ક્યાં છે. એ તો નિત્ય તાદાત્મ્ય ભાવે છે જ.

૧૪૧૪.

સમ્યગ્જ્ઞાન થયા પછી ઈન્દ્રિયજ્ઞાન વડે પર જણાય છે એમાં ચારિત્રનો દોષ ઉત્પન્ન થાય છે. ખરેખર પર જણાય છે એમ માને તો તો શ્રદ્ધાનો દોષ થઈ ગયો. જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં તો લેવું જોઈએ ને? પરિણમન ભલે પછી થાય.

૧૪૧૫.

'પરને જાણતો નથી' એમાં પરનો પ્રતિભાસ થતો નથી એમ નથી કહ્યું... પણ એ પ્રતિભાસને ઉપયોગાત્મક ન કર એમ કહેવું છે.

૧૪૧૬.

આ સમયસારની મુખ્યતા શા માટે? કુંદપ્રભુનું ત્રીજું નામ શા માટે? કે તેમાં ભેદજ્ઞાનના મંત્રો ભર્યા છે. સમયસાર ગાથા ૧૮૧ માં આવે છે કે-'સકળ કર્મોના સંવરનો ઉપાય ભેદજ્ઞાન છે'...તેથી તેની પ્રશંસા કરે છે. ભેદજ્ઞાન મહામંત્ર છે. આ તો કુંદપ્રભુની મહાન દેન છે. ભેદજ્ઞાનની કિંમત સમાજમાં બહુ ઓછી છે. જેટલા સિધ્ધ થયા તે બધા ભેદજ્ઞાનનાં બળે જ થયા છે. ધરસેનાદિ બધા ભાવલિંગી સંતોએ ભેદજ્ઞાનનો જ મંત્ર આપ્યો છે.

૧૪૧૭.

ખરેખર તો બધાને ઉર્ધ્વપણે જ્ઞાન જ જણાય રહ્યું છે. અંતર લક્ષ ન હોવાથી જ્ઞાન જ જણાય રહ્યું છે એમ ખબર પડતી નથી.

૧૪૧૮.

મારામાં રહેલા ભેદો એ પણ મારા જ્ઞાનનો વિષય નથી; મનનો વિષય છે. આવું જાણવાથી ભેદનો ઉત્સાહ ઢીલો પડી જાય છે. અભેદનો ઉત્સાહ અપ્રતિહત વધી જાય છે.

૧૪૧૯.

પરને જાણતાં જ્ઞાન કે સુખ નથી. પરને જાણતાં મહા આકુળતા થાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું- પરને જાણવાની ઈચ્છા તે પરિગ્રહ છે. જાણવાના બહાના નીચે પણ ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે.

૧૪૨૦.

જેણે શુધ્ધાત્માના ઊંડા સંસ્કાર પાડ્યા હશે તેને મરણકાળે શુધ્ધાત્મા આગળ થઈ જાય છે. અનુભવ ન હોય તો પણ! જેટલો સમય તત્ત્વ ચિંતવનમાં લાગે તેટલી કમાણી છે.

૧૪૨૧.

નવતત્ત્વસ્રૂપ દ્રવ્ય તે જ્ઞેય નથી. નવ તત્ત્વના ભેદનો રાગ પણ જ્ઞેય નથી. તેને જાણનાર ભાવેન્દ્રિય પણ જ્ઞેય નથી. કેવળ જ્ઞાયક જ જ્ઞેય છે. આમાં તો આખું જ્ઞેય બદલી ગયું. જ્ઞાન પરને જણતું નથી. તેમાં તો આખું જ્ઞેય બદલી ગયું. આહા! પરને જણવાની કોઈ ચક્ષુ છે જ નહીં. પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે! આ વિશ્વમાં કેવળ એક જ્ઞાયક જ જ્ઞેય છે. એક જ્ઞેય સિવાય બીજું કાંઈ જણાતું નથી. કેમકે કેવળ...કેવળ...કેવળ જ્ઞાનલોક જ દેખાય છે...તેથી જ્ઞાન જ અમારો લોક છે. ચૈતન્ય લોક છે.

૧૪૨૨.

શુધ્ધનયના બે અર્થ. (૧) દ્રષ્ટિપ્રધાન શુધ્ધનય (૨) જ્ઞાનપ્રધાન શુધ્ધનય. દ્રવ્યાર્થિકનયે → અકર્તા હોવાથી પરિણામને કરતો જ નથી. પર્યાયાર્થિકનય → પર જણાતું નથી, જાણનારને જાણે છે. જ્ઞાન પર્યાય છે તે ગુણભેદને કે પર્યાય ભેદને જાણતી નથી. પ્રવચનસાર ૧૧૪મી ગાથા પર્યાયાર્થિક ચક્ષુને બંધ કરી છે અને શુધ્ધનયથી દ્રવ્યને જુએ છે. હવે શુધ્ધનયથી જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ જુઓ! નિશ્ચયનયથી જ્ઞાનનું સ્વરૂપ સ્વને જ જાણવાનું છે તેને શુધ્ધનય કહે છે. અંદરમાં જ્ઞાન પર્યાયનો જે સ્વપરપ્રકાશક વિભાગ છે તે વિશેષભાવ છે. તેથી તેને જાણતાં અનુભવ ન થાય. શુધ્ધનયથી જોતાં આત્મા અકર્તા દેખાય છે. શુધ્ધનયથી સામાન્યને અવલોકતો. દ્રવ્યનું જ જ્ઞાન થાય છે તેમ વિશ્વાસ આવતાં દ્રવ્યદ્રષ્ટિ થાય એટલે જે ધ્યેયરૂપે જે જ્ઞેય છે તે ધ્યેય ઉપાદેયરૂપ જ્ઞેય થાય છે. શુધ્ધનયનો વિષય ધ્યેય તેમાં તો શુધ્ધાત્મા જ છે. પણ જાણવા માટે પણ જ્ઞાયક જ જ્ઞેય છે. આ પ્રમાણે શુધ્ધનય સ્વપ્રકાશક જ છે. તેનો વિષય શુધ્ધાત્મા તે જ ઉપાદેય છે. આનંદની પર્યાય પણ બહિર્તત્ત્વ છે, અંતઃતત્ત્વ નથી. ત્રિકાળી આત્મા જ અંતઃતત્ત્વ છે.

૧૪૨૩.

ગાથા ૧૫ માં કારણ શુધ્ધ પર્યાય કહી. ટીકામાં ચાર ગુણ લીધા છે. 'સહજજ્ઞાન-સહજદર્શન-સહજ ચારિત્ર-સહજ પરમ વીતરાગ સુખાત્મક'. સાધક સવિકલ્પમાં આવ્યા છે ત્યારે તેને કારણશુધ્ધપર્યાય ઉપર કારણપણાનો ઉપચાર કરવામાં આવે છે. ચોથે ગુણસ્થાને

શ્રદ્ધા પૂર્ણ થઈ. બારમે ગુણસ્થાને ચારિત્ર પૂર્ણ થયું. તેરમે કેવળજ્ઞાન અને ચૌદમાના અંતે અવ્યાબાધ સુખ પ્રગટ્યું. નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટી તેને આશ્રય તો અભેદ કારણ પરમાત્માનો જ છે. તો પણ પર્યાયની પૂર્ણતા એક સાથે થતી નથી, ક્રમ કેમ પડ્યાં? ચોથે શ્રદ્ધા, બારમે ચારિત્ર, તેરમે જ્ઞાન અને છેલ્લે સુખ. તો આનું કારણ શું? જે જે ગુણની પર્યાય છે તે તે ગુણપ્રધાન અભેદ દ્રવ્યનો આશ્રય લ્યે છે એટલે આટલો ક્રમ પડે છે. જેટલો જેટલો આશ્રય લ્યે છે તેટલી નિર્મળતા વધે છે. એક સમયમાં એક સાથે બધી પર્યાયો પૂર્ણતાપણે નથી પરિણમતી તેનું આ કારણ છે. બીજું સાધક સવિકલ્પદશામાં આવ્યા ત્યારે કારણ શુદ્ધ પર્યાય ઉપર કારણપણાનો આરોપ આવે છે.

૧૪૨૪.

'સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય' ભાવબંધ અને ભાવમોક્ષ તે સર્વ અવસ્થાથી સદા ન્યારો રહે છે. જુદો ક્યારે રહે કે તેમય ન થાય ત્યારે! આમાં બાર અંગનો સાર છે. સર્વ અવસ્થા કહીને પર્યાય છે એમ સિદ્ધ કર્યું. પરંતુ ભૂતાર્થનયથી જોતાં એક જ્ઞાયકભાવ જ પ્રકાશમાન છે 'ન્યારો સદા જણાય છે.'

૧૪૨૫.

**પ્રશ્ન :** જાણેલો પ્રયોજનવાન તેમ શાસ્ત્રમાં આવે છે ને!?
**ઉત્તર :** એને જાણે છે મન; અને ઉપચારથી કહેવાય કે તેને આત્મા જાણે છે. આદરેલો પ્રયોજનવાન હાથમાં આવે પછી જાણેલો પ્રયોજનવાન બરાબર કહેવાય.

૧૪૨૬.

વહેલી સવારે ઠલ્લે જતા હતા...ત્યારે પૂજ્ય ગુરુદેવ બોલ્યા, લાલભાઈ! અભેદમાં ભેદ દેખાતો નથી. આહાહાહા! ૩૭ મા શ્લોકનો સાર કહી દીધો. ગુરુદેવ બધું જ કહી ગયા છે. બધું અનુભવ પ્રમાણ કરવું.

ॐ

નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે અને જે અર્થનો નિશ્ચય કરાવે છે તે નિશ્ચયનય છે. સ્યાત્ પદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસ થતું નથી, કારણ કે તે ઉપનયથી રહિત છે.

ઉપનયના અભાવમાં સ્યાત્પદનો અભાવ કેવી રીતે થાય છે એમ કોઇ પૂછે તો કહે છે કે-સ્યાત્પદની પ્રધાનતાથી ઉપનય વ્યવહારનો જનક છે. જ્યારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે, ત્યારે નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે.''

- દેવસેન આચાર્ય વિરચિત નયચક્ર-પેજ નં. ૩૧,૩૨

**પ્રશ્ન :** ઔર વહ શુદ્ધ સ્વભાવ કૈસા હૈ ?

**ઉત્તર :** વસ્તુતઃ ઉત્પત્તિ ઔર વ્યય કે અભાવ હોને સે તથા સર્વકાલ સ્થાયી રહને સે વહ શુદ્ધ સ્વભાવ નિત્ય હૈ. ઇસ પ્રકાર કા શુદ્ધ સ્વભાવ જાનકર તત્ત્વવેત્તા ભવ્ય પુરુષોં કો નિરંતર હી ઉસકા અનુભવ કરના ચાહિયે, યહ ઇસ ગાથા કા ભાવાર્થ હે ।

દેવસેન આચાર્ય વિરચિત તત્ત્વસાર ગાથા - ૮, પેજ નં.-૩૦

**અન્વયાર્થ :** શુદ્ધ નિશ્ચનયસે ન તો જીવ મેં કોઇ શબ્દ હૈ, ન કોઇ ચિન્હ હૈ જિસસે ઇન્દ્રિયોં કે દ્વારા ગ્રહણ કિયા જા સકે, ન ઉસમેં ક્રિયા હૈ, હલન ચલનાદિ હૈ ન ઉસમેં, નિશ્ચય સે કોઇ ઉત્પત્તિ હૈ ન કોઇ વ્યય હૈ. વહ તો ધ્રુવ શુદ્ધ હૈ વહ પરમ શુદ્ધ સ્વરૂપ હૈ. શુદ્ધ અર્થાત્ નિશ્ચલ તીન લોકમાત્ર અસંખ્યાત પ્રદેશી હૈ સર્વ કર્મ મલ રહિત હૈ ।

- જિનતારણસ્વામી વિરચિત ન્યાય સમુચ્ચયસાર - ગાથા-૭૭૫

**ટીકા :** હું એક છું; નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સ્વરૂપ જે વ્યવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે શુદ્ધ છું.

- સમયસાર ગાથા ૩૮ ની ટીકામાંથી

**ટીકા :** હવે જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદ્ વ્યયથી સંયુક્ત હોવા છતાં પણ, દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ્ વ્યયથી રહિત છે, તે જ પરમાત્માને જિનવરે નિર્વિકલ્પ સમાધિના બળથી દેહમાં પણ દેખ્યો છે એમ કહે છે...

- પરમાત્મ પ્રકાશ ગાથા ૪૩ ની ટીકામાંથી

**ટીકા :** 'સત્તા ગ્રાહક (દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે પૂર્વોક્ત વ્યંજન પર્યાયોથી મુક્ત તેમજ અમુક્ત (સિદ્ધ તેમજ સંસારી) સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.

- નિયમસાર ગાથા ૧૯ ની ટીકામાંથી